
॥ ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી કાર્યરત રહો. ॥

# વિવેકાનંદ એકેડમી

**October-2021**

# કરન્ટ અફેર્સ










શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર









# વિવેકાનંદ એકેડમી

VIVEKANAND ACADEMY


700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

M:9925698721 | 8490927713


**ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી**

## 1. "સ્વચ્છ-સ્વસ્થ સુજલ ગુજરાત માટે જન અભિયાન"




### (1) ક્લીન ઈન્ડિયા :

- ✓ ક્લીન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ તા. 1 ઓક્ટોબરથી તા.31 ઓક્ટોબર, 2021 દરમિયાન જનભાગીદારી માધ્યમથી સફાઇની ભગીરથ કામગીરી
- ✓ વિવિધ સંસ્થાઓના યુવા સ્વયંસેવકો દેશભરમાં ખાસ કરીને **'સિંગલ યુઝ પ્લાસ્ટિક'** થી ફેલાયેલા કચરાની સફાઈની કામગીરી કરશે
- ✓ સ્મારકો, ધરોહર સ્થળો, સમુદાય કેન્દ્રો, શાળા અને પંચાયતની ઇમારતો વગેરેની જાળવણી અને સૌંદર્યકરણના કામો હાથ ધરાશે
- ✓ પ્રવાસન સ્થળો-શૈક્ષણિક સંસ્થાનો-બસ અને રેલવે મથકો-રાષ્ટ્રીય સ્મારકો હોસ્પિટલો-જળસ્ત્રોતો તથા ધોરીમાર્ગોની આસપાસમાં રહેલા પ્લાસ્ટિક કચરાને દૂર કરાશે

### સ્વચ્છ ભારત મિશન 2.0 અને અમૃત 2.0 :

- ✓ PM મોદીની હસ્તે નવી દિલ્હીથી રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

### મિશનનો મુખ્ય હેતુ :

- ✓ શહેરોને કચરા મુક્ત બનાવવા વડાપ્રધાન મોદીએ સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0નો પ્રારંભ કરાવ્યો હતો.
- ✓ નવી દિલ્હીમાં ડો. આંબેડકર ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે વડાપ્રધાને સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0 અને અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન 2.0 યોજનાઓને લીલી ઝંડી બતાવી હતી.
- ✓ સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0નો લક્ષ્યાંક શહેરોને કચરા મુક્ત બનાવવાનો છે.
- ✓ મિશન AMRUTના નવા તબક્કામાં શહેરોમાં ગટર અને સેપ્ટિક મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરાશે જેથી શહેરોને પાણીથી સુરક્ષિત કરી શકાય.

### સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0

- ✓ તમામ શહેરોને કચરામુક્ત બનાવવાનો લક્ષ્યાંક તમામ શહેરોમાં ગ્રે અને બ્લેક વોટર મેનેજમેન્ટ
- ✓ સોલિડ વેસ્ટના સ્ત્રોતોને શોધી કઢાશે ઘ રિડયૂસ, રિયૂઝ અને રિસાઇકલના સિદ્ધાંતો પર કામ કરાશે
- ✓ તમામ પ્રકારના સોલિડ વેસ્ટની વૈજ્ઞાનિક પ્રોસેસિંગ
- ✓ અભિયાન માટે રૂ. 1.41 લાખ કરોડની ફાળવણી AMRUT 2.0
- ✓ 4700 શહેરોમાં દરેક ઘરમાં પાણીના જોડાણ
- ✓ 2.68 કરોડ પાણીના જોડાણ અપાશે
- ✓ 500 અમૃત શહેરોમાં 100 ટકા ગટરનાં જોડાણ
- ✓ 2.64 કરોડ ગટરનાં જોડાણ આપવાનો લક્ષ્યાંક
- ✓ શહેરી વિસ્તારોમાં 10.5 કરોડ લોકોને લાભ મળશે.

### (2) અમૃત 2.0 :

- ✓ રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા વિકાસના વિવિધ કાર્યક્રમો
- ✓ 'અમૃત 2.0' રાજ્યની 8 મહાનગર પાલિકાઓ સહિત તમામ શહેરોમાં શરૂ થશે
- ✓ જે અંતર્ગત તમામ શહેરોમાં પાણી પુરવઠાના કામો હેઠળ પાણીના સ્ત્રોત, શુદ્ધિકરણ, સંગ્રહ તથા વિતરણ વ્યવસ્થાના કામો, જળાશયોના નવીનીકરણના કામો થશે.
- ✓ 31 અમૃત શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો થશે
- ✓ 'અમૃત 1.0' યોજનામાં કુલ રૂ. 5,357.49 કરોડના 463 કામો હાથ ધરવામાં આવ્યા
- ✓ દેશભરમાં શહેરી કાયાપલટના કાર્યોની પ્રગિતમાં ગુજરાત મોખરે રહ્યું

### (3) સ્વચ્છ ભારત મિશન ફેઝ-2 :

- ✓ રાજ્યના શહેરોમાં વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ કરી ઘન કચરાનો નિકાલ થાય, દૂષિત પાણીનું ટ્રીટમેન્ટ કરી ફરીથી ઉપયોગમાં લઇ શકાય તે માટે સ્વચ્છ ભારત મિશન ફેઝ-2નો પ્રારંભ
- ✓ ગામોમાં સ્વચ્છતા જળવાય તે માટે સ્વચ્છ ભારત મિશન ફેઝ-2માં વ્યક્તિગત-સામૂહિક સોક પીટ, શૌચાલયનું સમારકામ તથા નવા શૌચાલયનું બાંધકામ સહિતના કામો હાથ ધરાશે
- ✓ **AMRUT : અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન**

## 2. નિર્ણય : ગુજરાત સરકાર

### ગુજરાતમાં સરકારી યોજનાના લાભ માટે જરૂરી આવકનું પ્રમાણપત્ર હવે ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે



- ✓ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ઇચ્છુક લાભાર્થીઓએ ગ્રામીણ કક્ષાએ ઇ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્ર ઉપર તલાટી કમ મંત્રી પાસેથી દર વર્ષે આવકનું પ્રમાણપત્ર કઢાવવુ પડે છે જેને કારણે લોકોને દર વર્ષે હાલાકીનો સામનો કરવો પડે છે.
- ✓ <u>હવે ઇ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્ર ઉપરથી અપાતા આવકના પ્રમાણપત્રની સમયમર્યાદા એકને બદલે ત્રણ વર્ષ કરાઇ.</u>
- ✓ આને લીધે હવે લોકોને દર વર્ષે એકની એક પ્રક્રિયામાંથી પસાર નહીં થવું પડે.
- ✓ વિભાગ : પંચાયત

**3.નીતિ પંચ : ભારત સરકાર**

**ભારતમાં જિલ્લા હોસ્પિટલ અંગે અહેવાલના મહત્વના તારણો :**

- ✓ પ્રતિ 1 લાખની વસ્તીએ દેશમાં વર્ષ 2018-19માં સરેરાશ 24 બેડની સામે પોંડિચેરીમાં સૌથી વધુ 222 અને બિહારમાં સૌથી ઓછી 6 બેડની સુવિધા




**અન્ય બાબતો :**

- ✓ વર્ષ 2018-19માં 36 જેટલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવેલી 707 હોસ્પિટલની સમીક્ષાને અંતે અહેવાલ તૈયાર કરાયો.
- ✓ દેશની સરેરાશ જિલ્લા હોસ્પિટલ પ્રતિ લાખની વસતીએ 24 પથારી ધરાવે છે.
- ✓ <u>ઇન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ 2012એ વર્ષ 2001ની વસતી ગણતરીના આંકડા ધ્યાને લઈને પ્રતિ એક લાખની વસતીએ જિલ્લા હોસ્પિટલમાં 22 પથારીની ભલામણ કરેલી</u> છે.'
- ✓ **<u>ગુજરાતમાં એક લાખે 19 બેડની સુવિધા.</u>**
- ✓ <u>ભારતની જિલ્લા હોસ્પિટલ પ્રતિ એક લાખની વસતીએ 1થી 408 પથારીઓ સુધીની સુવિધા ધરાવે છે. 207 જિલ્લા હોસ્પિટલ પ્રતિ એક લાખની વસતી</u>એ 22 બેડની સુવિધા ધરાવે છે.
- ✓ કોવિડ-19 મહામારી શરૂ થઈ તેથી થોડા સમય પહેલાં જ આ સમીક્ષા થઈ હોવાથી ખૂબ જ મહત્વની છે.
- ✓ સમીક્ષા દરમિયાન ધ્યાને આવ્યું હતું કે, મહામારી ફાટી નીકળી તે પહેલાં જિલ્લા કક્ષાએ જાહેર આરોગ્ય માટે પૂરતી માળખાકીય સુવિધા નહોતી. કોવિડ-19ના બીજા મોજા વખતે દેશે તેનો અનુભવ કર્યો હતો.

**15 રાજ્યોમાં સરેરાશ કરતા ઓછી પથારી :**

- ✓ 15 જેટલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં તો જિલ્લા હોસ્પિટલ્સ પ્રતિ એક લાખની વસતીએ 22થી ઓછી પથારી ધરાવતી હતી.
- ✓ બિહારમાં સરેરાશ 6, ઝારખંડમાં 9, તેલંગણામાં 10, ઉત્તરપ્રદેશ 13, હરિયાણા 13, મહારાષ્ટ્ર 14, જમ્મુ-કાશ્મીર 17, આસામ 18, આંધ્ર 18, પંજાબ 18, ગુજરાત 19, રાજસ્થાન 19, પશ્ચિમ બંગાળ 19, છત્તીસગઢ 20 તો મધ્યપ્રદેશની જિલ્લા હોસ્પિટલ સરેરાશ 20 પથારી હતી.

**21 રાજ્યોમાં સરેરાશ કરતાં વધુ પથારીની સુવિધા**

- ✓ 21 જેટલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની જિલ્લા હોસ્પિટલ્સ પ્રતિ એક લાખની વસતીએ ભલામણ મુજબની સરેરાશ 22 કરતાં વધુ બેડની સુવિધા ધરાવતા હતા.
- ✓ પોંડિચેરી (સરેરાશ 222), આંદામાન નિકોબાર (200), લદ્દાખ (150), અરુણાચલપ્રદેશ (102), દમણ દીવ (102), લક્ષદ્વીપ (78), સિક્કિમ (70), મિઝોરમ (63), દિલ્હી (59), ચંડીગઢ (57) , ગોવા (32) કેરળ (22), ઓડિશા (22) અને તામિલનાડુ (22) સહિતના રાજ્યનો સમાવેશ થાય છે.

**4. લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર-2021**

**વિજેતા : સાઇરસ પૂનાવાલા**



- ✓ રાજ્ય : મહારાષ્ટ્ર

**5. ખેલકૂદ : ડે-નાઇટ ટેસ્ટમાં ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાની ઐતિહાસિક સદી : સદી મારનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી**



- ✓ યજમાન : કરારા મેદાન, ગોલ્ડકોસ્ટ, ઓસ્ટ્રેલિયા
- ✓ ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટ શ્રેણી મેન ક્રિકેટરમાં અગાઉ વિરાટ કોહલી એ ડે-નાઇટ ટેસ્ટમાં બાંગ્લાદેશ સામે સદી મારી હતી


**6. દિન વિશેષ : 01 ઓક્ટોબર**

**(1) રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ**

- ✓ **<u>થીમ-2021 : Give blood and keep the world beating</u>**
- ✓ **<u>ખાસ: 18 થી 65 વર્ષની વય ધરાવતા તંદુરસ્ત વ્યક્તિ દર ત્રણ-ચાર મહિને નિયમિત રક્તદાન કરી શકે છે</u>**

**(2) વિશ્વ વૃદ્ધજન/વડીલ દિવસ**

- ✓ થીમ-2021 : digital equity for all ages






- ✓ પ્રથમ પ્રારંભ તા. 01-10-1991થી

**(3) USAના નાણાકીય વર્ષનો પ્રથમ દિવસ**




**(4) ચીનનો રાષ્ટ્રીય દિવસ**

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (01-10-2021)</u>

**1.** ઓક્ટોબર 2021માં જાહેર થયેલા ભારતમાં જિલ્લા હોસ્પિટલ વર્ષ 2018-19ના નીતિ પંચના અહેવાલ મુજબ ક્યા વિધાનો યોગ્ય છે

1. પ્રતિ 1 લાખની વસ્તીએ દેશમાં સરેરાશ 24 બેડ ઉપલબ્ધ
2. પોંડિચેરીમાં સૌથી વધુ 222 અને બિહારમાં સૌથી ઓછી 6 બેડની સુવિધા
3. ગુજરાતમાં એક લાખે 19 બેડની સુવિધા
4. ઇન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ 2012એ વર્ષ 2001ની વસતી ગણતરીના આંકડા ધ્યાને લઈને પ્રતિ એક લાખની વસતીએ જિલ્લા હોસ્પિટલમાં 22 પથારીની ભલામણ કરેલી

(A) માત્ર 2 અને 3 યોગ્ય છે (B) માત્ર 4 યોગ્ય છે
(C) માત્ર 1 યોગ્ય છે **(D) આપેલ તમામ યોગ્ય છે**

**2.** ક્લીન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ ક્યા સમયગાળા દરમિયાન જનભાગીદારી માધ્યમથી સફાઇની કામગીરીનો પ્રારંભ થયો

(A) તા.1 ઓક્ટોબરથી તા.15 ઓક્ટોબર, 2021
(B) તા.2 ઓક્ટોબરથી તા.15 ઓક્ટોબર, 2021
**(C) તા.1 ઓક્ટોબરથી તા.31 ઓક્ટોબર, 2021**
(D) તા.11 ઓક્ટોબરથી તા.31 ઓક્ટોબર, 2021

**3.** તા.1 ઓક્ટોબર 2021ના રોજ PM શ્રી મોદીના હસ્તે સ્વચ્છ ભારત મિશન 2.0 અને અમૃત 2.0 મિશનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ ક્યાંથી થયો હતો

(A) મુંબઈ (B) કોલકત્તા **(C) નવી દિલ્હી** (D) કાનપુર

**4.** તા.1 ઓક્ટોબર 2021ના રોજ PM શ્રી મોદીના હસ્તે તમામ શહેરોને કચરામુક્ત બનાવવાનો લક્ષ્યાંક તેમજ રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા વિકાસના વિવિધ કાર્યક્રમો માટે ક્યા મિશનનો પ્રારંભ કરાયો

(A) સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0 (B) AMRUT 2.0
**(C) A અને B બંને** (D) એક પણ નહીં

**5.** AMRUT મિશનનું વિસ્તૃત નામ જણાવો

**(A)અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન**
(B)અટલ બિહારી મિશન રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન
(C) અટલ મિશન ફોર રિનોવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન
(D) અટલ મિશન ફોર રિનોવેશન એન્ડ અર્બન ટ્રાન્સપોર્ટ

**6.** ઓક્ટોબર 2021માં ગુજરાતમા પંચાયત વિભાગે સરકારી યોજનાના લાભ માટે જરૂરી આવકનું પ્રમાણપત્ર એક વર્ષના સ્થાને હવે કેટલા વર્ષ સુધી માન્ય રાખવાનો નિર્ણય કર્યો

(A) બે **(B) ત્રણ** (C) ચાર (D) પાંચ

**7.** ગુજરાત સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે લાભાર્થીઓએ ગ્રામીણ કક્ષાએ ક્યા કેન્દ્ર ઉપરથી દર વર્ષે આવકનું પ્રમાણપત્ર મેળવવુ પડે છે

(A) ગ્રામપંચાયત **(B) ઈ-ગ્રામ વિશ્વગ્રામ**
(C) તાલુકા પંચાયત (D) મામલતદાર કચેરી

**8.** લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર-2021 કયા મહાનુભાવને અપાયો

(A) સાઈરસ મિસ્ત્રી (B) આદર પૂનાવાલા
**(C) સાઇરસ પૂનાવાલા** (D) રતન ટાટા

**9.** ઓક્ટોબર 2021માં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાયેલી ડે-નાઇટ ટેસ્ટમાં સદી મારનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડીનું નામ જણાવો

(A) શીખા શર્મા (B) મિતાલી રાજ
**(C) સ્મૃતિ મંધાના** (D) અંજૂમ ચોપરા

**10.** રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ કયારે યોજાશે

**(A) તા 01 ઓકટોબર** (B) તા 02 ઓકટોબર
(C) તા 03 ઓકટોબર (D) તા 04 ઓકટોબર

**11.** વિશ્વ વૃદ્ધજન/વડીલ દિવસ થીમ-2021 જણાવો

(A) digital equal for older ages
(B) digital estate for all ages
(C) digital equity for all people
**(D) digital equity for all ages**

**12.** વિશ્વ વૃદ્ધજન દિવસ કયારે મનાવવામાં આવે છે

**(A) 1 ઓક્ટોબર** (B) 2 ઓક્ટોબર
(C) 11 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બર

**13.** વિશ્વ વૃદ્ધજન દિવસ મનાવવાનો પ્રથમ પ્રારંભ કયારે થયો

**(A) તા. 01-10-1991થી** (B) તા. 01-10-1994થી
(C) તા. 01-10-1996થી (D) તા. 01-10-1997થી

**14.** યુ.એસ.એ.ના નાણાકીય વર્ષનો પ્રથમ દિવસ જણાવો

**(A) 1 ઓક્ટોબર** (B) 2 ઓક્ટોબર
(C) 11 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બર

**15.** ચીનનો રાષ્ટ્રીય દિવસ કયારે ઉજવવામાં આવે છે

**(A) 1 ઓક્ટોબર** (B) 2 ઓક્ટોબર
(C) 11 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બર

## DATE : 02-10-2021

**1. ગાંધી વંદના : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની 152મી જન્મ જયંતિના અવસરે તેમના જન્મ સ્થળ કીર્તિ મંદિર, પોરબંદર ખાતે સર્વ ધર્મ પ્રાર્થના સભા**



**વિશેષ ઉપસ્થિતિ: મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

✓ ગાંધી વંદના સમય સવારે 08:00

**2. બીજી ઓક્ટોબર : મહાત્મા ગાંધીજી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતી 'નિમિતે વિવિધ કાર્યક્રમો યોજાયા**




✓ **સંવાદ :** વડાપ્રધાન શ્રી મોદીનો ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓ અને પાણી સમિતિના સદસ્યો સાથે ઓનલાઇન સંવાદ




- ✓ સમય : 11:00 કલાકે
- ✓ દરેક ગામમાં જલ જીવન મિશન હેઠળ ગ્રામસભાનું આયોજન
- ✓ **PM શ્રી મોદીના હસ્તે જળ જીવન મોબાઇલ એપ લોન્ચ**
- ✓ **PM દ્વારા "રાષ્ટ્રીય જળ જીવન કોષ"ની સ્થાપના કરાઈ**




**પાલનપુરના પીંપળી ગામના ગ્રામજનો સાથે વાતચીત**

- ✓ વડાપ્રધાન મોદીએ દેશના અલગ અલગ ગ્રામ પંચાયતો સાથે ગુજરાતના માત્ર એક બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પીંપળી ગામના ગ્રામજનો સાથે સીધો સંવાદ કર્યો હતો.
- ✓ મોદીએ રમેશભાઇ પટેલનુ નામ બોલતા ગ્રામજનોમાં ખુશી છવાઇ ગઇ હતી અને વડાપ્રધાને જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાની પાણી સમસ્યાથી હુ વાકેફ છું અને જિલ્લાના લોકોએ પાણીના મૂલ્યને સમજી સરસ કામગીરી કરી છે.

**3. લેહ : વિશ્વના સૌથી મોટા ખાદીના ત્રિરંગાનું લેહના જંસ્કાર પહાડ પર અનાવરણ**



- ✓ ગાંધી જયંતિના અવસરે લદાખના લેહ ખાતે વિશ્વના સૌથી મોટા અને વિશેષ ખાદીના બનેલા ત્રિરંગાનું અનાવરણ કરાયું.
- ✓ જંસ્કાર પહાડ પર લગાવવામાં આવેલા આ ત્રિરંગાને તૈયાર કરવામાં 49 દિવસનો સમય લાગ્યો.
- ✓ **સેનાધ્યક્ષ એમ એમ નરવણેની હાજરીમાં લદાખના ઉપરાજ્યપાલ આર કે માથુરે ત્રિરંગાનું અનાવરણ કર્યું.**
- ✓ ભૂમિદળની એન્જિનિયર રેજિમેન્ટ દ્વારા આ પહેલ કરાઇ હતી. ખાદી એન્ડ વિલેજ ઇન્ડસ્ટ્રી કમિશન દ્વારા વિશાળ તિરંગો તૈયાર કરાયો હતો.

**સૌથી મોટા ત્રિરંગા વિશે :**

- ✓ લંબાઈ : 225 ફૂટ     પહોળાઈ : 125 ફૂટ
- ✓ વજન : 1400 કિલો     ક્ષેત્રફળ : 37, 500 ચોરસ ફૂટ

**4. મહાત્મા ગાંધીજી : વસ્ત્ર સંબંધિત સંકલ્પના 100 વર્ષ પૂર્ણ**



- ✓ મહાત્મા ગાંધીએ 1921ની 22 સપ્ટેમ્બરે મદુરાઈમાં આખું શરીર ઢાંક્તા વસ્ત્રોનો ત્યાગ કરીને માત્ર ઘૂંટણ સુધી ધોતી કે શાલ ધારણ કરવાનો નિર્ણય કર્યો હતો. તેમના આ સંકલ્પના 100 વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે.
- ✓ મદુરાઈના ટ્રેન પ્રવાસમાં બાપુએ જોયું કે લોકો વિદેશી વસ્ત્રોમાં સજ્જ હતા. તેમણે કહ્યું કે ખાદીનાં કપડાં ગરીબ ખરીદી શકે નહીં. એ વખતે ગાંધીજીએ કોટ, ધોતી પહેર્યાં હતા.
- ✓ લોકોની વાત સાંભળી બાપુને પીડા થઇ. બીજા જ દિવસે 22 સપ્ટેમ્બરે તેમણે શરીરે માત્ર ધોતી પહેરીને લોકોને સંબોધન કર્યું.
- ✓ બાપુએ નવા વસ્ત્રોમાં મદુરાઈમાં જે સ્થળે સંબોધન કર્યું એ આજે ગાંધી પોટલ નામે ઓળખાય છે

**5. UIDAI : ભારતના 122 શહેરમાં 166 આધાર સેવા કેન્દ્રો શરૂ કરશે**




**વિગત :**

- ✓ યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા (યુઆઇડીએઆઇ)એ દેશના 122 શહેરમાં 166 આધાર સેવા કેન્દ્ર શરૂ કરવાની યોજના બનાવી છે. તેમાં 55 આધાર સેવા કેન્દ્રોએ કામ કરવાનું શરૂ પણ કરી દીધું છે.

**નવા આધાર સેવા કેન્દ્રોની કામગીરી :**

- ✓ આ કેન્દ્રો આખું અઠવાડિયું ખુલ્લા રહેશે. અત્યાર સુધી આ સેવા કેન્દ્રોના માધ્યમથી દિવ્યાંગો સહિત 70 લાખથી વધુ નાગરિકોને આધાર કાર્ડ અપાયા હતા.
- ✓ આધાર સેવા કેન્દ્રોમાં A, B અને C મોડલ છે. A મોડલ એક દિવસમાં 1000, B 500 સુધી અને C 250 સુધી આધાર નોંધણી-અપડેશન કરે છે.
- ✓ આ ઉપરાંત યુઆઇડીએઆઇ બેંકો, પોસ્ટ ઓફિસો અને રાજ્ય સરકારો દ્વારા સંચાલિત બીજા 52 હજાર કેન્દ્રો પર પણ સેવા આપે છે.
- ✓ આવા વિવિધ કેન્દ્રો પર અત્યાર સુધી કુલ 130 કરોડ આધાર નંબર જારી કરાયા છે.
- ✓ **UIDAI : યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા- નવી દિલ્હી**

**6. ભારતીય સેના : નવો નિર્ણય**

**ભારત-ચીનની સીમા LAC પર લદાખમાં 16,000 ફૂટની ઊંચાઇએ સ્વદેશી K-9 વજ્ર હોવિત્ઝર તોપ તહેનાત**




**K-9 વજ્ર હોવિત્ઝર તોપ વિશે :**

- ✓ K-9 વજ્ર તોપની મારક ક્ષમતા 38 કિલોમીટરની. આ ઝીરો રેડિયસ પર ચારે તરફ ફરીને એટેક કરી શકે છે.
- ✓ 155 MM/52 કેલિબરની 50 ટન વજનવાળી તોપથી 47 કિલોનો ગોળો ફેંકી શકાય છે.
- ✓ આ તોપ 15 સેકન્ડમાં 3 ગોળા ફેંકી શકે છે.
- ✓ તેમા 155 મિમિની તોપ લાગેલી છે, જેની રેંજ 18થી 52 કિમી છે. તેમા ટેંકોની જેમ ટ્રેક લાગેલા છે, જેનાથી કોઈપણ પ્રકારના મેદાનમાં ચાલી શકે
- ✓ તેનું શક્તિશાળી એન્જીન તેને 67 કિમી પ્રતિ કલાકની સ્પીડ આપે છે.
- ✓ તેમા 5 સૈનિકોનો ક્રૂ હોયછે, જે કોઈ ટેંકની જેમ મજબૂત બખ્તરથી પુરી રીતે સુરક્ષિત હોય છે.

**1 મિનિટમાં 12 ગોળા દાગવાની ક્ષમતા :**

- ✓ એલએસી પર વધી રહેલા તણાવને પગલે ભારતીય સેનાએ પૂર્વ લદ્દાખમાં 12થી 16 હજાર ફૂટની વ્યૂહાત્મક જગ્યાઓએ K-9 વજ્ર હોવિત્ઝર તોપ તહેનાત કરી.
- ✓ **નિર્માણ :** ગુજરાતનાં હજીરામાં L&T ખાતે તૈયાર થયેલી આ ટેન્કની આખી રેજિમેન્ટને પૂર્વ લદ્દાખના અલગ અલગ ફોરવર્ડ વિસ્તારોમાં તહેનાત કરાઈ.
- ✓ **LAC : લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ**

**7. RSS : સ્વંયસેવકોને વધુ સંસ્કારી, સદગુણ સંપન્ન, ચપળ અને નિર્ણય કુશળ બનાવવા RSS દ્વારા નવી ક્વિઝ-ગેમ લોન્ચ કરાઈ**




**રમતો વિશે :**

- ✓ શારીરિકથી માંડીને માનસિક કસરતો પણ જોડાઈ
- ✓ સંઘના તમામ 45 પ્રાંતે આ ગેમ્સ ડેવલપ કરી, સ્થાનિક રમતો પણ જોડી

**ધ્રૂવ ગેમ :**

- ✓ તેમાં સ્વયંસેવક રામાયણ કે મહાભારતનું કોઇ પાત્ર વિચારે છે. બાકીના ટીનેજર્સ તેને સવાલ પૂછીને સાચા નામ સુધી પહોંચે છે.

**શારીરિક વ્યાયામ :**

- ✓ નાના-નાના અભ્યાસ જોડાયા છે. જેમ કે જમીન પર બેઠા પછી ટેકો લીધા વિના ઊભા થવું, બંને પગ લાંબા કરીને માથું ઢીંચણ સુધી લાવવું વગેરે.

**પાઘડી :**

- ✓ દેશના મહાપુરુષોનો પરિચય કરાવવા તેમની પાઘડી બતાવાય છે. બધાને પૂછાય છે કે તે નાયક કોણ છે ?

**ગુણ-દુર્ગુણનો કટોરો :**

- ✓ સારી-ખરાબ આદતોની ચિઠ્ઠીઓ હોય છે. સ્વયંસેવક ચિઠ્ઠી કાઢીને જણાવે છે કે તે ગુણ/દુર્ગુણ છે કે નહીં ? ગુણ અપનાવવા, દુર્ગુણ છોડવા પ્રેરિત કરાય છે.

**8. રાષ્ટ્રીય વયોશ્રેષ્ઠ સન્માન–2021 : ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુની ઉપસ્થિતિમાં વયો નમન કાર્યક્રમ**

**સ્થળ : વિજ્ઞાનભવન, નવી દિલ્હી**




- ✓ **ઉપરાષ્ટ્રપતિએ વૃદ્ધોની મદદ માટે નેશનલ હેલ્પલાઇન નંબર 14567 શરૂ કર્યો.**

**સન્માન–2021 વિશે :**

- ✓ 13 કેટેગરીમાં મહિલાઓને નેશનલ એવોર્ડ
- ✓ **રુક્મણિ પંત : આઇકનિક મધર એવોર્ડ**

**કામગીરી :**

- ✓ ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના આ પિલંગ ગામના રુક્મણિ દેવી પંતને આઇકનિક મધરનો પ્રતિષ્ઠિત નેશનલ એવોર્ડ અપાયો.
- ✓ તેઓ વર્ષોથી ગામડાં અને કસ્બાની મહિલાઓને આત્મનિર્ભર બનાવવા કાર્યરત. પોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામ કરતી મહિલાઓને આ એવોર્ડ એનાયત કરાય છે.

**9. ઉત્તરપ્રદેશ : OdOp અભિયાનમાં UPના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે અભિનેત્રી કંગના રનૌતની નિમણૂંક**



- ✓ OdOp : વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ

**10. ગ્લોબલ અચીવર્સ એવોર્ડ 2021 :**

**પ્રથમ વિજેતા:ભારતીય અભિનેત્રી દીપિકા પાદુકોણ**




**માપદંડ :**

- ✓ એવોર્ડની પસંદગી સોશિયલ મીડિયા ફોલોર્સ, ગુગલ સર્ચ અને અન્ય રેકિંગના આધાર પર

**દીપિકા પાદુકોણ વિશે :**

- ✓ દીપિકા એક વૈશ્વિક આઇકોન છે, જે પોતાના ફેશન સ્ટેટમેન્ટથી જ નહીં પોતાની ફિલ્મો અને પરફોર્મન્સ સ્કિલ માટે પ્રશંસનીય રહી.

- ✓ ભારતમાં સર્વશ્રેષ્ઠ અભિનેત્રી તરીકે ઓળખાતી દીપિકાએ પોતાની સખત મહેનતથી મનોરંજન દુનિયામાં એક વિશેષ સ્થાન બનાવ્યું.
- ✓ વર્ષ 2018માં ટાઇમ મેગેઝિને વિશ્વની 100 પ્રભાવશાળી હસ્તીઓમાં તેને એક ગણાવી હતી. આ સૂચિમાં સ્થાન મેળવનારી દીપિકા એક માત્ર ભારતીય અભિનેત્રી હતી.
- ✓ દીપિકા એશિયાની સૌથી પ્રભાવશાળી મહિલાનું પણ માન મેળવ્યું છે

**અન્ય વિજેતા :**

- ✓ આ વર્ષના વિજેતાની યાદીમાં USના પૂર્વ પ્રમુખ બરાક ઓબામા, એમેઝોનના જેફ બેજોસ અને ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો સમાવેશ
- ✓ **સંસ્થા : HBW NEWS - વિશ્વ ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ**

**11. દિન વિશેષ : 2 ઓક્ટોબર (1) વિશ્વ અહિંસા દિવસ**




- ✓ ઉજવણી : UNO દ્વારા વર્ષ 2007થી

**(2) રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ : 2 ઓક્ટોબર**

**(3) નશાબંધી સપ્તાહ : તા.2થી 8 ઓક્ટોબર**

- ✓ **હેતુ: સમાજને વિવિધ વ્યસનની બદિઓમાંથી મુક્ત કરાવવો**
- ✓ ગેરકાયદેસર દારૂની માહિતી વોટ્સએપ નંબર 99789 34444
- ✓ ટોલ ફ્રી નંબર : 14405
- ✓ **નશાબંધીને આબકારી ખાતુ, ગુજરાત સરકાર**

**(4) વન્યજીવ સપ્તાહ : તા.2થી 8 ઓક્ટોબર**




- ✓ **હેતુ – વન્ય જીવોના જતન-સંરક્ષણ માટે**

**ગુજરાતમાં વન્યજીવો વારસો**

**(1) એશિયાઇ સિંહ :**

- ✓ સમગ્ર વિશ્વમાં એશિયાઇ સિંહનું એકમાત્ર રહેણાક 'ગીર'
- ✓ ગુજરાતમાં સતત વધતી વસ્તી 2015માં 523, 2020માં 674
- ✓ વસ્તીમાં 29 ટકાનો વધારો

**(2) દીપડા**

- ✓ સમગ્ર ગુજરાતમાં દેખાતા દીપડાની સતત વધતી વસ્તી 2011માં 1160,2016માં 1395

**(3) ઘુડખર**

- ✓ સમગ્ર ભારતમાં ઘુડખર ફક્ત 'ધ્રાંગધ્રા ઘુડખર અભ્યારણ' ગુજરાતમાં 2014માં 4451,2020 માં 6082

**(4) કાળિયાર :**

- ✓ ગુજરાતમાં કાળિયારની વસ્તી વેળાવદર નેશનલ પાર્ક ખાતે 2020માં 7097

**(5) સાંભર :**

- ✓ ગુજરાતમાં ગીર નેશનલ પાર્કમાં સાંભરની સતત વધી રહેલી વસ્તી, 2011માં 4497, 2015માં 7176

**(6) રીંછ :**

- ✓ બાલારામ-અંબાજી, જેસોર શૂલ પાણેશ્વર અને રતનમહાલ અભ્યારણ્યમા રીંછની સતત વધતી વસ્તી 2021માં 293, 2020માં 343

**(7) ફ્લેમિંગો :**

- ✓ દર વર્ષે લાખોની સંખ્યામાં વેટલેન્ડમાં આવતા ફ્લેમિંગો ગુજરાતનું ગૌરવ વધારે છે
- ✓ **વન વિભાગ – ગુજરાત સરકાર**

**(5) ભારતમાં 2 જી ઓક્ટોબર 1959માં પંચાયતી રાજનો પ્રથમ અમલ**

- ✓ રાજસ્થાનના નાગોર જિલ્લામાં પંચાયતી રાજનો પ્રયોગ શરૂ થયો હતો
- ✓ બંધારણના 73માં સુધારા અંતર્ગત પંચાયતીરાજને બંધારણીય દરજ્જો.
- ✓ 24 એપ્રિલ 1993માં બંધારણમાં 73માં સુધારા અંતર્ગત પંચાયતીરાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.

**12 જન્મ દિન વિશેષ : 2 ઓક્ટોબર**

**(1) મહાત્મા ગાંધીજીની 152મી જન્મજયંતિ**

**(2) પૂર્વ ભારતીય PM-ભારતરત્ન લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ**

**જન્મ : 2 ઓક્ટોબર 1904**

**અવસાન : 11 જાન્યુઆરી 1966**

- ✓ તેમની જન્મ જયંતી 2 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. તેમણે પોતાનું સમગ્ર જીવન ગરીબો અને દેશની સેવામાં સમર્પિત કર્યું.
- ✓ પૂર્વ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ 2 ઓક્ટોબર 1904 માં ઉત્તર પ્રદેશના મુગલસરાયમાં થયો હતો. જ્યારે શાસ્ત્રી 2 વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું હતું.
- ✓ વર્ષ 1920માં શાસ્ત્રીજી આઝાદીની પહેલી લડાઇમાં જોડાઇ ગયા હતા. સ્વાધીનતા સંગ્રામમાં તેમની ભૂમિકા મહત્વની હતી. 1930 દાંડી માર્ચ અને 1942ના ભારત છોડો આંદોલનમાં પણ તેમનો સહયોગ રહ્યો હતો.
- ✓ લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે માત્ર 11 વર્ષના હતા ત્યારથી દેશ માટે તેમને કંઇક કરવાનું મન બનાવ્યું હતું. 16 વર્ષની ઉંમરે તેમણે પોતાનો અભ્યાસ છોડી દીધો અને ગાંધીજીના અસહકાર આંદોલનમાં જોડાયા.
- ✓ લાલ બહાદુર કાશી વિદ્યાપીઠમાં જોડાયા. વિદ્યાપીઠ દ્વારા તેમને આપવામાં આવેલી સ્નાતકની ડીગ્રી બાદ તેમને 'શાસ્ત્રી' નામ મળ્યું હતું, ત્યારથી તેમનું પૂરું નામ લાલ બહાદુર શાસ્ત્રી બન્યું.
- ✓ મહાત્મા ગાંધી સાથે આંદોલનમાં ભાગ લેવાના કારણે તેઓ 7 વર્ષ બ્રિટીશ જેલોમાં રહ્યા હતા.
- ✓ આઝાદી પછી તેઓ 1951માં દિલ્હી ગયા અને કેન્દ્રીય મંત્રીમંડળના ઘણા વિભાગોનો હવાલો સંભાળ્યો. તેમણએ રેલ્વે મંત્રી, પરિવહન

અને સંચાર વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી, ગૃહમંત્રી વિભાગના પ્રધાન હતા.

- ✓ લાલ બહાદુર શાસ્ત્રી વર્ષ 1964માં વડાપ્રધાન બન્યા. ત્યારે તેમના શાસનકાળ દરમિયાન 1965માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું. તે સમયે દેશમાં ભયંકર દુષ્કાળ હતો અને ખાદ્ય ચીજોની અછત સર્જાઈ હતી. આ સંકટને ટાળવા માટે તેમણે દેશવાસીઓને એક દિવસના ઉપવાસ કરવાની અપીલ કરી. તેમજ કૃષિ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટે તેમણે **'જય જવાન જય કિસાન'** નો નારો લગાવ્યો હતો.
- ✓ તેમણે એકવાર તેમના માર્ગદર્શક એવા મહાત્મા ગાંધીના સ્વરમાં કહ્યું હતું કે, "સખત મહેનતએ પ્રાર્થના કરવા સમાન છે." મહાત્મા ગાંધી જેવા જ વિચાર ધરાવતા લાલ બહાદુર શાસ્ત્રી ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠ ઓળખ છે.
- ✓ 11 જાન્યુઆરી 1966ના રોજ તેમણે તાશકંદમાં અંતિમ શ્વાસ લીધા. 10 જાન્યુઆરી 1966 ના રોજ પાકિસ્તાન સાથે શાંતિ અંગેના કરારના કર્યાના માત્ર 12 કલાક પછી તાશકંદ (ઉઝબેકિસ્તાન)માં અચાનક તેમનું અવસાન થયું. તેમનું મૃત્યુ આજે પણ એક રહસ્ય સમાન છે.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (02-10-2021)

**1.** તા.2 ઓક્ટોબર 2021એ PM શ્રી મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા જલ જીવન મિશન અંગે કઈ બાબતો યોગ્ય છે
1. જળ જીવન મોબાઈલ એપ લોન્ચ
2. "રાષ્ટ્રીય જળ જીવન કોષ"ની સ્થાપના
3. પાલનપુરના પીંપળી ગામના ગ્રામજનો સાથે સંવાદ
(A) 1 અને 2 યોગ્ય છે (B) 1 અને 3 યોગ્ય છે
(C) 2 અને 3 યોગ્ય છે **(D) તમામ યોગ્ય છે**

**2.** તા. 2 ઓક્ટોબર 2021ના રોજ વિશ્વના સૌથી મોટા ખાદીના ત્રિરંગાનું અનાવરણ કરાયુ તેમાં કયા વિધાન/વિધાનો સાચુ/સાચા છે
1. લદાખમાં લેહના જંસ્કાર પહાડ પર ત્રિરંગાનું અનાવરણ
2. ખાદી એન્ડ વિલેજ ઇન્ડસ્ટ્રી કમિશન દ્વારા વિશાળ તિરંગો તૈયાર કરાયો
3. ભૂમિદળની એન્જિનિયર રેજિમેન્ટ દ્વારા પહેલ
4. ત્રિરંગાની લંબાઈ : 225 ફૂટ, પહોળાઈ : 125 ફૂટ તથા ક્ષેત્રફળ : 37, 500 ચોરસ ફૂટ
(A) 1 અને 2 સાચા છે (B) 1 અને 4 સાચા છે
(C) 2 અને 3 સાચા છે **(D) આપેલ પૈકી તમામ સાચા છે**

**3.** ભારતના આધાર સેવા કેન્દ્રો મોડલ અંગે કઈ બાબત/ બાબતો ખરૂ/ખરા છે
1. A, B અને C મોડલ
2. A મોડલ એક દિવસમાં 1000 સુધીની નોંધણી
3. B મોડલ એક દિવસમાં 500 સુધીની નોંધણી
4. C મોડલ એક દિવસમાં 250 સુધીની આધાર નોંધણીનું અપડેશન
(A) માત્ર 1 ખરુ છે (B) માત્ર 1 અને 4 ખરા છે
(C) 2 3 અને 4 ખરા છે **(D) આપેલ પૈકી તમામ ખરા છે**

**4.** ઓક્ટોબર 2021માં યોજાયેલ રાષ્ટ્રીય વયોશ્રેષ્ઠ સન્માન–2021 વિશે કઈ બાબતોનો સમાવેશ થાય છે
1. ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુની ઉપસ્થિતિમાં નવી દિલ્હી ખાતે વયો નમન કાર્યક્રમ
2. 13 કેટેગરીમાં મહિલાઓને નેશનલ એવોર્ડ
3. ઉતરાખંડના રુક્મણિ દેવી પંત : આઇકનિક મધર એવોર્ડ
4. વૃદ્ધોની મદદ માટે નેશનલ હેલ્પલાઇન નં.14567નો પ્રારંભ
(A) માત્ર 3 (B) માત્ર 1 અને 4
(C) 1 3 અને 4 **(D) આપેલ પૈકી તમામ**

**5.** ઓક્ટોબર 2021માં જાહેર કરાયેલા ગ્લોબલ અચીવર્સ એવોર્ડ 2021 અંતર્ગત કયા વિધાન/વિધાનો યોગ્ય છે
1. પ્રથમ વિજેતા:ભારતીય અભિનેત્રી દીપિકા પાદુકોણ
2. અન્ય વિજેતા : USના પૂર્વ પ્રમુખ બરાક ઓબામા, એમેઝોનના જેફ બેજોસ અને ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો
3. સંસ્થા : HBW NEWS - વિશ્વ ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ
4. માપદંડ : એવોર્ડની પસંદગી સોશિયલ મીડિયા ફોલોર્સ, ગુગલ સર્ચ અને અન્ય રેકિંગના આધાર પર
(A) 1 અને 2 યોગ્ય છે (B) 3 અને 4 યોગ્ય છે
(C) 1 2 અને 3 યોગ્ય છે **(D) તમામ યોગ્ય છે**

**6.** ગાંધી જન્મ જયંતિ નિમિતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં ગાંધી વંદના કાર્યક્રમ ક્યાં યોજાયો -
(A) દાંડી કૂટિર ગાંધીનગર (B) સાબરમતિ આશ્રમ અમદાવાદ
(C) મહાત્મા ગાંધી મ્યુઝિયમ રાજકોટ **(D) કીર્તિ મંદિર, પોરબંદર**

**7.** ગાંધી જન્મ જયંતિએ વડાપ્રધાન શ્રી મોદીનો દેશની વિવિધ ગ્રામપંચાયતોમાં કોની સાથે ઓનલાઇન સંવાદ યોજાયો
(A) સરપંચો (B) પાણી સમિતિના સદસ્યો
**(C) A અને B બંને** (D) આપેલ પૈકી ક પણ નહીં

**8.** મહાત્મા ગાંધીજીના દક્ષિણ ભારતના મદુરાઈમાં કરેલી વસ્ત્ર સંબંધિત સંકલ્પનાને તા. 2 ઓક્ટોબર 2021ના રોજ કેટલા વર્ષ પૂર્ણ થયા
(A) 125 વર્ષ **(B) 100 વર્ષ** (C) 90 વર્ષ (D) 75 વર્ષ

**9.** યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા-UIDAI દ્વારા આગામી સમયમાં ભારતમાં 122 શહેરમાં કેટલા નવા આધાર સેવા કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરાઇ
(A) 150 (B) 155 **(C) 166** (D) 175

**10.** ઓક્ટોબર 2021માં ભારતીય સેના દ્વારા ભારત-ચીન સીમા LAC પર લદાખમાં 16,000 ફૂટની ઊંચાઈએ કઈ સ્વદેશી તોપ તહેનાત કરાઇ છે
(A) બોફર્સ તોપ **(B) K-9 વજ હોવિત્ઝર**
(C) અર્જૂન ટેન્ક (D) અગ્નિ

**11.** સ્વદેશી K-9 વજ હોવિત્ઝર તોપનુ નિર્માણ ક્યાં કરાયુ છે
(A) L&T રેવાડી (B) L&T વડોદરા
(C) L&T બેંગ્લુરૂ **(D) L&T હજીરા-સુરત**

**12.** RSS દ્વારા સ્વંયસેવકોને વધુ સંસ્કારી, સદ્દગુણ સંપન્ન, ચપળ અને નિર્ણય કુશળ બનાવવા કઈ નવી ક્વિઝ-ગેમ લોન્ચ કરાઇ
(A) ધ્રૂવ ગેમ તથા શારીરિક વ્યાયામ
(B) પાઘડી તથા ગુણ-દુર્ગુણનો કટોરો
**(C) A અને B બંને** (D) આપેલ પૈકી ક પણ નહીં

**13.** નશાબંધી સપ્તાહના ભાગરૂપે સમાજને વિવિધ વ્યસનમાંથી મુક્તિ કરાવવા કયો ટોલ ફ્રી નંબર શરૂ કરાયો છે

(A) 15440 (B) 14450 **(C) 14405** (D) 14540

**14.** તા. 2 ઓક્ટોબર 2021ના રોજ ગાંધીજીની કેટલામી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી

(A) 151 **(B) 152** (C) 154 (D) 155

**15.** UN દ્વારા વર્ષ 2007થી વિશ્વ અહિંસા દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 1 ઓક્ટોબર **(B) 2 ઓક્ટોબર**
(C) 3 ઓક્ટોબર (D) 4 ઓક્ટોબર

**16.** રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ ક્યારે મનાવવામાં આવ્યો

(A) 1 ઓક્ટોબર **(B) 2 ઓક્ટોબર**
(C) 3 ઓક્ટોબર (D) 4 ઓક્ટોબર

**17.** નશાબંધી સપ્તાહ ક્યારે મનાવવામાં આવે છે

(A) તા.1 થી 8 ઓક્ટોબર **(B) તા.2 થી 8 ઓક્ટોબર**
(C) તા.4 થી 10 ઓક્ટોબર (D) તા.1 થી 7 ઓક્ટોબર

**18.** ગુજરાત વન વિભાગ દ્વારા વન્યજીવ સપ્તાહ ક્યારે મનાવવામાં આવે છે

(A) તા.1 થી 8 ઓક્ટોબર **(B) તા.2 થી 8 ઓક્ટોબર**
(C) તા.4 થી 10 ઓક્ટોબર (D) તા.1 થી 7 ઓક્ટોબર

**19.** ભારતમાં પંચાયતી રાજનો પ્રથમ અમલ ક્યારે-ક્યાંથી કરવામાં આવ્યો હતો

(A)તા.2 ઓક્ટોબર 1965 તથા રાજસ્થાનના નાગોર જિલ્લામાં
(B) તા.2 ઓક્ટોબર 1961 તથા રાજસ્થાનના નાગોર જિલ્લામાં
**(C) તા.2 ઓક્ટો.1959 તથા રાજસ્થાનના નાગોર જિલ્લામાં**
(D) તા.2 ઓક્ટોબર 1959 તથા રાજસ્થાનના જયપુર જિલ્લામાં

**20.** ક્યારે બંધારણમાં 73માં સુધારા અંર્તગત પંચાયતીરાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો

(A) તા.24 એપ્રિલ 1991 (B) તા.24 એપ્રિલ 1992
**(C) તા.24 એપ્રિલ 1993** (D) તા.24 એપ્રિલ 1994

**21.** તાજેતરમાં વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ-OdOp અભિયાનમાં UPના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કઇ અભિનેત્રીની નિમણૂંક કરાઇ

(A) દીપિકા પાદુકોણ (B) માધુરી દિક્ષિત
**(C) કંગના રનૌત** (D) ઐશ્વર્યા રાય

**22.** પૂર્વ વડાપ્રધાન લાલ બહાદૂર શાસ્ત્રીજીનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

**(A) 2 ઓક્ટોબર 1904 તથા મુગલસરાય (ઉત્તર પ્રદેશ)**
(B) 2 ઓક્ટોબર 1904 તથા મુગલસરાય (મધ્યપ્રદેશ)
(C) 2 ઓક્ટોબર 1904 તથા મુગલસરાય (ઉત્તરાખંડ)
(D) 2 ઓક્ટોબર 1906 તથા મુગલસરાય (ઉત્તર પ્રદેશ)

**23.** વર્ષ-1965માં ભારત-પાકિસ્તાન યુદ્ધ વેળાએ ખાદ્યાન્ન સંકટને ટાળવા શાસ્ત્રીજીએ દેશવાસીઓને એક દિવસના ઉપવાસ કરવાની અપીલ કરી તેમજ કૃષિ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટે તેમણે કયો નારો આપ્યો હતો

(A) કૃષિ બચાવો દેશ બચાવો
(B) હરિયાળી ક્રાંતિ
**(C) 'જય જવાન જય કિસાન'**
(D) જય જવાન, જય કિસાન જય કૃષકાર

**DATE : 03-10-2021**

## 1. અવસાન : 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' લોકપ્રિય શ્રેણીના નટુકાકાનું કેન્સરના કારણે 77 વર્ષની વયે નિધન



**નટુકાકાનો ટૂંકો પરિચય :**

- ✓ **મૂળ નામ :ઘનશ્યામ પ્રભાકર નાયક**
- ✓ **ઉપનામ : મુંબઈનો રંગલો**
- ✓ **અવસાન : મુંબઈ**
- ✓ **જન્મ : તા. 12 મે 1945**
- ✓ **જન્મસ્થળ : ઉંઢાઇ, મહેસાણા**
- ✓ અવસાન : 3 ઓક્ટોબર 2021
- ✓ 13 થી વધુ વર્ષથી 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શ્રેણીમાં અભિનય ક્ષેત્રે કાર્યરત
- ✓ વર્ષ 1960માં 'માસુમ' ફિલ્મસમાં બાળ કલાકાર તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો

## 2. UPI તેમજ તેના ફાયદા અને ઉપયોગ

**UPI શું છે :**

- ✓ UPI-Unified Payments Interface.
- ✓ **મુખ્ય કાર્ય :** એક કરતાં વધુ બેન્કોને યુનિક ID થકી અથવા VPA-વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ થકી એક જ પ્લેટફ્રોર્મ પર લાવવાનું છે.
- ✓ જેવી રીતે આપણા ઘરનું સરનામું, ઇ-મેઇલ એડ્રેસ હોય છે, તેવું જ VPA એ પૈસા મોકલવાનું અને મેળવાનું એક યુનિક એડ્રેસ છે. UPIના VPA દ્વારા વર્ષના 365 દિવસ અને ચોવીસે કલાક બેન્કિંગનું કાર્ય થઇ શકે છે.
- ✓ તેના માટે જે બેંકમાં એકાઉન્ટ હોય તે બેંકની UPI એપ્લિકેશન ડાઉનલોડ કરવાની હોય છે અને તેમાં જ રજિસ્ટ્રેશન કરવાનું હોય છે.
- ✓ રજિસ્ટ્રેશન થયા બાદ એક આઇ.ડી પાસવર્ડ સેટ કરવાનો હોય છે. એ સેટ થયા પછી બેંક એકાઉન્ટને એપ્લિકેશન સાથે લિંક કરવાનું હોય છે. એકાઉન્ટ લિંક થયા બાદ વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ બનાવી પૈસાની લેવડદેવડ સરળતાથી કરી શકાય છે.

**UPI PIN શું હોય છે :**

- ✓ UPI પિનનું આખું નામ યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ પર્સનલ આઇડેન્ટિફિકેશન નંબર (UPI PIN) છે. તે વિવિધ પ્રકારની એપ્લિકેશનોના અલ્ગોરિધમને આધારે 4 અથવા 6 અંકનો એક પ્રકારનો નંબર જ હોય છે. UPI PINને UPI એપ્લિકેશન પર નોંધણી કે રજિસ્ટ્રેશન સમયે વપરાશકર્તાઓએ પોતે જ સેટ કરવાનો હોય છે.
- ✓ UPI PIN વપરાશકર્તા દ્વારા કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શનને ઓથેન્ટિકેટ કરવાની મંજૂરી આપે છે. UPI PIN સૌથી અગત્યનો કોડ હોવાથી જ સમયાંતરે સરકાર, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અને સાઇબર સેલ દ્વારા ગ્રાહકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ છેતરપિંડીની શક્યતાઓને ટાળવા માટે કોઇની પણ સાથે UPI PINને શેર ન કરે.

**UPI કેવી રીતે કામ કરે છે :**

- ✓ UPIની સેવાનો ઉપયોગ કરવા માટે પહેલાં VPA બનાવવાનું હોય છે. VPAને તમારા બેંક એકાઉન્ટ સાથે લિંક કરો. હવે તમારે માત્ર તે વ્યક્તિનું UPI આઇ.ડી એડ કરવાનું રહે છે જેને તમે પૈસા મોકલવા માંગો છો. સાથે તમે જેટલી રકમનો વ્યવહાર કરવા માંગો છો તે રકમ દાખલ કરો.
- ✓ યાદ રાખો, જેને પૈસા ચૂકવવા માંગો છે તેનું નામ વેરિફાય કરો પછી જ UPI પિન દાખલ કરો. ત્યારબાદ ગણતરીની સેકન્ડોમાં તમે દાખલ કરેલી રકમ સામેની વ્યક્તિના એકાઉન્ટમાં ટ્રાન્સફર થઇ જશે.
- ✓ UPI નો સૌથી મોટો ફાયદો એ છે કે રજા કે સમયના બંધન વિના વ્યક્તિ ઇચ્છે ત્યારે પૈસા ટ્રાન્સફર કરી શકે છે.

**UPIનો ભારતમાં પ્રારંભ**

- ✓ ભારતમાં નોટબંધી અને હવે કોરોના પછી સતત યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (UPI) દ્વારા પૈસાની લેતીદેતીના વ્યવહારોમાં સતત વધારો જોવા મળ્યો છે.
- ✓ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (NPCI) દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર માર્ચ 2019માં UPI દ્વારા થયેલી લેણદેણની કુલ સંખ્યા 79.75 કરોડ હતી, જ્યારે ટ્રાન્ઝેક્શનની કુલ રકમ 2.2 લાખ કરોડ હતી.
- ✓ 2018માં આ આંકડો અનુક્રમે 17.80 કરોડ અને 24,172 કરોડ હતો. મતલબ સ્પષ્ટ છે કે એક જ વર્ષમાં UPI પેમેન્ટમાં અસામાન્ય વધારો થયો.
- ✓ 2020માં UPI ટ્રાન્ઝેક્શનમાં નવો રેકોર્ડ સ્થાપિત થયો હતો અને રકમ 4.16 લાખ કરોડને આંબી ગઇ હતી.

**નકારાત્મક પાસું :**

- ✓ ડિજિટલ પેમેન્ટમાં થઇ રહેલા વધારાને કારણે સાઇબર ગઠિયાઓને મોકળું મેદાન મળી ગયું છે. તેઓ લોકોને છેતરવા જાતજાતની તરકીબ અપનાવતા થઇ ગયા છે.
- ✓ સ્થિતિ એ છે કે ડિજિટલ પેમેન્ટના જેટલા રસ્તા છે તેના કરતાં વધુ યુક્તિઓ સાઇબર ગઠિયાઓ પાસે લોકોને છેતરવા માટેની છે.
- ✓ એક સંસ્થા દ્વારા બીટુબી અને બીટુસી પ્રકારના વ્યવહારોમાં સાઇબર ગઠિયાઓએ દ્વારા કરવામાં આવતી છેતરપિંડીનો સરવે કરાયો હતો.
- ✓ છેતરપિંડીના સરવે મુજબ 25 ટકા જેટલી છેતરપિંડી KYC પ્રકારની, 20 ટકા જેટલી QR કોડ પ્રકારના ફ્રોડની, 30 ટકા નકલી ઓળખ આપીને લગતી અને બાકીની 25 ટકા કૃત્રિમ ઓળખ આપીને આચરવામાં આવી હતી.

**3. ISSF : જુનિયર શૂટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપ-2021**

**ભારત સૌથી વધુ 06 મેડલ સાથે પ્રથમ ક્રમે**




**મેડલ ટેલી : તા. 03/10/2021ની સ્થિતિ :**

**ભારત :**

- ✓ ગોલ્ડ : 06 સિલ્વર : 06
- ✓ બ્રોન્ઝ : 02 કુલ : 14
- ✓ **ભારતીય ટીમમાં સૌથી વધુ ત્રણ ગોલ્ડ વિજેતા : મનુ ભાકર**
- ✓ યજમાન : લીમા (પેરુ)
- ✓ **સમયગાળો:** તા.27 સપ્ટેમ્બરથી તા. 10 ઓક્ટોબર 2021 સુધી
- ✓ ISSF : ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન

**4. ખેલકૂદ : વર્લ્ડ વિમેન્સ ટીમ ચેમ્પિયનશિપ 2021**

**ભારત સૌપ્રથમવાર ફિડે વિમેન્સ ટીમ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ વિજેતા**

- ✓ વિજેતા : ભારતની હરિકા દ્રોણાવલીએ વ્યક્તિગત સિલ્વર મેડલ અને મેરીએન ગોમ્સ બ્રોન્ઝ મેડલ વિજેતા



- ✓ ગોલ્ડ વિજેતા : રશિયા
- ✓ **યજમાન : સિટ્ગાસ-સ્પેન**

**5. ચીન તમામ પ્રકારની ક્રિપ્ટો કરન્સીની લેવડ દેવડ ગેરકાયદે ઘોષિત કરાઇ**

- ✓ ચીનમાં હવે કોઇપણ પ્રકારની ક્રિપ્ટો કરન્સીનું ખરીદ વેચાણ થઇ શકશે નહીં

**6. જાપાનના નવા વડાપ્રધાન તરીકે ફૂમિઓ કિશિદાની નિમણૂક**



- ✓ પક્ષ : લિબરલ ડેમોક્રેટિક પાર્ટી
- ✓ ભાષા : જાપનીઝ રાજધાની : ટોક્યો

**7. દિન વિશેષ : 1 ઓક્ટોબર** **આંતરરાષ્ટ્રીય કોફી દિવસ**

✓ થીમ 2021 : Coffees Next Generation

✓ **વિશ્વમાં સૌથી વધુ પીવાતા 3 પીણા : ચા, કોફી અને કોકો**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (03-10-2021)

**1.** તા. 3 ઓકોટબર 2021ના રોજ અવસાન પામેલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' લોકપ્રિય શ્રેણીના નટુકાકા વિશે ક્યા વિધાન/વિધાનો યોગ્ય છે

1.મૂળ નામ:ઘનશ્યામ પ્રભાકર નાયક 2.ઉપનામ:મુંબઈનો રંગલો

3. જન્મ : તા. 12 મે 1945 તથા જન્મસ્થળ : ઉંઢાઈ, મહેસાણા

4. વર્ષ 1960માં 'માસુમ' ફિલ્મસમાં બાળ કલાકાર તરીકે કારકિર્દીનો પ્રારંભ

(A) 1 અને 2 યોગ્ય છે (B) 3 અને 4 યોગ્ય છે

(C) 1 અને 4 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ યોગ્ય છે**

**2.** સપ્ટેમ્બર-ઓકટોબર 2021માં યોજાયેલી જુનિયર શૂટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપ-2021 અંગે કયા વિધાન/વિધાનો સાચા છે

1.સમયગાળો: તા.27 સપ્ટેમ્બરથી તા.10 ઓક્ટોબર 2021 સુધી

2. યજમાન : લીમા (પેરુ)

3. ISSF : ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન

(A) માત્ર 1 સાચુ છે (B) માત્ર 2 સાચુ છે

(C) માત્ર 3 સાચુ છે **(D) આપેલ પૈકી તમામ સાચા છે**

**3.** ઓકટોબર 2021માં યોજાયેલી વર્લ્ડ વિમેન્સ ટીમ ચેમ્પિયનશિપ 2021 વિશે ક્યા વિધાન/વિધાનો યોગ્ય છે

1.ભારત સૌપ્રથમવાર ફિડે વિમેન્સ ટીમ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ વિજેતા 2. યજમાન : સિટ્ગાસ-સ્પેન

3. ગોલ્ડ મેડલ વિજેતા દેશ : રશિયા

4. ભારતની હરિકા દ્રોણાવલી વ્યક્તિગત સિલ્વર મેડલ અને મેરીએન ગોમ્સ બ્રોન્ઝ મેડલ વિજેતા

(A) 2 અને 4 યોગ્ય છે (B) 1 અને 3 યોગ્ય છે

(C) 1 3 અને 4 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ યોગ્ય છે**

**4.** વિશ્વમાં સૌથી વધુ પીવાતા 3 પીણામાં કોનો સમાવેશ થતો નથી

1. ચા 2. સોડા 3. કોફી 4. કોકો

(A) 1નો સમાવેશ થતો નથી **(B) 2નો સમાવેશ થતો નથી**

(C) 3નો સમાવેશ થતો નથી (D) 4નો સમાવેશ થતો નથી

**5.** ઓકટોબર 2021માં ક્યા દેશ દ્વારા તમામ પ્રકારની ક્રિપ્ટો કરન્સીની લેવડ દેવડ ગેરકાયદે ઘોષિત કરાઈ

**(A) ચીન** (B) ફ્રાંસ (C) વેનેઝુએલા (D) ઘાના

**6.** ઓકટોબર 2021માં જાપાનના નવા વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરાઇ

(A) હિરોહિતા શોવા **(B) ફૂમિઓ કિશિદા**

(C) નારુહિતો રૈવ (D) સિન્જો આબે

**7.** આંતરરાષ્ટ્રીય કોફી દિવસ ક્યારે મનાવવામાં આવે છે

**(A) 1 ઓક્ટોબર** (B) 5 ઓક્ટોબર

(C) 8 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર

**8.** આંતરરાષ્ટ્રીય કોફી દિવસ 2021ની થીમ જણાવો

(A) Coffee-Tea Next Generation

(B) Coffee, Tea & Coco Next Generation

(C) Coffees & Coco Next Generation

**(D) Coffees Next Generation**

## DATE : 04-10-2021

### 1. આયુર્વેદ રત્ન એવોર્ડ-2021

**વિજેતા : મહીસાગરના વૈધ મેડિકલ ઓફિસર સંજય ભોઇ**



**એવોર્ડ વિશે :**

✓ મહારાષ્ટ્રના ઔરંગાબાદ ખાતે તાજેતરમાં આયુષ ઇન્ટરનેશનલ મેડીકલ એસોશિયેશન દ્વારા AIMA-રત્ન અવોર્ડસ 2021નું આયોજન.

✓ જેમાં ખેરોલી ગામના આયુર્વેદ ડૉક્ટર વૈધ સંજય ભોઈને તેઓના આયુર્વેદમાં કરેલ કાર્ય માટે "આયુર્વેદ-રત્ન" પુરસ્કારથી સન્માનિત કરાયા

**વિગત :**

✓ નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર દ્વારા સંચાલિત મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ખેરોલી ગામ, જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાના ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા યુવા વૈધ સંજયભોઈ છેલ્લા ઘણા સમયથી આયુર્વેદ ક્ષેત્રે પોતાના ઉમદા કાર્ય માટે વિખ્યાત છે જેને લઈને આયુર્વેદ રત્ન એવોર્ડ – સન્માનિત કરવામાં આવ્યા હતા

✓ કોવિડ 19ની મહામારી સમયે તેઓએ પ્રાચીનતમ આયુર્વેદની જાણકારી સાથે ઉકાળા અને દવાઓ ગામડાંના છેવાડાના લોકો સુધી પહોંચાડવાનો અવિરત પ્રયત્નો કરે છે

### 2.ભારતીય હવાઈદળ : રાફેલ સાથે ખતરનાક સ્કેલ્પ ક્રૂઝ મિસાઈલનું સૌપ્રથમ નિદર્શન

**વિશેષતા :**

✓ પહેલી વખત રાફેલને તેની સંપૂર્ણ એકીકૃત શસ્ત્ર પ્રણાલિ સાથે જોવાયું.

✓ સ્કેલ્પ ક્રુઝ મિસાઇલની સાથે રાફેલ હવામાં 500 કિ.મી. સુધી પ્રહાર કરી શકે છે. તેને ગેમ ચેન્જિંગ મિસાઇલ પણ કહેવાય છે. રાફેલનું સૌથી ખતરનાક શસ્ત્ર સ્કેલ્પ PL-15 એમરામ મિસાઇલ.

✓ રાફેલની કોમ્બેટ રેડિયસ (દૂર જઈ સફળતાપૂર્વક હુમલો કરી પરત આવવાની ક્ષમતા) 3,700 કિ.મી. છે. જ્યારે F-16ની 4,200 કિ.મી. અને ચીનના જે 20ની 3,400 કિ.મી. છે.

✓ રાફેલમાં હવામાંથી હવામાં, હવામાંથી જમીન પર અને મિસાઇલ હશે. તેની સાથે હેમર મિસાઇલ હશે.

### 3. ખેલકૂદ : જુનિયર પુરુષ હોકી વર્લ્ડ કપ 2021 ઓડિશાના ભુવનેશ્વર ખાતે યોજાશે




**4. પુસ્તક વિમોચન : '400 DAYS'**


**લેખક : ચેતન ભગત**





**5. પુસ્તક વિમોચન : આત્મકથા**

**"માય લાઈફ ઈન ફુલ: વર્ક ફેમિલી એન્ડ અવર ફ્યુચર"**

- ✓ પેપ્સીના પૂર્વ CEO ઈન્દ્રા નૂઈની આત્મકથા




**6. પેન્ડોરા પેપર્સ : ICIJની તપાસમાં ભારત સહિત વિશ્વના 130 ધનકુબેરોના સિક્રેટ હેવન્સના પેન્ડોરા પેપર્સના રહસ્યો બહાર આવ્યા**




**મુખ્ય વિષય :**

- ✓ આંતરરાષ્ટ્રીય પત્રકારોના સંયુક્ત ઇન્વેસ્ટિગેશન રિપોર્ટ મુજબ વિશ્વના ધનકુબેરો દ્વારા બનાવટી કંપની-ટ્રસ્ટમાં રોકાણ કરી કરચોરી કરવાનું ષડયંત્ર બહાર આવ્યું.

**શું છે પેન્ડોરા :**

- ✓ ઈન્ટરનેશનલ કોન્સોર્શિયમ ઓફ ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ્સ (ICIJ)ની તપાસમાં પનામા પછી હવે પેન્ડોરા પેપર્સનો રહસ્યસ્ફોટ કરવામાં આવ્યો.
- ✓ જેમાં 117 દેશનાં 150 મીડિયા આઉટલેટ્સનાં 600થી વધુ પત્રકારો દ્વારા જુદાજુદા ટેક્સ હેવન દેશોમાં 12 કરોડથી વધુ દસ્તાવેજોની તપાસ કરીને કોણે ક્યાં કેટલું કાળું નાણું છુપાવ્યું છે અને દેશમાં કરચોરી કરીને વિદેશોમાં સંપત્તિ ખરીદી છે તેનાં રહસ્ય પરથી પડદો ઊંચકવામાં આવ્યો હતો.
- ✓ તપાસમાં વૉશિંગ્ટન પોસ્ટ, બીબીસી, ગાર્ડિયન, રેડિયો ફ્રન્સ અને ઈન્ડિયન એક્સપ્રેસનાં પત્રકારો સામેલ થયા હતા.
- ✓ આ અગાઉ 5 વર્ષ પહેલાં પનામા પેપર્સ લીક થયા હતા જેમાં કાળાં કરતૂતો કરીને અબજોની સંપત્તિ એકઠી કરનાર અબજોપતિઓનાં નામ બહાર આવ્યા હતા.
- ✓ 29,000 વિદેશી કંપનીઓ તેમજ ટ્રસ્ટો રચીને કરોડોની બેનામી રકમ અને સંપત્તિ ઊભી કરાઈ હોવાનું દસ્તાવેજોમાં જણાઈ આવ્યું હતું.

**ક્યાં છે સિક્રેટ ટેક્સ હેવન :**

- ✓ બ્રિટિશ વર્જિન આઈલેન્ડ, સમોઆ, બેલિઝ, કૂક આઈલેન્ડ


**વિદેશમાં રૂ. 20,000 કરોડથી વધુ બ્લેકમની**

- ✓ 2021ના પ્રારંભે વિદેશમાં રૂ. 20,000 કરોડથી વધુ બ્લેક મની વિદેશોમાં છુપાવાયા હોવાનું તપાસમાં જણાયું.

**અન્ય વિગતો :**

- ✓ ઉદ્યોગપતિ અનિલ અંબાણી, ક્રિકેટર સચિન તેન્ડુલકર, અભિનેતા જેકી શ્રોફ સહિત 380 ભારતીયો, 700 પાકિસ્તાનીઓ, ભારતના ધનકુબેરો, વિશ્વના 130થી વધુ અબજોપતિ, ભારત, રશિયા, પાક. બ્રિટન અને મેક્સિકોનાં સેલિબ્રિટીઝ તેમજ સ્પોર્ટસ પર્સન્સના કાળાં કરતૂતોનો પર્દાફાશ કરવામાં આવ્યો.
- ✓ વિશ્વમાં 14 નાણાકીય સર્વિસિસ કંપનીઓ દ્વારા 12 કરોડથી વધુ દસ્તાવેજોની તપાસમાં હજારો ધનિકોની કરમ કુંડળીનું રહસ્ય ખોલાયું છે.
- ✓ મોટાભાગનાં લોકોએ બોગસ કંપનીઓ, વિદેશી બેન્ક ખાતાઓ, મકાનો, અન્ય પ્રોપર્ટી તેમજ યોટ અને વિમાનોમાં બેનામી પૈસા રોક્યા હતા. ભારતનાં પાંચ રાજકારણીઓનાં નામ આમાં સામેલ છે પણ તેમનાં નામ જાહેર કર્યાં નથી.

**7. નોબેલ પારિતોષિક-2021 : ક્ષેત્ર-મેડિસિન**




**સંયુક્ત વિજેતા વૈજ્ઞાનિક અને દેશ :**

**ડેવિડ જુલિયસ (65) આર્ડમ પાટાપોશિયન (54),**

**દેશ : USA**

**સંશોધન વિશે :**

**ટેમ્પરેચર અને સ્પર્શ માટે રિસેપ્ટરની શોધ**

- ✓ આ બન્નેનાં સંશોધનથી નવાં પેઈન કિલર્સ ઉત્પન્ન કરવામાં મદદ મળી છે. સંશોધનથી ખ્યાલ આવશે કે આપણી નર્વસ સિસ્ટમ ગરમી, ઠંડી વગેરેને કઇ રીતે અનુભવે છે. ટેમ્પરેચર અને સ્પર્શ માટે રિસેપ્ટરની શોધને કારણે આ બન્ને વિજ્ઞાનીઓને નોબેલ અપાયું
- ✓ આપણી ત્વચા પર રહેલી નસ પર ટેમ્પરેચર અને પ્રેશરની અલગ અલગ અસર થાય છે. આ રહસ્ય વિજ્ઞાનીઓએ ઉકેલ્યું છે. નર્વ ઈમ્પલ્સમાં બદલી તેને નર્વ સિસ્ટમના ભાગ સુધી પહોંચાડવામાં આવે છે.

**વિજેતાઓનો પરિચય :**

- ✓ આર્ડમ – કેલિફોર્નિયામાં પ્રોફેસર
- ✓ જુલિયન - યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં પ્રોફેસર
- ✓ **ઇનામ :** એક ગોલ્ડ મેડલ અને 1 કરોડ સ્વિડીશ ક્રોનર એટલે 11.4 લાખ ડોલર

**8. નામકરણ : 'મેથ્યુ હેન્સન'**

**ઇન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર આવેલા એક ક્રેટર (ખાડો)નું નામ આર્કટિક મહાસાગરના શોધક 'મેથ્યુ હેન્સન'ના નામ પરથી રખાયું**

**9. ખેલકૂદ : ડૂરંડ કપ ફૂટબોલ-2021**




**ISL વિજેતા અને ઉપ વિજેતા ટીમ**

- ✓ વિજેતા : FC ગોવા
- ✓ ઉપવિજેતા ટીમ : મોહમ્મદ સ્પોર્ટિંગ ક્લબ
- ✓ યજમાન : સોલ્ટ લેક સ્ટેડીયમ, કોલકત્તા

**10. મિસ વર્લ્ડ અમેરિકા 2021**

**વિજેતા : ભારતીય મૂળની શ્રી સૈની**



**વિગત :** શ્રી સૈની મિસ વર્લ્ડ અમેરિકા 2021નું ટાઇટલ જીતનારી પ્રથમ ઇન્ડો અમેરિકન.

- ✓ ડાયેના હેડને તેને આ તાજ પહેરાવ્યો હતો. તે આ પ્રકારનો તાજ જીતનારી પ્રથમ ઇન્ડો-અમેરિકન જ નહી પણ સૌપ્રથમ એશિયન પણ બની હતી.

**11. દિન વિશેષ : 4 ઓક્ટોબર વિશ્વ પશુ કલ્યાણ દિવસ**





- ✓ **થીમ-2021 : "Forests and Livelihoods: Sustaining People and Plant"**
- ✓ પ્રારંભ : તા. 24-03-1925, બર્લિન, જર્મની

**12. જન્મ દિન વિશેષ : 4 ઓક્ટોબર**

**ક્રાંતિ ગુરૂ : શ્યામજી કૃષ્ણ વર્મા**

**જન્મ : 4 ઓક્ટોબર-1857 જન્મ સ્થળ : માંડવી-કચ્છ**

**અવસાન : 30 માર્ચ- 1930 (જિનિવા)**




- ✓ 1874માં આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીને મળ્યા અને ક્રાંતિકારી સ્વભાવ વિકસ્યો હતો.
- ✓ દયાનંદે તેમની ખાનગી મિલકત, પ્રકાશનો, ગ્રંથાલય અને વૈદિક મુદ્રણાલયના ટ્રસ્ટી પૈકીના એક ટ્રસ્ટી શ્યામજીને બનાવ્યા હતા
- ✓ 1879માં ઇંગ્લેન્ડમાં ઓક્સફર્ડ યુનિ.ની બલીઓલ કોલેજમાં દાખલ થયા ત્યાંથી જ સંસ્કૃત અને અંગ્રેજી સાથે અનુસ્નાતક થયા અને સંસ્કૃતના પ્રખર વિદ્વાન તરીકે પ્રસ્થાપિત થયા.
- ✓ 1884માં બેરિસ્ટર થયા, 1885માં ભારત પરત ફર્યા. 1897માં કાયમ માટે વિદેશ ગમન કર્યું.
- ✓ હર્બટ સ્પેન્સરની વૈચારિક અસર હેઠળ રહ્યા, અહીં ઇન્ડિયન-સોશિયોલોજિસ્ટ સામયિક અને ધ ઇન્ડિયન હોમરૂલ સોસાયટી જેવી સંસ્થા સ્થાપી ભારતીય સ્વરાજ્યના વિચારોનો અને રાષ્ટ્રીય એકતાના વિચારોનો પ્રસાર કર્યો હતો.
- ✓ આખા યુરોપમાં સતત પરિભ્રમણ કર્યું
- ✓ લંડનમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે ઇન્ડિયા હાઉસની સ્થાપના
- ✓ વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ જીનિવાથી લાવીને વીરાંજલિ યાત્રા દ્વારા કચ્છના માંડવીમાં અસ્થિ વિસર્જન કરાયું
- ✓ કચ્છના માંડવી ખાતે તેમની યાદમાં 'ક્રાંતિ તીર્થ' સ્મારકની સ્થાપના
- ✓ ભૂજ ખાતેની કચ્છ યુનિવર્સિટી શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી તરીકે ઓળખાય છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (04-10-2021)

**1.** ઓક્ટોબર 2021માં ભારતીય હવાઇદળ દ્વારા સૌપ્રથમ રાફેલ સાથે ખતરનાક ક્રૂઝ મિસાઇલનું નિદર્શન કરાયુ જેમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. સૌપ્રથમ રાફેલ સાથે ખતરનાક સ્કેલ્પ PL-15 એમરામ મિસાઇલનું નિદર્શન

2. સ્કેલ્પ ક્રુઝ મિસાઇલની સાથે રાફેલ હવામાં 500 કિ.મી. સુધી પ્રહાર કરવાની ક્ષમતા

3. રાફેલની કોમ્બેટ રેડિયસ (દૂર જઇ સફળતાપૂર્વક હુમલો કરી પરત આવવાની ક્ષમતા) 3,700 કિ.મી.

4. રાફેલમાં હવામાંથી હવામાં, હવામાંથી જમીન પર અને મિસાઇલ હશે. તેની સાથે હેમર મિસાઇલ હશે

(A) માત્ર 4 (B) માત્ર 2 (C) માત્ર 1 અને 3 **(D) આપેલ તમામ**

**2.** ઓક્ટોબરમાં સૌપ્રથમ મેડિસિન ક્ષેત્રે જાહેર થયેલા નોબેલ પારિતોષિક-2021 અંગે કઇ બાબત/બાબતો યોગ્ય છે

1. વૈજ્ઞાનિક ડેવિડ જુલિયસ (65) તથા આર્ડમ પાટાપોશિયન (54) સંયુક્ત રીતે વિજેતા

2. વિજેતા બંને વૈજ્ઞાનિકો USAના વતની

3. ટેમ્પરેચર અને સ્પર્શ માટે રિસેપ્ટરની શોધ

4. ઇનામ : એક ગોલ્ડ મેડલ અને 1 કરોડ સ્વિડીશ ક્રોનર એટલે 11.4 લાખ ડોલર

(A) માત્ર 2 અને 4 યોગ્ય છે (B) માત્ર 1 યોગ્ય છે

(C) માત્ર 1 અને 3 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ**

**3.** ઓક્ટોબરમાં આયોજિત ડૂરંડ કપ ફૂટબોલ-2021 અંગે કઈ બાબત/બાબતો યોગ્ય છે

1. ISL વિજેતા ટીમ : FC ગોવા

2. ઉપવિજેતા ટીમ : મોહમ્મદ સ્પોર્ટિંગ ક્લબ

3. યજમાન : સોલ્ટ લેક સ્ટેડીયમ, કોલકત્તા

(A) માત્ર 1 યોગ્ય છે (B) માત્ર 2 યોગ્ય છે

(C) માત્ર 3 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ**

**4.** ઓક્ટોબર 2021માં આંતરરાષ્ટ્રીય પત્રકારોના સંયુક્ત ઇન્વેસ્ટિગેશન રિપોર્ટ સંદર્ભે જાહેર થયેલા પેન્ડોરા પેપર્સ રહસ્યોમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. ICIJની તપાસમાં ભારત સહિત વિશ્વના 130 ધનકુબેરો દ્વારા બનાવટી કંપની-ટ્રસ્ટમાં રોકાણ કરી કરચોરી કરવાનું ષડયંત્ર બહાર આવ્યું

2. 117 દેશનાં 150 મીડિયા આઉટલેટ્સનાં 600થી વધુ પત્રકારો દ્વારા જુદાજુદા ટેક્સ હેવન દેશોમાં 12 કરોડથી વધુ દસ્તાવેજોની તપાસ

3. સિક્રેટ ટેક્સ હેવન : બ્રિટિશ વર્જિન આઈલેન્ડ, સમોઆ, બેલિઝ, કૂક આઈલેન્ડ

4. તપાસ કરનાર : ઈન્ટરનેશનલ કોન્સોર્શિયમ ઓફ ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ્સ

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 3 અને 4

(C) માત્ર 2 3 અને 4 **(D) આપેલ પૈકી તમામ**

**5.** ઓક્ટોબર 2021માં ઇન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર આવેલા એક ક્રેટર (ખાડો)નું નામ આર્કટિક મહાસાગરના ક્યા શોધકના નામ પરથી રખાયુ

(A) મેથ્યુ આર્નોલ્ડ (B) મેથ્યુ હેડન

(C) ડેવીસ હેડલી **(D) 'મેથ્યુ હેન્સન**

**6.** ઓક્ટોબર 2021માં યોજાયેલી મિસ વર્લ્ડ અમેરિકા વિજેતા અને મૂળ દેશ

(A) અમેરિકન શ્રી ડાયના હેડન

(B) અમેરિકન અને મૂળ ભારતીય પ્રિયંકા ચોપરા

**(C) ભારતીય મૂળની અને પ્રથમ એશિયન શ્રી સૈની**

(D) ભારતીય મૂળની અને પ્રથમ એશિયન શ્રી ઐશ્વર્યા રાય

**7.** તાજેતરમાં આયુષ ઇન્ટરનેશનલ મેડીકલ એસોશિયેશન દ્વારા અયુર્વેદ રત્ન અવોર્ડ્સ 2021 ક્યાં ગુજરાતી સરકારી આયુર્વેદિક ડોકટરને અપાયો

(A) ગાંધીનગરના વૈધ મેડિકલ ઓફિસર ભાવેશ પટેલ

**(B) મહીસાગરના વૈધ મેડિકલ ઓફિસર સંજય ભોઇ**

(C) મહીસાગરના વૈધ મેડિકલ ઓફિસર ભાવેશ ભોઇ

(D) અમદાવદાના વૈધ મેડિકલ ઓફિસર ધર્મેન્દ્ર પટેલ

**8.** આગામી જુનિયર પુરુષ હોકી વર્લ્ડ કપ 2021 ક્યાં યોજાશે

**(A) ભૂવનેશ્વર (ઓડિશા)** (B) કોચ્ચિ (કેરળ)

(C) કોલકત્તા (પ.બંગાળ) (D) અમદાવાદ (ગુજરાત)

**9.** તાજેતરમાં પ્રકાશિત '400 DAYS'ના લેખક જણાવો

(A) શશિ થરૂર (B) અરુણ શૌરી

(C) આર.કે. બંસલ **(D) ચેતન ભગત**

**10.** તાજેતરમાં પ્રકાશિત "માય લાઈફ ઈન ફુલઃ વર્ક ફેમિલી એન્ડ અવર ફ્યુચર" આત્મકથાના લેખકનું નામ જણાવો

**(A) પેપ્સીના પૂર્વ CEO ઈન્દ્રા નૂઈ**

(B) પેપ્સીના પૂર્વ CEO ઈન્દ્રા રોય

(C) પેપ્સીના પૂર્વ CEO અરુંધતી રોય

(D) પેપ્સીના પૂર્વ CEO નિરા રાડિયા

**11.** વિશ્વ પશુ કલ્યાણ દિવસ -2021ની થીમ જણાવો

(A) "Forests and Livelihoods"

(B) Sustaining People and Plant"

**(C) "Forests and Livelihoods: Sustaining People and Plant"**

(D) "Forests and Sustaining People : Livelihoods and Plan"

**12.** વિશ્વ પશુ કલ્યાણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 5 ઓક્ટોબર **(B) 4 ઓક્ટોબર**

(C) 2ઓક્ટોબર (D) 1 ઓક્ટોબર

**13.**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ ક્યાં-કયારે થયો હતો

(A) માંડવી-કચ્છ તથા 4 ઓકટોબર-1851

(B) માંડવી-કચ્છ તથા 4 ઓકટોબર-1855

**(C) માંડવી-કચ્છ તથા 4 ઓકટોબર-1857**

(D) માંડવી-કચ્છ તથા 4 ઓકટોબર-1859

**14.** તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ કયા સ્થળેથી લાવીને વીરાંજલિ યાત્રા દ્વારા કચ્છના માંડવીમાં અસ્થિ વિસર્જન કરાયા હતા

(A) લંડન (B) પેરિસ (C) ન્યૂયોર્ક **(D) જીનિવા**

**15.** શ્યામજી કૃષ્ણ વર્માની યાદમાં ક્યા સ્થળે ક્રાંતિ તીર્થ સ્મારકની સ્થાપના કરવામાં આવી છે

(A) રાજકોટ (B) મોરબી **(C) માંડવી (કચ્છ)** (D) ભૂજ

**16.** કચ્છ યુનિવર્સિટી કયા નામથી ઓળખાય છે

**(A) શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી**

(B) સરદાર પટેલ યુનિવર્સિટી

(C) વીર નર્મદ યુનિવર્સિટી

(D) શ્યામજી શર્મા કચ્છ યુનિવર્સિટી

**DATE : 05-10-2021**

**1. સ્થાનિક સ્વરાજની ચૂંટણી-ગુજરાત : પરિણામો જાહેર**

- ✓ પાલિકા-પંચાયતોની યોજાયેલી ચૂંટણીઓમાં કુલ 232 બેઠકોમાંથી ભાજપે 175 અને કોંગ્રેસે 44 બેઠકો જયારે AAPને 03 બેઠકો મળી
- ✓ ગાંધીનગર મહાનગરપાલિકા સહિત તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં કુલ 232 બેઠકોમાંથી ભાજપે 11 બિનહરીફ સહિત કુલ 175 બેઠકો જીતી લીધી છે, કોંગ્રેસને ફાળે 44 બેઠકો આવી છે અને'આપને માત્ર 3 બેઠકો પ્રાપ્ત થઈ છે.

## સ્થાનિક ચૂંટણીઓની બેઠકોનું સરવૈયું

| લોકલ બોડી | કુલ બેઠકો | ભાજપ | કોંગ્રેસ | આપ | મીમ | અન્ય | ભાજપ તરફે બિનહરીફ |
|---|---|---|---|---|---|---|---|
| ગાંધીનગર કોર્પો. | ૪૪ | ૪૧ | ૨ | ૧ | - | - | - |
| થરા પાલિકા | ૨૪ | ૧૬ | ૪ | - | - | - | ૪ |
| ઓખા પાલિકા | ૩૬ | ૩૨ | ૨ | - | - | - | ૨ |
| ભાણવડ પાલિકા | ૨૪ | ૮ | ૧૬ | - | - | - | - |
| અમદાવાદ કોર્પો | ૨ | ૨ | - | - | - | - | - |
| જૂનાગઢ કોર્પો | ૧ | ૧ | - | - | - | - | - |
| નગરપાલિકાઓ | ૪૫ | ૩૪ | ૩ | - | ૧ | ૪ | ૩ |
| જિલ્લા પંચાયતો | ૮ | ૫ | ૩ | - | - | - | - |
| તાલુકા પંચાયતો | ૪૮ | ૨૬ | ૧૪ | ૨ | - | ૧ | ૨ |
| કુલ | ૨૩૨ | ૧૬૫ | ૪૪ | ૩ | ૧ | ૫ | ૧૧ |

### 2. યુનિસેફ : 'ધ સ્ટેટ ઓફ ધ વલ્ડર્સ ચિલ્ડ્રન-2021' અહેવાલ જાહેર

### કોરોના મહામારીના કારણે વિશ્વના 14 ટકા બાળકો ગંભીર માનસિક સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે





**અહેવાલની મુખ્ય બાબતો :**

- ✓ ભારતમાં 41% બાળકો, કિશોરોને સમસ્યાથી બહાર આવવા મદદ મળે છે.
- ✓ કોરોનાના નિયંત્રણોને કારણે બાળકો માટે હાલનો સમય પડકારજનક.
- ✓ મહામારીની માનસિક સ્થિતિ પર થયેલી અસરમાંથી બહાર આવતા સમય લાગશે.
- ✓ રમતગમતથી દૂર રહેવાથી બાળકોમાં અવગણનાની લાગણી વિકસી છે, તેઓ વધુ એકાકી બન્યા.
- ✓ માનસિક સમસ્યાનો સૌથી શ્રેષ્ઠ ઉકેલ બાળકોને સમય આપો, તેમને વાત સાંભળો, સમજો.

**સરવે વિશે :**

- ✓ યુનિસેફ દ્વારા ભારત સહિત 21 દેશોમાં 20 હજારથી વધારે બાળકોનો સરવે કરાયો હતો.
- ✓ 14થી 24 વર્ષની વયજૂથમાં માત્ર 41%એ સ્વીકાર્યું હતું કે તેમને માનસિક સમસ્યાઓને લઈને પૂરતી મદદ મળે છે.

### 3. કેન્દ્ર સરકાર : માર્ગ સુરક્ષા બોર્ડની રચના




**હેતુ :**

- ✓ આ બોર્ડ માર્ગ સુરક્ષા, ઇનોવેશન અને નવી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવાનું કામ કરશે.
- ✓ માર્ગ સલામતી, ટ્રાફિક વ્યવસ્થાપન અને ડુંગરાળ વિસ્તારો માટે માર્ગ નિર્માણ માટે ચોક્કસ ધોરણો ઘડવા; (b) ટ્રાફિક પોલીસ, હોસ્પિટલ સત્તાવાળાઓ, હાઇવે સત્તાવાળાઓ, શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ માટે ક્ષમતા નિર્માણ અને કુશળતાના વિકાસ માટે માર્ગદર્શિકા; (c) કેન્દ્ર સરકાર દ્વારા વિચારણા માટે ટ્રોમા સુવિધાઓ અને પેરા-મેડિકલ સુવિધાઓની સ્થાપના અને સંચાલન માટે માર્ગદર્શિકા.
- ✓ માર્ગ સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાપન અંગે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને સ્થાનિક સત્તાવાળાઓને તકનીકી સલાહ અને સહાય પૂરી પાડવી;
- ✓ (a) સારા સમરિટન્સ; (b) માર્ગ સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાપનમાં સારી પદ્ધતિઓ; (c) વાહનોની ઇજનેરી ક્ષેત્રે નવી વાહન ટેકનોલોજી; (d) આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકલન; અને (e) આંતરરાષ્ટ્રીય તકનીકી ધોરણો અને સ્થાનિક તકનીકી ધોરણો વચ્ચે સુસંગતતાને પ્રોત્સાહન આપવું
- ✓ માર્ગ સલામતી, ટ્રાફિક મેનેજમેન્ટ, ક્રેશ તપાસ સુધારવા માટે સંશોધન કરશે.

**બોર્ડનું માળખુ**

- ✓ એક અધ્યક્ષ અને ત્રણથી સાત સભ્ય.
- ✓ **વડુંમથક : દિલ્હી-એનસીઆર**
- ✓ જ્યારે બીજા શહેરોમાં પણ તેની ઓફિસો હશે.
- ✓ મંત્રાલય : માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય

### 4. નિર્ણય-કેન્દ્ર સરકાર :

### જૂના વાહનોના રિન્યુઅલ ચાર્જમાં વધારો

**5 વર્ષ કરતાં જૂનાં વાહનો માટેના રિન્યુઅલ ચાર્જ**

| વાહન | હાલનો ચાર્જ | આગામી એપ્રિલથી |
|---|---|---|
| ટૂ વ્હીલર | ₹300 | ₹1000 |
| કાર | ₹600 | ₹5000 |
| બસ-ટ્રક | ₹1500 | ₹12,500 |
| થ્રી-વ્હીલર | ₹1000 | ₹3500 |
| ટેક્સી-કેબ | ₹1000 | ₹7000 |

(ઈમ્પોર્ટેડ બાઈક-કારના રજિસ્ટ્રેશનનો ચાર્જ અનુક્રમે 10,000 અને 40,000 થશે)

**વિગત :**

- ✓ જૂનાં ટૂ-વ્હીલરનો ચાર્જ રૂપિયા 300થી વધારીને 1,000 થશે
- ✓ **આગામી એપ્રિલ-2022થી** કાર માલિકોએ પોતાની 15 વર્ષ કરતા વધારે જૂની કારનું રજિસ્ટ્રેશન રિન્યુ કરાવવા માટે રૂપિયા 5 હજાર એટલે કે 8 ગણો વધારે ખર્ચવા પડશે.
- ✓ જૂના વાહનોને ફેઝ આઉટ કરવા માટેની નીતિના ભાગરૂપે કેન્દ્ર સરકારે જૂના વાહનોના રિન્યુઅલ ચાર્જિસમાં ધરખમ વધારો કર્યો છે.
- ✓ મંત્રાલય : માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય

### 5. આયુષ્યમાન ભારત PM-JAY :

### સારવારમાં વધારો

- ✓ ABPM-JAYમાં ગરીબ દર્દીઓ પણ મોટી કોર્પોરેટ હોસ્પિટલમાં સારવાર લઇ શકશે




**નવી જોગવાઇ :**

- ✓ દેશની મોટી કોર્પોરેટ હોસ્પિટલોમાં પણ આયુષ્માન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબીપીએમ-જય) હેઠળ ગરીબો સારવાર મેળવી શકે તે માટે અંદાજે 400 પ્રકારની સર્જરી અને પ્રોસિજરના દરમાં ફેરફાર કરાયો.
- ✓ તેના કારણે દર 20%થી 400% સુધી વધી જશે. દરમાં વધારા અંગે નેશનલ હેલ્થ ઓથોરિટી (એનએચએ) દ્વારા અંદાજે 200 પેકેજના દરમાં ફેરફાર માટે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીને પ્રસ્તાવ મોકલાયો હતો, જેને સાંજે મંજૂરી મળી.
- ✓ વેન્ટિલેટરવાળા આઇસીયુ બેડના દરમાં 100%થી વધુ વધારો થયો છે જ્યારે વેન્ટિલેટર વગરના આઇસીયુ બેડના દર 125% વધશે.
- ✓ હાઇ ડિપેન્ડન્સી યુનિટવાળા બેડના દર 25% જ્યારે રૂટીન બેડના 15થી 20% વધી જશે.
- ✓ આ નિર્ણયથી એપોલો, ફોર્ટિસ, હિન્દુજા અને નારાયણા સહિતની મોટી ખાનગી તથા કોર્પોરેટ હોસ્પિટલો પણ આ યોજનામાં સામેલ થશે.

**બ્લેકફંગસ જેવી બીમારીઓપણ આવરી લેવાઇ**

- ✓ પ્રસ્તાવથી ગરીબોને ફાયદો થશે. દરમાં ફેરફારથી ગંભીર સર્જરીઓની સંખ્યા વધશે તેમ જ નાની હોસ્પિટલોમાં ન થતી હોય તેવી સર્જરીઓ મોટી હોસ્પિટલોમાં થઇ શકશે.
- ✓ કોરોના સંક્રમણ બાદ થતી બ્લેક ફંગસની બીમારીને પણ પેકેજમાં સામેલ કરી લેવાઇ છે.
- ✓ ઘણી સર્જરીઓ, હૃદયના રોગો, કેન્સર તથા ઓર્થોપેડિક્સને લગતી બીમારીઓની સારવાર અને સર્જરીઓના દરમાં મોટા પાયે ફેરફાર કરાયા

**6. નોબેલ પારિતોષિક 2021 : ક્ષેત્ર-ફિઝિક્સ (ભૌતિકશાસ્ત્ર)**




**સંયુક્ત વિજેતા અને દેશ :**

1. **સ્યુકુરો માનાબે (90) – જાપાન**
2. **ક્લોસ હસેલમેન (89) – જર્મની**
3. **જ્યોર્જિયો પારિસિ (73) - ઇટાલી**

- ✓ **સંશોધન : જટિલ ભૌતિક પ્રણાલીઓ અંગેની સમજણ માટે અભૂતપૂર્વ યોગદાન બદલ**


**વિજેતાઓનો પરિચય :**

- ✓ **સ્યુકુરો માનાબે અને ક્લોસ હસેલમેન** એ ધરતીના જળવાયુનું ફિઝિકલ મોડલ તૈયાર કર્યું જેનાથી તેમાં થનાર ફેરફાર પર ચોકક્સતાથી નજર રાખી શકાય છે અને ગ્લોબલ વોર્મિંગનું અનુમાન લગાવી શકાય છે.
- ✓ **જ્યોર્જિયો પારિસિ** અણુઓથી લઇને ગ્રહો સુધીની ફિઝિકલ સિસ્ટમમાં થનાર ઝડપી ફેરફાર અને વિકારો વચ્ચેની ગતિવિધિ દેખાડી
- ✓ સ્યુકુરો માનાબે અમેરિકાની પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં કામ કરી રહ્યા છે. ક્લોસ હેસલમેન જર્મનીના હેમ્બર્ગ શહેરની મેક્સ પ્લાન્ક ઇન્સ્ટિટ્યૂટ ફોર મટિરિયોલોજીમાં કાર્યરત છે અને જ્યોર્જિયો પારિસિ રોમની સપિયેન્ઝા યુનિવર્સિટીમાં સંશોધન કરી રહ્યા છે.
- ✓ નોબેલ સમિતિના મહાસચિવ : થોમસ પર્લમૈન
- ✓ **ઈનામી રકમ : 50+25+25 ટકા મુજબ અપાશે**
- ✓ **સંસ્થા: રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સ**
- ✓ **યજમાન : સ્ટોકહોમ-સ્વિડન**

**7. રશિયા : ISS સ્પેસમાં ફિલ્મ શૂટિંગ કરનાર વિશ્વનો પ્રથમ દેશ**

**વિશેષતાઓ :**

- ✓ ISSમાં સળંગ 12 દિવસ નવી ફિલ્મ – 'ચેલેન્જ'નું શૂટિંગ ચાલશે

- ✓ રશિયા સ્પેસમાં ફિલ્મ શૂટિંગ કરનારો સૌપ્રથમ દેશ બનશે. રશિયન અભિનેતા અને ફિલ્મ ડિરેક્ટર સૌપ્રથમ સ્પેસ શૂટિંગ માટે અવકાશમાં પહોંચી ગયા છે. આ પ્રોજેક્ટના લીધે રાષ્ટ્રની સ્પેસની ગૌરવગાથા આગળ વધારવામાં મદદ મળશે.
- ✓ અભિનેતા યુલિયા પેરેસિલ્ડ અને ડિરેક્ટર ક્લિમ શિપેન્કો રશિયાના સોયુઝ સ્પેસક્રાફ્ટમાં ત્રણ સ્પેસ મિશનનો અનુભવ ધરાવતા અવકાશ યાત્રી એન્ટોન શકાપ્લેરોવ સાથે ગયા હતા.
- ✓ સોયુઝ એમેસ-19એ બપોરે 1.55 વાગે કઝાખસ્તાનમમાં બૈકોનુર ખાતેથી ઉપડયા હતા અને સાડા ત્રણ કલાક પછી સ્પેસ સ્ટેશને પહોંચ્યુ હતું.
- ✓ સ્પેસ ક્રાફ્ટનની અંદર ત્રણેય જણાની સ્થિતિ સારી છે અને સ્પેસક્રાફ્ટ સિસ્ટમ વ્યવસ્થિત રીતે ચાલી રહી છે.
- ✓ પેરેસ્લિડ અને ક્લિમેન્કોની નવી ફિલ્મનું ટાઇટલ ચેલેન્જ છે. તેમા પેરેસ્લિડ સર્જનની ભૂમિકા છે. તે સ્પેસ સ્ટેશનમાં રહેતા ક્રૂ મેમ્બરને હાર્ટ એટેક આવતા તેને બચાવવા જાય છે.
- ✓ બાર દિવસ સ્પેસમાં વીતાવ્યા પછી તેઓ પૃથ્વી પર બીજા રસિયન અવકાશયાત્રીસાથે પરત ફરવાના છે.

**8. નેશનલ જીઓગ્રાફી ટ્રાવેલર્સ-2021 એવોર્ડ**

**(1) ગ્રાન્ડ પ્રાઇઝ વિજેતા : કેટેગરી-પોર્ટફોલિયો વિજેતા : એન્ડ્રો લોરિયાન-લંડન**

**(2) ડ્રોન શોપ પ્રાઇઝ વિજેતા : કેટેગરી-લેન્ડસ્કેપ**

**વિજેતા : ઓઝગુન ઓઝડેમીર-તુર્કી**

**9. જન્મ દિન વિશેષ : 5 ઓક્ટોબર**

**વીરાંગના રાણી દુર્ગાવતી**

**જન્મ : 5 ઓક્ટોબર 1524 અવસાન : 24 જુલાઈ 1564**

- ✓ ભારત વર્ષની મોખરાની વીરાંગનાઓમાં સમાવિષ્ટ રાણી દુર્ગાવતીનો જન્મ 5-10-1524માં ચંદેલ રાજપૂત પરિવારમાં થયો હતો.
- ✓ 1542માં તેમનાં લગ્ન ગોંડનાં રાજા દલપત શાહ જોડે થયાં હતાં. 1950માં દલપત શાહનાં મૃત્યુ પછી શાસનની ધૂરા રાણી દુર્ગાવતીએ પોતાના મંત્રીઓના સહકારથી સુપેરે સંભાળી રાજ્યમાં સુશાસન સ્થાપ્યું.




- ✓ પ્રજાભિમુખ વહીવટથી લોકરંજન થયું અને રાજ્ય સમૃદ્ધ થયું. ગોંડની સમૃદ્ધિથી લલચાયેલા શેરશાહ સુરીએ કરેલા રાજ્ય પરના આક્રમણને તેમણે સફળતાપૂર્વક મારી હટાવ્યું હતું. સુરી પછી આવેલા શાસક બાઝ બહાદુરે શહેનશાહ અકબરની મદદથી ગોંડ રાજ્ય પડાવી લેવા આક્રમણ કર્યું હતું.
- ✓ સંખ્યાબળ અને શસ્ત્રોમાં ચઢિયાતાં મોગલ સૈન્ય સામે નબળી ગોંડની સેનાના સેનાપતિ શહીદ થતાં દુર્ગાવતી ખુદ રણમેદાનમાં ઉતર્યા. પૂરી વીરતાથી લડતા દુર્ગાવતીએ ઘણાં શત્રુઓનો સફાયો કર્યા બાદ એક તીર કાન પાસે અને એક તીર ગળામાં વાગતા તેઓ રણમેદાનમાં 24-6-1564માં વીરગતિ પામ્યાં. જબલપુરનો મદન મહાલ તેમની વીરતાની સાક્ષી પૂરે છે.
- ✓ ભારત સરકારે એક યુનિવર્સિટીનું નામ, એક પ્રવાસી ટ્રેનનું નામ, ભારતીય તટરક્ષક દળે એક જહાજનું નામ રાણી દુર્ગાવતીની સ્મૃતિમાં રાખ્યું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (05-10-2021)

**1.** ઓક્ટોબર 2021માં જાહેર થયેલા યુનિસેફના 'ધ સ્ટેટ ઓફ ધ વર્લ્ડ્સ ચિલ્ડ્રન-2021' અહેવાલ મુજબ કયા તારણો લાગુ પડે છે

1. કોરોના મહામારીના કારણે વિશ્વના 14 ટકા બાળકો ગંભીર માનસિક સમસ્યાઓથી પીડાઇ રહ્યા છે

2. 14થી 24 વર્ષની વયજૂથમાં ભારતમાં 41% બાળકો, કિશોરોને સમસ્યાથી બહાર આવવા મદદ મળે છે

3. યુનિસેફ દ્વારા ભારત સહિત 21 દેશોમાં 20 હજારથી વધારે બાળકોનો સરવે કરાયો

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**2.** કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલા માર્ગ સુરક્ષા બોર્ડમાં ક્યુ વિધાન/વિધાનો યોગ્ય છે

1. વડુંમથક : દિલ્હી-એનસીઆર

2. બોર્ડના માળખામાં એક અધ્યક્ષ અને ત્રણથી સાત સભ્ય

3. બોર્ડના કાર્યાલયો દેશના અન્ય શહેરોમાં પણ શરૂ કરાશે

4. મંત્રાલય : માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય

(A) 2 અને 4 યોગ્ય છે (B) 1 અને 3 યોગ્ય છે

(C) 2 અને 3 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ યોગ્ય છે**

**3.** ઓક્ટોબર 2021માં જાહેર કરાયેલા ફિઝિક્સ (ભૌતિકશાસ્ત્ર)ના નોબેલ પારિતોષિક 2021 સંદર્ભે કઈ બાબતો યોગ્ય છે

1. વિજેતા : સ્યુકુરો માનાબે (90) – જાપાન

2.વિજેતા : ક્લૉસ હસેલમેન (89) – જર્મની

3. વિજેતા : જ્યોર્જિયો પારિસિ (73) - ઇટાલી

4. સંશોધન : જટિલ ભૌતિક પ્રણાલીઓ અંગેની સમજણ માટે અભૂતપૂર્વ યોગદાન બદલ

5. સંસ્થા: રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સ

(A) 1 અને 3 યોગ્ય છે (B) 2 અને 3 યોગ્ય છે

(C) 4 અને 5 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ યોગ્ય છે**

**4.** નેશનલ જીઓગ્રાફી ટ્રાવેલર્સ-2021 એવોર્ડ અંગે કઈ બાબત યોગ્ય છે

1. ગ્રાન્ડ પ્રાઈઝ વિજેતા : કેટેગરી-પોર્ટફોલિયો, વિજેતા : એન્ડ્રો લોરિયાન-લંડન

2. ડ્રોન શોપ પ્રાઈઝ વિજેતા : કેટેગરી-લેન્ડસ્કેપ, વિજેતા : ઓઝગુન ઓઝડેમીર-તુર્કી

(A) માત્ર 1 યોગ્ય છે (B) માત્ર 2 યોગ્ય છે

**(C) 1 અને 2 બંને યોગ્ય** (D) આપેલ તમામ યોગ્ય નથી

**5.** રાણી દુર્ગાવતીને ભારત સરકારે કયુ સન્માન આપ્યું છે

1. રાણી દુર્ગાવતી યુનિવર્સિટી 2. રાણી દુર્ગાવતી પ્રવાસી ટ્રેન

3. ભારતીય તટરક્ષક દળનું જહાજ- રાણી દુર્ગાવતી

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**6.** ઓક્ટોબર 2021માં ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કુલ 232 બેઠકોમાંથી ભાજપ, કોંગ્રેસ અને AAPને કેટલી બેઠકો મળી

(A) 170, 49 તથા 03 **(B) 175, 44 તથા 03**

(C) 180, 39 તથા 03 (D) 171, 46 તથા 05

**7.** ઓક્ટોબર 2021માં યોજાયેલી ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં કુલ 44 બેઠકોમાંથી સૌથી વધુ 41 બેઠકો જીતી કયા પક્ષે સત્તા મેળવી

(A) કોંગ્રેસ (B) આપ **(C) ભાજપ** (D) બસપા

**8.** ભારતમાં માર્ગ સુરક્ષા, ઈનોવેશન અને નવી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે ઓક્ટોબર 2021માં ક્યા બોર્ડની રચના કરવામાં આવી

(A) માર્ગ સલામત બોર્ડ **(B) માર્ગ સુરક્ષા બોર્ડ**

(C) માર્ગ સલામતિ બોર્ડ (D) માર્ગસુવિધા બોર્ડ

**9.** ઓક્ટોબર 2021માં કેન્દ્ર સરકાર દ્વારા જૂના વાહનોના રિન્યુઅલ ચાર્જમાં રૂપિયા 1,000થી લઈને 12,500 સુધીનો નવો વધારો ક્યારથી અમલમાં આવશે

**(A) એપ્રિલ-2022** (B) માર્ચ-2022

(C) ફેબ્રુઆરી-2022 (D) જાન્યુઆરી-2022

**10.** કેન્દ્ર સરકાર દ્વારા ABPM-JAYમાં ગરીબ દર્દીઓ પણ મોટી કોર્પોરેટ હોસ્પિટલમાં સારવાર લઇ શકે તે માટે અંદાજે કેટલા પ્રકારની સર્જરી અને પ્રોસિજરના દરમાં ફેરફાર કરાયો તેના કારણે દર 20%થી 400% સુધી વધી જશે

(A) 100 (B) 200 (C) 300 **(D) 400**

**11.** ISS સ્પેસમાં ફિલ્મ શૂટિંગ કરનાર વિશ્વનો પ્રથમ દેશ અને ફિલ્મનું નામ જણાવો

(A) જાપાન તથા 'ધ સ્કાય' (B) અમેરિકા તથા 'ધ સ્પેસ'

(C) કેનેડા તથા 'વિનર' **(D) રશિયા તથા 'ચેલેન્જ'**

**12.** વીરાંગના રાણી દુર્ગાવતી જન્મ ક્યારે થયો હતો

**(A) તા. 5 ઓક્ટોબર 1524** (B) તા. 5 ઓક્ટોબર 1525

(C) તા. 5 ઓક્ટોબર 1526 (D) તા. 5 ઓક્ટોબર 1527

**DATE : 06-10-2021**

## 1. નિધન : રામાયણ શ્રેણીના લંકેશ અરવિંદ ત્રિવેદી 82 વર્ષની વયે રામશરણ પામ્યા




- ✓ નિધન : મુંબઈના કાંદિવલી સ્થિત નિવાસ સ્થાને અંતિમ શ્વાસ લીધા.
- ✓ જન્મ : મધ્યપ્રદેશનાં ઉજ્જૈનમાં ગુજરાતી પરિવારમા
- ✓ મૂળ વતન : કુકડિયા તા. ઈડર, જિ.સાબરકાંઠા

**સિનેજગત અને રાજકીય કારકિર્દી :**

- ✓ કારકિર્દીની શરૂઆત ગુજરાતી નાટકોથી થઇ.
- ✓ અરવિંદ ત્રિવેદીએ 300થી વધુ ગુજરાતી ફિલ્મોમાં અભિનય કર્યો હતો.
- ✓ અરવિંદ ત્રિવેદીએ ફિલ્મો ઉપરાંત અનેક નાટક સહિત હિન્દી અને ગુજરાતી ફિલ્મો સહિત સિરિયલ્સમાં પણ અભિનય કર્યો છે.
- ✓ અરવિંદ ત્રિવેદીએ રામાયણ સિરિયલ ઉપરાંત સંતુરંગીલી, હોથલ પદમણી, કુંવર બાઇનું મામેરૂ, જેસલ-તોરલ અને દેશ રે જોયા દાદા પરદેશ જોયા જેવી અનેક સફળ ગુજરાતી ફિલ્મ્સ આપી.
- ✓ તેમણે પરાયા ધન, આજ કી તાજા ખબર જેવી હિન્દી ફિલ્મ્સમાં પણ અભિનય કર્યો.
- ✓ તેમને ગુજરાત સરકારથી લઇને દેશ અને દુનિયાની અનેક સંસ્થાઓ તેમને પુરસ્કારો આપીને સન્માનિત કર્યાં.
- ✓ રામાયણનાં આ નાયકે ઘણી ફિલ્મ્સમાં નાયકની પણ ભૂમિકાઓ કરી છે.
- ✓ **વર્ષ 1991થી 1996 સુધી સાબરકાંઠા મત વિસ્તારમાંથી ભાજપના સાંસદ સભ્ય**
- ✓ **વર્ષ 2002માં ભારતીય સેન્સર બોર્ડના કાર્યકરી ચેરમન રહ્યા હતા.**

**અન્ય બાબતો :**

- ✓ તેમનાં ભાઇ ઉપેન્દ્ર ત્રિવેદી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનાં સુપરસ્ટાર હતાં.
- ✓ અરવિંદ ત્રિવેદી ખૂબ મોટા રામ ભકત હતા અને તમણે પોતાના ઘરમાં મોરારી બાપુના હાથે રામની મૂર્તિની સ્થાપના કરાવી હતી.
- ✓ **રામાનંદ સાગરની 'રામાયણ'માં રાવણની ભૂમિકા નિભાવ્યા બાદ તેઓ સમગ્ર દેશમાં જાણીતા બની ગયા હતાં. ત્યાર બાદ તેઓ 'લંકેશ'નાં નામથી ઓળખાવા લાગ્યા હતાં.**
- ✓ ગુજરાતી અને હિન્દી ફિલ્મ્સમાં સફળ રહેલાં અરવિંદ હાલ અનેક સામાજિક કાર્ય કરનારી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા

## 2. કેન્દ્ર સરકાર : જૂના વાહનો માટેની સ્ક્રેપ પોલિસીના નવા નિયમો જાહેર




**નવા નિયમો :**

- ✓ જૂની કાર સ્ક્રેપ કરી નવી કાર ખરીદવા પર રજિસ્ટ્રેશન ફીમાંથી મુક્તિ મળશે
- ✓ જુના વાહનને 15 વર્ષ પછી પણ રાખવું હશે તો આઠ ગણી રજિસ્ટ્રેશન ફી ચૂકવવી પડશે
- ✓ કેન્દ્ર સરકારે વિહિકલ સ્ક્રેપિંગ પોલિસી હેઠળ પ્રોત્સાહન અને દંડાત્મક કાર્યવાહીની યાદી જાહેર કરી હતી.
- ✓ આગામી વર્ષની પહેલી એપ્રિલથી 15 વર્ષ જૂની કારનુ રજિસ્ટ્રેશન ફરીથી કરવું પડશે અને તેને માટે રૂ. 5000ની ફી ચૂકવવી પડશે જે નવી કારના રજિસ્ટ્રેશન માટેની રૂ. 600ની ફીની સરખામણીએ આઠ ગણા કરતાં પણ વધારે છે.
- ✓ 15 વર્ષથી જુની બાઇકનું નવું રજિસ્ટ્રેશન કરવાના રૂ. 1000 ચૂકવવા પડશે કે જે નવી બાઇક માટે રૂ. 300 છે.

**હેતુ/પ્રોત્સાહન :**

- ✓ જુના વાહનના માલિકને તેના જૂના વાહનથી છૂટકારો મેળવવા પ્રોત્સાહિત કરવાનો.
- ✓ સાથે પ્રદૂષણ ફેલાવતાં વાહનોના મેન્ટેનન્સ તથા તેમાં ઇંધણનો ખર્ચ પણ વધારે આવે છે.
- ✓ પ્રોત્સાહન તરીકે રદ કરવામાં આવી રહેલાં વાહન માટે રજિસ્ટર્ડ વિહિકલ સ્ક્રેપિંગ ફેસિલિટી દ્વારા ઇશ્યૂ કરવામાં આવેલ સિંટફિકેટ ઓફ ડિપોઝિટની ઓથોરિટી સામે જો નવું વાહન ખરીદવામાં આવશે તો તે નવા વાહન માટેની નોંધણી સિંટફિકેટ માટેની ફી માફ કરવામાં આવશે.

## 3. કેન્દ્રીય કેબિનેટ : મહત્વના નિર્ણયો

**(1) PM MITRA : દેશમાં આગામી 5 વર્ષમાં રૂ. 4445 કરોડના ખર્ચે 7 ટેક્સ ટાઈલ્સ પાર્ક તૈયાર કરવા PM MITRA સ્કીમને મંજૂરી**

**ફાયદા :**

- ✓ સામાન્ય રીતે ટેક્સ્ટાઇલ સેક્ટરમાં મહિલાઓ માટે રોજગારીની વધારે તકો ઊભી થતી હોય છે. પીએલઆઇ સ્કીમના કારણે મહિલાઓને રોજગાર આપવાના મોરચે પ્રોત્સાહન મળશે અને અર્થતંત્રના ઔપચારિક ક્ષેત્ર સાથે જોડાઇ શકશે.




**ક્યા ક્યા રાજ્યોને લાભ અને રોજગારી :**

- ✓ આ સ્કીમથી ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, તામિલનાડુ, પંજાબ, ઓડિશા જેવા રાજ્યોને ઘણી મદદ મળશે.
- ✓ આ પાર્ક તૈયાર થતાં સાત લાખ સીધી અને 14 લાખ આડકતરી રોજગારી ઊભી થશે.
- ✓ આ સેક્ટરમાં મજૂરોની પણ જરૂર હોય છે અને ડિઝાઇનરોની પણ જરૂરિયાત હોય છે, આમ કુશળ અને બિનકુશળ એમ તમામ કારીગરોને રોજગારની તક મળશે.

**નવા પાર્કની પ્રક્રિયા :**

- ✓ આ અગાઉ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે દેશમાં સાત ટેક્સ્ટાઇલ પાર્ક ઊભા કરવા 10 રાજ્યોએ રસ દર્શાવ્યો છે
- ✓ એક પાર્ક ઊભો કરવામાં લગભગ રૂ. 1700 કરોડનો ખર્ચ થશે. હવે એક હજાર એકરમાં પાર્ક બનશે અને તેમાં રોકાણ માટે ખાસ પ્રોત્સાહનો બે તબક્કામાં આપવામાં આવશે.

**પીએમ મિત્ર પાર્ક વિશે :**

- ✓ **કોર ઇન્ફ્રાસ્ટ્રક્ચર :** ઇન્ક્યુબેશન સેન્ટર, પ્લગ એન્ડ પ્લે ફેસિલિટી, ડેવલપ્ડ ફેક્ટરી સાઇટ્સ, સડકો, પાવર, પાણી અને વેસ્ટ વોટર સિસ્ટમ, કોમન પ્રોસેસિંગ હાઉસ
- ✓ **સીઇટીપી ફેસિલિટી :** ડિઝાઇન સેન્ટર, ટેસ્ટિંગ સેન્ટર
- ✓ **સપોર્ટ ઇન્ફ્કાસ્ટ્રક્ચર :** વર્કર્સ હોસ્ટેલ અને હાઉસિંગ, લોજિસ્ટિક પાર્ક, વેર હાઉસિંગ, ટ્રેનિંગ એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ ફેસિલિટી
- ✓ 50 ટકા વિસ્તાર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી માટે
- ✓ 20 ટકા વિસ્તાર યુટિલિટીઝ માટે
- ✓ 10 ટકા કોર્મિશયલ ડેવલપમેન્ટ માટે

**મેગા ટેક્સ્ટાઇલ પાર્ક શું છે :**

- ✓ ટેક્સ્ટાઇલ પાર્ક મારફત આ સેક્ટરની નિકાસમાં સુધારો કરવાની તૈયારી છે અને તેથી જ સરકાર ટેક્સ્ટાઇલ પાર્ક બનાવી રહી છે.
- ✓ આ પાર્ક હેઠળ એક જ સ્થળ ઉપર તમામ ફેક્ટરી યુનિટોને સ્થાપિત કરવામાં આવે છે, કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલી તમામ પાયાની સુવિધાઓ જેવી કે ઉત્પાદન, માર્કેટ લિંકેજ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- ✓ **ભારત ટેક્સ્ટાઇલ સેક્ટરમાં વિશ્વમાં છઠ્ઠા ક્રમનો સૌથી મોટો નિકાસકાર દેશ**
- ✓ **PM MITRA : પ્રધાનમંત્રી મેગા ઇન્ટિગ્રેટેડ ટેક્સટાઇલ રિઝન એન્ડ એપરલ**

**4. DRDO : ગુજરાતમાં સૌપ્રથમ DRDOનું સાયબર સિક્યુરિટી રિસર્ચ સેન્ટર ગુજરાત યુનિ.માં સ્થપાશે**





- ✓ આ માટે DRDO અને ગુજરાત યુનિ. વચ્ચે દિલ્હી ખાતે ડિફેન્સ મિનિસ્ટરની હાજરીમાં MOU કરવામા આવ્યા હતા.

**સાયબર સિક્યુરિટી રિસર્ચ સેન્ટર વિશે :**

- ✓ ગુજરાત યુનિ.ખાતે શરૂ થનારા આ સેન્ટર ઓફ એક્સેલન્સને એડવાન્સ ટેકનોલોજી સેન્ટર-સરદાર વલ્લભભાઇ પટેલ સેન્ટર ફોર સાયબર સિક્યુરિટી રિસર્ચ નામ આપવામા આવ્યુ છે.
- ✓ **આ સેન્ટર દ્વારા રૂ. 100 કરોડનું ઇન્વેસ્ટમેન્ટ મળવાનો અંદાજ.**
- ✓ દિલ્હી ખાતે કેન્દ્રિય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની હાજરીમાં ડીઆરડીઓના ચેરમેન જી.સતિષ રેડ્ડી અને યુનિ.ના કુલપતિ વચ્ચે MOU થયા હતા.
- ✓ ગુજરાત સરકારે પણ બજેટમાં ગુજરાત યુનિ. ખાતે ડિફેન્સ સ્ટડીઝ માટે સ્કૂલ ઓફ ડિફેન્સ સ્ટડી સેન્ટર શરૂ કરવા 7 કરોડની ફાળવણી કરી.
- ✓ હાલ યુનિ. દ્વારા આ ડિફેન્સ સ્ટડી સેન્ટર અને સાયબર સિક્યુરિટી સેન્ટરની આગળની કામગીરી બાબતે કોઇ સ્પષ્ટતા કરવામા આવી નથી અને ડિફેન્સ સ્ટડી સેન્ટર ક્યારે શરૂ થશે તેની કોઇ સ્પષ્ટતા કરવામા આવી નથી.
- ✓ **DRDO : ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન**

**5. નોબેલ પારિતોષિક 2021 : ક્ષેત્ર- કેમેસ્ટ્રી (રસાયણશાસ્ત્ર)**




**સંયુક્ત વિજેતા અને દેશ :**

1. બેન્જામિન લિસ્ટ-જર્મની - ડેવિડ મેકમિલન-અમેરિકા

**સંશોધન વિશે :**

- ✓ વૈજ્ઞાનિક ભાષામાં કહીએ તો તેમને'એસિમેટ્રિક ઓર્ગેનોકેટાલિસિસ'ના વિકાસ માટે નોબેલ પુરસ્કાર આપવાની જાહેરાત.
- ✓ કેટાલિસિસ એટલે કે ઉત્પ્રેરક રસાયણશાસ્ત્રીઓ માટે મૌલિક ઉપકરણો છે.
- ✓ આ શોધથી દુનિયાભરના ફાર્મા ક્ષેત્ર 52 જબરદસ્ત અસર પડશે. એટલું જ નહીં, આ સંશોધનોથી રસાયણ
- ✓ વિજ્ઞાનને પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન કરે એવી દિશા મળશે. આ એક પ્રકારનું મોલેક્યુલ વિકસાવી શકતું ટૂલ છે.
- ✓ સંશોધકો ઘણાં લાંબા સમયથી માનતા હતા કે, ધાતુ અને એન્ઝાઇમ ફક્ત બે પ્રકારના ઉત્પ્રેરક ઉપલબ્ધ છે.

- ✓ જાહેરાત કરનાર સંસ્થા : રોયલ સ્વિડિશ એકેડેમી ઓફ સાયન્સિસ

## 6. ખેલકૂદ : યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપ - યુરો કપ 2024નો સત્તાવાર લોગો લોન્ચ કરાયો

- ✓ યજમાન : ઓલિમ્પિયા મેદાન બર્લિન-જર્મની

**નવા લોગોની વિશેષતા :**

- ✓ આ લોગો હેનરી ડેલાઉને કપની રૂપરેખા છે જેની બહાર ઓલિમ્પિયા સ્ટેડિયમની છતને ઇંડા આકારમાં દેખાડવામાં આવી છે.
- ✓ તેમાં યુરોપિયન ફૂટબોલ ફેડરેશન યુએફા સાથે સંકળાયેલા 55 દેશના ધ્વજના રંગો પણ દેખાડવામાં આવ્યા છે.
- ✓ ટ્રોફીની ચારેય બાજુએ 24 પાસાં છે જે 24 ટીમોનું પ્રતિનિધિત્વ કરે છે.
- ✓ આ પ્રસંગે ટૂર્નામેન્ટના તમામ 10 યજમાન શહેર બર્લિન, કોલોન, ડોર્ટમન્ડ, ડુસેલડોર્ફ, ફ્રેન્કફર્ટ, ગ્લેસનકેર્ચન, હેમ્બર્ગ, લીપજિંગ, મ્યૂનિચ અને સ્ટુટગાર્ટના લોગો પણ જારી કરવામાં આવ્યા

**યુરો કપનો ઇતિહાસ :**

- ✓ યૂરો કપની શરૂઆત 1960માં થઇ હતી. 2020માં તેના 60 વર્ષ પૂરા થયા હતા પરંતુ કોરોનાના કારણે ટૂર્નામેન્ટને 2021 સુધી સ્થગિત કરવી પડી હતી.
- ✓ 60 વર્ષ પૂરા થવાની ઉજવણી અને તેની સાથે જોડાયેલી પરંપરાનું સન્માન કરવા માટે યુએફાએ 2021માં યોજાનારી આ ચેમ્પિયનશિપને યૂરો 2020નું જ નામ આપ્યું છે.
- ✓ ઇટાલીએ યૂરો કપ 2020ની ફાઇનલમાં ઇંગ્લેન્ડને પેનલ્ટી શૂટઆઉટમાં 3 -2થી હરાવીને 53 વર્ષના લાંબા ગાળા બાદ ટ્રોફી જીતી હતી.
- ✓ રાજધાની : બર્લિન, જર્મની

## 7. ખેલકૂદ : FIH : વાર્ષિક પુરસ્કાર 2021

- ✓ યજમાન : લુસાને







**ભારતીય એવોર્ડ વિજેતા ખેલાડીઓ :**

**પ્લેયર ઓફ ધ યર :**

- ✓ મહિલા ખેલાડી : ગુરજત કૌર
- ✓ પુરુષ ખેલાડી : હરમનપ્રીતસિંહ

**બેસ્ટ ગોલકીપર :**

- ✓ મહિલા ખેલાડી : સવિતા પૂનિયા
- ✓ પુરુષ ખેલાડી : પીઆર શ્રીજેશ

**ઇમર્જિંગ પ્લેયર :**

- ✓ મહિલા ખેલાડી : શર્મિલા દેવી
- ✓ પુરુષ ખેલાડી : વિવેક પ્રસાદ

**કોચ :**

- ✓ ભારતીય વિમેન્સ ટીમના કોચ સોર્ડ મારિન
- ✓ મેન્સ ટીમના મુખ્ય કોચ ગ્રેહામ રીડ

**કેવી રીતે વિજેતા નક્કી થયા ?**

- ✓ આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશનમાં સામેલ દરેક દેશના રાષ્ટ્રીય કોચ અને કેપ્ટનના વોટને ઓવરઓલ રિઝલ્ટમાં 50 ટકા ગણતરીમાં લેવામાં આવે છે.
- ✓ ફેન્સ-પ્લેયર્સના વોટને 25 ટકા અને મીડિયાના વોટને 25 ટકા જેટલું સ્થાન મળે છે.
- ✓ યુરોપના 42 દેશોના બ્લોકમાં માત્ર 19 જ એસોસિએશનોને વોટિંગ રાઇટ છે. જ્યારે એશિયાના 33માંથી 29 દેશોને વોટિંગનો અધિકાર છે.
- ✓ કુલ મળીને 79 દેશોના કોચ-કેપ્ટન્સે વોટિંગમાં ભાગ લીધો હતો. જેમાં આફ્રિકાના 11, ઓસેનિયાના 3 અને પાન અમેરિકાના 17 દેશોએ વોટ આપ્યા હતા.
- ✓ ત્રણ લાખ ફેન્સ પણ વોટિંગમાં જોડાયા હતા. જે એક રેકોર્ડ છે.
- ✓ **FIH : ફેડરેશન ઓફ ઈન્ટરનેશનલ હોકી**

## 8. UN : દક્ષિણ સુદાનમાં શાંતિ રક્ષકદળમાં સેવા આપવા બદલ ભારતના 836 જવાનોનું UNના પ્રતિષ્ઠિત મેડલ દ્વારા સન્માન

**શાંતિરક્ષક દળ વિશે :**

- ✓ હાલમાં દક્ષિણ સુદાન જેવા તદ્દન અશાંત પ્રદેશમાં શાંતિરક્ષક દળ તરીકે દિવસ રાત અવિરત સેવા આપવા બદલ ભારતના 836 લશ્કરી જવાનોનું યુનાઇટેડ નેશન્સના પ્રતિષ્ઠિત એવોર્ડ દ્વારા સન્માન કરાશે.
- ✓ ભારતના જવાનોએ પોતાના સાહસ અને શૌર્યની મદદથી દક્ષિણ સુદાનમાં કાયમી ટકી શકે એવી શાંતિની સ્થાપના કરી છે.
- ✓ દક્ષિણ સુદાનમાં તેઓની તૈનાતી સમાપ્ત થવાથી તેઓને આ મેડલ એનાયત કરવામાં આવશે.
- ✓ **યુએન મિશન ઇન સાઉથ સુદાન (યુએનિમસ)**ની વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થયેલા સમાચારમાં કહેવામાં આવ્યું હતું કે વિશ્વના સૌથી યુવાન ગણાતા દક્ષિણ સુદાન દેશમાં કાયમી રીતે ટકી શકે એવી શાંતિની સ્થાપના કરવા પોતાની પ્રતિબદ્ધ અને સમર્પિત

સેવાઓ આપવા બદલ ભારતના શાતિરક્ષકદળના 836 જવાનોનું યુનાઇટેડ નેશન્સના મેડલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (06-10-2021)

**1.** તા. 6 ઓક્ટોબર 2021ના રોજ મુંબઇ ખાતે અવસાન પામેલ અભિનેતા અરવિંદ ત્રિવેદી સાથે કઇ બાબતો જોડાયેલી છે

1. રામાયણ શ્રેણીમાં લંકેશ એટલે કે રાવણનું પાત્ર ભજવનાર
2. 300થી વધુ ગુજરાતી ફિલ્મોમાં અભિનય
3. વર્ષ 1991થી 1996 સુધી સાબરકાંઠા મત વિસ્તારમાંથી ભાજપના સાંસદ
4. વર્ષ 2002માં ભારતીય સેન્સર બોર્ડના કાર્યકરી ચેરમન

(A) માત્ર 4 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**2.** ઓક્ટોબર 2021માં કેન્દ્ર સરકાર દ્વારા જૂના વાહનો માટેની સ્ક્રેપ પોલિસીના નવા જાહેર કરાયેલા નિયમોમાં કઇ મુખ્ય બાબતોનો સમાવેશ થાય છે

1. જૂની કાર સ્ક્રેપ કરી નવી કાર ખરીદવા પર રજિસ્ટ્રેશન ફીમાંથી મુક્તિ
2. જુના વાહનને 15 વર્ષ પછી પણ રાખવું હશે તો આઠ ગણી રજિસ્ટ્રેશન ફી ચૂકવવી પડશે
3. નવી બાઇક માટે રૂ. 300 તથા 15 વર્ષથી જુની બાઇકનું નવું રજિસ્ટ્રેશન કરવાના રૂ. 1000
4. એપ્રિલ 2022થી 15 વર્ષ જૂની કારનુ રજિસ્ટ્રેશન ફરીથી કરવું પડશે અને તેને માટે રૂ. 5000ની ફી ચૂકવવી પડશે જયારે નવી કારના રજિસ્ટ્રેશન માટે રૂ. 600

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 4
(C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**3.** તા.6 ઓક્ટોબર 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટે PM MITRA યોજનાને મંજૂરી આપી તે અંગે ક્યા વિધાનો સાચા છે

1. ભારતમાં આગામી પાંચ વર્ષમાં રૂ. 4445 કરોડના ખર્ચે 7 ટેક્સ ટાઇલ્સ પાર્ક તૈયાર કરાશે
2. મુખ્યત્વે ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, તામિલનાડુ, પંજાબ, ઓડિશા રાજ્યોને લાભ થશે
3. આ પાર્ક તૈયાર થતાં 7 લાખ સીધી અને 14 લાખ આડકતરી રોજગારી ઊભી થશે
4. PM MITRA પાર્કમાં 50 ટકા વિસ્તાર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી, 20 ટકા વિસ્તાર યુટિલિટીઝ તથા 10 ટકા કોર્મિશયલ ડેવલપમેન્ટ માટે
5. PM MITRA : પ્રધાનમંત્રી મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઇલ રિઝન એન્ડ એપરલ

(A) માત્ર 2 અને 5 (B) માત્ર 1 અને 4
(C) માત્ર 2 અને 3 **(D) આપેલ પૈકી તમામ**

**4.** ગુજરાતમાં સૌપ્રથમ DRDO દ્વારા સ્થપાનાર સાયબર સિક્યુરિટી રિસર્ચ સેન્ટર વિશે નીચેના પૈકી ક્યા વિધાનો લાગુ પડે છે

1. ગુજરાતમાં સૌપ્રથમ DRDO દ્વારા ગુજરાત યુનિ.માં સ્થપાશે
2. સરદાર વલ્લભભાઇ પટેલ સેન્ટર ફોર સાયબર સિક્યુરિટી રિસર્ચ નામ આપવામા આવ્યુ
3. સેન્ટર દ્વારા રૂ.100 કરોડનું ઈન્વેસ્ટમેન્ટ મળવાનો અંદાજ
4. ગુજરાત સરકારે આ સેન્ટર માટે રૂ. 7 કરોડ ફાળવ્યા હતા

(A) માત્ર 4 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**5.** કેમેસ્ટ્રી (રસાયણશાસ્ત્ર) નોબેલ પારિતોષિક 2021 અંગે કઇ બાબત/બાબતો યોગ્ય છે

1. સંયુક્ત વિજેતા અને દેશ : બેન્જામિન લિસ્ટ-જર્મની તથા ડેવિડ મેકમિલન-અમેરિકા
2. જાહેરાત કરનાર સંસ્થા : રોયલ સ્વિડિશ એકેડેમી ઓફ સાયન્સિસ
3. 'એસિમેટ્રિક ઓર્ગેનોકેટાલિસિસ'ના વિકાસ માટે નોબેલ પુરસ્કાર અપાયો

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**6.** યુરો કપ 2024ના સતાવાર લોગો વિશે કઇ બાબત યોગ્ય નથી

1. લોગો હેનરી ડેલાઉને કપની રૂપરેખા છે જેની બહાર ઓલિમ્પિયા સ્ટેડિયમની છતને ઇંડા આકારમાં દેખાડાય
2. યુરોપિયન ફૂટબોલ ફેડરેશન યુએફા સાથે સંકળાયેલા 55 દેશના ધ્વજના રંગો પણ દેખાડવામાં આવ્યા છે.
3. ટ્રોફીની ચારેય બાજુએ 21 પાસાં છે જે 21 ટીમોનું પ્રતિનિધિત્વ કરે છે
4. આ પ્રસંગે ટૂર્નામેન્ટના તમામ 10 યજમાન શહેર બર્લિન, કોલોન, ડોર્ટમન્ડ, ડુસેલડોર્ફ, ફ્રેન્કફર્ટ, ગ્લેસનકેર્ચન, હેમ્બર્ગ, લીપજિંગ, મ્યૂનિચ અને સ્ટુટગાર્ટના લોગો જારી કરાયા

(A) 1 (B) 2 **(C) 3** (D) 4

**7.** ફેડરેશન ઓફ ઈન્ટરનેશનલ હોકી વાર્ષિક પુરસ્કાર 2021 સંદર્ભે કયા વિધાન/વિધાનો યોગ્ય છે

1. પ્લેયર ઓફ ધ યર : મહિલા ખેલાડી : ગુરજત કૌર પુરુષ ખેલાડી : હરમનપ્રીતસિંહ
2. બેસ્ટ ગોલકીપર : મહિલા ખેલાડી : સવિતા પૂનિયા પુરુષ ખેલાડી : પીઆર શ્રીજેશ
3. ઇમર્જિંગ પ્લેયર : મહિલા ખેલાડી : શર્મિલા દેવી પુરુષ ખેલાડી : વિવેક પ્રસાદ
4. કોચ : ભારતીય વિમેન્સ ટીમના કોચ સોર્ડ મારિન મેન્સ ટીમના મુખ્ય કોચ ગ્રેહામ રીડ

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 4
(C) માત્ર 2 અને 3 **(D) આપેલ પૈકી તમામ**

**8.** ઓક્ટોબર 2021માં યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપ – યુરો કપ 2024નો સત્તાવાર લોગો કયા મેદાન-શહેરથી લોન્ચ કરાયો

(A) ટોક્યો જાપાન (B) લોર્ડસ લંડન UK
(C) મેલબોર્ન સ્ટેડિયમ ઓસ્ટ્રેલિયા
**(D) ઓલિમ્પિયા સ્ટેડિયમ બર્લિન-જર્મની**

**9.** દક્ષિણ સુદાનમાં શાંતિરક્ષક દળ તરીકે દિવસ રાત અવિરત સેવા આપવા બદલ ભારતના 836 જવાનોનું કયા મેડલથી સન્માન કરાશે

(A)નેલ્સન મંડેલા શાંતિ પુરસ્કાર **(B) UNના પ્રતિષ્ઠિત મેડલ**
(C) UN શાંતિ પુરસ્કાર (D) મહાત્મા ગાંધી શાંતિ પુરસ્કાર

**DATE : 07-10-2021**

**1. શારદીય નવરાત્રિ પ્રારંભ : તિથિ આસો સુદ એકમ તા. 7 ઓક્ટોબરથી તા. 15 ઓક્ટોબર 2021 સુધી**

**નવરાત્રિના નવ દેવી રૂપના અલગ-અલગ નામ અને મંત્ર**




## 2. સેવા સમર્પણના 20 વર્ષ : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યમંત્રીથી ભારતના વડાપ્રધાન સુધીની સફરના 20 વર્ષ




- ✓ તા. 07/10/2001થી તા. 07/10/2021 એટલે બે દાયકા પૂર્ણ

## 3. ભારતીય રેલવે : રામેશ્વરને જોડતા દેશના પ્રથમ વર્ટિકલ લિફ્ટ સી બ્રિજ



**વિગત :**

- ✓ તામિલનાડુ રાજ્યનો નવો પંબન બ્રિજ આગામી વર્ષના માર્ચ સુધીમાં તૈયાર થશે.
- ✓ 2.05 કિલોમીટરનો આ રેલવે પુલ રામેશ્વરમને તામિલનાડુ સાથે જોડશે. આ પુલના નિર્માણ માટે અંદાજે રૂ. 280 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- ✓ માર્ચ 2019માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ પુલનો શિલાન્યાસ કરાયો હતો.

**બ્રિજની ખાસિયત :**

- ✓ બ્રિજ પર વધારે ઝડપી ટ્રેન ઓપરેટ થઇ શકશે, સાથે તે ગમે તેટલી ભારે ટ્રેનનું પણ વહન કરી શકશે.
- ✓ વહાણ પસાર થતું હશે ત્યારે આ બ્રિજને લિફ્ટ પણ કરી શકાશે.
- ✓ **ભારતીય રેલવે મંત્રી : શ્રી અશ્વિની વૈષ્ણવ**

## 4. કર્ણાટક : ઓનલાઈન ગેમ પર પ્રતિબંધ મુકનાર કર્ણાટક ભારતનું પ્રથમ રાજ્ય

**વિગત :**

- ✓ કર્ણાટક પહેલું એવું રાજ્ય બન્યું છે કે જેણે ઓનલાઇન ગેમિંગના દૂષણને અટકાવવા પગલાં લીધા.
- ✓ મોબાઇલ પ્રિમીયમ લીગના યુઝર્સને ગઇકાલથી જ મેસેજ આવી ગયા છે કે તમે સાઇટ ખોલી નહીં શકો કેમકે પ્રતિબંધ છે.
- ✓ કર્ણાટકે મુકેલા પ્રતિબંધમાં જે ગેમ સાઇટ પૈસાની લેવડ દેવડ કરતી હોય અને સટ્ટો રમાડતી હોય તેના પર પ્રતિબંધ જાહેર કર્યો છે.
- ✓ ઇન્ટરનેટના પગલે આવેલી ઓનલાઇન ગેમિંગનું માર્કેટ ભારતમાં 2016માં 43 મિલીયન ડોલર હતું, 2020માં તે વધીને એક અબજ ડોલરને વટાવી ગયું હતું.

## 5. નવીન શોધ : બાયો ફોર્મ્યુલેશન-હેલો મિક્સ પદ્ધતિ

- ✓ ગુજરાતના 13 લાખ હેક્ટર ખારી જમીનમાં વિવિધ પાક લઈ શકાય તેવી હેલો મિક્સ પદ્ધતિની શોધ

**શોધ વિશે :**

- ✓ ગુજરાતમાં સમુદ્રના ખારા પાણીના કારણે બરબાદ થઇ ચૂકેલી અને જેમાં કોઇપણ જાતના પાક ઉગાડી શકતા નથી તેવી ખારી જમીનને નવસાધ્ય કરવા માટે સેન્ટ્રલ સોઇલ સેલિનિટી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ દ્વારા બાયો ફોર્મ્યુલેશન (હેલો મિક્સ) પદ્ધતિ વિકસાવવામાં આવી.
- ✓ આ પદ્ધતિના કારણે ગુજરાતની 13 લાખ હેક્ટર સહિત દેશની 70 લાખ હેક્ટર જમીનમાં કૃષિના પાક લઇ શકાશે.

**હેલો મિક્સ પદ્ધતિ :**

- ✓ આ ઇન્સ્ટીટ્યુટમાં છેલ્લા છ વર્ષથી ખારી જમીનને સુધારવાના પ્રયાસ ચાલતા હતા જેને હવે સફળતા મળી છે.
- ✓ આ ફોર્મ્યુલાના આધારે ગુજરાતમાં જે ખારી જમીન પર કોઇપણ પાક લઇ શકાતો નથી. ત્યાં હવે તમામ પાક લઈ શકાશે.
- ✓ આ ફોર્મ્યુલાનો પ્રયોગ ઉત્તરપ્રદેશની ખારી જમીન પર કરવામાં આવ્યો છે.
- ✓ કૃષિ વૈજ્ઞાનિકોનું જૈવ ફોર્મ્યુલેશન હવે આખા દેશમાં અમલી બનાવાશે.
- ✓ માટીના ઉપયોગી જીવાણુંથી ભરેલી માત્ર 100 મિલી લીટરની નાની બોટલ એક એકર જમીનને નવસાધ્ય કરવા માટે પુરતી છે.
- ✓ વ્યવસાયિક ઉત્પાદન માટે આ ફોર્મ્યુલાને હૈદરાબાદ સ્થિત એક કંપનીને ટ્રાન્સફર કરવામાં આવી છે. સોલ્ટ ટોલરન્ટ બેક્ટેરિયા આધારિત આ ફોર્મ્યુલાની ખોજ કરનારા વૈજ્ઞાનિકોની ટીમના સભ્ય ડો. સંજય અરોરા કહે છે કે જમીનના ક્ષાર પાકને મૂળમાંથી સૂકવી નાખે છે ત્યારે આ ફોર્મ્યુલા ક્ષારને પાક સુધી પહોંચવા દેતા નથી.

**ગુજરાતના ક્યા જિલ્લાને લાભ થશે :**

- ✓ ગુજરાતના અમદાવાદ, મહેસાણા, આણંદ, ગાંધીનગર, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, બનાસકાંઠા, ભાલકાંઠા અને નળકાંઠાના પ્રદેશમાં તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, જામનગર અને કચ્છ જીલ્લામાં ક્ષારયુક્ત જમીન આવેલી છે.

**આર્થિક લાભ :**

- ✓ રાજ્યની ક્ષારયુક્ત જમીનમાં જો ખેતી કરવામાં આવે તો ખેડૂતોને 10,000 કરોડ રૂપિયાની ઉપજ મળી શકે તેમ છે.

**ગુજરાતની ક્ષારયુક્ત જમીન :**

- ✓ રાજ્યમાં કુલ ક્ષારયુક્ત જમીન પૈકી કચ્છમાં 14 લાખ હેક્ટર, દ્વારકામાં 1.25 લાખ હેક્ટર અને જામનગરમાં 6400 હેક્ટર જમીન આવેલી છે. અત્યારે ખેતીવાડી ખાતાની ભલામણ પ્રમાણે ક્ષારયુક્ત જમીન જીપ્સમ (ચિરોડી) અને ઓર્ગેનિક સુધારાથી નવસાધ્ય કરવામાં આવે છે
- ✓ હવે આ નવી ફ્રોર્મ્યુલાનો અમલ શરૂ કરવાથી ગુજરાતની 13 લાખ હેક્ટર જમીનને નવસાધ્ય કરી ઇચ્છિત પાક લઇ શકાશે. જો કે આ જમીનમાં ખારાશ સહન કરનારા બેક્ટેરિયા હોવાથી ખેડૂતોએ સજીવ ખેતી કરવી પડશે.

**શોધ કરનાર સંસ્થા અને સ્થળ :**

- ✓ સેન્ટ્રલ સોઇલ સેલિનિટી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટે, લખનૌ

## 6. WHO : વિશ્વની સૌપ્રથમ 'મોસ્કવીરિકસ' મેલેરિયાની રસીને WHOની મંજૂરી

**પરજીવીઓ દ્વારા માનવીમાં ફેલાતા રોગ માટેની વિશ્વની આ સૌપ્રથમ રસી**

**રસીની વિગત :**

- ✓ ગ્લેક્સોસ્મિથક્લાઇન કંપની દ્વારા તૈયાર કરાયેલી RTS,S/AS01 (RTS,S) વેક્સિનને મોસ્કવીરિક્સ નામ અપાયું.

World Health Organization

- ✓ મોસ્ક્વીરિક્સ વેક્સિનની વર્ષ 2019થી ઘાના, કેન્યા અને મલાવીમાં આઠ લાખથી વધુ બાળકો પર ક્લિનિલ ટ્રાયલ ચાલી રહી હતી.
- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થાએ ગ્લેક્સોસ્મિથક્લાઇન દ્વારા નિર્મિત **મેલેરિયાની રસી ફાલ્સીફેરમ** મેલેરિયાનો વ્યાપક ફેલાવો ધરાવતા સબ સહારાના આફ્રિકાના દેશો અને પ્રદેશોમાં બાળકોમાં વ્યાપક ઉપયોગ માટે ભલામણ કરી

**રસીના ફાયદા :**

- ✓ મેલેરિયાની આ રસી વિજ્ઞાન, બાળ આરોગ્ય અને મેલેરિયા નિયંત્રણ માટે મોટી સફળતા છે. આ વેક્સિનની મદદથી દર વર્ષે થતાં લાખો બાળકોનાં મોત અટકાવી શકાશે.

**રસી વિકસાવવામાં 30 વર્ષનો સમય લાગ્યો**

- ✓ મેલેરિયાની મોસ્ક્વીરિક્સ રસી વિકસાવવામાં ગ્લેક્સોસ્મિથક્લાઇન કંપનીને 30 વર્ષ કરતાં વધુનો સમય લાગ્યો છે.
- ✓ આ પહેલી એવી મેલેરિયાની વેક્સિન છે જેની વ્યાપક ક્લિનિકલ ટ્રાયલો સંપૂર્ણ રીતે પૂરી કરાઇ
- ✓ આ રસી જીવલેણ બનતા મેલેરિયાના સંક્રમણને ઘટાડવામાં સફળ રહી છે.

## 7. ફોર્બ્સ મેગેઝિન-2021 : USA

**ભારતના 100 સૌથી વધુ અમીરોની યાદી જાહેર**

### દેશના ટોપ-10 ધનવાન બિઝનેસમેન



1. મુકેશ અંબાણી સંપત્તિ 92.7 અબજ ડોલર

2. ગૌતમ અદાણી સંપત્તિ 74.8 અબજ ડોલર




| ક્રમ | નામ | સંપત્તિ (અબજ ડોલર) | ક્રમ | નામ | સંપત્તિ (અબજ ડોલર) |
|---|---|---|---|---|---|
| 3. | શિવ નાદર | 31 | 7. | સાવિત્રી જિંદાલ | 18 |
| 4. | રાધાકૃષ્ણ દામાણી | 29.4 | 8. | ઉદય કોટક | 16.5 |
| 5. | સાયરસ પૂનાવાલા | 19 | 9. | પાલનજી મિસ્ત્રી | 16.4 |
| 6. | લક્ષ્મી મિત્તલ | 18.8 | 10. | કુમાર બિરલા | 15.8 |

### ફોર્બ્સના 2021ના રિચ લિસ્ટમાં સામેલ ગુજરાતી

| રેન્ક | નામ | કંપની | કુલ સંપત્તિ |
|---|---|---|---|
| 1 | મુકેશ અંબાણી | રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ | 6.93 લાખ કરોડ |
| 2 | ગૌતમ અદાણી | અદાણી પોર્ટ-સેઝ | 5.59 લાખ કરોડ |
| 8 | ઉદય કોટક | કોટક મહિન્દ્રા | 1.23 લાખ કરોડ |
| 9 | પાલોનજી મિસ્ત્રી | શાપુરજી પાલોનજી | 1.22 લાખ કરોડ |
| 14 | દિલીપ સંઘવી | સન ફાર્મા. | 1.06 લાખ કરોડ |
| 17 | મધુકર પારેખ | પિડિલાઇટ ઇન્ડ. | 87.5 હજાર કરોડ |
| 22 | અશ્વિન દાણી | એશિયન પેઇન્ટસ | 66.5 હજાર કરોડ |
| 26 | મહેન્દ્ર ચોક્સી | એશિયન પેઇન્ટ્સ | 51.5 હજાર કરોડ |
| 27 | હસમુખ ચુડગર | ઇન્ટાસ ફાર્મા. | 49.3 હજાર કરોડ |
| 31 | અભય વકીલ | એશિયન પેઇન્ટ્સ | 46.7 હજાર કરોડ |
| 32 | પંકજ પટેલ | કેડિલા હેલ્થકેર | 46.3 હજાર કરોડ |
| 46 | કરસન પટેલ | નિરમા | 31.4 હજાર કરોડ |
| 64 | સંદીપ એન્જિનિયર | એસ્ટ્રલ પાઇપ્સ | 24 હજાર કરોડ |
| 70 | દેવેન્દ્ર જૈન | ગુજરાત ફ્લોરોકેમિકલ્સ | 22.4 હજાર કરોડ |
| 97 | દીપક મહેતા | દીપક નાઇટ્રેટ | 15.3 હજાર કરોડ |

## 8. નોબેલ પારિતોષિક 2021: ક્ષેત્ર-સાહિત્ય

- ✓ **વિજેતા અને દેશ :** જન્મ તાન્ઝાનિયા પણ હાલ બ્રિટિશ નાગરિક અબ્દુલ રઝાક ગુરનાહ
- ✓ **પ્રદાન :** ઉપનિવેશવાદના પ્રભાવો અને સંસ્કૃતિઓ તથા મહાદ્વીપો વચ્ચેની ખીણમાં શરણાર્થીઓની સ્થિતિના કરૂણામય ચિત્રણને લઇને સન્માનિત કરવામાં આવ્યા




**વિજેતાનો પરિચય :**

- ✓ જન્મ : 1948
- ✓ સ્થાન : ઝાંઝીબાર-તાન્ઝાનિયા
- ✓ પ્રો. યુનિવર્સિટી ઓફ કેન્ટ
- ✓ પેરેડાઇઝ એન્ડ ડિઝર્શન સહિત 10 નવલકથાઓનું સર્જન
- ✓ તેમનો ઉછેર ઝાંઝીબાર દ્વીપ પર થયો હતો. પરંતુ 1960ના દાયકાના અંતમાં એક શરણાર્થીના રૂપમાં તે ઇગ્લેંડ પહોંચ્યા.

**સર્જન :**

- ✓ ગુરનાહના ચોથા ઉપન્યાસ 'પૈરાડાઇઝ' (1994) એ તેમને એક લેખકના રૂપમાં ઓળખ અપાવી હતી. તેમણે 1990ની આસપાસ પૂર્વી આફ્રીકાની એક શોધ યાત્રા દરમિયાન આ લખી હતી. આ એક દુખદ પ્રેમ કહાની છે જેમાં વિભિન્ન દુનિયા અને માન્યતા એકબીજા સાથે ટકરાઇ છે.

✓ ઈનામ : 1 કરોડ સ્વીડિશ ક્રોનર

**સાહિત્યના નોબેલ વિશે :**

✓ અત્યાર સુધીમાં 117 લોકોને સાહિત્યનો નોબેલ પ્રાઇઝ આપવામાં આવ્યો છે, જેમાંથી 16 મહિલાઓ છે.

✓ ગત વર્ષે સાહિત્યનો નોબેલ અમેરિકન કવિ લુઇસ લકને આપવામાં આવ્યો હતો. તેઓ યેલ યુનિવર્સિટી સાથે સંલગ્ન હતા.

✓ સંસ્થા : સ્વીડિશ એકેડેમી, સ્ટોકહોમ

**9. હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ-2021 :**

**સૌથી શક્તિશાળી/ટ્રાવેલ ફ્રેન્ડલી પાસપોર્ટમાં સતત ત્રીજા વર્ષે પણ જાપાન પ્રથમ નંબરે :**

**ચાલુ વર્ષે સંયુક્ત રીતે જાપાન અને સિંગાપોર પ્રથમ ક્રમે**




✓ **વર્ષ 2021માં ભારત 90માં રેન્ક ઉપર**

**વિગતો :**

✓ હેનલે પાસપોર્ટ ઇન્ડેક્સ વિશ્વના સૌથી ટ્રાવેલ ફ્રેન્ડલી પાસપોર્ટની યાદી દર વર્ષે ઇશ્યૂ કરે છે.

✓ ભારતનો ક્રમ પાછલા વર્ષે 84 હતો તે આ વર્ષે છ ક્રમ ગગડીને 90 ઉપર પહોંચ્યો.

**સૌથી શક્તિશાળી પાસપોર્ટ એટલે શું :**

✓ **આ યાદીમાં જાપાન અને સિંગાપોર સંયુક્ત રીતે પ્રથમ ક્રમ ઉપર છે. જાપાન અને સિંગાપોરના પાસપોર્ટ ધારકો 192 દેશોમાં વિઝાની કોઇ જરૂરિયાત વગર પ્રવાસ કરી શકે.**

✓ આ યાદીમાં બીજા સ્થાન ઉપર દક્ષિણ કોરિયા અને જર્મની છે જેના પાસપોર્ટ ધારકો 190 દેશોમાં કોઇ વિઝા વગર પ્રવાસ કરી શકે છે.

✓ આ યાદીમાં યુએસએ અને ગ્રેટ બ્રિટન સાતમા ક્રમે છે અને તેના પાસપોર્ટધારકો વિઝા વગર 185 દેશોમાં પ્રવાસ કરી શકે છે.

✓ 90મા ક્રમ પર રહેલાં ભારતના નાગરિકો 58 દેશોમાં કોઇ વિઝા વગર પ્રવાસ કરી શકે છે.

**પાકિસ્તાનના નાગરિકોને વિઝા વગર 31 દેશોમાં જ પ્રવેશ**

✓ આ લિસ્ટમાં ભારતના પડોશી દેશો શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને નેપાળના પાસપોર્ટને વિશ્વના સૌથી નબળા પાસપોર્ટમાં સામેલ કરવામાં આવ્યા.

✓ આ લિસ્ટમાં પાકિસ્તાન ફક્ત સીરિયા, ઇરાક અને અફઘાનિસ્તાન કરતાં સારો દેખાવ કરી શક્યું છે અને તેના નાગરિકોને વિઝા વગર 31 દેશોમાં જવાની પરવાનગી છે.

**દુનિયાના સૌથી શક્તિશાળી પાસપોર્ટ ધરાવતા દેશો**

| ક્રમ | નામ | સ્કોર |
|---|---|---|
| ૧ | જાપાન-સિંગાપોર | ૧૯૨ |
| ૨ | જર્મની-દ. કોરિયા | ૧૯૦ |
| ૩ | ફિનલેન્ડ-ઈટાલી-સ્પેન | ૧૮૯ |
| ૪ | ઓસ્ટ્રિયા-ડેનમાર્ક | ૧૮૮ |
| ૫ | ફ્રાન્સ-નેધરલેન્ડ-પોર્ટુગલ | ૧૮૭ |
| ૬ | ન્યૂઝીલેન્ડ-સ્વિટ્ઝર્લેન્ડ | ૧૮૬ |
| ૭ | અમેરિકા-બ્રિટન-નોર્વે | ૧૮૫ |
| ૮ | ઓસ્ટ્રેલિયા-કેનેડા | ૧૮૪ |
| ૯ | હંગેરી | ૧૮૩ |
| ૧૦ | પોલેન્ડ-સ્લોવાકિયા | ૧૮૨ |

**10. ફાઈવ આઇઝ (FVEY) :**

**પાંચ દેશોનું ઈન્ટેલિજન્સ ગઠબંધન**

**ગઠબંધનના પાંચ દેશ :**

✓ US, UK, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ અને કેનેડા

✓ આગામી સમયમાં દક્ષિણ કોરિયા, ભારત, જાપાન અને જર્મનીને જોડવાનો પ્રસ્તાવ-વિચારણા હેઠળ

**FIVE eyes વિશે :**

✓ **સ્થાપના :** તા. 14/08/1941 **સત્તાવરા ભાષા :** અંગ્રેજી

✓ **મુખ્યમથક :** લંડન (UK)

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (07-10-2021)

**1.** ઓક્ટોબર 2021માં ભારતના વૈજ્ઞાનિકો દ્વારા બાયો ફોર્મ્યુલેશન-હેલો મિક્સ પદ્ધતિ શોધાઇ તેના વિશે વિધાન/વિધાનો સાચુ/સાચા છે

1. સમુદ્રના ખારા પાણીના કારણે બરબાદ થયેલી ગુજરાતની 13 લાખ હેક્ટર સહિત દેશની 70 લાખ હેક્ટર જમીનમાં કૃષિના પાક લઇ શકાશે

2. ખારી જમીનને નવસાધ્ય કરવા માટે સેન્ટ્રલ સોઇલ સેલિનિટી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ-લખનૌ દ્વારા બાયો ફોર્મ્યુલેશન (હેલો મિક્સ) પદ્ધતિ વિકસાવાઇ

3. માટીના ઉપયોગી જીવાણુંથી ભરેલી માત્ર 100 મિલીની નાની બોટલ 1 એકર જમીનને નવસાધ્ય કરવા માટે પુરતી

4. રાજ્યની ક્ષારયુક્ત જમીનમાં ખેતી કરવામાં આવે તો ખેડૂતોને રૂ. 10,000 કરોડની ઉપજ મળી શકશે

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 4 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**2.** ઓક્ટોબર 2021માં WHO દ્વારા વિશ્વની સૌપ્રથમ મેલેરિયાની રસીને મંજૂરી આપવામાં આવી તેમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. ગ્લેક્સોસ્મિથક્લાઇન કંપની દ્વારા તૈયાર કરાયેલી RTS,S/AS01 (RTS,S) વેક્સિનને મોસ્ક્વીરિક્સ નામ અપાયું

2. પરજીવીઓ દ્વારા માનવીમાં ફેલાતા રોગ માટેની વિશ્વની આ સૌપ્રથમ રસી

3. વર્ષ 2019થી ઘાના, કેન્યા અને મલાવીમાં આઠ લાખથી વધુ બાળકો પર ક્લિનિલ ટ્રાયલ થઈ

4. આ રસીથી વિજ્ઞાન, બાળ આરોગ્ય અને મેલેરિયા પર નિયંત્રણ આવશે

(A) માત્ર 4 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**3.** ઓક્ટોબર 2021માં ફોર્બ્સ મેગેઝિન દ્વારા જાહેર કરાયેલા ભારતના 100 સૌથી વધુ અમીરોની યાદીમાં પ્રથમ ચાર અમીરો વિશે ક્યા વિધાનો સાચા છે

1. મુકેશ અંબાણી સતત 14માં વર્ષે પ્રથમ ક્રમે

2. બીજા નંબરે ગૌતમ અદાણી
3. ત્રીજા નંબરે શીવ નાદર 4. ચોથા નંબરે રાધાકિશન દામાણી
(A) માત્ર 2 અને 3 (B) માત્ર 1 અને 4
(C) માત્ર 2 અને 4 **(D) આપેલ પૈકી તમામ**

**4.** સાહિત્ય ક્ષેત્રના નોબેલ પારિતોષિક 2021 વિશે કયા વિધાન/વિધાનો યોગ્ય છે
1. વિજેતા અને દેશ : જન્મ તાન્ઝાનિયા પણ હાલ બ્રિટિશ નાગરિક અબ્દુલ રઝાક ગુરનાહ
2. પ્રદાન : ઉપનિવેશવાદના પ્રભાવો અને સંસ્કૃતિઓ તથા મહાદ્વીપો વચ્ચેની ખીણમાં શરણાર્થીઓની સ્થિતિના કરૂણામય ચિત્રણને લઇને સન્માનિત કરવામાં આવ્યા
3. પ્રો. અબ્દુલ રઝાક યુનિવર્સિટી ઓફ કેન્ટમાં કાર્યરત
4. પેરેડાઇઝ એન્ડ ડિઝર્શન સહિત 10 નવલકથાઓનું સર્જન
(A) માત્ર 3 અને 4 (B) માત્ર 2 (C) માત્ર 1 **(D) આપેલ તમામ**

**5.** ઓક્ટોબર 2021માં જાહેર કરાયેલા હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ-2021માં કઈ બાબતોનો સમાવેશ થાય છે
1. સૌથી શક્તિશાળી/ટ્રાવેલ ફ્રેન્ડલી પાસપોર્ટમાં સતત ત્રીજા વર્ષે પણ જાપાન પ્રથમ નંબરે
2. ચાલુ વર્ષે સંયુક્ત રીતે જાપાન અને સિંગાપોર પ્રથમ ક્રમે, બંને દેશના પાસપોર્ટ ધારકો 192 દેશોમાં વિઝા વગર પ્રવાસ કરી શકે
3. ગયા વર્ષે 84માં ક્રમે રહેલા ભારત વર્ષ 2021માં 90મા ક્રમે રહ્યું, ભારતના નાગરિકોને 58 દેશોમાં વિઝા વગર પ્રવેશ
4. યાદીમાં પાકિસ્તાન ફક્ત સીરિયા, ઇરાક અને અફઘાનિસ્તાન કરતાં સારો દેખાવ કરી શક્યું છે અને તેના નાગરિકોને વિઝા વગર 31 દેશોમાં જવાની પરવાનગી
(A) માત્ર 1 અને 4 (B) માત્ર 3
(C) માત્ર 2 **(D) આપેલ પૈકી તમામ**

**6.** ફાઈવ આઇઝ વિશે ક્યા વિધાન/વિધાનો સાચુ/સાચા છે
1. પાંચ દેશોનું ઈન્ટેલિજન્સ ગઠબંધન
2. પાંચ દેશમાં US, UK, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ અને કેનેડાનો સમાવેશ
3. આગામી સમયમાં દક્ષિણ કોરિયા, ભારત, જાપાન અને જર્મનીને જોડવાનો પ્રસ્તાવ-વિચારણા હેઠળ
4. સ્થાપના : તા. 14/08/1941 તથા મુખ્યમથક : લંડન (UK)
(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 3 અને 4 **(D) આપેલ પૈકી તમામ**

**7.** ભારતમાં શારદીય નવરાત્રિનો પ્રારંભ કઈ તિથિથી થાય છે
(A) શ્રાવણ સુદ એકમ **(B) આસો સુદ એકમ**
(C) ભાદરવો સુદ એકમ (D) ચૈત્ર સુદ એકમ

**8.** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તા. 7 ઓક્ટોબર 2021ના રોજ સેવા-સમર્પણના કેટલા વર્ષ પૂર્ણ કર્યા
(A) 10 વર્ષ (B) 14 વર્ષ **(C) 20 વર્ષ** (D) 22 વર્ષ

**9.** ભારતીય રેલવે દ્વારા ક્યા સ્થાન ઉપર દેશના પ્રથમ વર્ટિકલ લિફ્ટ સી બ્રિજનું નિર્માણ થશે
**(A) રામેશ્વર** (B) કોચ્ચિ (C) કન્યાકુમારી (D) ઈન્દિરા પોઈન્ટ

**10.** ઓક્ટોબર 2021માં ઓનલાઇન ગેમ પર પ્રતિબંધ મુકનાર ભારતનું પ્રથમ રાજ્યનું નામ જણાવો
(A) ગુજરાત (B) દિલ્હી (C) તામિલનાડુ **(D) કર્ણાટક**

**DATE : 08-10-2021**

## 1. એર ઇન્ડિયા : ભારત સરકારની માલિકીની એરલાઇન્સ ઇન્ડિયા તાતા જૂથે રૂ. 18,000 કરોડમાં ખરીદી

- ✓ રતન ટાટાનું ટ્વીટ - વેલકમ બેક એર ઈન્ડિયા




**અન્ય વિગતો :**
- ✓ તાતા સન્સે રૂ. 18,000 કરોડની બોલી લગાવીને એર ઇન્ડિયાનો 100 ટકા હિસ્સો ખરીદવામાં વિવિધ પ્રક્રિયા જીતી લીધી
- ✓ સરકારની રિઝર્વ પ્રાઇઝ રૂ. 12,909 કરોડ હતી
- ✓ તાતા જૂથની 3 એરલાઇન્સ : એર એશિયા, વિસ્તારા અને એર ઇન્ડિયા

**તાતા સન્સને શું મળશે :**
- ✓ 100 ટકા હિસ્સો એર ઇન્ડિયામાં
- ✓ 100 ટકા હિસ્સો એર ઇન્ડિયા એક્સપ્રેસમાં
- ✓ 50 ટકા હિસ્સો એર ઇન્ડિયા SATSમાં
- ✓ 1800 ઘરેલુ એરપોર્ટ પર લેન્ડિંગ, પાર્કિંગ સ્લોટ
- ✓ 900 ઇન્ટરનેશનલ એરપોર્ટ પર સ્લોટ
- ✓ 4,400 ડોમેસ્ટિક એરપોર્ટ પર સ્લોટ

**તાતા સન્સ-એર ઇન્ડિયા સોદો એટ એ ગ્લાન્સ**
- ✓ 18,000 કરોડ રૂપિયાની તાતા સન્સની નિવિદા સરકાર દ્વારા મંજૂર કરાઇ
- ✓ 15,300 કરોડ રૂપિયાનું સરકારી દેવું તાતા સન્સ ચૂકવશે
- ✓ 2,700 કરોડ રૂપિયા તાતા કેન્દ્ર સરકારને રોકડમાં ચૂકવશે
- ✓ 61,562 કરોડ રૂપિયા એર ઇન્ડિયાનું કુલ દેવું
- ✓ 46,262 કરોડનું દેવું સરકારી માલિકીની AIAHLને ટ્રાન્સફર કરાશે
- ✓ 14,718 કરોડની જમીનો અને સંપત્તિ સરકારની AIAHLને ટ્રાન્સફર કરાશે
- ✓ **05 વર્ષ સુધી એર ઇન્ડિયાનું નામ અને લોગો બદલી શકાશે નહીં**

**એર ઇન્ડિયાના કર્મચારીઓ માટે શરતો :**
- ✓ 12,085 એર ઇન્ડિયાના કુલ કર્મચારી
- ✓ 8,084 કાયમી કર્મચારી
- ✓ 4,001 કોન્ટ્રાક્ટ અંતર્ગતના કર્મચારી
- ✓ એર ઇન્ડિયાના તમામ કર્મચારીઓને EPFO સાથે સાંકળવા પડશે
- ✓ બીજા વર્ષમાં કર્મચારીઓને વીઆરએસની સુવિધા અપાશે
- ✓ પ્રથમ વર્ષમાં કોઇ કર્મચારીને ટર્મિનેટ કરી શકાશે નહીં

**બીડની પ્રક્રિયા :**

- ✓ ડિસેમ્બર 2021માં મહિના સુધીમાં તાતા સન્સનો એર ઇન્ડિયા પર સંપૂર્ણ કબજો થશે.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, નાણામંત્રી નિર્મલા સીતારામન, વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલ અને નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની બનેલી મંત્રીઓની સમિતિએ 4 ઓક્ટોબરના રોજ મળલી બેઠકમાં એર ઇન્ડિયા ખરીદવા માટેની તાતા સન્સની નિવિદાને મંજૂર કરી હતી.
- ✓ **પ્રક્રિયા કરનાર વિભાગ : ડિપાર્ટમેન્ટ ઓફ ઇનવેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક આસેટ મેનેજમેન્ટ (DIPAM)**
- ✓ સ્પાઇસ જેટનાં અજયસિંહે 15,100 કરોડની બોલી લગાવી હતી. રિઝર્વ પ્રાઇસ 12,906 કરોડની હતી

**જેઆરડી તાતાએ 1932માં સ્થાપના કરી**

- ✓ જેઆરડી તાતાએ 1932માં તાતા એરલાઇન્સની સ્થાપના કરી હતી. 1946માં એર ઇન્ડિયા તરીકે તેનું લિસ્ટિંગ થયું હતું.
- ✓ 1953માં એર ઇન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કરાયું હતું. જો કે તેઓ કંપનીના વડાપદે ચાલુ રહ્યાં હતા.
- ✓ 1977માં દિલ્હીમાં જનતા સરકાર આવી ત્યારે મોરારજી દેસાઇએ તેમને આ પદેથી હટાવી દીધાં હતાં.

**તાતાથી તાતા સુધી એર-ઇન્ડિયાની ઉડ્ડયનયાત્રા**

- ✓ બીજા વિશ્વયુદ્ધ પછીની કારમી મંદીથી બચવા એર ઇન્ડિયાએ શેર ભારત સરકારને વેચ્યા હતા
- ✓ 1953 સુધી એર ઇન્ડિયા તાતાની માલિકીની જ હતી. બીજા વિશ્વયુદ્ધ પછી આખા જગતની વિમાની કંપનીઓ ભયાનક ભીંસમાં હતી ત્યારે દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ એર ઇન્ડિયા સહિત 8 એરલાઇન્સનું રાષ્ટ્રીયકરણ કરીને સરકારી માલિકીની બનાવી લીધી હતી. આજે 68 વર્ષ પછી સરકાર પાસેથી તાતાએ એર ઇન્ડિયા પાછી મેળવી લીધી છે.
- ✓ જવાહરલાલ નહેરુએ એર ઇન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારે જહાંગીર રતનજી દાદાભોય (જે.આર.ડી.) તાતાએ ટકોર કરી હતી કે રાષ્ટ્રીયકરણ કરશો તો અમલદારશાહી હાવી થઇ જશે અને કંપની ટકી નહીં શકે. 68 વર્ષે જે.આર.ડી.ના શબ્દો સાચા પડયા છે.

**પહેલી ફ્લાઇટમાં ટપાલ જ હતી**

- ✓ જે.આર.ડી. તાતાએ 15 ઓક્ટોબર 1932ના રોજ કરાચીથી મુંબઇ પહેલી મુસાફરી કરી ત્યારે વિમાનમાં માત્ર 25 કિલો ટપાલના થેલા હતા. પ્રથમ વર્ષમાં માત્ર 155 મુસાફરો મળ્યા. બાકીની બધી ફ્લાઇટ ટપાલના થેલા માટે જ હતી.

**2. RBI : મહત્વની જાહેરાત-ભારત સરકાર**




**(1) રેપો રેટ (RR) 4 ટકા જ્યારે રિવર્સ રેપોરેટ (RRR) 3.35 ટકા યથાવત**

**(2) ફુગાવાના દરનો અંદાજ :**

- ✓ ભારતીય રિઝર્વ બેન્કે વર્ષ 2021-22ના નાણાકીય વર્ષમાં ફુગાવાના દરનો અંદાજ અગાઉના 5.7 ટકાથી ઘટાડીને 5.3 ટકા કર્યો.

**(3) GDP વૃદ્ધિદર :**

- ✓ ભારતીય રિઝર્વ બેન્કે 2021-22ના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ અગાઉના 9.5 ટકા પર જ યથાવત્ રાખ્યો છે. આરબીઆઇના જણાવ્યા અનુસાર ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથરેટ 7.9 ટકા રહ્યો છે.
- ✓ ભારતીય રિઝર્વ બેન્કે ઓક્ટોબર મહિના માટે દ્વિમાસિક આર્થિક સમીક્ષા જાહેર કરતાં ડિજિટલ ફંડ ટ્રાન્સફરની સુવિધામાં નાગરિકોને મોટી રાહત આપવાનો નિર્ણય કર્યો.

**(4) IMPS- ઇમિજીએટ પેમેન્ટ સર્વિસ**

- ✓ IMPS અંતર્ગત ટ્રાન્સફર થતા નાણાની મર્યાદા રૂપિયા બે લાખથી વધારીને રૂ.5 લાખ કરાઇ.
- ✓ IMPS દેશમાં નાણા ટ્રાન્સફર કરવાની 24 કલાક સુવિધા આપતી મહત્વની પેમેન્ટ સિસ્ટમ.
- ✓ **RBI ગવર્નર : શક્તિકાન્તા દાસ**
- ✓ **મુખ્ય મથક : મુંબઇ**

**3. મેલેરિયાની વેક્સિન : ભારત બાયોટેક**

**ભારતમાં હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક મેલેરિયાની વેક્સિન બનાવશે**




- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ ગ્લેક્સોસ્મિથક્લાઇન કંપનીએ બનાવેલી દુનિયાની પહેલી મોસ્ક્વીરિક્સ મેલેરિયા વેક્સિનને મંજૂરી આપી.
- ✓ ભારતમાં વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણિત મેલેરિયાની રસીને હૈદરાબાદ સ્થિત કંપની ભારત બાયોટેક દ્વારા બનાવવામાં આવશે અને 2029 સુધીમાં આ ભારતીય કંપની આ વેક્સિનની એકમાત્ર ગ્લોબલ મેન્યુફેક્ચરર બની જશે.
- ✓ ભારત બાયોટેકે મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજી માટે ગ્લેક્સો સ્મિથ ક્લાઇન સાથે હાથ મિલાવ્યા છે.

**4. GI ટેગ : વાડા કોલમ ચોખા : મહારાષ્ટ્ર**



- ✓ મહારાષ્ટ્રના પાલઘરના વાડા કોલમ ચોખાને GI ટેગ આપવામાં આવ્યો.

- ✓ કોઇ પ્રોડક્ટ કોઇ એક જગ્યાની યુનિક હોય તો તેની નકલ અટકાવવા GI ટેગ આપવામાં આવે છે. જેમ કે ગુજરાતમાં પાટણના પટોડા, જેમ કે તાલાલાની કેસર.
- ✓ **GI ટેગ : જિયોગ્રાફિક આઇડેન્ટિફિકેશન.**

**5. સ્વદેશ દર્શન યોજના - બુદ્ધિસ્ટ સર્કિટ : કેન્દ્ર સરકાર દ્વારા ભારતના 5 રાજ્યોમાં બુદ્ધિસ્ટ સર્કિટ વિકસાવવા રૂ. 325 કરોડ મંજૂર**

**સર્કિટ માટે સમાવિષ્ટ રાજ્યો :**

- ✓ **ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર અને આંધ્ર પ્રદેશ**




**ગુજરાતના 13 બુદ્ધિસ્ટ સર્કિટનો સમાવેશ**

- ✓ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા જે સ્થળોને સરકીટ હેઠળ આવરી લેવાનું આયોજન છે તેમાં **જૂનાગઢના ઉપરકોટ, બાબા પ્યારેની ગુફાઓ, ખાપરા કોડિયાના મહેલ, અશોકના સ્તંભ માર્ગ, ગીર સોમનાથની સાના ગુફાઓ, પ્રભાસ પાટણ બુદ્ધિસ્ટ ગુફાઓ, ભરૂચનો કડિયા ડુંગર, કચ્છની સિયોત ગુફાઓ, ભાવનગરની તળાજા બુદ્ધિસ્ટ ગુફાઓ, રાજકોટની ખંભાલિડા ગુફાઓ, વડનગરની બુદ્ધિસ્ટ ગુફાઓ, મહેસાણાના તારંગા હિલ ઉપરની બુદ્ધિસ્ટ ગુફાઓ અને મેશ્વો નદીના કિનારે વિકસેલ પ્રાચીન દેવની મોરી** મળીને કુલ તેર સ્થળોનો સમાવેશ થાય છે.

**6. નોબેલ પારિતોષિક 2021 : ક્ષેત્ર-શાંતિ**


**સંયુક્ત વિજેતા અને દેશ :**

**(1) મહિલા પત્રકાર મારિયા રેસ્સા-ફિલિપાઈન્સ**

**(2) પત્રકાર દમિત્રી મુરાતોવ-રશિયા**

**પ્રદાન :**

- ✓ **મારિયા રેસ્સાનું ફિલિપાઈન્સમાં અને દમિત્રી મુરાતોવનું રશિયામાં અભિવ્યક્તિની સ્વતંત્રતાની સુરક્ષાના ભગીરથ પ્રયાસ બદલ સન્માન**




**પરિચય :**

**(1) મારિયા રેસ્સા-ફિલિપાઈન્સ**

- ✓ ફિલિપાઈન્સની મારિયા રેસ્સાએ 2012માં 'રેપલર' નામની ન્યૂઝ વેબસાઇટની સ્થાપના કરી હતી. આ વેબસાઇટે પ્રેસિડેન્ટ રોડ્રિગો ડુટેરેટની સરકારે ચલાવેલા વિવાદાસ્પદ એન્ટિ ડ્રગ કેમ્પેઇનમાં લેવાયેલાં ખૂની પગલાં ઉપર ખાસ ફોકસ કરીને અમાનવીય કૃત્યો ઉજાગર કર્યાં હતાં.
- ✓ પોતાની વેબસાઇટ અને વ્યક્તિગત રીતે મારિયાએ પોતે ખૂબ જહેમત લઇને વિરોધીઓને ત્રાસ આપવા અને લોકોના અસંતોષને ચાલાકીપૂર્વક કોઇ ખાસ દિશામાં વાળવા સોશિયલ મીડિયાનો ફેક ન્યૂઝ પ્રસરાવવા માટે શી રીતે ઉપયોગ થાય છે તેના દસ્તાવેજી પુરાવા ભેગા કર્યા હતા.

**(2) દમિત્રી મુરાતોવ-રશિયા**

- ✓ દમિત્રી મુરાતોવ રશિયાના સ્વતંત્ર અખબાર 'નોવાયા ગેઝેટા'ના સ્થાપકોમાંના એક છે.
- ✓ 1993માં ચાલુ કરવામાં આવેલું આ અખબાર રશિયાનું સૌથી સ્વતંત્ર અખબાર છે. જે હંમેશાં સરકાર માટે કડક ટીકાત્મક અભિગમ અપનાવતું રહે છે.
- ✓ અખબારના નક્કર તથ્ય આધારિત પત્રકારિત્વ અને વ્યવસાયિક પ્રતિબદ્ધતાના કારણે તે રશિયાનું સૌથી વિશ્વાસપાત્ર અખબાર બની રહ્યું.
- ✓ રશિયામાં કડક સેન્સરશિપ ચાલતી હોવાથી અન્ય અખબારો જે માહિતીનો ઉલ્લેખ પણ નહોતા કરતા તે નોવાયા ગેઝેટામાં વિગતવાર પ્રગટ થતી હતી.

**અન્ય વિગત :**

- ✓ કુલ 329 ઉમેદવારોમાંથી મારિયા રેસા અને દિમિત્રી મુરાટોવને નોબેલ શાંતિ પુરસ્કાર 2021 **માટે પસંદ કરાયા**

**ઇનામી રકમ :**

- ✓ **આ પ્રતિષ્ઠિત પુરસ્કાર હેઠળ એક ગોલ્ડ મેડલ અને એક કરોડ સ્વીડિશ ક્રોનર (11.4 લાખ ડોલરથી વધુ રકમ) અપાય છે**
- ✓ **સંસ્થા : નોર્વેજિયન નોબેલ કમિટી .**

**નોબેલ શાંતિ પુરસ્કારના માપદંડ**

- ✓ આ પુરસ્કાર કોઈ એવા સંગઠન કે વ્યક્તિને આપવામાં આવે છે જેમણે રાષ્ટ્રો વચ્ચે ભાઈચારા અને બંધુત્વને વધારવા માટે સર્વશ્રેષ્ઠ કામ કર્યું હોય. ગત વર્ષે આ પુરસ્કાર વિશ્વ ખાધ કાર્યક્રમને આપવામાં આવ્યો હતો.

**7. ભારત-જાપાન : પાંચમી દ્વિપક્ષીય નૌકાદળ કવાયત**

- ✓ સમયગાળો : તારીખ 6 થી 8 ઓક્ટોબર 2021 સ્થળ : અરેબિયન સમુદ્ર

**8. દિન વિશેષ : 8 ઓકટોબર**

**(1) IAFનો 89મો સ્થાપના દિવસ**

- ✓ ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ ખાતેના હિન્ડોન એર ફોર્સ મથકે એર ફોર્સ ડે નિમિત્તે ખાસ એર પરેડ

**વિગત :** ભારતીય વાયુસેનાએ પોતાના 89મા સ્થાપના દિવસની ઉજવણી કરી. 8 ઓક્ટોબર,1932ના દિવસે સંસ્થાનકાળના યુગમાં વાયુસેનાની સ્થાપના થઇ હતી.




- ✓ પોતાના 89મા સ્થાપના દિવસે ભારતીય વાયુસેનાએ 1971ના વીરોને ખાસ અંજલિ આપી.
- ✓ એએન-32 વિમાનમાથી છલાંગ લગાવીને આકાશ ગંગા ટીમે કરતબ કરીને બધાને દંગ કરી દીધા હતા.
- ✓ તેજસ, ચિનોક હેલિકોપ્ટર, સી-17 લડાયક વિમાન સહિતના વિમાનોએ આકાશમાં ઉડાન ભરીને કરતબ બતાવ્યા હતા. રાફેલની ઘરેરાટી પણ સાંભળવા મળી હતી.
- ✓ આ પ્રસંગે એર ચીફ માર્શલ વી આર ચૌધરી, નૌકાદળના વડા એડમિરલ કરમવીરસિંહ, સૈન્ય વડા જનરલ મનોજ મુકુન્દ નરવણે અને સીડીએસ જનરલ બિપિન રાવત પણ ઉપસ્થિત રહ્યા હતા.

**IAFનો ઈતિહાસ અને વર્તમાન તાકાત**

- ✓ 89 વર્ષ પહેલાં આજના દિવસે એટલે કે 8 ઓક્ટોબર 1932ના દિવસે ઈન્ડિયન એરફોર્સની સ્થાપના થઈ હતી.
- ✓ ત્યારે નામ 'રોયલ ઈન્ડિયન એરફોર્સ' હતું.
- ✓ 1 એપ્રિલ 1933ના દિવસે સ્ક્વોડ્રનની રચના થઈ.
- ✓ જેમાં રોયલ ઈન્ડિયન એરફોર્સની તાલીમ પામેલા છ પાયલટ અને 19 હવાઈ સિપોય (સૈનિકો)ની નિમણુંક કરવામાં આવી હતી.
- ✓ આજે ઈન્ડિયન એરફોર્સમાં 35 જેટલી સ્ક્વોડ્રન
- ✓ **ભારત વિશ્વના ચોથા ક્રમનું વાયુદળ ધરાવે છે.**




વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (08-10-2021)

**1.** ઓક્ટોબર 2021માં ભારત સરકારની માલિકીની એરલાઇન્સ ઇન્ડિયા તાતા જૂથે ખરીદી તે બાબતે ક્યા વિધાન/વિધાનો સાચુ/સાચા છે

1. તાતા સન્સે રૂ. 18,000 કરોડની બોલી લગાવીને એર ઇન્ડિયાનો 100 ટકા હિસ્સો મેળવ્યો
2. સરકારની રિઝર્વ પ્રાઇઝ રૂ. 12,909 કરોડ હતી
3. 5 વર્ષ સુધી એર ઇન્ડિયાનું નામ-લોગો બદલી શકાશે નહીં
4. એર ઇન્ડિયાના તમામ કર્મચારીઓને EPFO સાથે સાંકળવા પડશે
5. ડિસેમ્બર 2021માં મહિના સુધીમાં તાતા સન્સનો એર ઇન્ડિયા પર સંપૂર્ણ કબજો થશે

(A) માત્ર 2 અને 5 (B) માત્ર 1 અને 4
(C) માત્ર 2 અને 3 **(D) આપેલ પૈકી તમામ**

**2.** એર ઇન્ડિયાની બીડની પ્રક્રિયા માટે બનાવેલી કેન્દ્રીય મંત્રીઓની કમિટીમાં કોનો સમાવેશ થાય છે

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ 2. નાણામંત્રી નિર્મલા સીતારામન
3. વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલ
4. નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા

(A) માત્ર 4 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**3.** તા.8 ઓકટોબર 2021ના રોજ RBI દ્વારા કરાયેલી મહત્વની જાહેરાતોમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. રેપો રેટ (RR) 4 %, રિવર્સ રેપોરેટ (RRR) 3.35 % યથાવત
2. વર્ષ 2021-22ના નાણાકીય વર્ષમાં ફુગાવાના દરનો અંદાજ અગાઉના 5.7 ટકાથી ઘટાડીને 5.3 ટકા કર્યો
3. 2021-22ના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ અગાઉના 9.5 ટકા પર જ યથાવત્ રાખ્યો
4. IMPS અંતર્ગત ટ્રાન્સફર થતા નાણાની મર્યાદા રૂપિયા બે લાખથી વધારીને રૂપિયા પાંચ લાખ કરાઇ

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**4.** શાંતિના નોબેલ પારિતોષિક 2021 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન/વિધાનો યોગ્ય છે

1. સંયુક્ત વિજેતા અને દેશ : (1) મહિલા મારિયા રેસ્સા-ફિલિપાઇન્સ તથા (2) દમિત્રી મુરાતોવ-રશિયા
2. પ્રદાન : બંને પત્રકારે ફિલિપાઇન્સ અને રશિયામાં અભિવ્યક્તિની સ્વતંત્રતાની સુરક્ષા માટે ભગીરથ પ્રયાસ બદલ સન્માન
3. ફિલિપાઇન્સની મારિયા રેસ્સાએ 2012માં 'રેપલર' નામની ન્યૂઝ વેબસાઇટની સ્થાપના કરી હતી
4. દમિત્રી મુરાતોવ રશિયાના સ્વતંત્ર અખબાર 'નોવાયા ગેઝેટા'ના સ્થાપકોમાંના એક

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 4
(C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**5.** ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ ખાતેના હિન્ડોન એર ફોર્સ મથકે એર ફોર્સ ડે 2021 નિમિતે યોજાયેલ ખાસ એર પરેડમાં ક્યા મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા

1. એર ચીફ માર્શલ વી આર ચૌધરી
2. નૌકાદળના વડા એડમિરલ કરમવીરસિંહ
3. સૈન્ય વડા જનરલ મનોજ મુકુન્દ નરવણે
4. સીડીએસ જનરલ બિપિન રાવત

(A) 1 અને 2 (B) માત્ર 3 (C) માત્ર 4 **(D) આપેલ પૈકી તમામ**

**6.** તાજેતરમાં WHO દ્વારા ગ્લેક્સોસ્મિથક્લાઇન કંપનીએ બનાવેલી દુનિયાની પહેલી મોસ્ક્વીરિક્સ મેલેરિયા વેક્સિનને મંજૂરી આપી જે સંદર્ભે ભારતમાં કઈ કંપની આ રસીનું ઉત્પાદન કરશે

(A) ઝાયડસ કેડિલા **(B) ભારત બાયોટેક**
(C) ટોરેન્ટ ફાર્મા (D) સિરમ ઈન્સ્ટિટ્યૂટ

**7.** તાજેતરમાં વાડા કોલમ ચોખાને જિયોગ્રાફિક આઇડેન્ટિફિકેશન ટેગ અપાયો તે ક્યા રાજ્યમાં જોવા મળે છે

(A) પશ્ચિમ બંગાળ (B) ઉત્તરપ્રદેશ
(C) તામિલનાડુ **(D) મહારાષ્ટ્ર**

8. ઓક્ટોબર 2021માં કેન્દ્ર સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અંતર્ગત ભારતના 5 રાજ્યોમાં બુદ્ધિસ્ટ સર્કિટ વિકસાવવા કેટલા કરોડ મંજૂર કરાયા
(A) રૂ. 300 કરોડ **(B) રૂ.325 કરોડ**
(C) રૂ. 350 કરોડ (D) રૂ. 375 કરોડ

9. ઓક્ટોબર 2021માં કેન્દ્ર સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અંતર્ગત ભારતના ક્યા રાજ્યોમાં બુદ્ધિસ્ટ સર્કિટ વિકસાવવા કેટલા રૂ. 325 કરોડ મંજૂર કરાયા
(A) ગુજરાત તથા મધ્યપ્રદેશ (B) ઉત્તરપ્રદેશ તથા બિહાર
(C) આંધ્ર પ્રદેશ **(D) આપેલ પૈકી તમામ**

10. ભારત-જાપાન વચ્ચે તારીખ 6 થી 8 ઓક્ટોબર 2021 દરમિયાન અરેબિયન સમુદ્રમાં કેટલામી દ્વિપક્ષીય નૌકાદળ કવાયત યોજાઇ
(A) ત્રીજી (B) ચોથી **(C) પાંચમી** (D) છઠ્ઠી

11. 8 ઓક્ટોબર-2021ના રોજ ઈન્ડિયન એરફોર્સનો કેટલામો સ્થાપના દિવસ મનાવવામાં આવ્યો
(A) 84 (B) 86 **(C) 89** (D) 92

12. 8 ઓક્ટોબર 1932ના રોજ ઈન્ડિયન એરફોર્સની સ્થાપના વેળાએ IAFનું નામ શુ હતુ
(A) બ્રિટિશ ઈન્ડિયન એરફોર્સ **(B) રોયલ ઈન્ડિયન એરફોર્સ**
(C) ગ્રેટ ઈન્ડિયન એરફોર્સ (D) ઈન્ડિયન એરફોર્સ

**DATE : 09-10-2021**

**1. નિમણૂક : ગુજરાત હાઇકોર્ટના 27માં ચીફ જસ્ટિસ તરીકે અરવિંદ કુમારની પસંદગી**



- ✓ શ્રી અરવિંદકુમાર અગાઉ કર્ણાટકના જસ્ટિસ તરીકે 12 વર્ષથી કાર્યરત
- ✓ ગુજરાત હાઇકોર્ટ-અમદાવાદ

**2. નિધન : ઉર્દુ અને ગુજરાતી સાહિત્યકાર સૈયદ અબ્દુલ અઝીઝ કાદરીનું 89 વર્ષની જૈફ વયે અવસાન**

**અઝીઝ કાદરીનું પ્રદાન :**

- ✓ 'કરે ફરિયાદ ના મિત્રો કે આમંત્રણ નથી આપ્યું 'અઝીઝ' અંતિમ પ્રવાસે જાય છે આજે ખબર કરજો' સૈયદ અબ્દુલ અઝીઝ કાદરીની આ રચના હંમેશા ગુજરાતી સાહિત્ય જગતમાં અમર રહેશે.

**પરિચય :**

- ✓ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ઉર્દુ સાહિત્ય જગતને પોતાની લેખનશૈલીથી સમૃદ્ધ બનાવનાર શહેરના પ્રખ્યાત શાયર, કવિ, લેખક, વિવેચક અને સાહિત્યકાર સૈયદ અબ્દુલ અઝીઝ કાદરીનું ટુંકી માંદગી બાદ 89 વર્ષની જૈફ વયે નિધન થયું.
- ✓ તેમનો જન્મ વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારના મોગલવાડામાં તા. 26 ઓક્ટોબર ઈ.સ.1933માંના રોજ થયો હતો. તેમણે મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો.
- ✓ સમગ્ર ગુજરાતમાં તેઓ એક માત્ર એવાં સાહિત્યકાર અને ફનકાર હતાં જેઓ 'સનઅત-એ-આદાદ'ના જાણકાર હતાં. એટલે કે મૂળાક્ષરોની આંકડાકીય કીંમત પરથી કોઇ શબ્દની તારીફ કરવી.

**3. નવી હેલિકોપ્ટર નીતિ-2021 જાહેર :**

**ઉડ્ડયન મંત્રાલય-ભારત સરકાર**



**નવી હેલિકોપ્ટર નીતિ વિશે :**

- ✓ આ નવી પોલિસીમાં ભારતના 10 શહેરોમાં 82 રૂટ ઉપર હેલિકોપ્ટર કોરીડોર વિકસિત કરવાનુ આયોજન રજૂ થયુ. જેમાં ગુજરાતમાં અમદાવાદ- ગાંધીનગર વચ્ચે હેલિકોપ્ટર સેવા શરૂ કરવાની જાહેરાત થઈ.

**દેશમાં ઉપલબ્ધ અન્ય હેલિકોપ્ટર સેવાઓ :**

- ✓ દેશમાં ત્રણ એક્સપ્રેસ વે ઉપર હેલિપોર્ટ્સ ડેવલપ કરાશે. જેમાં દિલ્હી- મુંબઈ એક્સપ્રેસ- વે, અંબાલા- કોટપુલી અને અંબાલા- ભટિંડા- જામનગર એક્સપ્રેસ- વેનો સમાવેશ.
- ✓ આ ત્રણેય એક્સપ્રેસ- વે ઉપર આકાર પામનનારા હેલિપેડનો ઉપયોગ મેડિકલ ઈમરજન્સીની સ્થિતિમાં તેમજ અકસ્માત સમયે પીડિતોને હેલિકોપ્ટરની મદદથી તત્કાળ હોસ્પિટલમાં પહોંચાડવા માટે થશે.
- ✓ દેશમાં 10 શહેરોથી આ સેવાની શરૂઆત થશે. જેની શરૂઆત મુબંઈના જુહૂ-પૂના-જુહૂ, મહાલક્ષ્મી-રેસકોર્સ-પૂના, ગાંધીનગર-અમદાવાદ - ગાંધીનગર રૂટથી થશે.
- ✓ ઉડ્ડયન મંત્રાલય દ્વારા એક હેલિકોપ્ટર એક્સેલરેશન સેલ સ્થપાશે.
- ✓ **જાહેરાત : ઉડ્ડયન મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા**
- ✓ **હેલિ સમિટ-2021: દેહરાદુન, ઉત્તરાખંડ**

**4. કેન્દ્ર સરકારના કાયદા મંત્રાલય દ્વારા 8 રાજ્યોના હાઇકોર્ટના ચીફ જસ્ટિસની નિયુક્તિ**

**હાઇકોર્ટ અને ચીફ જસ્ટિસ :**

1. **અલ્હાબાદ હાઇકોર્ટ : રાજેશ બિંદલ**
2. **મેઘાલય હાઇકોર્ટ : રણજીત મોરે**
3. **તેલંગાણા : સતીષચન્દ્ર શર્મા**
4. **કલકત્તા હાઇકોર્ટ : પ્રકાશ શ્રીવાસ્તવ**
5. **મધ્યપ્રદેશ હાઇકોર્ટ : આર.વી મલ્લીમથ**
6. **કર્ણાટક હાઇકોર્ટ : રીતુ રાજ અવસ્થી,**
7. **આંધ્રપ્રદેશ હાઇકોર્ટ : પ્રશાંત કુમાર મિશ્રા**
8. **ગુજરાત હાઇકોર્ટ : અરવિંદકુમાર**

- ✓ નવી નિયુકતિ પૈકી 5 ચીફ જસ્ટિસની અન્ય રાજયમાં ચીફ જસ્ટિસ તરીકે બદલી કરાઇ.

**5. ભારત - ડેન્માર્ક સંબંધો : ડેન્માર્કના PM મેટ ફ્રેડરિકસન ત્રણ દિવસના ભારત પ્રવાસે**

**ભારતના વડાપ્રધાન શ્રી મોદી અને ડેન્માર્કના વડાપ્રધાન વચ્ચે દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે દ્વિપક્ષીય બેઠક**



**મુખ્ય એજન્ડા :**

- ✓ રીન્યૂએબલ, પર્યાવરણ, "અર્થતંત્ર, વીજ્ઞાન અને ટેક્નોલોજીમાં સહકાર વધારવા ઉપર તથા સ્વચ્છ અને પર્યાવરણ-પોષક માર્ગે વ્યાપાર અને વિકાસને પ્રાથમિક્તા આપવા કાયદા આધારીત આંતરરાષ્ટ્રીય સિસ્ટમ ઊભી કરવા પર વિશેષ ભાર મુક્યો.

**6. દિન વિશેષ : 09 ઓકટોબર**

**વિશ્વ પોસ્ટ દિવસ**

- ✓ **થીમ 2021 : innovate to recover**




**7. જન્મ દિન વિશેષ : 9 ઓક્ટોબર**

**વંચિતલક્ષી સર્જક: જોસેફ મેકવાન**

**જન્મ : 9 ઓક્ટોબર 1936 અવસાન : 28 માર્ચ 2010**

- ✓ ગુજરાતી ભાષાના અને એમાં પણ દલિત સાહિત્યના સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર જોસેફ મેકવાનનો જન્મ: આણંદ તાલુકાના ત્રણોલીમાં થયો હતો.



- ✓ વતન: ઓડ, આણંદ
- ✓ પૂરું નામ: જોસેફ ઇગ્નાસ મેકવાન
- ✓ તેમનું સર્વ પ્રથમ મૌલિક પ્રકાશન – ગેંગડીના ફૂલ
- ✓ નવલકથાઓ – આંગળિયાત, મારી પરણેતર, લક્ષ્મણની અગ્નિપરીક્ષા, બીજ-ત્રીજના તેજ, દરિયા, પ્રીત પ્રમાણી પગલે પગલે
- ✓ વાર્તા– વ્યથાનાં વીતક, વ્હાલનાં વલખાં, સાધનાની આરાધના
- ✓ ચરિત્રકથા – મારી ભિલ્લુ
- ✓ 'આંગળિયાત' (1986) વણકર અને પટેલ કોમના વર્ગસંઘર્ષને કેન્દ્રમાં રાખી સામાજિક દ્વેષ અને સંઘર્ષને દલિત દ્રષ્ટિ-કોણથી ઉપસાવતી જાનપદી નવલકથા છે. આ ગુજરાતીની પ્રથમ દલિત નવલકથા જેનું અનેક ભાષાઓમાં ભાષાંતર થયું છે.
- ✓ 1985 – ગુજરાત સાહિત્ય પરિષદના બે પુરસ્કાર
- ✓ 1987 – ક.મા.મુન્શી એવોર્ડ
- ✓ 1989 – આંબેડકર એવોર્ડ
- ✓ 1989 – સાહિત્ય અકાદમી , દિલ્હીનો પુરસ્કાર અમદાવાદ

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (09-10-2021)

**1.** ઓક્ટોબર 2021માં ઉડ્ડયન મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી નવી હેલિકોપ્ટર નીતિ-2021માં નીચેના ક્યા વિધાન/વિધાનોનો સમાવેશ થાય છે

1. ઉત્તરાખંડના દેહરાદુન ખાતે હેલિ સમિટ-2021માં જાહેરાત
2. ભારતના 10 શહેરોમાં 82 રૂટ ઉપર હેલિકોપ્ટર કોરીડોર વિકસિત કરવાનુ આયોજન
3. ગુજરાતમાં અમદાવાદ- ગાંધીનગર વચ્ચે હેલિકોપ્ટર સેવા શરૂ કરવાની જાહેરાત
4. દેશમાં ત્રણ દિલ્હી- મુંબઇ એક્સપ્રેસ- વે, અંબાલા- કોટપુલી અને અંબાલા- ભટિંડા- જામનગર એક્સપ્રેસ- વે ઉપર હેલિપોર્ટ્સ ડેવલપ કરાશે
5.ઉડ્ડયન મંત્રાલયે એક હેલિકોપ્ટર એક્સેલરેશન સેલ સ્થપાશે

(A) 1 3 અને 5 (B) 2 અને 4 (C) 3 4 અને 5 **(D) આપેલ તમામ**

**2.** કેન્દ્ર સરકારના કાયદા મંત્રાલય દ્વારા ઓક્ટોબર 2021માં 8 રાજ્યોના હાઇકોર્ટના ચીફ જસ્ટિસની નિયુક્તિ કરાઇ તેમાં કોનો સમાવેશ થાય છે

1. અલ્હાબાદ હાઇકોર્ટ : રાજેશ બિંદલ તથા મેઘાલય હાઇકોર્ટ : રણજીત મોરે
2. તેલંગાણા : સતીષચન્દ્ર શર્મા તથા કલકત્તા હાઇકોર્ટ : પ્રકાશ શ્રીવાસ્તવ
3. મધ્યપ્રદેશ હાઇકોર્ટ : આર.વી મલ્લીમથ તથા કર્ણાટક હાઇકોર્ટ : રીતુ રાજ અવસ્થી
4. આંધ્રપ્રદેશ હાઇકોર્ટ : પ્રશાંત કુમાર મિશ્રા તથા ગુજરાત હાઇકોર્ટ : અરવિંદકુમાર

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 1 2 અને 3 **(D) આપેલ તમામ**

**3.** ભારત સરકારના કાયદા મંત્રાલય દ્વારા ઓક્ટોબર 2021માં ગુજરાત હાઇકોર્ટના કેટલામાં ચીફ જસ્ટિસ તરીકે કોની પસંદગી કરાઇ

(D) નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ-અમદાવાદ

**7.** કયા દેશમાં સૌપ્રથમવાર હિન્દુ મતદારોને મજબૂત વોટબેન્ક તરીકે એકજૂટ કરવા હિન્દુ ડેમોક્રેટિક ગઠબંધન તૈયાર કરાશે

(A) કેનેડા **(B) USA** (C) UK (D) ઓસ્ટ્રેલિયા

**8.** ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે ક્યારે મનાવવામાં આવે છે

(A) 9 ઓક્ટોબર (B) 11 ઓક્ટોબર

**(C) 15 ઓક્ટોબર** (D) 17 ઓક્ટોબર

**9.** ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે 2021ની થીમ જણાવો

**(A) Our Future is at Hand - Let's Move Forward Together**

(B) My Future is at Hand - Let's Move Forward Together

(C) Let's Move Forwarded Together-Our Future Hand

(D) Our Future is at Move Forward Together

**10.** ભારતમાં કઇ તિથિએ વિજયાદશમી-દશેરા પર્વની ઉજવણી કરવામાં આવે છે

**(A) આસો સુદ દશમ** (B) આસો વદ દશમ

(C) શ્રાવણ સુદ દશમ (D) શ્રાવણ સુદ દશમ

**11.** ગુજરાતી સાહિત્યકાર, કેળવણીકાર અને સંનિષ્ઠ રાજકારણી મનુભાઈ રાજારામ પંચોળીનું ઉપનામ જણાવો

(A) સુંદરમ (B) સ્નેહરશ્મિ **(C) દર્શક** (D) ધૂમકેતુ

**12.** ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામનો જન્મ દિવસ જણાવો

(A) 15 ઓક્ટોબર 1930 **(B) 15 ઓક્ટોબર 1931**

(C) 15 ઓક્ટોબર 1933 (D) 15 ઓક્ટોબર 1935

## DATE : 16-10-2021

### 1. નિધન : ભારતના અંડર-19 ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરાષ્ટ્રના અવી બારોટનું 29 વર્ષે હૃદયરોગના હુમલાથી મૃત્યુ




- ✓ નિધન : અમદાવાદ જન્મ : 29-06-1992
- ✓ અવસાન : 15-10-2021
- ✓ કારકિર્દી : ગુજરાત, હરિયાણા, સૌરાષ્ટ્ર ટીમ વતી ખેલાડી તરીકે રમ્યા હતા.

### 2. ખેલકૂદ : ક્રિકેટ ઇન્ડિયાના મુખ્ય કોચ તરીકે રાહુલ દ્રવિડની પસંદગી



- ✓ ઉપનામ : ધ વોલ
- ✓ કાર્યકાળ 14મી નવેમ્બર 2021થી વર્ષ 2023 સુધી

**અન્ય નિમણૂક :**

- ✓ બોલિંગ કોચ : પારસ મ્હામ્બ્રે
- ✓ બેટ્સમેન કોચ તરીકે વિક્રમ રાઠોર યથાવત

### 3. NASA - USA : 12 વર્ષ ચાલનારું નાસાનું 'લૂસી એસ્ટ્રોઇડ સ્પેસક્રાફ્ટ' લોન્ચ

- ✓ સ્થળ : કેપ કેનવરેલ, USA

**મુખ્ય હેતુ :** સૂર્યમંડળની ઉત્પતિના રહસ્ય ઉકેલવા




**અભ્યાસ-સંશોધન વિશે :**

- ✓ 'લૂસી એસ્ટ્રોઇડ સ્પેસક્રાફ્ટ' એટલસ વી રોકેટ થકી મોકલાયું, જે 6.3 અબજ કિ.મી. પ્રવાસ કરશે.
- ✓ **આ નાસાનું પહેલું અંતરિક્ષ યાન હશે, જે ગુરુ ગ્રહના ટ્રોજન એસ્ટ્રોઇડનો ખાસ અભ્યાસ કરશે. ટ્રોજન વિશે કહેવાય છે કે, તે ગ્રહોના નિર્માણમાં બચેલો બહુ પ્રાચીન અવશેષ છે.**
- ✓ ટ્રોજન નામ ગ્રીક મિથાસના ચરિત્રમાંથી આવ્યું છે. આ એસ્ટ્રોઇડ સૂર્યના ચક્કર એકસાથે લગાવે છે, પરંતુ તેમની કક્ષા એ જ હોય છે, જે ગુરુની હોય છે. તેમાંથી એક જૂથ ગુરુની આગળ અને બીજું તેની પાછળ હોય છે.

### 4. ખેલકૂદ : T-20 વર્લ્ડ કપ-2021 : પ્રારંભ : 17 ઓક્ટોબર 2021થી




**કાર્યક્રમ :**

- ✓ સુપર-12 મુકાબલાનો પ્રારંભ તા.23 ઓક્ટોબરથી
- ✓ કુલ 16 ટીમો વચ્ચે કુલ 45 મુકાબલા
- ✓ ફાઇનલ મેચ : 14 નવેમ્બર 2021
- ✓ યજમાન : ભારત પણ મેચ રમાશે - ઓમાન – UAE

**5. ખેલકૂદ : SAFF ચેમ્પિયનશિપ-2001**

- ✓ **વિજેતા :** ભારત (આઠમી વાર વિજેતા)
- ✓ **ઉપવિજેતા :** નેપાળ
- ✓ **યજમાન :** માલે, માલદિવ
- ✓ **ભારતીય કેપ્ટન :** સુનિલ છેત્રીએ 80 ગોલ સાથે લાયનોલ મેસ્સીની બરોબરી કરી
- ✓ **SAFF : સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન**

**6. દિન વિશેષ : 16 ઓક્ટોબર**

**(1) વિશ્વ ખાદ્ય દિવસ FAOનો 76મો સ્થાપના દિવસ**

- ✓ **થીમ-2021 : "Safe food now for a healthy tomorrow"**
- ✓ ઉજવણી : UN-FAO : યુનાઇટેડ નેશન્સ - ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન
- ✓ FAO - વડુ મથક : રોમ, ઇટાલી

**(2) વિશ્વ સ્પાઈન (મણકા) ડે**

**થીમ-2021 : back 2 back**

**7. જન્મ દિન વિશેષ : 16 ઓક્ટોબર**

**રાષ્ટ્રવીર : છેલભાઈ દવે**

**જન્મ : 16 ઓક્ટોબર 1889 અવસાન : 1956**

- ✓ સૌરાષ્ટ્રના સાવજ તરીકે પ્રસિદ્ધ થયેલા છેલભાઇ દવેનો વઢવાણમાં જન્મ થયો.
- ✓ 18 વર્ષની વયે ધ્રાંગધ્રા રાજ્યના સૈન્યમાં જોડાયા અને રાજ્યને બહારવટિયાના ત્રાસમાંથી મુક્તિ અપાવી.
- ✓ છેલભાઇ દવેએ બહારવટિયાઓને બાહુબળથી નહિ પણ હ્રદયપરિવર્તનના જોરે પલટાવ્યા હતા.
- ✓ પોલીસ અધિકારી તરીકે છેલભાઇએ અનેક ગુનાઓના ભેદ પણ ઉકેલ્યા હતા.
- ✓ પોતે દેશી રજવાડાના અધિકારી હોવા છતાં દેશની આઝાદીની લડતમાં કામ કરતા ક્રાંતિકારીઓને આશ્રય આપવાનું કામ પણ તેઓ કરતા હતા.
- ✓ 1938માં રાજકોટ સત્યાગ્રહ અને 1939માં ભાવનગરમાં સરદાર પટેલ પર થયેલા હુમલા વખતે છેલભાઇ દવેની પ્રવૃત્તિઓ પ્રશંસનીય રહી
- ✓ સરદાર પટેલે તેઓને 'રાષ્ટ્રવીર' તરીકે નવાઝ્યા હતા.
- ✓ 1956માં તેમનું અવસાન થયુ હતુ
- ✓ તેમના જીવન પર ગુજરાતી ફિલ્મ પણ બની છે.
- ✓ દુલા ભાયા કાગે લખ્યું છે કે "પરથમ રાણો સંગ, દુજો ખેલ્યો પ્રતાપ ખેલ, શિવાજી ત્રીજો સતારે, ચોથો શૂરવીર છેલ"

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (16-10-2021)**

**1.** ઓક્ટોબર 2021માં અમેરિકાની અવકાશ સંસ્થા NASA દ્વારા લોન્ચ કરાયેલા 'લૂસી એસ્ટ્રોઇડ સ્પેસક્રાફ્ટ' બાબતે નીચેનામાંથી કઇ બાબત/બાબતો યોગ્ય છે

1. મુખ્ય હેતુ : સૂર્યમંડળની ઉત્પતિના રહસ્ય ઉકેલવા
2. આ મિશન 12 વર્ષ સુધી કાર્યરત રહી 6.3 અબજ કિ.મી. પ્રવાસ કરશે
3. આ નાસાનું પહેલું અંતરિક્ષ યાન હશે, જે ગુરુ ગ્રહના ટ્રોજન એસ્ટ્રોઇડનો ખાસ અભ્યાસ કરશે
4. કેપ કેનવરેલ, USAથી એટલસ વી રોકેટ થકી'લૂસી એસ્ટ્રોઇડ સ્પેસક્રાફ્ટ' લોન્ચ કરાયું

(A) 1 અને 2 (B) માત્ર 3 (C) માત્ર 4 **(D) આપેલ તમામ**

**2.** તાજેતરમાં યોજાયેલી SAFF ચેમ્પિયનશિપ-2001માં નીચેની કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. વિજેતા : ભારત (8મી વાર વિજેતા), ઉપવિજેતા : નેપાળ
2. યજમાન : માલે, માલદિવ
3. ભારતીય કેપ્ટન : સુનિલ છેત્રીએ 80 ગોલ સાથે લાયનોલ મેસ્સીની બરોબરી કરી

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ પૈકી તમામ**

**3.**તા. 15-10-2021ના રોજ ભારતના અંડર-19 ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન એવા સૌરાષ્ટ્રના ક્યા 29 વર્ષીય ખેલાડીનું હ્રદયરોગના હુમલાથીના હુમલાથી નિધન થયુ

(A) લક્ષ્મણ બારોટ (B) રવિન્દ્ર બારોટ
(C) અવી બારોટ (D) રાહુલ બારોટ

**4.** ઓક્ટોબર 2021માં ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે કોની પસંદગી કરાઇ

(A) સૌરવ ગાંગુલી **(B) રાહુલ દ્રવિડ**
(C) સચિન તેંડુલકર (D) વીવીએસ લક્ષ્મણ

**5.** ઓક્ટોબર 2021માં ભારતીય ક્રિકેટ ટીમના બોલિંગ કોચ તથા બેટ્સમેન કોચ તરીકે કોની પસંદગી કરાઇ

(A) ઋષિકેશ કાનિટકર તથા આકાશ ચોપરા
**(B) પારસ મ્હામ્બ્રે તથા વિક્રમ રાઠોર**
(C) ઈરફાન પઠાણ તથા સંજય બાંગર
(D) જવાગલ શ્રીનાથ તથા સુનિલ ગ્રાવસ્કર

**6.** ક્યા પૂર્વ ક્રિકેટરને ધ વૉલ તરીકે ઓળખવામાં આવે છે

(A) સૌરવ ગાંગુલી **(B) રાહુલ દ્રવિડ**
(C) સચિન તેંડુલકર (D) વીવીએસ લક્ષ્મણ

**7.** તા. 17 ઓક્ટોબર 2021થી શરૂ થયેલા T-20 વર્લ્ડ કપ-2021માં કેટલી ટીમ વચ્ચે કેટલા મેચ યોજાશે - 16 ટીમ તથા 45 મુકાબલા

(A) 11 ટીમ તથા 33 મુકાબલા (B) 12 ટીમ તથા 35 મુકાબલા
(C) 14 ટીમ તથા 40 મુકાબલા **(D) 16 ટીમ તથા 45 મુકાબલા**

**8.** 16 ઓક્ટોબરના રોજ FAOના સ્થાપના દિવસને ક્યા દિવસ તરીકે મનાવવામાં આવે છે

**(A) વિશ્વ ખાદ્ય દિવસ** (B) વિશ્વ ખાદ્યાન્ન સંકટ દિવસ
(C) વિશ્વ ભૂખમરા દિવસ (D) આપેલ પૈકી એક પણ નહીં

**9.** વિશ્વ ખાધ દિવસ-2021ની થીમ જણાવો
(A) Sure food now for a healthy tomorrow
(B) Safe food now for a healthy today
**(C) Safe food now for a healthy tomorrow**
(D) Safe food today for a healthy tomorrow

**10.** વિશ્વ સ્પાઈન (મણકા) ડે ક્યારે ઉજવવામાં આવે છે
(A) 14 ઓક્ટોબર (B) 15 ઓક્ટોબર
**(C) 16 ઓક્ટોબર** (D) 17 ઓક્ટોબર

**11.** વિશ્વ સ્પાઈન (મણકા) ડે-2021ની થીમ જણાવો
(A) back 2 Again (B) back 2 Remove
(C) back 2 Safe **(D) back 2 back**

**12.** સૌરાષ્ટ્રના સાવજ-રાષ્ટ્રવીર છેલભાઈ દવેનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો
(A) 17 ઓક્ટોબર 1898 તથા વઢવાણ
**(B) 16 ઓક્ટોબર 1889 તથા વઢવાણ**
(C) 15 ઓક્ટોબર 1885 તથા વઢવાણ
(D) 14 ઓક્ટોબર 1879 તથા વઢવાણ

## DATE : 17-10-2021

### 1. ભારતનું સૌપ્રથમ આલ્કોહોલ મ્યુઝિયમ : ગોવા : સ્થાન - કેન્ડોલિમ બીચ

✓ નામ : ઓલ અબાઉટ આલ્કોહોલ




**વિષેશતાઓ :**

✓ ગોવાના ઉધોગપતિ અને કલેક્ટરે ગોવાની અનોખી સંસ્કૃતિથી લોકોને અવગત કરાવવા માટે આ પ્રકારનું મ્યુઝિયમ શરૂ કર્યુ છે. તેની સાથે-સાથે ભારતમાં પણ આલ્કોહોલ પર સૌપ્રથમ મ્યુઝિયમ અસ્તિત્વમાં આવ્યું છે.
✓ ગોવામાં સદીઓ જૂની આલ્કોહોલની બોટલ્સ, ગ્લાસીસ અને તેના ઉત્પાદનના સાધનો ધરાવતું મ્યુઝિયમ કેન્ડોલિમની વિગત આ મ્યુઝિયમમાં પ્રદર્શન માટે મૂકાઈ છે.
✓ તેમા પણ ખાસ કરીને સ્થાનિક પીણા ફેણીનું વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે. ફેણીના વિકાસની ગાથા તેમા દર્શાવવામાં આવી.

**હેતુ :**

✓ આ પ્રકારનું મ્યુઝિયમ બનાવવા પાછળનો હેતુ ગોવાના સમૃદ્ધ વારસાને વિશ્વ સમક્ષ દર્શાવવાનો.
✓ **હેરિટેજ ડ્રિન્ક :** ફેણી
✓ 2016માં સરકારે ફેણીને હેરિટેજ ડ્રિન્ક જાહેર કર્યું.
✓ ઘણી સંસ્કૃતિઓ આ પ્રકારના પીણા તેનું આગવુ સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે. વ્યું તેનું ઉદાહરણ શેમ્પેઇન અને વોડકા છે.
✓ 1950ના દાયકામાં પીવાતી ફેણીની વિવિધ પ્રકારની બોટલ્સ, ગ્લાસવેર, સદીઓ જૂના વૂડન ડિસ્પેન્સર્સ અને તેની સાથે પ્રવાસીઓને સ્થાનિક સ્તરે આ લોકપ્રિય પીણાની વિગતોથી માહિતગાર પણ કરવામાં આવ્યા છે.
✓ **મ્યુઝિયના સ્થાપક :** નંદન કુડચાડકરે
✓ રાજધાની : પણજી

### 2. ખેલકૂદ : ભારતીય ફૂટબોલ ટીમના મુખ્ય કોચ - ઈગોર સ્ટીમક




✓ SAFF 2021માં ભારતને વિજય અપાવવામાં મહત્વની ભૂમિકા

### 3. હાઇપર સોનિક મિસાઈલ વિશે




✓ હાઇપરસોનિક મિસાઇલ્સ પારંપરિક બેલિસ્ટિક મિસાઇલની જેવી જ હોય છે. તે પરમાણુ હથિયારોનું વહન કરવા સક્ષમ હોય છે અને તેની ઝડપ અવાજ કરતાં પાંચ ગણી હોય છે.
✓ બેલેસ્ટિક મિસાઇલ્સ પોતાના લક્ષ સુધી પહોંચવા માટે એક ચાપમાં અંતરિક્ષમાં ઉડાન ભરે છે. જ્યારે હાઇપરસોનિક મિસાઇલ વાયુમંડળના નીચલા હિસ્સામાં જઇને વધારે તેજ ગતિથી પોતાના ટાર્ગેટ સુધી પહોંચી જાય છે.

### 4. થ્રી સ્ટેપ રોડમેપ સમજૂતી :

**ચીન અને ભૂતાન વચ્ચે સરહદી વિવાદો ઉકેલવા માટેની સમજૂતી**

**સમજૂતી વિશે :**

✓ ચીન અને ભૂતાને એવું નક્કી કર્યું છે કે, ત્રણ સ્ટેપમાં આપણે સીમા વિવાદો ઉકેલીશું.
✓ ભૂતાન સામે ચીનની જે સ્ટ્રેટેજી છે એ એવી છે કે, થોડુંક આપીને વધુ પડાવી લેવું.



✓ ચીન ક્યારેય ભૂતાન સાથેના સીમા વિવાદો ઉકેલવાનું નથી. ચીનની દાનત તો આખા ભૂતાનને હડપ કરી જવાની છે. ભારતને પરેશાન કરવા માટે જ ચીને ભૂતાન સાથે સમજૂતી કરી છે.

✓ આ સમજૂતી એવી છે કે, આપણે સાથે મળીને વાત કરીશું. એ વાતચીતથી સમાધાન મળી જ જશે એની ક્યાં કોઇ ગેરન્ટી છે? ચીને તો ભારત સાથે પણ અનેક વખત જાતજાતની સમજૂતીઓ કરી છે. ચીન સમજૂતી કરી લીધા પછી પણ એનું પાલન કરતું નથી.

✓ સરહદના વિવાદો ઉકેલવાના નામે ચીને ભૂતાન સાથે 1984થી માંડીને આજ દિવસ સુધીમાં 24 બેઠકો કરી છે. આ બેઠકોમાં કોઇ સમાધાન શોધી શકાયું નથી.

**5. પ્રોજેક્ટ કલ્પના ચાવલા - USA**

**કલ્પના ચાવલા પ્રોજેક્ટ ફોર ઇનોવેશન એન્ટરપ્રિન્યોરિઝ્મ એન્ડ સ્પેસ સ્ટડીઝ**

✓ **મુખ્ય હેતુ :** ભારતીય મહિલા વિજ્ઞાનીઓને ચંદ્ર પર લઈ જવાનુ મિશન

**વર્ષ 2021ની પ્રથમ બેચમાં 5 ભારતીય મહિલાઓ**

1. રિયલ અભંગ
2. સુચેશના પાટિલ
3. ડૉ. સરસ્વતી દાસ
4. મોનિકા એકલ
5. ડૉ. ગરિમા પટેલ




✓ **સંસ્થા : ઇન્ટરનેશનલ સ્પેસ યુનિવર્સિટી**

**6. ખેલકૂદ : પેરિસ મેરેથોન 2021**



**વિજેતા અને દેશ :**

✓ **મેન્સ કેટેગરી :** એલિશા રોટિચે,કેન્યા

✓ **સમય :** 2 કલાક 26 મિનિટ 12 સેકન્ડ

✓ **વુમન કેટેગરી :** ટિજિસ્ટ મેમુયે, ઇથિયોપિયા

**પેરિસ મેરેથોન વિશે :**

✓ કુલ દેશ : 145 ખેલાડી : 60,000

✓ **મેરેથોન અંતર :** 42.195 કિલોમીટર અથવા 26 માઇલ અને 385 યાર્ડ

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (17-10-2021)**

**1.** ઓકોટોબર 2021માં શરૂ થયેલા આલ્કોહોલ મ્યુઝિયમ બાબતે નીચેના પૈકી કઇ બાબત લાગૂ પડતી નથી

1. ભારતનું સૌપ્રથમ આલ્કોહોલ મ્યુઝિયમ, ગોવા
2. નામ : ઓલ અબાઉટ આલ્કોહોલ
3. હેતુ : ગોવાના સમૃદ્ધ વારસાને વિશ્વ સમક્ષ દર્શાવવા
4. મ્યુઝિયના સ્થાપક : નંદન કૃષ્ણાચાર્ય

(A) 1 (B) 2 (C) 3 **(D) 4**

**2.** કલ્પના ચાવલા પ્રોજેક્ટ ફોર ઇનોવેશન એન્ટરપ્રિન્યોરિઝ્મ એન્ડ સ્પેસ સ્ટડીઝ અંતર્ગત વર્ષ 2021ની પ્રથમ બેચમાં કઇ ભારતીય મહિલાઓની પસંદગી કરાઇ

1. રિયલ અભંગ 2. સુચેશના પાટિલ 3. ડૉ. સરસ્વતી દાસ
4. મોનિકા એકલ 5. ડૉ. ગરિમા પટેલ

(A) 1 અને 5 (B) 2 અને 4 (C) ) 1 અને 3 **(D) આપેલ તમામ**

**3.** ઓકોટોબરમાં યોજાયેલી પેરિસ મેરેથોન 2021માં નીચેની પૈકી કઇ બાબત યોગ્ય નથી

1. મેન્સ કેટેગરી વિજેતા અને દેશ: એલિશા રોટિચે,કેન્યા
2. વુમન કેટેગરી વિજેતા-દેશ : ટિજિસ્ટ મેમુયે, ઇથિયોપિયા
3. મેરેથોન અંતર : 42.195 કિમી અથવા 26 માઇલ અને 385 યાર્ડ
4. કુલ 151 દેશના 50,000 ખેલાડીઓએ ભાગ લીધો

(A) 1 (B) 2 (C) 3 **(D) 4**

**4.** ગોવા સરકારે ક્યા વર્ષે ફેણીને હેરિટેજ ડ્રિન્ક જાહેર કર્યુ

(A) વર્ષ 2014 (B) વર્ષ 2015 **(C) વર્ષ 2016** (D) વર્ષ 2017

**5.** SAFF 2021 ચેમ્પિયનશીપમાં ભારતીય ફૂટબોલ ટીમે ક્યા કોચના નેતૃત્વમાં વિજય પ્રાપ્ત કર્યો

(A) ઇયન મોર્ગન (B) ડીઆગો મેરેડોના
**(C) ઈગોર સ્ટીમક** (D) ભરત છેત્રી

**6.** હાઇપરસોનિક મિસાઇલ પરમાણુ હથિયારોનું વહન કરવાની સાથે અવાજ કરતાં કેટલા ગણી વધુ ઝડપથી પ્રહાર કરે છે

(A) 3 (B) 4 **(C) 5** (D) 6

**7.** સરહદી વિવાદો ઉકેલવા ઓકોટોબર 2021માં થ્રી સ્ટેપ રોડમેપ સમજૂતી ક્યા બે દેશ વચ્ચે કરાઇ

(A) ચીન અને નેપાળ (B) ચીન અને ભારત
(C) ચીન અને બાંગ્લાદેશ **(D) ચીન અને ભૂતાન**

**8.** ઇન્ટરનેશનલ સ્પેસ યુનિવર્સિટી દ્વારા ભારતીય મહિલા વિજ્ઞાનીઓને ચંદ્ર પર લઈ જવા માટે કયા દેશ દ્વારા કલ્પના ચાવલા પ્રોજેક્ટ ફોર ઇનોવેશન એન્ટરપ્રિન્યોરિઝ્મ એન્ડ સ્પેસ સ્ટડીઝનો પ્રારંભ કરાયો

(A) ભારત (B) રશિયા **(C) અમેરિકા** (D) કેનેડા

**DATE : 18-10-2021**

**1. ગુજરાત હાઇકોર્ટ : નવા સાત જજોને શપથ લેવડાવતા મુખ્ય જજ શ્રી અરવિંદકુમાર**



**નવા સાત જજ :**

**1.** જસ્ટિસ મૌના એમ. ભટ્ટ 2. જસ્ટિસ સમીર જે. દવે
3. જસ્ટિસ હેમંત પ્રચ્છક 4. જસ્ટિસ સંદીપ એન. ભટ્ટ
5. જસ્ટિસ અનિરુદ્ધ પ્રધુમન માયી 6. જસ્ટિસ નિરલ આર. મહેતા
7. જસ્ટિસ નિશા એમ. ઠાકોર.

- ✓ ગુજરાત હાઇકોર્ટમાં તા. 18/10/2021ની સ્થિતિએ 32 જજ કાર્યરત
- ✓ કુલ જજ : 52

**2. 'ઉડાન બસ' સેવા-AMC,અમદાવાદ અમદાવાદના મેયર કિરીટ પરમાર દ્વારા તા. 18/10/2021ના રોજ ઈલેક્ટ્રિક બસ સેવાનો પ્રારંભ કરાવાયો**




**ઉડાન બસ વિશે :**

- ✓ AMC જનમાર્ગ-BRTS બસ સેવા દ્વારા ઇસ્કોન ચાર રસ્તાથી એરપોર્ટ સર્કલ સુધીની 'ઉડાન બસ' સેવાનો પ્રારંભ કરાયો.
- ✓ CCTV કેમેરાથી સજ્જ હાઈ એન્ડ એ.સી. બસ સવારે 6 કલાકથી રાત્રે 11 વાગ્યા સુધી ઓપરેટ કરાશે.
- ✓ દર 15થી 30 મિનિટ દરમિયાન આ બસ ઉપલબ્ધ થશે અને મુસાફર દીઠ ટિકિટનો દર રૂ.50 રહેશે અને ટિકિટનો ચાર્જ રોકડ, જનમિત્ર કાર્ડ કે ડિજિટલ પેમેન્ટ માધ્યમથી ચૂકવી શકાશે.

**3. ઈ-ઓટો પરમિટ : નવી દિલ્હીમાં મહિલાઓ માટે 33 % અનામત રખાશે**



**હેતુ :**

- ✓ દિલ્હીમાં વાહનોથી થતાં પ્રદૂષણને ઘટાડવા માટે ઇલેક્ટ્રિક વ્હિકલને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**નવી પહેલ :**

- ✓ દિલ્હીમાં સરકારે મહિલાઓને રોજગાર મળી રહે તે માટે 33 ટકા અનામત સાથે ઇ-ઓટો પરિમટ માટે ઓનલાઇન રજિસ્ટ્રેશનની શરૂઆત કરી.
- ✓ પહેલા તબક્કામાં મહિલા અરજદારો માટે 1,406 સહિત કુલ 4,261 ઇ-ઓટો પરમિટ જારી કરવામાં આવશે.

**4. ખેલકૂદ : ફેન્સિંગ ટુર્નામેન્ટ-ફ્રાંસ**

**વિજેતા : ભારતીય ખેલાડી ભવાની દેવી**

- ✓ ટોકયો ઓલિમ્પિકમાં ફેન્સિંગ ઇવેન્ટમાં ભારત તરફથી ભાગ લેવા માટે કવોલીફાય થનાર સૌ પ્રથમ ખેલાડી 28 વર્ષીય ભવાની દેવીએ ફ્રાંસમાં વિશ્વના અગ્રણી ફેન્સરો ભાગ લેતા હોય છે તેથી ચાર્લેવીલે નેશનલ ટુર્નામેંટમાં ચેમ્પિયન બનવાની સિદ્ધિ પ્રાપ્ત કરી. તેણે સાબ્રે ઇવેન્ટમાં ટાઇટલ જીત્યુ છે.



- ✓ તેણે ફાઇનલમાં ટ્યુનિસિયાની બેન અઝીઝને 15-3થી હરાવી હતી.

**5. દિન વિશેષ : 18 ઓકટોબર**

**67મો પદવીદાન સમારોહ**

**ગૂજરાત વિદ્યાપીઠનો 102મો સ્થાપના દિવસ**

- ✓ સ્થાપના : તા.18મી ઓક્ટોબર-1920, અમદાવાદ
- ✓ સ્થાપક : પૂ. મહાત્મા ગાંધીજી
- ✓ વર્તમાન કુલપતિ : શ્રી ઈલા રમેશ ભટ્ટ
- ✓ પ્રથમ કુલપતિ : મહાત્મા ગાંધીજી
- ✓ બીજા કુલપતિ: સરદાર વલ્લભભાઈ પટેલ

**6. દિન વિશેષ : 10 ઓકટોબર**

**વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ**

- ✓ **થીમ 2021 : 'Mental Health in an Unequal World'**




- ✓ સમગ્ર વિશ્વમાં માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ લાવવા અને આ સંદર્ભે શિક્ષણ ફેલાવવાના ઉદ્દેશથી દર વર્ષે 10 ઓક્ટોબરના રોજ 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ વિશ્વ મનસિક સ્વાસ્થ્ય દિવસની સ્થાપના વર્ષ 1992મા 'વર્લ્ડ મેન્ટલ હેલ્થ એસોસિએશન' દ્વારા વિશ્વના લોકો માટે માનસિક આરોગ્ય સંભાળને વાસ્તવિક બનાવવા માટે કરવામાં આવી હતી.
- ✓ માનસિક વિકારોમાં ડિપ્રેશન વિશ્વની સૌથી મોટી સમસ્યા છે.

**7. દિન વિશેષ : 12 ઓકટોબર**

## વિશ્વ સંધિવા દિવસ




## 8. દિન વિશેષ : 13 ઓક્ટોબર
## આંતરરાષ્ટ્રીય આપતિ નિવારણ દિવસ

✓ **થીમ-2021 :** International Cooperation Developing Countries to Reduce their Disaster Risk and Disaster Losses'.





✓ થીમ આબોહવા પરિવર્તન સામે લડવા માટે 2015ના પેરિસ કરારને પૂર્ણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

**હેતુ :**

✓ સમગ્ર વિશ્વમાં આપત્તિનું જોખમ ઘટાડવા અને એ અંગે જાગૃતિ ફેલાવવા

✓ વિશ્વભરમાં આપત્તિ ઘટાડવાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના આહ્વાન બાદ વર્ષ 1989માં આપત્તિ જોખમ ઘટાડવા માટે આંતરરાષ્ટ્રીય દિવસની સ્થાપના કરવામાં આવી હતી.

## 9. દિન વિશેષ : 14 ઓક્ટોબર આંતરરાષ્ટ્રીય ઈ-વેસ્ટ દિવસ




✓ **થીમ-2021 : "Consumer is the key to Circular Economy!"**

### વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (18-10-2021)

**1.** ગુજરાત હાઇકોર્ટમાં તા. 18 ઓક્ટોબરે મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી અરવિંદકુમાર દ્વારા કેટલા જજને શપથ લેવડાવ્યા

(A) 2 (B) 3 (C) 5 **(D) 7**

**2.** તા. 18/10/2021ની સ્થિતિએ ગુજરાત હાઇકોર્ટમાં કુલ 52 જજ પૈકી કેટલા જજ કાર્યરત છે

(A) 27 (B) 29 **(C) 32** (D) 33

**3.** તા. 18/10/2021ના રોજ ગુજરાતના ક્યા શહેરમાં BRTS 'ઉડાન બસ' સેવા રૂપે ઈલેટ્રિક બસ સેવાનો પ્રારંભ કરાયો

(A) સુરત (B) વડોદરા (C) રાજકોટ **(D) અમદાવાદ**

**4.** ઓક્ટોબર 2021માં કયા શહેરમાં વાહન પ્રદૂષણ અટકાવવા ઇ-ઓટો પરિમટમાં મહિલાઓ માટે 33 ટકા અનામત જાહેર કરાઈ

**(A) નવી દિલ્હી** (B) મુંબઈ (C) અમદાવાદ (D) કોલકત્તા

**5.** ઓક્ટોબર 2021માં ફ્રાંસમાં રમાયેલી ફેન્સિંગ ટુર્નામેન્ટમાં કઈ ભારતીય ખેલાડીએ ટાઇટલ જીત્યુ હતુ

(A) બેન અઝીઝ **(B) ભવાની દેવી**

(C) ભારકા દેવી (D) ભારતી દેવી

**6.** વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ ક્યારે મનાવવામાં આવે છે

**(A) 10 ઓક્ટોબર** (B) 12 ઓક્ટોબર

(C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર

**7.** વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ 2021ની થીમ જણાવો

(A) Mental Health in an equal World

(B) Mental Health in an Unequal Universe

**(C) Mental Health in an Unequal World**

(D) Mental Health in an equally World

**8.** વિશ્વ સંધિવા દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 10 ઓક્ટોબર **(B) 12 ઓક્ટોબર**

(C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર

**9.** આંતરરાષ્ટ્રીય આપતિ નિવારણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 10 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર

**(C) 13 ઓક્ટોબર** (D) 14 ઓક્ટોબર

**10.** આંતરરાષ્ટ્રીય આપતિ નિવારણ દિવસ 2021ની થીમ જણાવો

**(A) International Cooperation Developing Countries to Reduce their Disaster Risk and Disaster Losse**

(B) World Cooperation Developing Countries to Reduce their Disaster Risk and Disaster Losse

(C) International Cooperation Developing Countries to Reduce their Disaster Risk and Disaster Lost

(D) International Cooperation poor Countries to Reduce their Disaster Risk and Disaster Losse

**11.** આંતરરાષ્ટ્રીય ઈ-વેસ્ટ દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) Consumer to Circular Economy

(B) key to Circular Economy

(C) Consumer is the Economy

**(D) Consumer is the key to Circular Economy**

**12.** આંતરરાષ્ટ્રીય ઈ-વેસ્ટ દિવસ 2021ની થીમ જણાવો

(A) 10 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર

(C) 13 ઓક્ટોબર **(D) 14 ઓક્ટોબર**

**13.** તા.18 ઓક્ટોબર 2021ના રોજ ગૂજરાત વિધાપીઠનો કેટલામો સ્થાપના દિવસ તથા કેટલામો પદવીદાન સમારોહ યોજાયો

(A) 100 તથા 70 (B) 101 તથા 70

(C) 105 તથા 71 **(D) 102 તથા 67**

**14.** ગૂજરાત વિધાપીઠની સ્થાપના ક્યારે-કોણે કરી હતી

(A) તા.30 જાન્યુઆરી-1930 તથા પૂ. મહાત્મા ગાંધીજી

(B) તા.30 ઓક્ટોબર-1922 તથા પૂ. મહાત્મા ગાંધીજી

**(C) તા.18 ઓક્ટોબર-1920 તથા પૂ. મહાત્મા ગાંધીજી**

(D) તા.1 ઓક્ટોબર-1921 તથા પૂ. મહાત્મા ગાંધીજી

**DATE : 19-10-2021**

## 1. સેવા સેતુ કાર્યક્રમ : ગુજરાત સરકાર

### ગુજરાતમાં સેવા સેતુના સાતમા તબક્કાનો તા.22 ઓક્ટોબરથી રાજ્યવ્યાપી પ્રારંભ

- ✓ સમયગાળો : તા.22 ઓક્ટોબર 2021થી તા. 5 જાન્યુઆરી 2022

**મુખ્ય હેતુ :**

- ✓ જુદી જુદી સરકારી યોજનાઓ-સેવાનો લાભ ગામડાંઓમાં તથા શહેરોમાં ઘરે બેઠાં અપાશે

**સાતમો સેવા સેતુ કાર્યક્રમ :**

- ✓ કુલ 2500 જેટલા કાર્યક્રમો યોજાશે
- ✓ **દિવસ :** દર સપ્તાહના શુક્ર અને શનિવારે
- ✓ **સમય :** સવારે 9 થી સાંજના 5 કલાક
- ✓ **વિભાગો : વિવિધ 13 વિભાગોના 56 જેટલી સેવાઓ અપાશે**

**કેમ્પ વિશે :**

- ✓ ગ્રામીણ કક્ષાએ 6થી 8 ગામો વચ્ચે એક કેમ્પ અને નગરપાલિકાઓમાં 4થી 5 વોર્ડ વચ્ચે એક કેમ્પ યોજાશે.
- ✓ મહાનગરોમાં 4થી 10 સેવાસેતુ કેમ્પ તથા પ્રત્યેક નગરપાલિકામાં 2થી3 સેવાસેતુ કેમ્પ યોજાશે.
- ✓ **પરિણામ :** સેવા સેતુના 6 સફળ તબક્કામાં 2.30 કરોડ લોકોને ઘર આંગણે વિવિધ સેવાઓના લાભ અપાયા
- ✓ પ્રારંભ : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના કાર્યકાળ દરમિયાન

## 2. કૃષિ રાહત પેકેજ : ગુજરાત સરકાર

### સપ્ટેમ્બર 2021માં ભારે વરસાદના કારણે થયેલા પાક નુકસાન પેટે રાહત પેકેજ જાહેર




**કૃષિ રાહત પેકેજ વિશે :**

- ✓ 33 ટકાથી વધુ ખેતીને નુકશાન થયુ હોય તેવા ખેડૂતોને બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ.13 હજારની સહાય ચૂકવાશે. કુલ રૂ. 26,000/-
- ✓ બિનપિયત પાકમાં નુકશાન થયુ હોય તો બે હેક્ટરની મર્યાદામાં હેક્ટર દીઠ રૂ.6800 અપાશે.
- ✓ બાકીની તફાવતની હેક્ટર દીઠ રૂ.6200 વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં રાજ્યના બજેટમાંથી ચૂકવાશે
- ✓ જો ખેડૂતને SDRFના ધોરણ મુજબ રૂ.5 હજાર કરતાં ઓછી રકમ સહાય પેટે ચૂકવવા પાત્ર હોય તો ખાતાદીઠ રૂ.5 હજાર ઓછામાં ઓછા અપાશે
- ✓ સહકારી, સરકારી કે સંસ્થાકિય જમીનધારકોને સહાયનો લાભ નહી મળે
- ✓ વન અધિકાર પત્ર સનદ હેઠળ મેળવેલી જમીનના ખેડૂતો અને વન વિસ્તારમાં સેટલમેન્ટ ગામોમાં ખેતી કરતાં અસરગ્રસ્ત ખેડૂતોને ય જરૂરી દસ્તાવેજો-પુરાવા રજૂ કરતાં સહાય મળશે

**અરજી કરવાની પ્રક્રિયા :**

- ✓ કૃષિ રાહત પેકેજનો લાભ લેવા ખેડૂતોએ ઇ-ગ્રામ સેન્ટર પર આધાર પુરાવા સાથે ડીજીટલ પોર્ટલ અરજી કરવાની રહેશે.
- ✓ અરજદાર ખેડૂતે તલાટીનો વાવેતરનો દાખલો, 7-12નો ઉતારો, બેંક એકાઉન્ટ નંબર સહિતની વિગતો સાથે અરજી કરવાની રહેશે.
- ✓ ખેડૂતો તા.25મી ઓક્ટોબરથી માંડીને 20મી નવેમ્બર 2021 સુધી અરજી કરી શકશે. અરજી માટે ખેડૂતોએ કોઇ ફી ચૂકવવાની નથી. એક જ આધાર નંબર દીઠ એક જ વાર સહાય મળશે. ખાતેદારના મૃત્યુના કિસ્સામાં વારસદારનુ પેઢીનામુ રજૂ કરવુ પડશે.
- ✓ **કેટલા જિલ્લાના ખેડૂતોને લાભ : જામનગર, રાજકોટ, જુનાગઢ અને પોરબંદર**

## 3. નિમણૂક : ઈફકોના નવા ચેરમેન પદે પૂર્વ કૃષિ-કાયદા મંત્રી શ્રી દિલીપ સંઘાણીની નિમણૂક




- ✓ અગાઉ તેઓએ ઇફકોના વાઇસ ચેરમેન હતા
- ✓ હાલમાં ગુજરાતની ગુજકોમાસોલના ચેરમેન તરીકે પણ સેવારત
- ✓ **વતન :** અમરેલી
- ✓ **IFFCO :** ઇન્ડિયન ફાર્મર ફર્ટિલાઇઝર કો-ઓપરેટિવ લિમિટેડ

## 4. FATF : પાકિસ્તાનને FATFના ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય યથાવત

**વિગત :**

- ✓ આતંકીઓને નાણાં ઉપલબ્ધ કરાવનારાઓ પર નિયંત્રણ કરનાર વૈશ્વિક સંગઠન FATFએ પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય યથાવત રાખ્યો.
- ✓ FATFની તા.19-21 ઓક્ટોબર 2021 દરમિયાનની બેઠકમાં આ નિર્ણય લેવાયો.
- ✓ એપ્રિલ 2022માં ફરી FATFની બેઠક યોજાશે.
- ✓ **FATF :** ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ




Financial Action Task Force

| | |
|---|---|
| Abbreviation | FATF |
| Formation | 1989; 32 years ago |
| Type | Intergovernmental organisation |
| Purpose | Combat money laundering and terrorism financing |
| Headquarters | Paris, France |
| Region served | Europe |
| Membership | 39 |
| Official language | English, French |
| President | Marcus Pleyer[1] |

- ✓ **સ્થાપના :** તા. 07/07/1989
- ✓ **વડુ મથક :** પેરિસ, ફ્રાન્સ

**5. સન્માન:મેડમ તુસાદ વેક્સ મ્યુઝીયમ- દુબઈ**

**ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીની પ્રતિમા મુકાઇ**

સચિન તેંડુલકર બાદ વિરાટ બીજો ભારતીય ક્રિકેટર




**અન્ય બાબતો :**

- ✓ આ સ્ટેચ્યૂમાં કોહલી ભારતીય ટીમની નવી ટી-શર્ટમાં દેખાય છે. અગાઉ 2018માં દિલ્હીના તથા 2019ના વર્લ્ડ કપ પહેલાં લંડનના મેડમ તુસાદમાં કોહલીનું વેક્સ સ્ટેચ્યૂ મૂકવામાં આવ્યું હતું.
- ✓ મેડમ તુસાદમાં સચિન તેંડુલકર બાદ વેક્સનું સ્ટેચ્યુ મુકાયું હોય તેવો કોહલી ભારતનો બીજો ક્રિકેટર બની ગયો છે.

**6. ખેલકૂદ : MCCના માનદ આજીવન સભ્યપદે ભારત સહિત વિશ્વના 18 ક્રિકેટર્સને સ્થાન**

**વિગતો :**

- ✓ ભારતીય દિગ્ગજ સ્પિનર હરભજનસિંઘ અને પેસ બોલર જવાગલ શ્રીનાથને મેરિલબોર્ન ક્રિકેટ ક્લબ (એમસીસી)ની માનદ્ આજીવન સભ્યપદ આપવામાં આવ્યું.




- ✓ ચાલુ વર્ષે ટેસ્ટ રમતા 12 દેશમાંથી 8ને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે જેમાં આધુનિક ક્રિકેટ કરતાં કેટલાક લોકપ્રિય ખેલાડીઓમાં સામેલ.
- ✓ ભારતના બે ખેલાડી ઉપરાંત ઇંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકાના ચાર-ચાર, વેસ્ટ ઇન્ડિઝના ત્રણ, ઓસ્ટ્રેલિયાના બે તથા ન્યૂઝીલેન્ડ, ઝિમ્બાબ્વે તથા શ્રીલંકાના એક-એક ખેલાડીનો આ યાદીમાં સમાવેશ.
- ✓ **MCC ક્રિકેટના નિયમોના સંરક્ષક તરીકે**
- ✓ **MCC : મેરિલબોર્ન ક્રિકેટ કલબ, લંડન-UK**

**7. ખેલકૂદ : ICCના હૉલ ઓફ ફેમમાં ભારતના પૂર્વ ફાસ્ટ બોલર જવાગલ શ્રીનાથ અને પૂર્વ સ્પિનર હરભજનસિંઘને સ્થાન**



**8. જન્મદિન વિશેષ : 19 ઓકટોબર**

**પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી**




**મનુષ્ય ગૌરવ દિવસ : સ્વાધ્યાય પરિવાર**

- ✓ જન્મ : તા.19-10-1920 ઉપનામ : પૂ. દાદા
- ✓ જય યોગેશ્વરના સ્વરૂપે કાર્યોના પ્રેરક
- ✓ વૈદિક સંસ્કૃતિમાં પુનરુત્થાન માટે કાર્યરત લાખો અનુયાયીઓ કાર્યરત





**પૂ.દાદાજીને મળેલા એવોર્ડ :**

- ✓ નોબલ પારિતોષિકને સમકક્ષ ટેમ્પલટન એવોર્ડ (ધર્મ ક્ષેત્રે ક્રાંતિ માટે)
- ✓ મેગ્સેસે એવોર્ડ (સામાજિક ક્રાંતિ માટે)
- ✓ ભારત સરકાર દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણ એવોર્ડ

- ✓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ડોક્ટરેટ ઇન લિટરેચરની પદવી.
- ✓ ઉપરાંત પૂ.દાદાજીનું દેશ વિદેશમાંથી ત્રણ ડઝનથી વધુ એવોર્ડથી સન્માન કરાયુ હતું

**9. દિન વિશેષ : 15 ઓક્ટોબર**


**(1) વિશ્વ વિદ્યાર્થી દિવસ (World Student's Day)**




- ✓ ભારતમાં ડો. એ.પી.જે અબ્દુલ કલામનો જન્મ દિવસ 15 ઓક્ટોબર વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવાય છે.
- ✓ દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઇલ મેન તરીકે જાણીતા ડો. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ 15 ઓક્ટોબર 1931ના રોજ તમિલનાડના રામેશ્વરમ ખાતે થયો હતો.

**(2) આંતરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ**

**(International Day of Rural Women)**




- ✓ **થીમ 2021 : "Rural women cultivating good food for all"**
- ✓ યુનાઈટેડ નેશન્સ દ્વારા 15 ઓક્ટોબરના રોજ 'international Day of Rural Women'ની ઉજવણી કરવામાં આવે છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (19-10-2021)

**1.** ગુજરાતમાં યોજાનાર સેવા સેતુ કાર્યક્રમના સાતમા તબક્કામાં કઇ બાબતોનો સમાવેશ થાયે છે

1. સમયગાળો-તા.22 ઓક્ટોબર 2021થી 5 જાન્યુઆરી 2022
2. દિવસ : દર સપ્તાહના શુક્ર અને શનિવારે
3. વિવિધ 13 વિભાગની 56 જેટલી સેવાઓ ઘરે બેઠાં અપાશે
4. ગ્રામીણ કક્ષાએ 6થી 8 ગામો વચ્ચે એક કેમ્પ અને નગરપાલિકાઓમાં 4થી 5 વોર્ડ વચ્ચે એક કેમ્પ યોજાશે

(A) 1 (B) 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાત સરકારે સપ્ટેમ્બર 2021માં ભારે વરસાદના કારણે થયેલા પાક નુકસાન પેટે કયા જિલ્લા માટે રાહત પેકેજ જાહેર જાહેર કર્યું

1. જામનગર 2. રાજકોટ 3. જુનાગઢ 4. પોરબંદર

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 3 (C) માત્ર 4 **(D) આપેલ તમામ**

**3.** સપ્ટેમ્બર 2021માં ભારે વરસાદના કારણે થયેલા પાક નુકસાન પેટે ગુજરાત સરકારે જાહેર કરેલા રાહત પેકેજમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. 33 ટકાથી વધુ ખેતીને નુકશાન થયુ હોય તેવા ખેડૂતોને બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ.13 હજારની સહાય ચૂકવાશે. કુલ રૂ. 26,000/-
2. બિનપિયત પાકમાં નુકશાન થયુ હોય તો બે હેક્ટરની મર્યાદામાં હેક્ટર દીઠ રૂ.6800 અપાશે
3. બાકીની તફાવતની હેક્ટર દીઠ રૂ.6200 વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં રાજ્યના બજેટમાંથી ચૂકવાશે

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**4.** ઓક્ટોબર 2021માં MCCના માનદ આજીવન સભ્યપદે વિશ્વના 18 ક્રિકેટર્સને સ્થાન અપાયુ તેમાં કયા ભારતીય ક્રિકેટર્સને સ્થાન અપાયુ

(A)સ્પિનર હરભજનસિંઘ (B) પેસ બોલર જવાગલ શ્રીનાથન

**(C) A અને B બંને** (D) આપેલ પૈકી એક પણ નહીં

**5.** ઓક્ટોબર 2021માં ICCના હૉલ ઓફ ફ્રેમમાં ભારતના કયા બે બોલરને સ્થાન અપાયું

(A) પૂર્વ ફાસ્ટ બોલર જવાગલ શ્રીનાથ

(B) પૂર્વ સ્પિનર હરભજનસિંઘ

**(C) A અને B બંને** (D) આપેલ પૈકી એક પણ નહીં

**6.** તા. 19 ઓક્ટોબર 2021ના રોજ ભારતીય ક્રિકેટ ટીમના કયા સુકાનીના વેક્સ સ્ટેચ્યૂ (મીણનું પૂતળું)નું દુબઇના મશહૂર મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમમાં અનાવરણ કરાયું

(A) સચિન તેંદુલકર **(B) વિરાટ કોહલી**

(C) મહેન્દ્રસિંહ ધોની (D) રોહિત શર્મા

**7.** આતંકીઓને નાણાં ઉપલબ્ધ કરાવનારાઓ પર નિયંત્રણ કરનાર વૈશ્વિક સંગઠન FATFએ તા.19-21 ઓક્ટોબર 2021ની દરમિયાનની બેઠકમાં કયા દેશને ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય યથાવત રાખ્યો

(A) બાંગ્લાદેશ (B) ઓમાન

(C) સાઉદી અરેબિયા **(D) પાકિસ્તાન**

**8.** તા. 19 ઓક્ટોબર 2021ના રોજ ઇફકોના નવા ચેરમેન પદે ગુજરાતના કયા પૂર્વ કૃષિ કાયદા મંત્રીની નિમણૂક કરાઇ

(A) પુરુષોતમ રૂપાલા **(B) દિલીપ સંઘાણી**

(C) રાઘવજી પટેલ (D) ધર્મેન્દ્ર જાડેજા

**9.** પદ્મ વિભૂષણ પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીનો જન્મ કયારે થયો હતો

(A) તા.19-10-1919 **(B) તા.19-10-1920**

(C) તા.19-10-1922 (D) તા.18-10-1920

**10.** મેગ્સેસે એવોર્ડ પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીનો જન્મ દિન કયા દિવસ તરીકે મનાવવામાં આવે છે

**(A) મનુષ્ય ગૌરવ દિવસ** (B) મનુષ્ય સન્માન દિવસ

(C) માનુષ સમ્માન દિવસ (D) મનુષ્ય પ્રાગટ્ય દિવસ

**11.** પ્રતિ વર્ષ વિશ્વ વિદ્યાર્થી દિવસ ક્યારે-કોના જન્મદિવસની યાદમાં મનાવવામાં આવે છે

(A) 11 ઓક્ટોબર તથા ડો. વિક્રમ સારાભાઈ

(B) 12 ઓક્ટોબર તથા ડો. હોમીભાભા

(C) 15 ઓક્ટોબર તથા ડો. એ.પી.જે અબ્દુલ કલામ

(D) 15 ઓક્ટોબર તથા ડો. હોમીભાભા

**12.**આંતરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ 2021ની થીમ જણાવો

**(A) Rural women cultivating good food for all**

(B) Rural women Cultivating good food for Our Society

(C) Rural women Cultivating safe food for all

(D) Rural women Cultivating pure food for all

**13.** આંતરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 17 ઓક્ટોબર **(B) 15 ઓક્ટોબર** (C) 12 ઓક્ટોબર (D) 9 ઓક્ટોબર

**DATE : 20-10-2021**

**1. કૃષિ સહાય પેકેજ – ગુજરાત સરકાર : રાજ્યમાં અતિવૃષ્ટિનો ભોગ બનેલા 682 ગામોને રૂ. 546 કરોડની સહાય**



**વિગત :**

- ✓ રાજ્યના રાજકોટ, જામનગર, જૂનાગઢ અને પોરબંદર એમ 4 જિલ્લામાં સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં પડેલા ભારે વરસાદને કારણે ખેડૂતોને નુકસાન.
- ✓ આ 4 જિલ્લાના 22 તાલુકાના 662 ગામના 2.82 લાખ ખેડૂતો માટે રાજ્ય સરકારે રૂ. 546 કરોડનું પેકેજ જાહેર કર્યું.

**2. 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજનામાં સુધારો : ખેતરમાં ગોડાઉનની સહાય રૂ. 50 હજારથી વધારીને રૂ. 1 લાખ કરાઈ**




**3. ઉત્તરપ્રદેશ – PM શ્રી મોદીના હસ્તે કુશીનગર આંતરરાષ્ટ્રીય વિમાની મથકનું ઉદઘાટન**



**એરપોર્ટ વિશે :**

- ✓ રૂ.260 કરોડના ખર્ચે ઉભું થયેલું કુશીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કુશીનગર ખાતે આવેલા ભગવાન બુદ્ધના મહાપરિનિર્વાણ સ્થળની તીર્થયાત્રાને આસાન બનાવશે.
- ✓ આંતરરાષ્ટ્રીય વિમાનીમથક કાર્યરત થતાં પ્રદેશના અર્થતંત્રને વેગ મળશે.

**4. ધરતીના પ્રહરી : કોફી ટેબલ બૂક રસીકરણ અભિયનના માનમાં કેન્દ્ર સરકાર દ્વારા કોફી ટેબલ બૂક 'ધરતીના પ્રહરી' (સેન્ટીનલ ઑફ સૉઈલ) લોન્ચ**

**વિગત :**

- ✓ કોવિડ વિરુદ્ધના જંગમાં રસીકરણ અભિયાનનો આંકડો 100 કરોડના શિખરને સ્પર્શ કરવા જઈ રહ્યો છે. આ સફળતાનો શ્રેય ફ્રન્ટલાઇન વર્કર્સની રાતદિવસની મહેનત અને અંગત રસ દાખવી કરેલા પ્રયાસોને જાય છે. આ પ્રયાસો થકી આજે દેશમાં 100 કરોડ ડોઝ શક્ય બન્યા.
- ✓ પ્રકાશક : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય તથા યુનિસેફ

**5. માઉન્ટ એસો જ્વાળામુખી પુન : સક્રીય**

- ✓ દેશ : જાપાન
- ✓ વિસ્ફોટના કારણે 11,500 ફૂટ ઊંચી રાખ ઉડી

**6. UN : દર પાંચ વર્ષે UN દ્વારા 20 ઓક્ટોબરના રોજ World Statistics Dayની ઉજવણી**

**3RD World Statistics Day**

**(વિશ્વ આંકડા દિવસ)**

**આગામી 20 ઓક્ટોબર 2025ના રોજ World Statistics Day ઉજવાશે**




- ✓ ગત વર્ષ 2020ની થીમ : **"Connecting the world with data we can trust."**

**7. જન્મ દિન વિશેષ : 20 ઓક્ટોબર**

**ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી**

**જન્મ : 20 ઓક્ટોબર 1855 અવસાન : 4 જાન્યુઆરી 1907**




- ✓ સરસ્વતીચંદ્ર મહાન ગ્રંથના કર્તા, ગુજરાતી સાહિત્યના પંડિત યુગના દ્રષ્ટા શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીનો નડિયાદ મુકામે થયો હતો.
- ✓ અનેક પ્રતિકૂળતા વચ્ચે એલ.એલ.બી. થઇ વકીલત શરૂ કરી અને વકીલાતમાંથી નિવૃતિ લીધી એ પહેલાં જ તેમના 'સરસ્વતીચંદ્ર' (ભાગ-1) અને 'સ્નેહમુદ્રા' તો પ્રગટ થઇ ચૂક્યા હતા.
- ✓ 'નવલરામ જીવનકથા', 'દયારામનો અક્ષરદેહ' તેમજ અનેક લેખો પણ આપ્યા. ગુણસુંદરી જેવું ગુણિયલ પાત્ર સર્જીને તો ગોવર્ધનરામે ગુર્જર નારીનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ તરીકે તેઓ જ પસંદગી પામ્યા.

**કુટુમ્બ**

- ✓ માતા : શિવકાશીબેન; પિતા – માધવરામ; બહેન – સમર્થલક્ષ્મી
- ✓ પત્ની : 1)હરિલક્ષ્મી-1866, 2) લલિતાગૌરી-1876
- ✓ સંતાન : પુત્રી – લીલાવતી , જશવંતી; પુત્ર – રમણીયરામ

**અભ્યાસ**

✓ 1871 – મેટ્રિક, 1875 – બી.એ.
✓ 1883-એલ.એલ.બી.; એલ્ફીન્સ્ટન કોલેજ, મુંબઇ

**વ્યવસાય**

✓ 1876- 1883 – ભાવનગરના દીવાન શામળદાસના પ્રાઇવેટ સેક્રેટરી
✓ 1887 પછી – વકીલાત

**જીવન ઝરમર**

✓ 1874 – પ્રથમ પત્નીનું અવસાન, પિતાની પેઢીનું ડૂબવું અને બી.એ માં નાપાસ થયા બાદ ઘેરથી નાસી જવાનો નિષ્ફળ પ્રયાસ

**જીવનના ત્રણ સંકલ્પ –**

(1)વકીલાત કરવી (2)કદી નોકરી ન કરવી અને (3)ચાળીસમા વર્ષ બાદ સાહિત્ય અને સમાજની સેવા કરવી

✓ 1902–અમદાવાદ કોંગ્રેસ અધિવેશનમાં ભાગ
✓ 1905–પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ

**રચનાઓ**

✓ નવલકથા : સરસ્વતીચન્દ્ર ભાગ 1 થી 4, લીલાવતી જીવનકલા
✓ કાવ્યસંગ્રહ – સ્નેહમુદ્રા.
✓ ગુર્જર સાહિત્ય ભવન-અમૃતપર્વ યોજના
✓ સન્માન : ભારત સરકારે તેમની યાદમાં તા.27-4-2016ના રોજ ટિકીટ બહાર પાડેલી

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (20-10-2021)

**1.** UN દ્વારા 20 ઓક્ટોબરે ઉજવાતા World Statistics Day અંગે કઇ બાબતો યોગ્ય છે
1. દર પાંચ વર્ષે World Statistics Dayની ઉજવણી
2. ગત વર્ષ 2020ની થીમ : Connecting the world with data we can trust
3. આગામી 20 ઓક્ટોબર 2025ના રોજ World Statistics Day ઉજવાશે
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાત સરકારે સપ્ટેમ્બર 2021માં રાજ્યમાં અતિવૃષ્ટિનો ભોગ બનેલા 682 ગામો માટે કેટલા રૂપિયાનું કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું
(A) રૂ. 456 કરોડ (B) રૂ. 465 કરોડ
**(C) રૂ. 546 કરોડ** (D) રૂ. 654 કરોડ

**3.** ગુજરાત સરકારની ખેડૂત કલ્યાણ માટેની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજનામાં ખેતરમાં ગોડાઉનની સહાય ઓક્ટોબરમાં રાજ્ય સરકારે રૂ. 50 હજારથી વધારી કેટલી કરાઇ
(A) રૂ. 70 હજાર (B) રૂ. 75 હજાર
**(C) રૂ. 1 લાખ** (D) રૂ. 2 લાખ

**4.** ઓક્ટોબર 2021માં PM શ્રી મોદીના હસ્તે ભગવાન બુદ્ધના મહાપરિનિર્વાણ સ્થળે પહોંચવા માટે રૂ.260 કરોડના ખર્ચે ઉભું થયેલા કયા એક આંતરરાષ્ટ્રીય વિમાની મથકનું ઉદ્ઘાટન કરાયું
(A) પ્રયાગરાજ **(B) કુશીનગર** (C) લખનઉ (D) વારાણસી

**5.** કોવિડ વિરુદ્ધના જંગમાં રસીકરણ અભિયાનનો આંકડો 100 કરોડને પાર કરવામાં સૌથી મહત્વની ભૂમિકા ભજવનાર આરોગ્યકર્મીઓની કામગીરી બિરદાવવા કઇ સંસ્થા દ્વારા 'ધરતીના પ્રહરી' (સેન્ટીનલ ઑફ સૉઇલ) કોફી ટેબલ બૂક લોન્ચ કરાઇ
(A) કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય (B) યુનિસેફ
**(C) A અને B બંને** (D) આપેલ પૈકી એક પણ નહીં

**6.** ઓક્ટોબર 2021માં ક્યા દેશમાં માઉન્ટ એસો જ્વાળામુખી પુન : સક્રીય થયો
**(A) જાપાન** (B) ઈન્ડોનેશિયા
(C) આંદામાન-નિકોબાર (D) ફિલિપાઈન્સ

**7.** સાહિત્યકાર ગોવર્ધનરામ ત્રિપાઠીનો જન્મદિવસ જણાવો
(A) 20 ઓક્ટોબર 1820 (B) 20 ઓક્ટોબર 1835
(C) 20 ઓક્ટોબર 1849 **(D) 20 ઓક્ટોબર 1855**

**8.** મહાન ગ્રંથ 'સરસ્વતીચંદ્ર'ના રચયિતાનું નામ જણાવો
(A) નર્મદ **(B) ગોવર્ધનરામ ત્રિપાઠી**
(C) દલપતરામ (D) ક.મા. મુનશી

**DATE : 21-10-2021**

**1. ગાંધીનગર મહાનગર : ગાંધીનગરના પાંચમા મેયર તરીકે શ્રી હિતેશ મકવાણાની 2.5 વર્ષ માટે વરણી**




**અન્ય પદાધિકારી :**

✓ ડેપ્યુટી મેયર : શ્રી પ્રેમલસિંહ ગોલ
✓ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન : શ્રી જશવંતલાલ પટેલ
✓ કુલ કાર્યકાળ : 5 વર્ષ (2.5 વર્ષ-2.5 વર્ષની ટર્મ)

**2. નિધન : ગુજરાતી અભિનેતા ચંદ્રકાન્ત પંડયાનું 78 વર્ષે મુંબઇ ખાતે નિધન**



✓ જન્મ : તા. 01/01/1946
✓ વતન : જૂની ભીલડી, તા. ડિસા, જિ.બનાસકાંઠા કર્મભૂમિ : મુંબઈ
✓ ઉપનામ : બાબલા

**અભિનય ક્ષેત્રે કારકિર્દી :**

✓ **રામાનંદ સાગરની રામાયણ શ્રેણીમાં નિષાદ રાજાનું પાત્ર ભજવનાર**
✓ રંગમંચથી કેરીયરની શરૂઆત કરી હતી અને ગુજરાતી ફિલ્મોમાં સ્થાન જમાવીને ઉપેન્દ્ર ત્રિવેદી અને અરવિંદ ત્રિવેદી સાથે અસંખ્ય ફિલ્મો કરી.

- ✓ જેમાં માનવીની ભવાઇ ફિલ્મ માટે તેમને રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો હતો.
- ✓ રામાનંદ સાગરની રામાયણમાં નિષાદે રાજાની ભુમિકાએ તેમને દેશમાં ખ્યાતિ અપાવી છે તેમને હિન્દી સીરીયલો અને આઠ જેટલી હિન્દી ફિલ્મો પણ કરેલી છે.

**મહત્વની ગુજરાતી ફિલ્મો :**

- ✓ જુવાનીના ઝેર ફિલ્મમાં હીરો તરીકે તો મહિયરની ચૂંદડી, શેઠ જગડુશા, ભાદર તારા વહેતા પાણી, સોનબાઈની ચૂંદડી, પાતળી પરમાર સહિત 100થી વધુ ફિલ્મો, રામાયણ સહિતની સિરિયલોમાં કામ કરી ખૂબ જ લોકપ્રિયતા હાંસલ કરી છે.
- ✓ શ્રેષ્ઠ ફિલ્મ : મહીયરની ચુંદડી.
- ✓ કુલ એવોર્ડ સાત.

**3. કોરોના રસીકરણ અભિયાન : ભારતની અનોખી સિદ્ધિ**

**તા. 21 ઓક્ટોબર 2021ની સ્થિતિએ માત્ર 279 દિવસમાં 100 કરોડનું વેક્સિનેશન કરાયું**




- ✓ વડાપ્રધાન શ્રી મોદીના મતવિસ્તાર **બનારસના દિવ્યાંગ અરુણ રોયને રામ મનોહર લોહિયા હોસ્પિટલ દિલ્હીમાં કોરોના રસીનો 100 કરોડમો ડોઝ** અપાયો

**ભારતમાં કોરોના રસીકરણની સફર**

- ✓ ભારતમાં 16 જાન્યુઆરી 2021ના રોજથી કોરોના રસીકરણનો પ્રારંભ કરાયો હતો જેમાં સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા દ્વારા નિર્મિત કોવિશીલ્ડ અને ભારત બાયોટેક દ્વારા તૈયાર કરાયેલી દેશની પહેલી સ્વદેશી કોરોના રસી કોવેક્સિનનો સમાવેશ કરાયો હતો.
- ✓ કોરોના મહામારી સામેની લડાઇમાં ઇતિહાસ સર્જતાં ભારતમાં કોરોના રસીના 100 કરોડથી વધુ ડોઝ ફક્ત 279 દિવસમાં આપી દેવાયા.
- ✓ વિશ્વમાં કોરોના વેક્સિનેશનમાં ડોઝની સંખ્યામાં ભારત ફક્ત ચીન કરતાં પાછળ છે. વિશ્વમાં અપાતા કોરોના રસીના પ્રત્યેક 100 ડોઝમાંથી 15 ડોઝ ભારતમાં અપાયા છે.
- ✓ ભારતમાં અપાયેલા કોરોના રસીના કુલ ડોઝ પૈકીના 65 ટકા ડોઝ ગ્રામીણ ભારતમાં અપાયા.
- ✓ ભારતમાં લગભગ 74 ટકા પુખ્ત વસતીને કોરોના રસીનો પ્રથમ ડોઝ અને 30.9 ટકા વસતીને બંને ડોઝ આપી દેવાયા.
- ✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર અત્યાર સુધીમાં રાજ્યોને 103.4 કરોડ ડોઝ પૂરા પડાયા છે જેમાંથી 10.85 કરોડ ડોઝ રાજ્યો પાસે અનામત છે.
- ✓ દેશમાં ગુજરાત સહિતના આઠ રાજ્યોમાં કોરોના રસીના 6 કરોડથી વધુ ડોઝ અપાયા.

**રસીકરણમાં ગુજરાતનું પ્રદાન :**

- ✓ ગુજરાત 6.75 કરોડથી વધુ વેક્સિનેશન સાથે દેશમાં અગ્રેસર
- ✓ ભારતના કુલ વેક્સિનેશનમાં 6.75 ટકાના યોગદાન સાથે ગુજરાત કોવિડ રસીકરણમાં અભિયાનમાં અગ્રેસર

**વેક્સિનેશનની વૈશ્વિક સ્થિતિ :**

| દેશ | કેટલા ડોઝ અપાયા | કુલ વસતીના કેટલા % વેક્સિનેટેડ |
|---|---|---|
| **ચીન** | **2,23,20,88,000** | **75 ટકા** |
| **ભારત** | **1,00,00,00,000** | **30.9 ટકા** |
| **અમેરિકા** | **40,94,38,987** | **57 ટકા** |
| **રશિયા** | **95,88,54,92** | **32 ટકા** |
| **બ્રિટન** | **9,48,63,415** | **68 ટકા** |
| **ફ્રાન્સ** | **9,73,98,249** | **68 ટકા** |
| **જર્મની** | **11,02,23,043** | **66 ટકા** |
| **યુએઇ** | **2,07,40,855** | **88 ટકા** |

- ✓ WHO, યુનિસેફ તથા વિશ્વના દેશો દ્વારા ભારતને 100 કરોડની સિદ્ધિ બદલ અભિનંદન

**4. કેન્દ્ર સરકાર : કેન્દ્રીય કર્મચારીઓના DAમાં 3 ટકાનો વધારો**

**વિગત :**

- ✓ હવે DA 28 ટકાથી વધીને 31 ટકા થયું
- ✓ ત્રણ ટકા DAનો અમલ 1 જુલાઈ 2021થી કરાશે
- ✓ **લાભ :** કેન્દ્રના 1 કરોડથી વધુ કર્મચારી-પેન્શનર્સને લાભ મળશે
- ✓ **ખાસ :** કેન્દ્રીય કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું (DA) જ્યારે પેન્શનર્સ માટે મોંઘવારી રાહત(DR)માં 3 ટકાનો વધારો

**5. હિમ દીપડો : હિમાચલપ્રદેશનુ-સ્ટેટ એનિમલ**



**વિગત :**

- ✓ શિકાર માટે ઢાળપર ભાગતા હિમદીપડાની આ તસવીર 15 હજાર ફૂટની ઊંચાઈએ સ્પીતિ ઘાટીની છે.
- ✓ હિમાચલના આ વિસ્તારમાં ઓક્સિજન ફક્ત 40% અને તાપમાન -20 ડિગ્રી સેલ્સિયસ છે.
- ✓ હિમ દીપડાને કુદરતે અત્યંત ઠંડા વાતાવરણમાં ટકી શકે એવું શરીર આપ્યું છે. તે હિમાચલનું 'સ્ટેટ એનિમલ' છે.
- ✓ હિમાચલ હિમ દીપડા અને તેનો શિકાર બનનારાં જાનવરોની ગણતરી કરનારું પહેલું રાજ્ય છે.
- ✓ અહીં 73 હિમ દીપડા છે. હવે ઉત્તરાખંડે પણ આવો સરવે શરૂ કર્યો છે.

**6. દિન વિશેષ : 21 ઓકટોબર પોલીસ સંભારણા-શહીદ દિવસ**




મુખ્ય હેતુ :


- ✓ દેશ-સમાજની રક્ષા માટે પોતાનું બલિદાન-શહાદત આપનાર પોલીસ જવાનોને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપવા
- ✓ ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પોલીસ ટ્રેનિંગ એકેડમી કરાઇ-ગાંધીનગર ખાતે રાજયકક્ષાનો પોલીસ સંભારણા દિવસ ઉજવાયો
- ✓ પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ અપાઇ
- ✓ વર્ષ 2014માં જ્યારે મોદીજી દેશના પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેમણે એક એવા સ્મારકનુ નિર્માણ કરવાનો નિર્ણય કર્યો કે જે લોકોને પોલીસ કર્મચારીઓના બલિદાનની યાદ અપાવતું રહે.
- ✓ તા. 21 ઓક્ટોબર, 2018ના રોજ પ્રધાનમંત્રીએ આ સ્મારક રાષ્ટ્રને સમર્પિત કર્યુ હતું.
- ✓ રાષ્ટ્રીય પોલીસ સ્મારકનુ નિર્માણ જનતા અને ખાસ કરીને આવનારી પેઢીને પોલીસ દળ તરફ જોવાની દ્રષ્ટીકોણ બદલવાનો મોદી સરકારનો આ એક સાર્થક અને ગંભીર પ્રયાસ છે.

**સંભારણા દિવસ વિશે :**

- ✓ પોલીસ સમૃતિ દિવસ 21 ઓકટોબર, 1959ના રોજ લદાખના હોટ સ્પ્રીંગ વિસ્તારમાં ભારે હથિયારોથી સજ્જ ચીની સેનાએ છળ કરીને કરેલા હૂમલામાં શહીદ થયેલા 10 પોલીસ કર્મચારીઓની યાદમાં મનાવવા આવે છે.

**7. જન્મ દિન વિશેષ : 21 ઓક્ટોબર**

**હાસ્યેન્દ્ર : જયોતીન્દ્ર દવે**



**જન્મ : 21 ઓક્ટોબર 1901 અવસાન : 11 સપ્ટેમ્બર 1980**

- ✓ મને જ્યોતીન્દ્ર આવે છે એવું જે હાસ્યકાર માટે કહેવાતું હતું તેવા આપણી ભાષાના મહાન હાસ્યકાર જ્યોતીન્દ્ર દવેનો આજે જન્મદિવસ.
- ✓ સુરતમાં જન્મેલા જ્યોતીન્દ્ર દવે 1919માં મેટ્રિક થયા જ્યોતીન્દ્રની વ્યવસાયી કારકિર્દી શરૂમાં પત્રકાર પછી શિક્ષક અને છેલ્લે અધ્યાપક તરીકે રહી હતી.
- ✓ હાસ્યનિબંધોને સર્જનના ખાસ ક્ષેત્ર તરીકે પસંદ કરનાર જ્યોતીન્દ્ર પોતાની વિશિષ્ટ સર્જનશૈલીના બળે ગાંધીયુગી નિબંધકારોમાં સૌથી લોકપ્રિય અને અગ્રણી નિબંધકાર તરીકે નીવડી. આવ્યા હતા.

**પ્રદાન :**

- ✓ રંગતરંગ-6 ભાગ, મારી નોંધપોથી, હાસ્યતરંગ, પાનના બીડા, અલ્પાત્માનું આત્મપુરાણ, રેતીની રોટલી, નજર:લાંબી અને ટૂંકી, ત્રીજું સુખ વગેરે તેઓના નિબંધ સંગ્રહો છે. અશોક પારસી હતો, મહાભારત: એક દૃષ્ટિ, મારી વ્યાયામ સાધના, સાહિત્ય પરિષદ જેવા તેમણે અનેક હાસ્યનિબંધો લખ્યા.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (21-10-2021)

**1.** તા. 21 ઓક્ટોબર 2021ના રોજ 78 વર્ષે મુંબઇ ખાતે નિધન પામેલા ગુજરાતી અભિનેતા ચંદ્રકાન્ત પંડયા સંદર્ભે નીચેનામાંથી કયુ/કયા વિધાન/વિધાનો યોગ્ય છે

1. રામાનંદ સાગરની રામાયણ શ્રેણીમાં નિષાદ રાજાનું પાત્ર ભજવનાર
2. ઉપનામ : બાબલા
3. મૂળ વતન : જૂની ભીલડી, તા. ડિસા, જિ.બનાસકાંઠા પણ કર્મભૂમિ : મુંબઇ
4. કારકિર્દીની શ્રેષ્ઠ ફિલ્મ : મહીયરની ચુંદડી

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 4 **(D) આપેલ તમામ**

**2.** ભારતમાં કોરોના રસીકરણના 100 કરોડ ડોઝની અનોખી વૈશ્વિક સિદ્ધિ બાબતે નીચેના પૈકી ક્યા વિધાન/વિધાનો યોગ્ય છે

1. તા. 21 ઓક્ટોબર 2021ની સ્થિતિએ માત્ર 279 દિવસમાં 100 કરોડનું વેક્સિનેશન
2. PM મોદીની ઉપસ્થિતિમાં બનારસના દિવ્યાંગ અરુણ રોયને દિલ્હીની રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં 100 કરોડમો ડોઝ અપાયો
3. ભારતમાં 16 જાન્યુઆરી 2021ના રોજથી કોરોના રસીકરણનો પ્રારંભ
4. ગુજરાત 6.75 કરોડથી વધુ વેક્સિનેશન સાથે દેશમાં અગ્રેસર
5. વિશ્વમાં કોરોના વેક્સિનેશનમાં ડોઝની સંખ્યામાં ભારત ફક્ત ચીન કરતાં પાછળ, વિશ્વમાં અપાતા કોરોના રસીના પ્રત્યેક 100 ડોઝમાંથી 15 ડોઝ ભારતમાં અપાયા

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 4
(C) માત્ર 1 2 અને 5 **(D) આપેલ તમામ**

**3.** ઓક્ટોબર 2021માં યોજાયેલી ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં 2.5 વર્ષની ટર્મ માટે પાંચમા મેયર તથા ડેપ્યુટી મેયર તરીકે કોની પસંદગી કરાઇ

(A) હિતેશ પંડ્યા તથા પ્રેમસિંહ રામ
(B) હિતેશ પ્રજાપતિ તથા પ્રેમસિંહ ધૂમ્મલ
**(C) હિતેશ મકવાણા તથા પ્રેમલસિંહ ગોલ**
(D) હિતેશ પરમાર તથા પ્રતાપસિંહ રાવળ

**4.** તા. 21 ઓક્ટોબર 2021ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય કર્મચારી-પેન્શનર્સના DA-DRમાં કેટલા ટકાનો વધારા સાથે કુલ કેટલું DA-DR થયુ

(A) 1 ટકા તથા કુલ 30 ટકા **(B) 3 ટકા તથા કુલ 31 ટકા**
(C) 3 ટકા તથા કુલ 28 ટકા (D) 4 ટકા તથા કુલ 32 ટકા

**5.** હિમ દીપડો કયા રાજ્યનું સ્ટેટ એનિમલ ઘોષિત કરાયું છે

(A) હરિયાણા (B) લદ્દાખ
(C) અરુણાચલપ્રદેશ **(D) હિમાચલપ્રદેશ**

**6.** પોલીસ સ્મૃતિ-સંભારણા દિવસ કયારે ઉજવાય છે

(A) 1 ઓક્ટોબર (B) 11 ઓક્ટોબર
**(C) 21 ઓક્ટોબર** (D) 23 ઓક્ટોબર

**7.** પોલીસ કર્મચારીઓના બલિદાનની યાદ અપાવતું ભવ્ય "રાષ્ટ્રીય પોલીસ સ્મારક" કયા આવેલું છે

(A) લદ્દાખ **(B) નવી દિલ્હી** (C) જમ્મુ કાશ્મીર (D) મુંબઈ

**8.** હાસ્યકાર જ્યોતીન્દ્ર દવેનો જન્મ કયારે-કયાં થયો હતો

(A) તા.25 ઓક્ટોબર 1901 તથા બોટાદ

(B) તા.22 ઓક્ટોબર 1901 તથા ભાવનગર

**(C) તા.21 ઓક્ટોબર 1901 તથા સુરત**

(D) તા.20 ઓક્ટોબર 1901 તથા ભરૂચ

**DATE : 22-10-2021**

**1. સંરક્ષણ કરાર : ભારત સરકાર**

**રૂ.423 કરોડમાં MK 54 ટોર્પીડો (પાણસુરંગ) સહિતના શસ્ત્રો ખરીદવા માટે ભારતના US સાથે કરાર**



**સમજૂતિ કરાર વિશે :**

- ✓ ભારતીય નૌકાદળ પાસે કુલ 11 P-81 એરક્રાફ્ટ છે. આ એરક્રાફ્ટની રચના અમેરિકાની એરોસ્પેસ કંપની બોઇંગ દ્વારા કરવામાં આવી.
- ✓ સંરક્ષણ મંત્રાલયે અમેરિકન સરકાર સાથે ભારતીય નેવી માટે રૂ. 423 કરોડના ખર્ચે એમકે 54 ટોર્પીડો સહિતના શસ્ત્રો ખરીદવા માટે સમજૂતી કરી છે.
- ✓ **ટોર્પીડો-પાણસુરંગ એક એવું શસ્ત્ર છે જેની મદદથી વહાણને પાણીમાંથી કે હવામાંથી મારીને ઉડાવી દેવામાં આવે છે.**
- ✓ **ખાસ : ઇન્ડિયન નેવીના એન્ટી સબમરિન વોરફેર એરક્રાફ્ટ P-81 માટે આ શસ્ત્રો ખરીદાશે**


**2. ગોવા : ક્રાઈમ ડિટેક્શનમાં ગોવા દેશભરમાં ટોચના સ્થાને**



**3. આસામ : "ભાસ્કરબડા કેલેન્ડર"ને આસામનું સત્તાવાર કેલેન્ડર જાહેર કરાયું**




**4. DRDO : ફાઈટર ડ્રોન 'અભ્યાસ'- હાઈ સ્પીડ એક્સપેંડબલ એરિયલ ટાર્ગેટ (HEAT)નું સફળ પરીક્ષણ**




- ✓ **પરીક્ષણ :** બંગાળનો ઉપસાગર, ITR, ચાંદીપુર ઓડિશા

**વિશેષતા :**

- ✓ આ અવાજની ગતિએ દુશ્મન મિસાઈલને નિશાનો બનાવી શકે છે. એનાથી જમીનથી હવા અને હવામાંથી હવામાં લક્ષ્યને ટાર્ગેટ કરી શકાય છે.
- ✓ **ITR : ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ**

**5. ટોક્યો ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ નીરજ ચોપરા**




- ✓ **ઉપનામ : મેન વિથ અ ગોલ્ડન આર્મ**
- ✓ રમત : ભાલા ફેંક

**6. સ્વદેશી પ્રોજેક્ટ ફૂટવેર સાઈઝિંગ સિસ્ટમ : ભારતમાં આગામી વર્ષ 2022 સુધીમાં પોતાની સાઈઝ સિસ્ટમ ડેવલેપ કરાશે**

- ✓ હાલમાં બ્રિટનની સાઈઝિંગ જૂતા-ચપ્પલનો ભારતમાં ઉપયોગ

**અન્ય વિગત :**

- ✓ દેશવાસીઓને પગના ભારતીય માપથી બનેલા જૂતાં-ચપ્પલ પહેરવા મળશે. તે માટે મુઝફ્ફરપુર ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (એમઆઇટી)ને રીજનલ સેન્ટરનો દરજ્જો.
- ✓ પ્રોજેક્ટ અંતર્ગત એમઆઇટીની ટીમ ફુટવેર સાઇઝિંગ સિસ્ટમ ડેવલપ કરશે. તે માટે બિહાર અને ઝારખંડના 5 જિલ્લામાં ટીમ અંદાજે 6 હજાર લોકોના પગનો સેમ્પલ સરવે કરશે.
- ✓ આ લોકો 4થી 55 વર્ષ સુધીની ઉંમરના હશે.
- ✓ દરેક વયજૂથમાં સ્ત્રી-પુરૂષના પગના સેમ્પલ સામેલ હશે

**પ્રોજેક્ટની જવાબદારી :**

- ✓ કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR) અને સેન્ટ્રલ લેધ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (CLRI).

✓ ટીમ 2022 સુધીમાં ફુટવેર સાઇઝિંગ સિસ્ટમ ડેવલપ કરશે.

**7. FATF : મોરેશિયસ ગ્રે લિસ્ટમાંથી બહાર**

**પાકિસ્તાનનો સતત ત્રીજા વર્ષે FATF લિસ્ટમાં સમાવેશ**

તુર્કીનો પણ ગ્રે લિસ્ટમાં સમાવેશ




**મોરેશિયસ ગ્રે લિસ્ટમાંથી બહાર :**

- ✓ એફ.એ.ટી.એફ. દ્વારા જે દેશોને ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે તે તમામ દેશોને એક એક્શન પ્લાન આપવામાં આવ્યો છે.
- ✓ ગ્રે લિસ્ટમાં આવવાથી બચવા કે પછી બ્લેક લિસ્ટમાં સામેલ થવાથી બચવા માટે એક એક્શન પ્લાન આપીને નક્કી સમયમર્યાદામાં તેના પર કામ કરવા જણાવવામાં આવેલું છે,
- ✓ એફ.એ.ટી. એફ. દ્વારા ગ્રે લિસ્ટમાંથી બહાર થવા બદલ મોરેશિયસ અને બોત્સવાનાને અભિનંદન આપ્યા હતા. તેનો અર્થ એ થયો કે તે બંને દેશોને હવે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ પાસેથી મદદ મળતી થશે.
- ✓ **બેઠક : પૅરિસ (ફ્રાંસ)**

**8. ઓરોરે વાવાઝોડું : પવનની ઝડપ પ્રતિ કલાક અંદાજે 175 કિલોમીટર**

- ✓ **પ્રભાવિત દેશ :** સમગ્ર યુરોપ, ફ્રાંસ, જર્મની નેધરલેન્ડ, બેલ્જિયમ, ચેક રીપબ્લિક, પોલેન્ડ, આઇલેન્ડ UK વગેરે

**9. ભારત છઠ્ઠીવાર સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ-UNHRCનું સદસ્ય બન્યું**





- ✓ **સમયગાળો : વર્ષ 2022 થી 2024**

**10. નોર્વે : નવા વડાપ્રધાન તરીકે જોનાસ ગહર સ્ટોર**




**11. ગ્લોબલ ટીબી રિપોર્ટ-2021**

**ભારત ટીબી નાબૂદ કરવાની દિશામાં દુનિયાનો ટોચનો દેશ બન્યો**




**12. જન્મ દિન વિશેષ : 22 ઓક્ટોબર**

**શ્વેતક્રાંતિનું બીજ : ત્રિભુવન પટેલ**



**જન્મ : 22 ઓક્ટોબર 1903 અવસાન : 3 જૂન 1994**

- ✓ આણંદમા શ્રીમંત પરિવારમાં જન્મેલાં ત્રિભુવન પટેલે અભ્યાસ આણંદ અને ગુજરાત વિદ્યાપીઠમાં કર્યો હતો.
- ✓ ગુજરાત વિદ્યાપીઠમાં વિનીત પાસ કરી સત્યાગ્રહમાં જોડાયાં હતાં.
- ✓ તેઓનું રાજકીય ઘડતર મહાત્મા ગાંધી અને સરદાર પટેલની નિશ્રામાં થયું હતું.
- ✓ 1924થી શરૂ થયેલી ત્રિભુવન પટેલની સ્વતંત્રતા સૈનિક તરીકેની યાત્રામાં 1947માં આઝાદી મળી ત્યાં સુધી 4 વખત તે નિમિત્તે જેલમાં ગયાં હતાં.
- ✓ સ્વરાજ્યપ્રાપ્તિના ગાળામાં પોલસન ડેરીની ઇજારાશાહી સામે ત્રિભુવન પટેલે દૂધ ઉત્પાદકોનો સંઘ રચ્યો હતો. તેમાં પ્રેરણા સરદાર પટેલની હતી.
- ✓ તા. 7 ઑક્ટોબર 1946નાં રોજ પહેલી દૂધ સહકારી મંડળી અસ્તિત્વમાં આવી. અને તેમાંજ આજની " ટેસ્ટ ઑફ ઇન્ડિયા" અમૂલ ડેરીનું બીજ પડ્યું હતું.
- ✓ ત્રિભુવન પટેલ અને શ્વેતક્રાંતિના જનક વર્ગીસ કુરિયનની જોડીએ રંગત દાખવી અને ગુજરાત, ભારત જ નહીં પણ એશિયામાં પ્રસિદ્ધ બની.
- ✓ પોતાની જાહેરાતોમાં કોઇ મોટાં સેલિબ્રિટીને લીધાં વગર બ્રાન્ડિંગ કરતી ગુજરાતની ઓળખ બની તેનાં પાયામાં ત્રિભુવન પટેલ જેવાં પાયાના પથ્થરો રહેલાં છે.
- ✓ ગુજરાતના આ પાયાના રચનાત્મક કાર્યકર અને સહકારી આગેવાનનું 3 જૂન 1994ના રોજ અવસાન થયું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (22-10-2021)

**1.** તા. 22 ઓક્ટોબર 2021 દરમિયાન ભારતે અમેરિકા પાસેથી શસ્ત્રો ખરીદવા કરાયેલા સમજૂતિ કરારમાં નીચેનામાંથી કઇ બાબત/બાબતો યોગ્ય છે

1. રૂ.423 કરોડમાં MK 54 ટોર્પીડો (પાણસુરંગ) સહિતના શસ્ત્રો ખરીદવા કરાર
2. ભારતીય નૌસેનામાં કુલ 11 P-81 એરક્રાફ્ટ સેવારત
3. ઇન્ડિયન નેવીના એન્ટી સબમરિન વોરફેર એરક્રાફ્ટ P-81 માટે આ શસ્ત્રો ખરીદાશે

4. ટોર્પીડો-પાણસુરંગ એક એવું શસ્ત્ર છે જેની મદદથી વહાણને પાણીમાંથી કે હવામાંથી મારીને ઉડાવી દેવામાં આવે

(A) 1 અને 3 (B) 2 અને 4

(C) 2 3 અને 4 (D) આપેલ તમામ

**2.** ઓક્ટોબર 2021ના ક્રાઈમ ડિટેક્શનના અહેવાલમાં દેશભરમાં ટોચનું સ્થાન ધરાવનાર રાજ્યનું નામ જણાવો

**(A) ગોવા** (B) ગુજરાત (C) ઉત્તરપ્રદેશ (D) મહારાષ્ટ્ર

**3.** તાજેતરમાં "ભાસ્કરબડા કેલેન્ડર"ને કયા રાજ્ય દ્વારા સત્તાવાર કેલેન્ડર જાહેર કરાયું

(A)મિઝોરમ (B)મેઘાલય (C) અરુણાચલપ્રદેશ **(D) આસામ**

**4.** ઓક્ટોબર 2021માં DRDOએ બંગાળના ઉપસાગર, ITR, ચાંદીપુર ઓડિશા ખાતેથી કયા ફાઇટર ડ્રોનનું હાઈ સ્પીડ એક્સપેંડબલ એરિયલ ટાર્ગેટ (HEAT)નું સફળ પરીક્ષણ કર્યું

(A) K9 **(B) અભ્યાસ** (C) અભય (D) અર્જુન

**5.** ભારતમાં ક્યો ખેલાડી મેન વિથ અ ગોલ્ડન આર્મ તરીકે ઓળખાય છે

(A) જસપ્રિત બૂમરાહ (B) બાઈચૂંગ ભૂટિયા

**(C) નીરજ ચોપરા** (D) બજરંગ પૂનિયા

**6.** ભારતમાં આગામી વર્ષ 2022 સુધીમાં પોતાની જૂતા-ચપ્પલની સાઈઝ સિસ્ટમ નક્કી કરવા કયો પ્રોજેક્ટ લોન્ચ કરાયો

(A) પરદેશી પ્રોજેક્ટ ફૂટવેર સાઈઝિંગ

(B) અભય પ્રોજેક્ટ ફૂટવેર સાઈઝિંગ

**(C) સ્વદેશી પ્રોજેક્ટ ફૂટવેર સાઈઝિંગ**

(D) વિદેશી પ્રોજેક્ટ ફૂટવેર સાઈઝિંગ

**7.** ભારતમાં હાલમાં બ્રિટનની જૂતા-ચપ્પલની સાઈઝ સિસ્ટમ અમલમાં છે જેમાં સ્વદેશી સાઈઝ નક્કી કરવા કઈ સંસ્થાઓને જવાબદારી સોંપાઈ છે

(A) કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક & ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR)

(B) સેન્ટ્રલ લેધ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (CLRI)

(C) IIM અમદાવાદ **(D) A અને B બંને**

**8.** ઓક્ટોબર 2021માં FATFએ ક્યા દેશને ગ્રે લિસ્ટમાંથી બહાર લાવવાની જાહેરાત કરી છે

(A) પાકિસ્તાન **(B) મોરેશિયસ** (C) તુર્કી (D) ઈન્ડોનેશિયા

**9.** ઓક્ટોબર 2021માં FATFએ સતત ત્રીજા વર્ષે પાકિસ્તાન ઉપરાંત વધુ ક્યા એક દેશનો ગ્રે લિસ્ટમાં સમાવેશ કર્યો

**(A) તુર્કી** (B) મોરેશિયસ (C) ઈન્ડોનેશિયા (D) બાંગ્લાદેશ

**10.** ઓક્ટોબર 2021માં 175 કિલોમીટરની ઝડપે ઓરોરે વાવાઝોડુ કયાં ખંડમાં ફૂંકાયુ

**(A) યુરોપ** (B) એશિયા (C) ઓસ્ટ્રેલિયા (D) આફ્રિકા

**11.** તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ-UNHRCમાં ભારત કેટલામીવાર અને કેટલા સમયગાળા માટે સદસ્ય બન્યું

(A) પાંચમીવાર તથા વર્ષ 2021 થી 2023

**(B) છઠ્ઠીવાર તથા વર્ષ 2022 થી 2024**

(C) સાતમીવાર તથા વર્ષ 2023 થી 2025

(D) આઠમીવાર તથા વર્ષ 2021 થી 2023

**12.** ઓક્ટોબર 2021માં જોનાસ ગહર સ્ટોર કયા દેશના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાયા

(A) ઈટાલી (B) સ્વિડન (C) ફ્રાંસ **(D) નોર્વે**

**13.** ઓક્ટોબર 2021ના ગ્લોબલ ટીબી રિપોર્ટ મુજબ ટીબી નાબૂદ કરવાની દિશામાં કયો દેશ અગ્રેસરનું સ્થાન ધરાવે છે

**(A) ભારત** (B) ઈરાન (C) પાકિસ્તાન (D) અમેરિકા

**14.** સહકારી આગેવાન તથા ગુજરાતમાં શ્વેતક્રાંતિના બીજ સમાન ત્રિભુવન પટેલનો જન્મ ક્યારે-કયાં થયો હતો

(A) તા. 20 ઓક્ટોબર 1901 તથા આણંદ

(B) તા. 21 ઓક્ટોબર 1902 તથા સાણંદ

(C) તા. 22 ઓક્ટોબર 1903 તથા ડાકોર

(D) તા. 23 ઓક્ટોબર 1904 તથા દ્વારકા

**15.** ત્રિભુવનભાઈ પટેલનું રાજકીય ઘડતર ગુજરાતના કયા મહાનુભાવોના સાન્નિધ્યમાં થયું હતું

(A) મહાત્મા ગાંધી (B) સરદાર પટેલ

(C) A અને B બંને (D) આપેલ પૈકી એક પણ નહીં

**16.** પહેલી દૂધ સહકારી મંડળી કયારે અસ્તિત્વમાં આવી કે જેમાં આજની ટેસ્ટ ઑફ ઇન્ડિયા અમૂલ ડેરીનું બીજ પડ્યું હતું

(A) તા. 7 ઑક્ટોબર 1941 (B) તા. 7 ઑક્ટોબર 1944

**(C) તા. 7 ઑક્ટોબર 1946** (D) તા. 7 ઑક્ટોબર 1948

**DATE : 23-10-2021**

**1. ગુજરાત : હેક્ટર દીઠ ડુંગળીનું ઉત્પાદન કરવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે**

**ભારતભરમાં ડુંગળીનું સૌથી વધુ ઉત્પાદન કરનાર જિલ્લો ભાવનગર**

**ઉત્પાદનની વિગતો :**

- ✓ ગુજરાતમાં પ્રતિ હેક્ટર 2400 કિલોગ્રામ ડુંગળીનું ઉત્પાદન જ્યારે ભારતનું ઉત્પાદન એવરેજ 1700 કિલોગ્રામ

**ગુજરાતમાં ડુંગળીનું વાવેતર-વિસ્તાર અને અન્ય રાજ્યો**

- ✓ ગુજરાતમાં ડુંગળીનો પાક સામાન્ય રીતે શિયાળામાં લેવાય છે. રાજ્યમાં 40 હજાર હેક્ટર જેટલી જમીનમાં ડુંગળીનું વાવેતર કરવામાં આવે છે.
- ✓ મુખ્ય ભાવનગર, અમરેલી, જામનગર અને રાજકોટમાં ડુંગળીનું વાવેતર વધારે થાય છે. ગુજરાતનો ભાવનગર જિલ્લો એવો છે કે જ્યાં ડુંગળીનું ભારતભરમાં સૌથી વધુ ઉત્પાદન થાય છે.
- ✓ દેશના રાજ્યોમાં પ્રતિવર્ષ સરેરાશ 13,15,200 હેક્ટર વિસ્તારમાં ડુંગળીનો પાક લેવાય છે જેમાં ગુજરાતનો હિસ્સો માત્ર ચાર ટકા છે.
- ✓ ભારતના રાજ્યો પૈકી મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ડુંગળીનો વધારે પાક લેવાય છે. એ ઉપરાંત ગુજરાત, બિહાર, આંધ્રપ્રદેશ, હરિયાણા, પશ્ચિમબંગાળ અને ઉત્તરપ્રદેશમાં ડુંગળીનું વાવેતર થાય છે. ડુંગળીની ઉત્પાદકતાની બાબતમાં ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે સ્પર્ધા.
- ✓ સ્ત્રોત : કૃષિ વિભાગ

**2. પુસ્તક વિમોચન : 'ધી હિન્દુત્વ પેરેડાઇગ'**




**લેખક : શ્રી રામ માધવ**

**પરિચય :**

✓ RSSના પ્રચારક અને ભાજપના નેતા

**3. નવું નામકરણ : ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા ફૈઝાબાદ રેલ્વે સ્ટેશનનું નવું નામ 'અયોધ્યા કેન્ટ' અપાયું**




**અગાઉના નામકરણ :**

✓ અગાઉ ફૈઝાબાદ જિલ્લાનું નામ બદલીને અયોધ્યા કરી દેવામાં આવ્યું હતું અને તે પહેલાં અલ્હાબાદ શહેરનું નામ બદલીને પ્રયાગરાજ કરી દેવામાં આવ્યું હતું.

✓ **મુખ્યમંત્રી : યોગી આદિત્યનાથ**

✓ **રાજધાની : લખનઉ**

**4.વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિદેશ પ્રવાસ : તા. 29મીએ ઇટાલી અને 31મીએ બ્રિટન જશે**





**વિગત :**

✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 29 ઓક્ટોબરે ઇટાલીના રોમ જશે. ત્યાં 30 અને 31 ઓક્ટોબરે G20ના શિખર સંમેલનમાં સામેલ થશે.

✓ મોદી 31મીએ જ સંયુક્ત રાષ્ટ્રના ક્લાઈમેટ ચેન્જની બેઠકમાં સામેલ થવા માટે બ્રિટનના ગ્લાસગો જશે.

**5. CAR-T સેલ થેરપી :**




✓ CAR-T સેલ થેરાપી એક પ્રકારની ઇમ્યૂન એન્ટિકેન્સર ડ્રગ છે. એટલે કે તે શરીરના ઇમ્યૂન સિસ્ટમને જ કેન્સર સેલ ઉપર હુમલો કરવા માટે તૈયાર કરે છે.

✓ તે શરીરના T-Cellમાં CAR જિન્સ મેળવીને કેન્સર સેલ ઉપર હુમલો કરવા માટે તેને જેનેટિકલી ટ્રાન્સફોર્મ કરે છે.

✓ લ્યૂકેમિયા કેન્સરના છેલ્લા સ્ટેજના દર્દીઓ ઉપર તેની દક્ષિણ કોરિયામાં ક્લિનિકલ ટ્રાયલ શરૂ થઈ.

**6. જન્મ દિન વિશેષ : 23 ઓક્ટોબર**

**સોનેટના પિતા - બળવંતરાય ઠાકોર**



**જન્મ : તા. 23 ઓક્ટોબર 1869**

**અવસાન : તા. 2 જાન્યુઆરી 1952**

✓ ગુજરાતી સાહિત્યનાં મોટાં ગજાના કવિ , વિવેચક અને ઇતિહાસ ચિંતક- બળવંતરાય ઠાકોર.

✓ **ઉપનામ : સેહેની**

✓ બ.ક.ઠા.નાં ટૂંકા નામે પ્રસિદ્ધ થયેલા બળવંતરાયનો જન્મ ભરૂચમાં થયો હતો.

✓ વર્ષ 1892માં પૂનાથી દક્ષિણા ફેલો તરીકે નિમાયા.

✓ વર્ષ 1883માં શાળાકીય ક્રિકેટ સ્પર્ધામાં તેઓ સૌથી નાની વયના ખેલાડી હતાં.

✓ બળવંતરાયએ વ્યવસાયી કારકિર્દીનો પ્રારંભ ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે સિંધની કરાંચી કૉલેજથી કર્યો હતો. તે પછી પ્રોફેસર ઠાકોર અજમેર, પૂનાની ડેક્કન કૉલેજ, રાજકુમાર કોલેજ, રાજકોટ વગેરે ઠેકાણે અધ્યાપન કાર્ય કર્યું હતું.

✓ બળવંતરાય ઠાકોર સંસ્કૃતનાં જ્ઞાતા, ઇતિહાસ, રાજકારણ અને અર્થશાસ્ત્રનાં ગણ્યકોટીના વિદ્વાન અને ગુજરાતી તથા અંગ્રેજીના આરૂઢ અભ્યાસી હતાં.

**સાહિત્ય સર્જન-સંપાદન-વિવેચન :**

✓ ભણકાર, જૂનું પિયરઘર, મ્હારા સોનેટ, કવિતા, લિરિક ઝડપી આપણી કાવ્ય સમૃદ્ધિ, માલવિકાગ્નીમિત્ર, વિક્રમોવર્શિયમ, શાકુંતલ, પ્લૂટાકનું જીવનચરિત્ર, ઇતિહાસ દિગ્દર્શન, અંબાલાલભાઈ, લગ્નમાં બ્રહ્મચર્ય, વિવિધ વ્યાખ્યાનો (2 ભાગ), પંચોતેરમે, પ્રવેશકો જેવાં કવિતા, વિવેચન, અનુવાદ, જીવનચરિત્ર અને ઇતિહાસ વિષયક ગ્રંથો છે.

✓ કલાપી અને કવિ કાન્તના સંગાથી તથા મહાત્મા ગાંધીના સહાધ્યાયી એવાં બળવંતરાય ઠાકોરનું 2 જાન્યુઆરી 1952ના રોજ અવસાન થયું હતું.

**સન્માન :**

✓ બ.ક. ઠાકોર "ગગા ઓઝા પ્રાઈઝ" અને "દિવાન બહાદુર "જેવાં ઇલકાબોથી સન્માનિત.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (23-10-2021)

**1.** તા. 23 ઓક્ટોબર 2021ના કૃષિ વિભાગના અહેવાલ મુજબ ભારતમાં ડુંગળી ઉત્પાદન સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાન/વિધાનો યોગ્ય છે
1. હેક્ટર દીઠ ડુંગળીનું ઉત્પાદન કરવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે
2. ગુજરાતમાં પ્રતિ હેક્ટર 2400 કિલોગ્રામ ડુંગળીનું ઉત્પાદન જ્યારે ભારતનું ઉત્પાદન એવરેજ 1700 કિલોગ્રામ
3. ભારતભરમાં ડુંગળીનું સૌથી વધુ ઉત્પાદન કરનાર જિલ્લો ભાવનગર
4. ભારતના રાજ્યો પૈકી મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ડુંગળીનું નોંધપાત્ર વાવેતર
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) માત્ર 4 **(D) આપેલ તમામ**

**2.** વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઓક્ટોબર 2021ના અંતમા યોજનારા વિદેશ પ્રવાસ અંગે નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે
1. તા. 29 ઓકોટબર – રોમ, ઈટાલી પ્રવાસે
2. તા. 30-31 ઓક્ટોબરે G20ના શિખર સંમેલનમાં સામેલ થશે
3. તા.31 ઓક્ટોબર સંયુક્ત રાષ્ટ્રના ક્લાઈમેટ ચેન્જની બેઠકમાં સામેલ થશે
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**3.** CAR-T સેલ થેરપીમાં નીચેના પૈકી કઈ બાબત/બાબતોનો સમાવેશ થાય છે
1. CAR-T સેલ થેરાપી એક પ્રકારની ઈમ્યૂન એન્ટિકેન્સર ડ્રગ
2. શરીરના T-Cellમાં CAR જિન્સ મેળવીને કેન્સર સેલ ઉપર હુમલો કરવા માટે તેને જેનેટિકલી ટ્રાન્સફોર્મ કરે છે
3. લ્યૂકેમિયા કેન્સરના છેલ્લા સ્ટેજના દર્દીઓ ઉપર તેની દક્ષિણ કોરિયામાં ક્લિનિકલ ટ્રાયલ શરૂ થઈ
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**4.** તાજેતરમાં વિમોચન કરાયેલ 'ધી હિન્દુત્વ પેરેડાઇગ' પુસ્તકના લેખકનું નામ જણાવો
(A) ચેતન ભગત **(B) રામ માધવ**
(C) અરુણ શૌરી (D) રાકેશસિંહ

**5.** ઓક્ટોબર 2021માં ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા ફૈઝાબાદ રેલ્વે સ્ટેશનનું કયુ નવું નામ અપાયુ
**(A) અયોધ્યા કેન્ટ** (B) અયોધ્યા કેમ્પ
(C) અયોધ્યા રેલવે સ્ટેશન (D) અયોધ્યા ટેન્ટ

**6.** ગુજરાતી સાહિત્યકાર બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો
(A) તા. 20 ઓકટોબર 1862 તથા આણંદ
(B) તા. 21 ઓકટોબર 1866 તથા સુરત
(C) તા. 22 ઓકટોબર 1867 તથા નવસારી
**(D) તા. 23 ઓકટોબર 1869 તથા ભરૂચ**

**7.** ક્યા ગુજરાતી સાહિત્ય સર્જક સોનેટના જનક/સોનેટના પિતા તરીકે જાણીતાં છે જેઓ સેહેની ઉપનામ ધરાવતા હતા
(A) ગૌરીશંકર જોષી **(B) બ.ક. ઠાકોર**
(C) રમણભાઈ નિલકંઠ (D) બાલાશંકર કંથારિયા

**DATE : 24-10-2021**

**1. ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ તથા લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ 2021**




**(1) ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ 2021 :**

**વિજેતા :**

**(1) નરોત્તમ પલાણ** **(2) અમૃત પટેલ**

**(2) લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ 2021**

**વિજેતા :**

**(1) કાશીબેન ગોહિલ** **(2) નાથાભાઈ ગમાર**

**એવોર્ડના માપદંડ :**

- ✓ રાજ્યના વિવિધ ભૌગોલિક વિસ્તારો અને વૈવિધ્ય ધરાવતા લોકગાયકો, લોકસાહિત્યકારો, ભજનિકો અને કલાકારોમાંથી બંને એવોર્ડ માટે બે-બે મહાનુભાવો પસંદ કર્યા હતા.
- ✓ કથાકાર મોરારીબાપુના હસ્તે રાજકોટ ખાતેથી એવોર્ડ એનાયત
- ✓ **એવોર્ડ આપનાર સંસ્થા : ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

**2. PM શ્રી મોદી દ્વારા 82મી મન કી બાત**




**મન કી બાતના મુખ્ય અંશો :**

- ✓ વેક્સિનેશનનાં 100 કરોડ ડોઝ એ ભારતનું સામર્થ્ય અને સૌના પ્રયાસનાં મંત્રની શક્તિનો પ્રભાવ છે.
- ✓ તેમણે વેક્સિનેશનમાં હેલ્થ વર્કર્સનું યોગદાન, સરદાર પટેલ અને બિરસા મુંડાની જયંતી.
- ✓ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની ભૂમિકા, ડ્રોન ટેકનોલોજી, સ્વચ્છતા અભિયાન તેમજ તહેવારોમાં **વોકલ ફોર લોકલ**નાં મુદ્દા પર ચર્ચા કરી હતી. મોદીએ સ્વચ્છતા રાખવા અને સિંગલ યૂઝ પ્લાસ્ટિકથી મુક્તિ માટે હાકલ કરી હતી.
- ✓ **દર માસના અંતિમ રવિવારે PM દ્વારા મન કી બાતનું આયોજન**
- ✓ **પ્રસારણ : આકાશવાણી**


**3. નવો વેરિઅન્ટ AY.4.2 : બ્રિટન અને યુરોપમાં હાહાકાર મચાવનાર કોરોનાનો નવો વેરિઅન્ટ ભારતમાં સૌપ્રથમ મધ્યપ્રદેશના ઈંદોરમાં દેખાયો**

**ઈન્દોરમાં AY.4.2 વેરિઅન્ટના નવા 7 કેસ**




**4. પુસ્તક વિમોચન : એક્ચ્યુલી આઇ મેટ ધેમ: એ મેમોઇર**

- ✓ આત્મકથા : ગીતકાર ગુલઝાર




**5. ખેલકૂદ : 15th ઉબેરકપ-2021**

**વિજેતા દેશ : ચીન**

- ✓ ઉપ વિજેતા દેશ : જાપાન રમત : બેડમિન્ટન
- ✓ યજમાન : ડેન્માર્ક

**6. મિસ ઈન્ટરનેશનલ વર્લ્ડ-2021**

**ખિતાબ વિજેતા પ્રથમ ભારતીય : ડૉ. અક્ષતા પ્રભુ યજમાન દેશ : USA**



**7. દિન વિશેષ : 22 ઓક્ટોબર**

**ઇન્ટરનેશનલ સ્ટટરિંગ અવેરનેસ ડે**

- ✓ **થીમ-2001 : "speak the change you wish to see"**




**મૂળ હેતુ :**

- ✓ જીભ થોથવાતી હોય, અચકાતી હોય તેવા લોકોને શું તકલીફ પડે છે, તથા તેમની સાથે કેવોક ભેદભાવ કરવામાં આવે છે તેના વિશે જાગૃતિ લાવવા.
- ✓ ઉજવણીનો પ્રારંભ : વર્ષ 1998 – આયરલેન્ડ

**8. દિન વિશેષ : 24 ઓક્ટોબર**

**(1) UN : સ્થાપના દિવસ**




- ✓ **સ્થાપના :** તારીખ 24/ 10/1945
- ✓ **ધ્યેયમંત્ર :** Peace, dignity and equality on a healthy planet
- ✓ **મુખ્ય મથક :** ન્યૂયોર્ક સિટી, USA
- ✓ **મૂળ પાંચ સ્થાપક સભ્યો :** US, UK, રશિયા, ફ્રાન્સ અને ચીન
- ✓ વર્તમાન જનરલ સેક્રેટરી : એન્ટોનિયો ગુટેરેસ

**(2) વર્લ્ડ પોલિયો ડે 2021**

- ✓ **થીમ-2021 : "Delivering on a Promise."**




- ✓ આ વર્ષનું પ્રચાર સ્લોગન : 'End Polio'
- ✓ ઉજવણી : WHO

**9. જન્મ દિન વિશેષ : 24 ઓક્ટોબર**

**મહારાજા : ગોંડલ નરેશ ભગવતસિંહ**




**જન્મ : 24 ઓક્ટોબર 1865 અવસાન : 9 માર્ચ 1944**

- ✓ મહારાજા ભગવતસિંહજી સંગ્રામસિંહજી જાડેજા (ગોંડલના બાપુ)
- ✓ જન્મ : કારતક સુદ પાંચમ ધોરાજી
- ✓ **ઉપનામ :** ગોંડલ બાપુ - **માતા :** મોંઘીબા
- ✓ **પિતા :** સંગ્રામસિંહ ભાણજી જાડેજા

**રાજ્યાભિષેક:**

- ✓ 25 ઓગસ્ટ 1869માં પિતા સંગ્રામજી બાપુનું અવસાન થતા ગોંડલની ગાદી પર બેઠા અને ત્યારબાદ ઈ.સ. 1884માં ગોંડલની સ્વતંત્ર સત્તા સંભાળી.

**અભ્યાસ :**

- ✓ નવ વર્ષની ઉંમરે ઈ.સ. 1875માં રાજકુમાર કોલેજમાં અભ્યાસ માટે દાખલ થયા.
- ✓ 1887–સ્કોટલેન્ડની એડિનબરો યુનિ.માંથી એલ.એલ.ડી (ડોકટરી અભ્યાસ)
- ✓ 1890–એડિનબરોમાંથી એમ.બી.સી.એમ અને એમ.આર.સી.પી.

**વ્યવસાય : રાજકર્તા**

- ✓ 1887માં સૌપ્રથમ ટેલીફોન લાઇન (દરબારગઢ થી હજૂર બંગલો) શરૂ કરી.

- ✓ 1895માં ફર્ગ્યુંસન કોલેજ, પૂનાને દાન આપી ગોંડલ રાજ્યની સીટો ભવિષ્ય માટે રીઝર્વ કરાવી તથા ઓક્સફર્ડ યુનિવર્સીટીને પણ દાન આપ્યું.
- ✓ 1900માં ગોંડલ ગરાસીયા કોલેજની સ્થાપના કરી જે હાલ સંગ્રામજી હાઇસ્કુલ તરીકે ઓળખાય છે.
- ✓ 1919માં મફત અને ફરજીયાત શિક્ષણની શરૂઆત કરાવી.
- ✓ 1924માં ગોંડલમાં ઇલેક્ટ્રીસીટીનો પ્રારંભ કર્યો.
- ✓ 1934માં ગોંડલ કોઇપણ કરવેરા રહિતનું રાજ્ય બનાવ્યું.

**લોકોપયોગી કાર્યો**

- ✓ પુલો, નિશાળો, રસ્તા, ધોરાજી અને ઉપલેટામાં જળી, ટ્રામની સગવડ; ગોંડલ, ધોરાજી અને ઉપલેટા દેશનાં શ્રેષ્ઠ શહેરો ગણાયા.
- ✓ ગોંડલ અને મોવિયા ગામને સાત ટાંકીમાંથી શુદ્ધ પાણી, ગોંડલમાં તે જમાનામાં અન્ડર ગ્રાઉન્ડ ગટર વ્યવસ્થા, અન્ડર ગ્રાઉન્ડ વીજળીનું પ્લાનીંગ અને રાજ્યનાં તમામ ગામડાંઓ ગોંડલ સાથે ટેલિફોનથી જોડાયેલાં હતાં,
- ✓ 1936માં વાઇસરોય લોર્ડ વિલિંગટનની ગોંડલ રાજ્ય ની મુલાકાત.

**વિશેષ પ્રદાન :**

**વૃક્ષપ્રેમ**________ગોંડલ સ્ટેટના રસ્તાઓની બંને બાજુએ અસંખ્ય વૃક્ષો વવડાવ્યાં હતાં,

**પુસ્તક પ્રકાશન**

- ✓ 1928માં કે.કા. શાસ્ત્રી અને અન્ય વિદ્વાનોને રાજ્યાશ્રય આપીને કોઇ પણ ભારતીય ભાષામાં ન હોય તેવા ભગવદ્ગોમંડલના કુલ નવ દળદાર ગ્રંથોના 9870 જેટલા વિશાળ પૃષ્ઠોમાં વિશ્વકોશ જેવી કક્ષાની ભારતીય સંસ્કૃતિની માહિતીનો સંગ્રહ.

**સન્માન :**

- ✓ 1897માં મહારાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલીમાં કાઠીયાવાડના રાજાઓના પ્રતિનિધિતરીકે હાજરી અને GCIEનો ઇલકાબ
- ✓ 1915માં 27 જન્યુઆરીમાં મહારાજાની હાજરીમાં ગોંડલ ખાતે રસશાળા ઔશધાલયમાં રાજવૈધ જીવનરામ કાલિદાસ શાસ્ત્રી અને આચાર્ય ચરણતીર્થ મહારાજ (ભુવનેશ્વરી પીઠ) દ્વારા ગાંધીજીને મહાત્માની પદવીથી નવાજ્યા હતા.
- ✓ 1934માં તેમના રાજ્યકાલના પચાસ વર્ષ પૂરા થતાં, પ્રજાએ પોતાના ખર્ચે તેમની સુવર્ણતુલા કરી, સોનું એકઠું કર્યું હતું જે જાહેર કામો માટે વાપરવામાં આવ્યું હતું.

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (24-10-2021)</u>

**1.** ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા 2021માં અપાયેલા એવોર્ડ અંગે નીચેના પૈકી કઇ બાબતો યોગ્ય છે

1. ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ 2021 વિજેતા : નરોત્તમ પલાણ તથા અમૃત પટેલ
2. લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ 2021 વિજેતા : કાશીબેન ગોહિલ તથા નાથાભાઇ ગમાર
3. કથાકાર મોરારીબાપુના હસ્તે રાજકોટથી એવોર્ડ એનાયત

(A) 1 અને 3 (B) 1 અને 2 (C) 2 અને 3 **<u>(D) આપેલ તમામ</u>**

**2.** 15th ઉબેરકપ-2021 સંદર્ભે નીચેના પૈકી કઇ બાબતો યોગ્ય છે

1. વિજેતા દેશ : ચીન 2. ઉપ વિજેતા દેશ : જાપાન
3. રમત : બેડમિન્ટન 4. યજમાન : ડેન્માર્ક

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 2 અને 3 **<u>(D) આપેલ તમામ</u>**

**3.** 24 ઓકટોબર UN સ્થાપના દિવસ સંદર્ભે કઇ બાબતો યોગ્ય છે

1. સ્થાપના : તારીખ 24/ 10/1945
2. મુખ્ય મથક : ન્યૂયોર્ક સિટી, USA
3. ધ્યેયમંત્ર : Peace, dignity and equality on a healthy planet
4. મૂળ 5 સ્થાપક સભ્યો : US, UK, રશિયા, ફ્રાન્સ અને ચીન
5. વર્તમાન જનરલ સેક્રેટરી : એન્ટોનિયો ગુટેરેસ

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 2 અને 5 **<u>(D) આપેલ તમામ</u>**

**4.** તા. 24 ઓકટોબર 2021ના રોજ PM શ્રી મોદી દ્વારા કેટલામી મન કી બાત યોજાઇ

(A) 80 (B) 81 **<u>(C) 82</u>** (D) 85

**5.** ઓકટોબર 2021માં બ્રિટન અને યુરોપમાં હાહાકાર મચાવનાર નવો કોરોના વેરિઅન્ટ ભારતમાં સૌપ્રથમ મધ્યપ્રદેશના ક્યા શહેરમાં દેખાયો

(A) ભોપાલ **<u>(B) ઇન્દોર</u>** (C) ઉજ્જૈન (D) જબલપુર

**6.** તાજેતરમાં પ્રકાશિત એક્ચ્યુલી આઇ મેટ ધેમ: એ મેમોઇર આત્મકથાના લેખકનું નામ જણાવો

**<u>(A) ગુલઝાર</u>** (B) લતા મંગેશકર
(C) સોનુ નિગમ (D) એ.આર. રહેમાન

**7.** USAમાં આયોજિત મિસ ઇન્ટરનેશનલ વર્લ્ડ-2021 ખિતાબ વિજેતા પ્રથમ ભારતીયનું નામ જણાવો

(A) પ્રિયંકા ચોપરા (B) એશ્વર્યા રોય
(C) અસ્મિતા સેન **<u>(D) ડૉ. અક્ષતા પ્રભુ</u>**

**8.** ઇન્ટરનેશનલ સ્ટટરિંગ અવેરનેસ ડે ક્યારે મનાવવામાં આવે છે

(A) 16 ઓકટોબર (B) 17 ઓકટોબર
**<u>(C) 22 ઓકટોબર</u>** (D) 24 ઓકટોબર

**9.**ઇન્ટરનેશનલ સ્ટટરિંગ અવેરનેસ ડે-2001ની થીમ જણાવો

(A) speak the change we wish to see
(B) speak the loudly change you wish to see
**<u>(C) speak the change you wish to see</u>**
(D) Talk the change you wish to see

**10.** વર્લ્ડ પોલિયો ડે કયારે મનાવવામાં આવે છે

(A) 16 ઓકટોબર (B) 17 ઓકટોબર
(C) 22 ઓકટોબર **<u>(D) 24 ઓકટોબર</u>**

**11.** વર્લ્ડ પોલિયો ડે2021ની થીમ જણાવો

(A) Deliver on a Promise
(B) Delivering in a Promise
(C) Delivering on at Promise
**<u>(D) Delivering on a Promise</u>**

**12.** મહારાજા ભગવતસિંહજીનો જન્મદિવસ જણાવો

(A) 24 ઓક્ટોબર 1856 (B) 24 ઓક્ટોબર 1861
**<u>(C) 24 ઓક્ટોબર 1865</u>** (D) 24 ઓક્ટોબર 1867

**13.** મહારાજા ભગવતસિંહજીએ કે કા શાસ્ત્રી જેવા વિદ્વાનો પાસે ભારતીય ભાષામાં તૈયાર કરાવેલ નવ ગ્રંથ નામે ઓળખાય છે

(A) ભગવત કથા **<u>(B) ભગવદ્ગોમંડલ</u>**
(C) સાર્થ જોડણી કોશ (D) ઉંઝા જોડણીકોશ

**1. ગુજરાત સરકાર : "ગો-ગ્રીન યોજના"**

**રાજ્યકક્ષાનો પ્રારંભ તા. 25 ઓક્ટોબર 2021 મહાત્મા મંદિર, ગાંધીનગર**

**ગો-ગ્રીન યોજના વિશે :**

- ✓ સંગઠિત અને બાંધકામ ક્ષેત્રનાં શ્રમયોગીઓને ઇલેક્ટ્રિક ટુ-વ્હીલરની ખરીદી પર ખાસ નાણાકિય સહાય
- ✓ સંગઠિત શ્રેત્રના શ્રમયોગીને વાહનની કિંમતના 30 ટકા અથવા રૂ. 30,000ની મર્યાદામાં સબસિડી
- ✓ બાંધકામ ક્ષેત્રનાં શ્રમયોગીને વાહનની કિંમતના 50 ટકા અથવા રૂ.30,000ની મર્યાદામાં સબસિડી
- ✓ વાહનના RTO Registration Tax તથા Road Tax ઉપર One-Time Subsidy પણ આપવામાં આવશે




**ઓનલાઇન પોર્ટલ :**

**www.gogreenglwb.gujarat.gov.in**

- ✓ શ્રમ અને રોજગાર મંત્રી : શ્રી બ્રિજેશકુમાર મેરજા
- ✓ વિભાગ : શ્રમ અને રોજગાર, ગુજરાત સરકાર

**2. સાયબર સેફ મિશન કાર્યક્રમ - ગુજરાત પોલીસ**

**મુખ્ય હેતુ :**

- ✓ સાયબર સેફ મિશનથી ગુજરાત પોલીસ દ્વારા રાજ્યમાં સાયબર ફ્રોડને રોકવા અને સાયબર અંગેના ગુનાઓ સામે નાગરિકોને જાગૃતિ લાવવી




- ✓ **રાજ્યની મહિલાઓને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપતું ડૉ. અનંત પ્રભુજી દ્વારા લિખિત 'સાયબર સેફ ગર્લ' પુસ્તકનું મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિમોચન કરવામાં આવ્યું**
- ✓ **શ્રી આર.એલ.નરસિમ્બા રાવજી દ્વારા સાયબર અંગેના ગુનાઓ, વિવિધ હેકીંગ પ્રવૃતિઓની માહિતી આપતી www.cybersafeahmedabad.org વેબસાઇટ પણ મુખ્યમંત્રી શ્રી દ્વારા લોન્ચ કરવામાં આવી.**

**3. નિમણૂક : મહંત રવિન્દ્ર પુરીની અખિલ ભારતીય અખાડા પરિષદના નવા અધ્યક્ષ તરીકે વરણી**

**સ્થાન : પ્રયાગરાજ (ઉત્તરપ્રદેશ)**



**વિગત :**

- ✓ 13માંથી સાત અખાડાઓએ લેખીતમાં રવીન્દ્ર પુરીના નામ પર સહમતી આપી હતી.
- ✓ અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્રગિરિના શંકાસ્પદ હાલતમાં થયેલા મોત બાદથી સાધુ સંતોની સૌથી મોટી સંસ્થા અખાડા પરિષદના અધ્યક્ષનું પદ ખાલી હતું.

**4. પ્રેમ ભાટિયા ઉત્કૃષ્ટ પત્રકારત્વ પુરસ્કાર 2021**

**(1) વિજેતા-અખબાર : રિપોર્ટિંગ ટીમ અને ભાસ્કર**

- ✓ **પ્રદાન : સત્ય અને સાહસિક પત્રકારત્વ**
- ✓ એવૉર્ડ સમિતિએ ભાસ્કર ટીમને ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતના એ રિપોર્ટરોના કામને ખાસ યાદ કર્યું, જેમણે કોરોનાથી થયેલાં મોતને લઈને ધારદાર રિપોર્ટિંગ કર્યું હતું.
- ✓ છેલ્લાં વર્ષોમાં આ એવૉર્ડ અનેક જાણીતા પત્રકારોને વ્યક્તિગત શ્રેણીમાં અપાયો છે, પરંતુ આ વર્ષે જ્યૂરીએ ભાસ્કર ટીમને સામૂહિક રીતે આ એવૉર્ડ આપવાનો નિર્ણય કર્યો.

**(2) અખબાર અને વિજેતા : ધ બેથન ડિજિટલ મેગેઝિન - વૈષ્ણવી રાઠોડ**

- ✓ **પ્રદાન : પર્યાવરણ અને વિકાસ શ્રેણીમાં પત્રકારત્વ માટે**

**એવોર્ડ વિશે :**

- ✓ દેશના જાણીતા પત્રકાર રહી ચૂકેલા પ્રેમ ભાટિયા (1911-1995)ની સ્મૃતિમાં પ્રેમ ભાટિયા મેમોરિયલ ટ્રસ્ટે 1995માં આ પુરસ્કાર આપવાની શરૂઆત કરી હતી.

**હેતુ :**

- ✓ દેશમાં તથ્યપૂર્ણ રિપોર્ટિંગને પ્રોત્સાહન આપવાનો તેમજ સત્ય માટે સાહસ જેવાં મૂલ્યોના આધારે પત્રકારત્વનું સ્તર વધે.

**5. PM આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશન**

**વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે વારાણસીથી યોજનાનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ-ઉદ્ઘાટન**

**હેતુ :**

- ✓ સમગ્ર દેશમાં આરોગ્ય સંભાળ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે તેમજ શહેરી-ગ્રામીણ વિસ્તારોમાં જાહેર આરોગ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં અતિ મહત્વના તફાવતને ઘટાડવા




**PM આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશન ના મહત્વના મુદ્દા :**


- ✓ **રૂ. 64,000 કરોડની ભારતની સૌથી મોટામાં મોટી આરોગ્ય માળખાગતલક્ષી યોજના**
- ✓ આ મિશન માટે આગામી 5 વર્ષમાં રૂ. 64,000 કરોડનો ખર્ચ કરાશે. જેમાં જિલ્લા સ્તરે ICU, વેન્ટિલેટર જેવી સુવિધાઓ તેમજ 37,000 બેડની સુવિધા ઊભી કરાશે. આને કારણે જિલ્લા મથકે જ આધુનિક સારવાર મળશે અને ખર્ચમાં પણ બચત થશે. મિશન હેઠળ 4000 લેબ્સ બનાવાશે.
- ✓ 5 લાખથી વધુની વસ્તીવાળા તમામ જિલ્લાઓમાં ક્રિટિકલ કેર સેવાઓ ઉપલબ્ધ રહેશે
- ✓ તમામ જિલ્લાઓમાં એકીકૃત જાહેર આરોગ્ય લેબ્સ સ્થાપવામાં આવશે
- ✓ વન હેલ્થ માટે એક રાષ્ટ્રીય સંસ્થાન, વાયરોલોજી માટે 4 નવી રાષ્ટ્રીય સંસ્થાઓ સ્થાપવામાં આવશે
- ✓ આઇટી સમર્થ રોગ દેખરેખ પ્રણાલિ વિકસાવવામાં આવશે
- ✓ 10 ઉચ્ચ ફોકસવાળા રાજ્યોમાં 17,788 ગ્રામીણ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો માટે તે મદદ પૂરી પાડશે. વધુમાં, તમામ રાજ્યોમાં 11,024 શહેરી આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો સ્થાપવામાં આવશે.
- ✓ દેશમાં 5 લાખથી વધુની વસ્તી ધરાવતા તમામ જિલ્લાઓમાં ક્રિટિકલ કેર સુવિધાઓ વિશેષ ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લૉક્સ મારફત ઉપલબ્ધ રહેશે, જ્યારે બાકીના જિલ્લાઓને રેફરલ સેવાઓ મારફત આવરી લેવાશે.
- ✓ સમગ્ર દેશમાં લૅબોરેટરીઝના નેટવર્ક મારફત લોકોને જાહેર આરોગ્યસંભાળ પ્રણાલિમાં નિદાન સેવાઓનું સંપૂર્ણ ક્ષેત્ર મળી રહેશે. એકીકૃત જાહેર આરોગ્ય લેબ્સ તમામ જિલ્લાઓમાં સ્થાપવામાં આવશે.
- ✓ પીએમએએસબીવાય હેઠળ, વન હેલ્થ માટે એક રાષ્ટ્રીય સંસ્થાન, વાયરોલોજી માટે ચાર નવી રાષ્ટ્રીય સંસ્થાઓ, ડબલ્યુએચઓ દક્ષિણ પૂર્વ એશિયા પ્રદેશ માટે એક પ્રાદેશિક રિસર્ચ પ્લેટફોર્મ, 9 બાયોસેફ્ટી લેવલ 3 લૅબોરેટરીઝ, રોગ નિયંત્રણ માટે 5 નવા પ્રાદેશિક રાષ્ટ્રીય કેન્દ્રો સ્થાપવામાં આવશે.
- ✓ પીએમએએસબીવાય તાલુકા, જિલ્લા, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે મેટ્રોપોલિટન વિસ્તારોમાં દેખરેખ લૅબોરેટરીઝનું એક નેટવર્ક વિકસાવીને આઇટી સમર્થ રોગ દેખરેખ પ્રણાલિનું નિર્માણ કરવાનો લક્ષ્યાંક રાખે છે. તમામ જાહેર આરોગ્ય લૅબ્સને જોડવા માટે એકીકૃત આરોગ્ય માહિતી પોર્ટલ તમામ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોને વિસ્તારવામાં આવશે.

**6. 67મો નેશનલ ફિલ્મ પુરસ્કાર અને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર-2019 : નવી દિલ્હી**

**51મો દાદાસાહેબ ફાળકે એવોર્ડ 2019**

**ભારતીય ફિલ્મ ઉદ્યોગનો સર્વોચ્ચ એવોર્ડ**

**વિજેતા : અભિનેતા શ્રી રજનીકાંત**




**એવોર્ડ વિજેતા અને ફિલ્મ :**

- ✓ **શ્રેષ્ઠ અભિનેતા સંયુક્ત : મનોજ વાજપેયી ('ભોંસલે') તથા ધનુષ ('અસુર)**
- ✓ **શ્રેષ્ઠ અભિનેત્રી : કંગના રણોત (ફિલ્મ 'મણિકર્ણિકા:ધ ક્વીન ઓફ ઝાંસી'તથા 'પંગા')**
- ✓ **શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ : છિછોરે**
- ✓ **શ્રેષ્ઠ પાર્શ્વગાયક : બી. પાક (તેરી મિટ્ટી મે મિલ જાવા-ગીત, ફિલ્મ કેસરી)**
- ✓ **શ્રેષ્ઠ પાર્શ્વગાયિકા : શિવાની રવિન્દ્ર**
- ✓ **શ્રેષ્ઠ સહાયક અભિનેતા : તમિલ અભિનેતા વિજય સેથુપથી (ફિલ્મ - સુપર ડિલક્સ)**
- ✓ **શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી : પલ્લવી જોશી (હિન્દી ફિલ્મ - ધ તાશ્કંદ)**
- ✓ **શ્રેષ્ઠ બાળ કલાકાર : નાગા વિશાલ (તમિલ ફિલ્મ - કરુંપ્પુ દુરાઈ)**
- ✓ **શ્રેષ્ઠ એવોર્ડ (પર્યાવરણ જાળવણી) : ફિલ્મ વોટર બુરિયલ, નિર્માતા-વિનોદ ઉતરેશ્વર કામ્બલે**
- ✓ **શ્રેષ્ઠ મરાઠી ફિલ્મ : તાજમલ (સામાજિક મુદ્દા પરથી)**
- ✓ **ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુના હસ્તે એનાયત**
- ✓ **પ્રથમ જાહેરાત : તા. 22 માર્ચ 2021**
- ✓ **મંત્રાલય : માહિતી અને પ્રસારણ મંત્રાલય, નવી દિલ્હી**

**7. ખેલકૂદ : IPLની આગામી વર્ષ 2022ની 15મી સિઝન માટે બે નવી ફ્રેન્ચાઈઝી ટીમની જાહેરાત**




**નવી ટીમની વિગત :**

**(1) આરપી સંજીવ ગોયન્કા ગ્રૂપે લખનઉ ફ્રેન્ચાઇઝીને રૂ. 7,090 કરોડ માં ખરીદી.**

**(2) સીવીસી ક્રેપિટલ્સે અમદાવાદ ફ્રેન્ચાઇઝીને રૂ. 5,625 કરોડમાં ખરીદી.**

**અન્ય વિગત :**

- ✓ 2011 બાદ વધુ એક વખત આગામી વર્ષ 2022ની સિઝનમાં કુલ 10 ટીમો રમશે
- ✓ BCCIને વધુ રૂ.12,715 કરોડની કમાણી-આવક થશે

**8. મિસ અર્થ ઇન્ડિયા-2021 વિજેતા : રશ્મિ માધુરી**




**9. જમ્મુ કાશ્મીર સરકાર : વિકાસ પરિયોજના માટે દુબઇ સરકાર સાથે સમજૂતી**

**10. UN-WMO : ગ્રીનહાઉસ ગેસ અંગે અહેવાલ 2020**

WORLD METEOROLOGICAL ORGANIZATION

**મુખ્ય તથ્યો :**

- ✓ વર્ષ 2020માં ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન અને તેનો ભરાવો સર્વોચ્ચ સપાટીએ

**વિગત :**

- ✓ યુએનની ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ સ્કોટલેન્ડમાં યોજાશે. તે પહેલાં યુએનની જ સંસ્થા વર્લ્ડ મીટિરોલોજીકલ ઓર્ગેનાઇઝેશન (ડબલ્યુએમઓ)ના અહેવાલમાં ગ્રીન હાઉસ ગેસની વૃદ્ધિ બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવી
- ✓ અહેવાલ પ્રમાણે ઔદ્યોગિકીકરણ પછી 2020માં પહેલી વખત ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન ભયજનક સપાટીએ હતું.
- ✓ કાર્બન ડાયોક્સાઈડ, મિથેન અને નાઈટ્રેસ ઓક્સાઈડનું સ્તર ઊંચું રહ્યું હતું.
- ✓ **WMO : વર્લ્ડ મીટિરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન**
- ✓ **મુખ્ય મથક : જીનિવા**

**11. બાર્બાડોસ : પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ડેમ સેન્ડ્રામેશન ચૂંટાયા**

**12. દિન વિશેષ : 23 ઓક્ટોબર**

**આંતરરાષ્ટ્રીય હીમ ચિતા દિવસ**




- ✓ પ્રથમ પ્રારંભ : વર્ષ 2014થી
- ✓ ભારત સહિત વિશ્વના 12 દેશોમાં હીમ ચિતાનું અસ્તિત્વ

**13. સાયબર સિક્યુરિટી અવેરનેસ માસ : સમગ્ર વિશ્વમાં ઑક્ટોબર માસને સાયબર સિક્યુરીટી અવેરનેસ માસ તરીકે ઉજવવામાં આવે છે**




**14. જન્મ દિન વિશેષ : 25 ઓક્ટોબર**

**રણજિતરામ વાવાભાઈ મહેતા**

**જન્મ : 25 ઓક્ટોબર 1881 અવસાન : 4 જૂન, 1917**

- ✓ તેમનાં પિતા વાવાભાઈ અમદાવાદ મ્યુનસિપલ કમિટિમાં મુખ્ય ઈજનેર પદે હતા, આથી તેમનું પ્રાથમિક શિક્ષણ અમદાવાદ ખાતે જ થયું.




- ✓ સને. 1903માં તેમણે ગુજરાત કોલેજમાંથી આર્ટ્સમાં સ્નાતકની ઉપાધી મેળવી અને ત્યાં જ આઠ માસ સુધી સંશોધક તરીકે કાર્ય કર્યું.
- ✓ 1906 થી 1917 દરમિયાન તેઓએ પ્રો. ગજ્જર અને ભાવનગર રાજ્યના દિવાન પ્રભાશંકર પટ્ટણીનાં અંગત મદદનિશ તરીકે કાર્ય કર્યું.
- ✓ સને. 1904માં તેઓએ ગુજરાતી સાહિત્ય સભા (જે આમ તો 1898માં તેમના દ્વારા સ્થપાયેલ "સોશિયલ એન્ડ લિટરરી એશોશિએશન"નું ફેર નામકરણ છે) અને 1905માં ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના કરી.
- ✓ 4 જૂન, 1917ના રોજ, મુંબઈના જુહુના સમુદ્રકાંઠે, સમુદ્રમાં ડુબી જવાથી તેમનું અવસાન થયું.
- ✓ ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિનો સર્વોચ્ચ પુરસ્કાર, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, તેમનાં નામે અપાય છે

**સાહિત્ય સર્જન :**

- ✓ નવલકથા, નિબંધ, નાટક અને ટુંકી વાર્તાઓ. તેમની રચનાઓનો સંગ્રહ, "રણજિતકૃતિ સંગ્રહ", તેમનાં અવસાન પછી સને 1921માં કનૈયાલાલ મુનશીએ પ્રગટ કર્યો હતો.
- ✓ તેમનો નિબંધ સંગ્રહ, "રણજિતરામના નિબંધો", પણ તેમનાં અવસાન પછી સને 1923માં પ્રકાશિત થયો હતો.
- ✓ સને 1982માં, તેમની જન્મ શતાબ્દિ નિમિત્તે, ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા તેમનાં સંપૂર્ણ કાર્યો, રચનાઓનો સંગ્રહ, "રણજિતરામ ગધસંચય 1-2", પ્રકાશિત કરાયા હતા. ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા "રણજિતરામ વાવાભાઇ અને તેમનું સાહિત્ય" નામક ગ્રંથ પ્રગટ કરાયો છે.
- ✓ તેમની "એહમદ રૂપાંદે" (1908) નામની રચના એક હિન્દુ છોકરી અને મુસ્લિમ છોકરા વચ્ચેની પ્રેમકથા છે. તેમણે એકઠાં કરેલાં 134 જેટલાં લોકગીતોના સંગ્રહનું ઈ.સ. 1922માં "લોકગીતો" નામથી પ્રકાશન થયું.

✓ સને 1905માં તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે પ્રગટ કરેલા એક સંશોધન પત્ર દ્વારા ગુજરાતી લોકરચનાઓ માટે “લોકગીત” અને “લોકકથા” એવા બે નવા શબ્દો આપ્યા હતા.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (25-10-2021)

**1.** તા. 25 ઓક્ટોબર 2021ના રોજ ગુજરાત સરકાર દ્વારા લોન્ચ કરાયેલ ગો-ગ્રીન યોજના વિશે કયા વિધાનો સાચા છે

1. સંગઠિત અને બાંધકામ ક્ષેત્રનાં શ્રમયોગીઓને ઇલેક્ટ્રિક ટુ-વ્હીલરની ખરીદી પર ખાસ નાણાકિય સહાય

2. સંગઠિત શ્રેત્રના શ્રમયોગીને વાહનની કિંમતના 30 ટકા અથવા રૂ. 30,000ની મર્યાદામાં સબસિડી

3. બાંધકામ ક્ષેત્રનાં શ્રમયોગીને વાહનની કિંમતના 50 ટકા અથવા રૂ.30,000ની મર્યાદામાં સબસિડી

4.ઓનલાઇન પોર્ટલ: www.gogreenglwb.gujarat.gov.in

(A) 1 અને 3 (B) 1 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** તા. 25 ઓક્ટોબર 2021ના રોજ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા જાહેર કરાયેલા PM આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત ક્યા વિધાનો યોગ્ય છે

1. PM મોદીના હસ્તે વારાણસીથી યોજનાનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

2. દેશમાં આરોગ્ય સંભાળ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા

3. રૂ. 64,000 કરોડની ભારતની સૌથી મોટામાં મોટી આરોગ્ય માળખાગતલક્ષી યોજના

4. પાંચ લાખથી વધુની વસ્તીવાળા તમામ જિલ્લાઓમાં ક્રિટિકલ કેર સેવા

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**3.** UN-WMO ગ્રીનહાઉસ ગેસ અંગેના અહેવાલ 2020 સંદર્ભે નીચેના પૈકી કઇ બાબતો યોગ્ય છે

1. વર્ષ 2020માં ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન અને તેનો ભરાવો સર્વોચ્ચ સપાટીએ

2. ઔધોગિકીકરણ પછી 2020માં પહેલી વખત ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન ભયજનક સપાટીએ

3. 2020માં કાર્બન ડાયોક્સાઇડ, મિથેન અને નાઇટ્રેસ ઓક્સાઇડનું સ્તર ઊંચું રહ્યું હતું

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**4.**ગુજરાત સરકાર દ્વારા "ગો-ગ્રીન યોજના"નો પ્રારંભ ક્યારે-ક્યાંથી કરાયો

(A) તા. 25 ઓક્ટોબર 2021 હેમુ ગઢવી હોલ રાજકોટ

**(B) તા.25 ઓક્ટોબર 2021 - મહાત્મા મંદિર, ગાંધીનગર**

(C) તા. 25 ઓક્ટોબર 2021 સાબરતમતી આશ્રમ અમદાવાદ

(D) તા. 25 ઓક્ટોબર 2021 ટાઉન હોલ સુરત

**5.** સાયબર સિક્યુરિટી અવેરનેસ માસ અંતર્ગત ગુજરાતમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સાયબર સેફ મિશન કાર્યક્રમ ક્યાં યોજાયો

**(A) અમદાવાદ** (B) ગાંધીનગર (C) વડોદરા (D) સુરત

**6.** સાયબર સેફ મિશન કાર્યક્રમ અંતર્ગત રાજ્યની મહિલાઓને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપતું કયુ પુસ્તકનું મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના હસ્તે વિમોચન કરાયુ

(A) સાયબર સેફ વૂમન **(B) સાયબર સેફ ગર્લ**

(C) સાયબર સેફ ગર્લ્સ (D) સાયબર સેફ સિક્યુરિટી

**7.** ઓક્ટોબર 2021માં અખિલ ભારતીય અખાડા પરિષદના નવા અધ્યક્ષ તરીકે કોની વરણી કરાઇ

**(A) મહંત રવિન્દ્ર પુરી** (B) મહંત ગોસાઇ પુરી

(C) મહંત દિનેશગીરી (D) મહંત દિલીપદાસજી

**8.** સત્ય અને સાહસિક પત્રકારત્વ માટે પ્રેમ ભાટિયા ઉત્કૃષ્ટ પત્રકારત્વ પુરસ્કાર 2021 કયા અખબારને અપાયો

(A) દૈનિક જાગરણ (B) ધ હિન્દુ (C) કેસરી **(D) ભાસ્કર**

**9.** 51મો દાદાસાહેબ ફાળકે એવોર્ડ 2019 ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકેયા નાયડુના હસ્તે કોને અપાયો

(A) અભિનેતા રાજેશ ખન્ના (B) અભિનેતા ધર્મેન્દ્ર

**(C) અભિનેતા રજનીકાંત** (D) અભિનેતા અમિતાભ બચ્ચન

**10.** તા. 25 ઓક્ટોબર 2021ના રોજ 67મો નેશનલ ફિલ્મ પુરસ્કાર અને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર 2019 સમારોહ ક્યાં યોજાયો

(A) ગોવા **(B) નવી દિલ્હી** (C) કોલકત્તા (D) મુંબઇ

**11.** IPLની આગામી વર્ષ 2022ની 15મી સિઝન માટે તાજેતરમાં કઇ નવી ફ્રેન્ચાઇઝી ટીમની જાહેરાત કરાઇ તથા તેમના માલિકનું નામ જણાવો

(A) લખનઉ ફ્રેન્ચાઇઝી-આરપી સંજીવ ગોયન્કા ગ્રૂપ

(B) અમદાવાદ ફ્રેન્ચાઇઝી- સીવીસી ક્રેપિટલ્સ

**(C) A અને B બંને** (D) આપેલ પૈકી એક પણ નહીં

**12.** જમ્મુ કાશ્મીર સરકારે તાજેતરમાં વિકાસ પરિયોજના માટે કયા શહેર સાથે સમજૂતી કરી

(A) પેરિસ **(B) દુબઇ** (C) ટોક્યો (D) લંડન

**13.** મિસ અર્થ ઇન્ડિયા-2021 ના વિજેતાનું નામ જણાવો

**(A) રશ્મિ માધુરી** (B) માધુરી દિક્ષીત

(C) અક્ષતા રાવ (D) રશ્મિ દિક્ષીતા

**14.** વર્ષ 2014થી પ્રારંભ થયેલો આંતરરાષ્ટ્રીય હીમ ચિતા દિવસ કયારે ઉજવાય છે

(A) 12 ઓક્ટોબર (B) 13 ઓક્ટોબર

(C) 21 ઓક્ટોબર **(D) 23 ઓક્ટોબર**

**15.** સાયબર સિક્યુરિટી અવેરનેસ માસ તરીકે કયો માસ ઉજવાય છે

(A) જૂલાઇ (B) સપ્ટેમ્બર **(C) ઑક્ટોબર** (D) નવેમ્બર

**16.** સાહિત્યકાર રણજિતરામ વાવાભાઇ મહેતાનો જન્મ દિવસ જણાવો

(A) 26 ઓક્ટોબર 1818, નવસારી

(B) 25 ઓક્ટોબર 1881, સુરત

(C) 25 ઓક્ટોબર 1885, વલસાડ

(D) 25 ઓક્ટોબર 1888, અંકલેશ્વર

**17.** ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સાહિત્યમાં પ્રદાન બદલ કયો શ્રેષ્ઠ પુરસ્કાર આપવામાં આવે છે

(A) કલાપી એવોર્ડ (B) સાહિત્ય ગૌરવ એવોર્ડ

**(C) રણજિતરામ સુવર્ણચંદ્રક** (D) નર્મદ સુવર્ણચંદ્રક

**DATE : 26-10-2021**

**1. નિર્ણય : ગુજરાત વન વિભાગ**

**ખેડૂતોને તેમના ખેતરના શેઢે 86 જાતના વૃક્ષો વાવવા, કાપવા અને વેચવા માટે વન વિભાગ દ્વારા મંજૂરી આપવાનો નિર્ણય**

**મુખ્ય હેતુ :**

- ✓ ખેડૂતોને તેમની ઊપજના લાકડાંના યોગ્ય ભાવ મળે અને લાકડાં આધારિત ઉદ્યોગોને રો-મટિરિયલ્સ સરળતાથી ઉપલબ્ધ થાય.

**2. 'કોંકણ શક્તિ'નૌકા યુદ્ધ કવાયત- અભ્યાસ 2021 (ટ્રાઈ સર્વિસ યુદ્ધ અભ્યાસ)**

- ✓ અરબી સમુદ્રમાં ભારત-બ્રિટનની સેનાની ત્રણેય પાંખોનો વિશાળ યુદ્ધ અભ્યાસ




- ✓ સ્થળ : કોંકણ દરિયાકિનારો-અરબી સમુદ્ર
- ✓ સમયગાળો : તા. 21 થી 27 ઓક્ટોબર 2021.

**કોણ-કોણ ભાગ લેશે :**

**(1) બ્રિટનની નેવી :**


- ✓ બ્રિટનનું કેરિયર સ્ટ્રાઇક ગ્રુપ (CSG) આયુદ્ધ અભ્યાસમાં ભાગ લઇ રહ્યું છે. જેમાં આ ગ્રુપનું સૌથી મોટુ યુદ્ધ જહાજ HMS ક્વીન એલિઝાબેથ અને કેટલાક અન્ય ફ્રન્ટલાઇન જહાજો પણ સામેલ છે.
- ✓ કેરિયર બેટલ ગ્રુપ અથવા કેરિયર સ્ટ્રાઇક ગ્રુપ બ્રિટિશ નેવીનું અભિન્ન અંગ.

**ભારતીય નેવી :**

- ✓ યુદ્ધ અભ્યાસમાં ભારતીય નેવીના મિગ 29K યુદ્ધ વિમાન, રોયલ નેવીનું F-35B એરક્રાફ્ટ અને ઇન્ડિયન એર ફોર્સનું SU-30 અને જગુઆર યુદ્ધ વિમાન સામેલ છે.

**3. UN WMO :**

**(1) વર્ષ 2020માં એશિયામાં વાતાવરણની સ્થિતિ અંગે WMOનો અહેવાલ જાહેર**




**અહેવાલના મહત્વના તારણો :**

- ✓ ભારતને છેલ્લા એક વર્ષમાં વૃત્તીય વાવાઝોડાં, પૂર અને દુકાળ જેવી કુદરતી આફતોના કારણે 87 અબજ ડોલરનું નુકસાન
- ✓ 2020નું વર્ષ એશિયામાં સદીનું સૌથી ગરમ વર્ષ.
- ✓ વર્ષ 1981–2010ની સરેરાશ જોતાં એશિયાના તાપમાનમાં સરેરાશ 1.39 ડિગ્રી સેન્ટિગ્રેડનો વધારો.
- ✓ વર્ષ 2020માં એશિયામાં ચોમાસું અસામાન્ય રીતે સક્રિય રહ્યું હતું જેમાં સંખ્યાબંધ વાવાઝોડાં ત્રાટકતાં ઘણા દેશોમાં પૂર અને ભૂસ્ખલને હાહાકાર મચાવ્યો હતો. મોટી સંખ્યામાં જાનહાનિની સાથે ઘણા લોકો વિસ્થાપિત થયાં.
- ✓ મે 2020માં ત્રાટકેલા અમ્ફાન વાવાઝોડાના કારણે ભારતમાં 25 લાખ લોકો વિસ્થાપિત થયાં.

**WMOના ક્લાઈમેટ ચેન્જના અહેવાલ મુજબ ભારત સહિત વિશ્વના દેશોના નુક્સાનની વિગત :**

- ✓ ગયા વર્ષે ચક્રવાત, પૂર અને દુષ્કાળ જેવી પ્રાકૃતિક આપત્તિઓના કારણે ભારતને અંદાજે રૂ. 6,535 અબજનું નુકસાન થયું છે.
- ✓ કુદરતી આપત્તિઓની સૌથી વધુ ખરાબ અસર ચીનને થઇ છે. કુદરતી આપત્તિઓના કારણે ચીનને 238 અબજ ડોલરનું નુકસાન.
- ✓ અમ્ફાન જેવા તોફાનોના કારણે ભારતમાં 24 લાખ અને બાંગ્લાદેશમાં 25 લાખ લોકોએ વિસ્થાપિત થવું પડ્યું

**(2)ક્લાઈમેટ વર્નરાબિલિટી ઈન્ડેક્સ 2021**

**મહત્વના તારણો :**

- ✓ ક્લાઇમેટ વર્નરાબિલિટી ઇન્ડેક્સમાં જણાવવામાં આવ્યું છે કે ભારતની 80 ટકા ગ્રામીણ વસતી પર ક્લાઇમેટ ચેન્જના કારણે સર્જાઇ રહેલી કુદરતી આફતોનું જોખમ.
- ✓ આસામ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને બિહાર પર પૂર, દુકાળ અને વાવાઝોડાંનો સૌથી વધુ ખતરો.
- ✓ આસામના ધેમાજી અને નાગાંવ, તામિલનાડુના ચેન્નાઇ, તેલંગણાના ખમ્મામ, ઓડિશાના ગજપતિ, આંધ્રપ્રદેશના વિઝિયાનગરમ અને મહારાષ્ટ્રના સાંગલી જિલ્લા સૌથી વધુ કુદરતી આફતોનો ભોગ બને તેવી સંભાવના છે.
- ✓ ભારતના 640માંથી 463 જિલ્લામાં પૂર, દુકાળ અને વાવાઝોડાં જેવી કુદરતી આફતો ત્રાટકી શકે છે. તેમાંથી 183 જિલ્લા પર સૌથી વધુ જોખમ છે.
- ✓ **અહેવાલ : વર્લ્ડ મિટિયોરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન**
- ✓ **મુખ્ય મથક : જીનીવા**

**4. 38-39મું આસિયાન ઓનલાઈન સંમેલન-2021**

- ✓ **થીમ-2021 : "We Care, We Prepare, We Prosper"**
- ✓ **સમયગાળો : તા. 26 થી 28 ઓક્ટોબર 2021**
- ✓ **સ્થાન/યજમાન : બંદર સેરી બેગવાન, બ્રુનેઇ**



- ✓ **સમિટના અધ્યક્ષ : બ્રુનેઈના સુલતાન હાજી હસનલ બોલકિહ**
- ✓ આ બેઠકમાં મ્યાંમારને આમંત્રણ અપાયું નથી
- ✓ સમિટમાં US પ્રમુખ જો બાઈડેન ઓનલાઈન ભાગ લેશે

**આસિયાન વિશે :**

- ✓ ASEAN : ધ એસોસિએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ




- ✓ આસિયાન દક્ષિણ પૂર્વ એશિયાઇ દેશોનો સમૂહ
- ✓ મુખ્ય ભાષા : અંગ્રેજી
- ✓ મોટો : "One Vision, One Identity, One Community"
- ✓ ASEAN વડુમથક : જાકાર્તા, ઈન્ડોનેશિયા
- ✓ સ્થાપના : તા. 08-08-1967
- ✓ ASEANના વર્તમાન મહામંત્રી : લિમ જોક હોઈ

**સભ્ય દેશો – કુલ 10 :**

- ✓ બ્રુનેઇ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (26-10-2021)

**1.** 'કોંકણ શક્તિ'નૌકા યુદ્ધ કવાયત-અભ્યાસ 2021 વિશે નીચેનામાંથી કઈ બાબતો યોગ્ય છે

1. અરબી સમુદ્રમાં ભારત-બ્રિટનની સેનાની ત્રણેય પાંખોનો વિશાળ ટ્રાઈ સર્વિસ યુદ્ધ અભ્યાસ
2. સ્થળ : કોંકણ દરિયાકિનારો-અરબી સમુદ્ર
3. સમયગાળો : તા. 21 થી 27 ઓક્ટોબર 2021

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**2.** ઓક્ટોબર 2021માં UN WMO દ્વારા વર્ષ 2020માં એશિયામાં વાતાવરણની સ્થિતિ અંગે જાહેર કરાયેલાં અહેવાલમાં ક્યા વિધાનો યોગ્ય નથી

1. ભારતને છેલ્લા એક વર્ષમાં કુદરતી આફતોના કારણે 87 અબજ ડોલરનું નુકસાન
2. 2020નું વર્ષ એશિયામાં સદીનું સૌથી ગરમ વર્ષ
3. વર્ષ 1981–2010ની સરેરાશ જોતાં એશિયાના તાપમાનમાં સરેરાશ 1.39 ડિગ્રી સેન્ટિગ્રેડનો વધારો
4. મે 2020માં ત્રાટકેલા અમ્ફાન વાવાઝોડાના કારણે ભારતમાં 50 લાખ લોકો વિસ્થાપિત થયાં

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) માત્ર 4**

**3.** તાજેતરમાં યોજાયેલ 38-39મું આસિયાન ઓનલાઈન સંમેલન-2021 સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. થીમ-2021 : "We Care, We Prepare, We Prosper"
2. સ્થાન/યજમાન : બંદર સેરી બેગવાન, બ્રુનેઈ
3.સમિટના અધ્યક્ષ:બ્રુનેઈના સુલતાન હાજી હસનલ બોલકિહ
4. આ સંમેલનમાં આશિયાનના કુલ 10 સભ્યોમાંથી મ્યાંમારને આમંત્રણ અપાયું નહોતુ

(A) 1 અને 3 (B) માત્ર 2 (C) માત્ર 4 **(D) આપેલ તમામ**

**4.** દક્ષિણ પૂર્વ એશિયાઇ દેશોના સમૂહ આસિયાન વિશે નીચેના પૈકી કઈ બાબતો યોગ્ય છે

1.ASEAN : ધ એસોસિએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ
2. મોટો : One Vision, One Identity, One Community
3. વડુમથક : જાકાર્તા, ઈન્ડોનેશિયા
4. વર્તમાન મહામંત્રી : લિમ જોક હોઈ
5. સ્થાપના : તા. 08-08-1967

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) માત્ર 5 **(D) આપેલ તમામ**

**5.** ઓક્ટોબર 2021માં ખેડૂતોને તેમના ખેતરના શેઢે કેટલા જાતના વૃક્ષો વાવવા, કાપવા અને વેચવા માટે ગુજરાત વન વિભાગ દ્વારા મંજૂરી આપવાનો નિર્ણય કરાયો

(A) 71 (B) 82 **(C) 86** (D) 89

**6.** તાજેતરમાં 38-39મું આસિયાન ઓનલાઈન સંમેલન-2021 કયા સમયગાળા દરમિયાન યોજાયું

(A) તા. 21 થી 25 ઓક્ટોબર 2021
(B) તા. 23 થી 25 ઓક્ટોબર 2021
**(C) તા. 26 થી 28 ઓક્ટોબર 2021**
(D) તા. 25 થી 29 ઓક્ટોબર 2021

**DATE : 27-10-2021**

## 1. ગુજરાતનું ગૌરવ : ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટી ગાંધીનગરના ત્રણ વૈજ્ઞાનિકોને 'વર્લ્ડ ટોપ 2 ટકા સાઇન્ટિસ્ટ'ની પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન




- ✓ **પ્રદાન :** ટકાઉ અને ઓછા ખર્ચે શુદ્ધિકરણ ટેકનોલોજીના વિકાસ બદલ સ્થાન

**વિજેતા :**

- ✓ ડૉ.આર એસ દુબે : કુલપતિ, સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાત
- ✓ પ્રો. દિનેશકુમાર : સ્કૂલ ઓફ કેમિકલ સાયન્સ
- ✓ ડો. હિતેષ કુલહરી : સ્કૂલ ઓફ નેનો સાયન્સ

**વિગત :**

- ✓ પ્રથમ વખત આ રીતે ગુજરાતમાંથી કોઇ સાયન્ટિસ્ટને વૈશ્વિક યાદીમાં સ્થાન મળ્યું.

**સંસ્થા વિશે :**

- ✓ સ્ટ્રેનફોર્ડ યુનિવર્સિટી-અમેરિકા, સાયન્સટેક સ્ટ્રેટેજિસ, ઇન્ક., યુએસએ અને એલ્સેવિયરે 1 લાખથી વધુ ટોચના વૈજ્ઞાનિકોના સાર્વજનિક રીતે ઉપલબ્ધ ડેટાબેઝનું વિશ્લેષણ કર્યું હતું.
- ✓ વૈજ્ઞાનિકોને 22 વૈજ્ઞાનિક ક્ષેત્રો અને 176 પેટા ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.
- ✓ સમગ્ર દુનિયામાંથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના પ્રોફેસરો-વૈજ્ઞાનિકોના રીસર્ચ પેપરોનો અભ્યાસ કર્યા બાદ સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા રીસર્ચ રીપોર્ટ તૈયાર કરવામા આવ્યો.

- ✓ આ રિપોર્ટનું પ્રથમ વર્ઝન-લિસ્ટ જુલાઈ 2019માં જાહેર કરાયુ હતુ અને ત્યારબાદ બીજુ વર્ઝન-લિસ્ટ ઓક્ટોબર 2020 જાહેર થયુ હતુ અને ત્યારબાદ તાજેતરમાં જ ત્રીજુ વર્ઝન-લિસ્ટ જાહેર થયુ હતુ.
- ✓ ડૉ.આર એસ દુબે સતત બે વાર ટોપ સાયન્ટિસ્ટની યાદીમાં સ્થાન પામ્યા.
- ✓ ડૉ.દુબે ઓવરઓલ રીસર્ચ પર્ફોર્મન્સ અને એન્યુઅલી રીસર્ચ પર્ફોર્મન્સ એમ બે યાદીમાં સમાવિષ્ટ થયા.

## 2. નિમણૂક : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ પદે રાજ્ય સરકાર દ્વારા શ્રી અસિત વોરાની પુનઃ નિમણૂક

- ✓ મુખ્ય મથક : ગાંધીનગર

## 3. PM આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન

- ✓ રૂ. 64,000 કરોડના રોકાણ સાથે સ્વાસ્થ્ય માળખું શ્રેષ્ઠ બનાવતી ભારતની સૌથી મોટી યોજના
- ✓ **ખાસ :** મિશન હેઠળ આ બાબતો સુનિશ્ચિત કરાશે




### (1) બહુ-પરિમાણિય અને વિવિધ પ્રકારની પહેલો :

- ✓ મહત્ત્વપૂર્ણ અને પ્રાથમિક સારવાર પર કેન્દ્રિત
- ✓ 29,000 હેલ્થ અને વેલનેસ સેન્ટરનું નેટવર્ક
- ✓ તમામ જિલ્લાઓમાં આઇસીયુ, વેન્ટિલેટર અને ઓક્સિજનના સપોર્ટ ધરાવતા 37,000 બેડ સાથે સ્પેશ્યલાઇઝ ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોક
- ✓ 4,000થી વધારે તાલુકા અને જિલ્લા સ્તરીય સરકારી આરોગ્ય એકમો અને પ્રયોગશાળાઓ
- ✓ તમામ જિલ્લાઓમાં સંપૂર્ણ નિદાન સેવાઓ
- ✓ રોગની સ્થિતિ પર નજર રાખવા આઇટી-સંચાલિત વ્યવસ્થા

### (2) સર્વાંગી ઉપચાર માટે સંસ્થાગત અભિગમ :

- ✓ વન હેલ્થ માટે રાષ્ટ્રીય સંસ્થા
- ✓ વાયરોલોજી માટે 4 નવી રાષ્ટ્રીય સંસ્થા
- ✓ WHO દક્ષિણ પૂર્વ એશિયા વિસ્તાર માટે પ્રાદેશિક સંશોધન પ્લેટફોર્મ
- ✓ 15 જૈવ સલામતી લેવલ 3 પ્રયોગશાળાઓ
- ✓ રોગ નિયંત્રણ માટે 5 નવા પ્રાદેશિક રાષ્ટ્રીય કેન્દ્ર
- ✓ 50 આંતરરાષ્ટ્રીય પ્રવેશદ્વારો પર સરકારી આરોગ્ય એકમો, જે જાહેર આરોગ્યલક્ષી કટોકટી અને રોગચાળો અટકાવવા મદદરૂપ થશે.
- ✓ **PM દ્વારા મિશનની જાહેરાત : તા.26 ઓક્ટોબર 2021, વારાણસી (ઉત્તર પ્રદેશ)**
- ✓ **મંત્રાલય : સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર**

## 4. રમત ક્ષેત્રે ખેલ રત્ન એવોર્ડ-2021 માટે નોમિનેશન/ભલામણ




### એવોર્ડ, નોમિનેશન, નામ અને રમત :

**મેજર ધ્યાનચંદ ખેલરત્ન : કુલ 11 એથ્લેટ્સ**


1. નીરજ ચોપરા- પેરા જ્વેલિન (ભાલા ફેક)
2. રવિ દહિયા - કુશ્તી
3. લવલિના બોરગોહેન - બોક્સિંગ
4. સુનિલ છેત્રી - ફુટબોલ
5. પીઆર શ્રીજેશ - હોકી, ગોલકીપર
6. અવની લેખરા - શૂટિંગ
7. મિતાલી રાજ - ક્રિકેટ
8. પ્રમોદ ભગત - બેડમિન્ટન
9. સુમિત અંટીલ - પેરા જ્વેલિન (ભાલા ફેક)
10. ક્રિષ્નાનાગર - પેસ બેડમિન્ટન
11. એમ નારવાલ - શૂટિંગ

**અર્જુન એવોર્ડ માટે 35 ખેલાડી :**

1. શિખર ધવન - ક્રિકેટ
2. ભાવિના પટેલ - (ગુજરાતી) પેરા ટેબલ ટેનિસ
3. યોગેશ કથુનિયા -ડિસ્કસ થ્રો
4. નિષાદ કુમાર - ઊંચી કૂદ
5. પ્રવીણ કુમાર - ઊંચી કૂદ
6. શરદ કુમાર - ઊંચી કૂદ
7. સુહાસ એલવાય - પેરા બેડમિન્ટન
8. સિંહરાજ અંધના - શૂટિંગ
9. હરવિંદર સિંઘ - તીરંદાજી

- ✓ રાષ્ટ્રીય રમત પુરસ્કાર સમિતિએ ભારતના સર્વોચ્ચ રમત સન્માન મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર માટે ખેલાડીઓના નામની ભલામણ કરી.

## 5. પેગાસસ સ્પાયવેર જાસૂસી કાંડ : કેન્દ્ર સરકાર




### મુખ્ય વિવાદ/કેસ શું છે :

- ✓ સુપ્રીમ કોર્ટે સમિતિને અરજકર્તાઓ દ્વારા મુકાયેલા આરોપોની તપાસ કરી કોર્ટ સમક્ષ રજૂ કરવાનો આદેશ આપી 8 સપ્તાહ બાદ સુનાવણી મુકરર કરી.

- **ઇઝરાયેલી કંપની એનએસઓ દ્વારા** તૈયાર કરાયેલ સ્પાયવેર પેગાસસનો ઉપયોગ કરી જાસૂસીના મામલાને ગંભીરતાથી લેતાં ચીફ જસ્ટિસ એન વી રમન્ના, જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ હિમા કોહલીની બેન્ચે જણાવ્યું હતું કે, નિષ્ણાતોની સમિતિ સુપ્રીમ કોર્ટની સીધી દેખરેખ હેઠળ કામગીરી કરશે.
- નાગરિકોના રાઇટ ટુ પ્રાઇવસીનું ઉલ્લંઘન ગંભીર બાબત છે. ભારતીયોની જાસૂસીમાં વિદેશી એજન્સીની સંડોવણી પણ ગંભીર ચિંતાનો વિષય.

**સુપ્રીમ કોર્ટ દ્વારા સ્વતંત્ર તપાસનો આદેશ : સત્ય શોધવા સુપ્રીમે પૂર્વ જજના નેતૃત્વમાં 6 નિષ્ણાતોની સમિતિની રચના**

**ટેકનિકલ સમિતિ પર ત્રણ સભ્યો સીધી દેખરેખ**

1. **જસ્ટિસ આરવી રવિન્દ્રન- સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ**
2. **આલોક જોશી - પૂર્વ આઈપીએસ અધિકારી**
3. **સંદીપ ઓબેરોય - IOS/IEC/JTCની પેટા કમિટીના ચેરમેન**

**સુપ્રીમ દ્વારા રચિત ટેકનિકલ સમિતિમાં સામેલ નિષ્ણાતો :**

1. **ડો. નવીન કુમાર ચૌધરી - પ્રોફેસર (સાયબર સિક્યુરિટી અને ડિજિટલ ફોરેન્સિક્સ) અને ડીન, નેશનલ યુનિવર્સિટી ઓફ ફોરેન્સિક સાયન્સ, ગાંધીનગર, ગુજરાત**
2. **ડો. પ્રબહરન પી. - પ્રોફેસર અમૃતા વિશ્વ વિદ્યાપીઠમ (સ્કૂલ ઑફ એન્જિનિયરિંગ), કેરળના પ્રોફેસર**
3. **ડો. અશ્વિન અનિલ ગુમાસ્તે - એસોસિયેટ પ્રોફેસર (કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, બોમ્બે, મહારાષ્ટ્ર**

**સુપ્રીમ કોર્ટના જાસૂસી મામલે મહત્ત્વનાં અવલોકનો**

- આ પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ પુરાવા આધારિત હોવો જોઇએ
- બંધારણ અંતર્ગત કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અંતર્ગત જ જાસૂસી કરી શકાય
- કાયદા દ્વારા સંચાલિત લોકતાંત્રિક દેશમાં નાગરિકોની બેફામ જાસૂસી કરી શકાય નહીં
- આ પ્રકારની જાસૂસીથી નાગરિકના રાઇટ ટુ પ્રાઇવસીના અધિકારનું ઉલ્લંઘન થાય છે
- પોતાની જાસૂસી થઇ રહી છે તેવા ભયને કારણે પોતાના અધિકારનો કેવી રીતે ઉપયોગ કરવો તે નાગરિક નક્કી કરી શકતો નથી
- મીડિયાની સ્વતંત્રતાની વાત આવે છે ત્યારે જાસૂસી ચોક્કસ ચિંતા ઉપજાવે છે
- મીડિયાની જાસૂસી એ વાણી સ્વાતંત્ર્ય પર ગંભીર અસર કરે છે

**ટેકનિકલ સમિતિ શું તપાસ કરશે :**

- પેગાસસ સ્પાયવેર દ્વારા ભારતીય નાગરિકોના ડેટા મેળવવા, વાતચીત સાંભળવા, ચેટની માહિતી મેળવવા તેમના ફોનની જાસૂસી કરાઇ કે કેમ તેની તપાસ
- આ પ્રકારના સ્પાયવેર એટેકના કારણે અસરગ્રસ્ત થયેલા નાગરિકોની વિગતો
- પેગાસસનો ઉપયોગ કરી ભારતીય નાગરિકોના વોટ્સએપ એકાઉન્ટ હેક કરાયા હોવાના અહેવાલો વર્ષ 2019માં પ્રસિદ્ધ થયા બાદ કેન્દ્ર સરકારે કેવા પગલાં લીધાં
- ભારત સરકાર, રાજ્ય સરકાર અથવા કોઇ કેન્દ્રીય અથવા રાજ્યની એજન્સી દ્વારા પેગાસસ સ્પાયવેરની ખરીદી કરાઇ છે?
- જો પેગાસસ સ્પાયવેર દ્વારા કોઇ નાગરિકની જાસૂસી કરાઇ છે તો તે કયા કાયદા અંતર્ગત કરાઇ તેની માહિતી
- દેશની કોઇ સંસ્થાએ કે વ્યક્તિએ નાગરિકો પર જાસૂસી કરી? શું તેને અધિકૃત કરાઇ હતી?
- રાઇટ ટુ પ્રાઇવસીના રક્ષણ માટે નવો કાયદો ઘડવા , સાઇબર સિક્યુરિટી વધારવા, સરકારી અને બિનસરકરી સંસ્થાઓ દ્વારા રાઇટ ટુ પ્રાઇવસીના અધિકાર પર આક્રમણ, ગેરકાયદેસર જાસૂસી થતી હોવાની ફરિયાદ કરવાની વ્યવસ્થા અંગે ભલામણ કરશે.

**6. ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ-5 : ભારત**




**5 હજાર કિલોમીટરની મારક ક્ષમતા ધરાવતા અગ્નિ-5 મિસાઇલનું સફળ પરીક્ષણ**

- **પરીક્ષણ : કલામ ટાપુ, ચાંદીપુર, ઓડિશા**


**મિસાઈલ પરીક્ષણની વિગત :**

- રેન્જ : 5 હજાર કિલોમીટર - વજન : 50 હજાર કિલોગ્રામ
- લંબાઈ : 17.5 મીટર - વ્યાસ : 2 મીટર
- પરમાણુ બોમ્બ ક્ષમતા : 1500 કિલોગ્રામ
- કેટેગરી : સપાટીથી સપાટી
- આ મિસાઇલમાં ત્રણ સ્ટેજના રોકેટ બુસ્ટર છે અને તે ઘન બળતણથી ઉડે છે. તેની ઝડપ અવાજ કરતાં 24 ગણી વધારે છે. એટલે કે તે એક સેકન્ડમાં 8.16 કિલોમીટરનો પ્રવાસ ખેડે છે. આમ તે દસ જ મિનિટમાં લગભગ પાંચ હજાર કિ.મી.નો પ્રવાસ ખેડીને લક્ષ્યાંક પર ત્રાટકે છે.
- અગ્નિ પાંચમાં એમઆઇઆરવી ટેકનિક પણ ખાસ છે. તેના લીધે તેના પર એક જ જગ્યાએ ઘણા શસ્ત્રો લગાવી શકાય છે.
- તેના લીધે આ મિસાઇલ એક જ વખતમાં એકસાથે ઘણા લક્ષ્યાંકોને ધ્વસ્ત કરી શકે છે. આ મિસાઈલ સમગ્ર એશિયા, યુરોપ અને આફ્રિકાના કેટલાક હિસ્સાને પણ આવરી લે છે.

**અગાઉ અગ્નિ-પ્રાઇમનું સફળ પરીક્ષણ :**

- આ પહેલા ડીઆરડીઓએ જૂનમાં અગ્નિ પ્રાઇમનું પરીક્ષણ કર્યુ હતું.
- અગ્નિ પ્રાઇમ મિસાઇલની રેન્જ એક હજાર કિ.મી.થી બે હજાર કિ.મી.ની છે.
- અગ્નિ પ્રાઇમ મિસાઇલને ચાર હજાર કિ.મી.ની રેન્જવાળી અગ્નિ-ચાર અને પાંચ હજાર કિ.મી.ની રેન્જવાળા અગ્નિ-પાંચ મિસાઇલમાં ઉપયોગમાં લેવાતી અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી બનાવાયું.
- સંસ્થા : DRDO, બેંગ્લુરૂ

**7. FB : "મેટાવર્સ" માટે ચાલુ વર્ષે 10 બિલિયન ડોલર્સ રોકાણ કરશે**





- ✓ <u>ફેસબૂક તેના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ મેટાવર્સની દુનિયા બનાવવા માટે</u> આ વર્ષે 10 બિલિયન ડોલર્સ કરતાં વધારેનું રોકાણ કરશે. ફેસબૂક વર્ચ્યુઅલ અને ઓગમેંટ રિયાલિટી જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને યૂઝર્સને એક નવો વર્ચ્યુઅલ અનુભવ કરાવશે.
- ✓ આ માટે કંપની તેના ફેસબૂક રિયલ્ટી લેબ્સ પર અબજો ડોલર ખર્ચ કરશે, જેને આ મેટાવર્સ ડિવિઝને છઇ અને ફઇ હાર્ડવેર, સોફ્ટવેર અને કન્ટેન્ટ બનાવવાની જવાબદારી સોંપી છે.

**<u>મેટાવર્સ શું છે :</u>**

- ✓ પૌરાણિક કથાઓમાં ભગવાન નારદના પાત્રથી પરિચિત છીએ. જે થોડી વાર અહીં તો થોડીવારમાં બીજી કોઇ જગ્યાએ પ્રગટ થઇ જાય છે હકીકતે આ મેટાવર્સ પણ આવું જ છે.
- ✓ **<u>મેટાવર્સ હકીકતે એક વર્ચ્યુઅલ દુનિયા</u>** છે જ્યાં વ્યક્તિ શારીરિક રીતે હાજર ન હોય છતાં પણ ત્યાં હાજર રહી શકે છે. આ માટે વર્ચ્યુઅલ રિયાલિટીનો ઉપયોગ કરવામાં આવે છે.
- ✓ ફેસબૂકે ગયા મહિને સૌથી પહેલા તેમના મેટાવર્સ બનાવવાની યોજના અંગે માહિતી આપી હતી.
- ✓ મેટાવર્સ શબ્દનો ઉપયોગ ડિજિટલ દુનિયામાં વર્ચ્યુઅલ, ઇન્ટરેક્ટિવ સ્પેસને સમજવા માટે કરવામાં આવે છે.
- ✓ આ પ્લેટફોર્મથી 10 હજાર રોજગારી મળશે.

## <u>8. બ્લૂ ફ્લેગ-2021 : ભારત સહિત 8 દેશોની વાયુસેનાનો ઇઝરાયલમાં યોજાયેલા આધુનિક હવાઈ યુદ્ધાભ્યાસ</u>




| | | |
|---|---|---|
| 1 | એફ-16 | ગ્રીસ |
| 2 | મિરાજ-2000 | ભારત |
| 3 | એફ-16 | અમેરિકા |
| 4 | ટાયફૂન | યુકે |
| 5 | એફ-35 | ઇઝરાયલ |
| 6 | એફ-15 | ઇઝરાયલ |
| 7 | એફ-35 | ઇટાલી |
| 8 | ટાયફૂન | બેલ્જિયમ |
| 9 | એફ-25 | ઇઝરાયલ |
| 10 | રાફેલ | ફ્રાંસ |
| 11 | અગ્રેસર એફ-16 | ઇઝરાયલ |

**<u>ભાગ લેનાર દેશ અને યુદ્ધ વિમાનો :</u>**

- ✓ યજમાન **<u>ઇઝરાયલ સાથે ભારત, જર્મની, ઇટાલી, બ્રિટન, ફ્રાન્સ, ગ્રીસ અને અમેરિકાનાં</u>** ફાઇટર વિમાનો સહિત 1500થી વધુ જવાન સામેલ થયા. તેમાં ભારતીય વાયુસેનાના 85 અધિકારી પણ છે.

**<u>અભ્યાસ વિશે :</u>**

- ✓ આ <u>ઇઝરાયલમાં અત્યાર સુધીનો સૌથી મોટો આધુનિક હવાઈ અભ્યાસ</u> છે.
- ✓ ઇઝરાયલના સર્જન પછી પહેલીવાર બ્રિટિશ ફાઇટર વિમાન ઇઝરાયલની ધરતી પર ઉતર્યા છે.
- ✓ **<u>આ અભ્યાસ 28 ઓક્ટોબર સુધી ચાલશે.</u>**
- ✓ <u>પહેલીવાર ભારતીય મિરાજ વિમાન અને ફ્રાન્સના રાફેલ વિમાનોએ તેમાં એકસાથે અભ્યાસ કર્યો</u> હતો.
- ✓ મિરાજ વિમાનોને હાલમાં જ અત્યાધુનિક ટેક્નોલોજી અને હથિયારોથી સજ્જ કરાયા છે.
- ✓ આ પહેલા 2017માં પણ ભારતે દ્વિવાર્ષિક યુદ્ધાભ્યાસમાં ભાગ લીધો હતો. ત્યારે વાયુ સેનાના સી-130જે સુપર હરક્યુલસ વિમાન સાથે 45 સભ્યોનું જૂથ હતું. એ વખતે પહેલીવાર એફ-35 વિમાનોનો અભ્યાસ થયો હતો.
- ✓ <u>રાજધાની : તેલ અવીવ</u>

## <u>9. ભારતનું ગૌરવ : ભારતીય મૂળના કેનેડિયન અનિતા આનંદ કેનેડા સરકારમાં રક્ષામંત્રી તરીકે નિયુક્ત</u>

- ✓ કેનેડાની રક્ષામંત્રી તરીકે બીજી મહિલા



**<u>અનિતા આનંદનો પરિચય :</u>**

- ✓ અનિતા આનંદ ભારતના તામિલનાડુ અને પંજાબ સાથે સબંધ ધરાવે છે.
- ✓ તેમના ડૉક્ટર પિતા તામિલનાડુના રહેવાસી હતા જ્યારે તેમની માતા પંજાબી હતા. <u>અનિતા આનંદનો જન્મ કેનેડામાં</u> જ થયો છે.
- ✓ કેનેડાના વર્તમાન PM : જસ્ટિન ટ્રુડો
- ✓ મુખ્ય પક્ષ : લિબરલ પાર્ટી

**10. દિન વિશેષ : 25 ઓક્ટોબર આંતરરાષ્ટ્રીય કલાકાર દિવસ**

- ✓ **થીમ-2021 : 'you're Not Alone'**
- ✓ **યજમાન :** લોસ એન્જલસ-USA
- ✓ **પ્રથમ પ્રારંભ :** વર્ષ 2004

**કોની યાદમાં ઉજવણી :**

- ✓ સ્પેનિશ ચિત્રકાર કલાકાર પાબ્લો પિકાસોના જન્મદિવસ તા. 23/10/1881

**11. દિન વિશેષ : 27 ઓક્ટોબર 75મો પાયદળ સૈન્ય દિવસ**

**અન્ય નામ : ઇન્ફન્ટરી દિવસ**

- ✓ ભારતીય સેના દ્વારા દર વર્ષે ઇન્ફન્ટરી ડે ઉજવવામાં આવે છે.
- ✓ ભારતીય સેનાના વડા જનરલ શ્રી મુકુંદ નરવણે દ્વારા સૈનિકોને શ્રદ્ધાંજલિ અપાઇ




**પાયદળ સૈન્ય દિવસનો ઇતિહાસ :**

- ✓ આઝાદીની 75મી વર્ષગાંઠના ઉપલક્ષ્યમાં ચાલી રહેલા મહોત્સવને યાદગાર બનાવતા સૈન્યએ 75 વર્ષ જૂની યાદો તાજી.
- ✓ પાકિસ્તાને કાશ્મીરને પચાવી પાડવા માટે 24 ઓક્ટોબર 1947ના રોજ કબાયલી પઠાણોની કાશ્મીરમાં ઘુસણખોરી કરાવી હતી. ત્યારે કબાયલીઓ અને પાકિસ્તાનના સૈન્યથી વિસ્તારને બચાવવા ભારતીય સૈન્યની પ્રથમ ટુકડી શ્રીનગર પહોંચી હતી. આ તમામ શીખ રેજિમેન્ટની પ્રથમ બટાલિયનના જવાનો હતા.
- ✓ હુમલાખોર કબાયલી આશરે 5000 હતા. તેમણે એબટાબાદથી કાશ્મીર ખીણમાં હુમલો કરી દીધો. તેમને ભગાડતા ભારતીય સૈન્યએ કાશ્મીરને 27 ઓક્ટોબર 1947ના રોજ મુક્ત કરાવ્યુ હતુ..
- ✓ આ અભિયાનમાં ફક્ત પાયદળના સૈન્યનું યોગદાન હતું. ત્યારથી 27 ઓક્ટોબર ઇન્ફન્ટ્રી દિવસ(પાયદળ સૈન્ય દિવસ) તરીકે મનાવવામાં આવે છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (27-10-2021)

**1.** સુપ્રિમ કોર્ટ દ્વારા પેગાસસ સ્પાયવેર જાસૂસી કાંડની તપાસ માટે બનાવેલી સમિતિમાં કોનો સમાવેશ થાય છે

1. જસ્ટિસ આરવી રવિન્દ્રન- સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ તથા આલોક જોશી - પૂર્વ આઇપીએસ અધિકારી
2. સંદીપ ઓબેરોય - IOS/IEC/JTCની પેટા કમિટીના ચેરમેન તથા ડો. નવીન કુમાર ચૌધરી - ડીન, નેશનલ યુનિવર્સિટી ઓફ ફોરેન્સિક સાયન્સ, ગાંધીનગર
3. ડો. પ્રબહરન પી. - પ્રોફેસર અમૃતા વિશ્વ વિધાપીઠમ, કેરળ
4. ડો. અશ્વિન અનિલ ગુમાસ્તે - એસોસિયેટ પ્રોફેસર ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, બોમ્બે

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 1 અને 2 **(D) આપેલ તમામ**

**2.** તા. 27 ઓક્ટોબરે DRDO દ્વારા અગ્નિ-5 મિસાઇલ બાબતે ક્યા વિધાનો યોગ્ય છે

1. રેન્જ : 5 હજાર કિલોમીટર
2. પરીક્ષણ : કલામ ટાપુ, ચાંદીપુર, ઓડિશા
3. પરમાણુ બોમ્બ ક્ષમતા : 1500 કિલોગ્રામ
4. કેટેગરી : સપાટીથી સપાટી

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** ઓક્ટોબર 2021માં ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટી ગાંધીનગરના ક્યા વૈજ્ઞાનિકોને 'વર્લ્ડ ટોપ 2 ટકા સાઇન્ટિસ્ટ'ની પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મળ્યુ

(A)ડૉ.આર એસ દુબે : કુલપતિ, સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાત

(B) પ્રો. દિનેશકુમાર : સ્કૂલ ઓફ કેમિકલ સાયન્સ

(C) ડો. હિતેષ કુલહરી : સ્કૂલ ઓફ નેનો સાયન્સ

**(D) આપેલ તમામ**

**4.** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ પદે રાજ્ય સરકાર દ્વારા કોની નિમણૂક કરાઇ

(A) યશોધર ભટ્ટ **(B) અસિત વોરા**

(C) હસમુખ જોશી (D) દિનેશ દાસા

**5.** ભારત સરકાર દ્વારા રમતગ ક્ષેત્રે અપાતા ખેલ રત્ન એવોર્ડ-2021 માટે કયા એવોર્ડ માટે કેટલા ખેલાડીઓનું નોમિનેશન કરાયુ

(A) મેજર ધ્યાનચંદ ખેલરત્ન : કુલ 11 ખેલાડી

(B) અર્જુન એવોર્ડ : 35 ખેલાડી

(C) દ્રોણાચાર્ય એવોર્ડ : 5 ખેલાડી

**(D) Aઅને B બંને**

**6.**ઇઝરાયેલી કંપની NSO દ્વારા આચરવામાં આવેલા પેગાસસ સ્પાયવેર જાસૂસી કાંડમાં નાગરિકના ક્યા અધિકારનું ઉલ્લંઘન થાય છે

(A) રાઇટ ટુ થિન્ક (B) રાઇટ ટુ સ્પિક

**(C) રાઇટ ટુ પ્રાઇવસી** (D) રાઇટ ટુ ફ્રિડમ

**7.**તા. 27 ઓક્ટોબરે DRDO દ્વારા કઇ એક મિસાઇલનું સૌથી લાંબી રેન્જ ધરાવતી મિસાઇલનું સફળ પરિક્ષણ કરાયું

(A) અગ્નિ પ્રાઇમ (B) અભય (C) આકાશ **(D) અગ્નિ-5**

**8.** ફેસબૂક દ્વારા ક્યા એક નવીન વર્ચ્યુઅલ દુનિયાના નવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે અંદાજે 10 બિલિયન ડોલર્સનું રોકાણ કરવામાં આવશે

**(A) મેટાવર્સ** (B) મેટામર્સ (C) મેટાસર્સ (D) મેટાનન

**9.** ઓક્ટોબર 2021માં ઇઝરાયલમાં યોજાયેલા ભારત સહિત 8 દેશોની વાયુસેનાનો આધુનિક હવાઈ યુદ્ધાભ્યાસ કયા નામે ઓળખાય છે

(A) મેક્સ 2021 (B) ડાર્ક ફ્લેગ 2021

**(C) બ્લૂ ફ્લેગ-2021** (D) સ્કાય ફ્લેગ 2021

**10.** ઓક્ટોબર 2021માં ઇઝરાયલમાં સૌપ્રથમ કયા દેશોની વાયુસેનાનો આધુનિક બ્લૂ ફ્લેગ-2021 હવાઈ યુદ્ધાભ્યાસ યોજાયો

(A) ઈઝરાયલ, ભારત અને બ્રિટન (B) જર્મની અને ઇટાલી

(C) ગ્રીસ, ફ્રાન્સ અને અમેરિકા **(D) આપેલ તમામ**

**11.** ઓક્ટોબર 2021માં ભારતીય મૂળના કયા કેનેડિયન મહિલાની કેનેડા સરકારમાં રક્ષામંત્રી તરીકે નિયુક્તિ કરાઇ

**(A) અનિતા આનંદ** (B) પ્રીતિ પટેલ

(C) અનિતા અનુપમ (D) અનિતા દેસાઈ

**12.** આંતરરાષ્ટ્રીય કલાકાર દિવસ ક્યારે ઉજવાય છે

(A) 21 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર

**(C) 25 ઓક્ટોબર** (D) 26 ઓક્ટોબર

**13.** આંતરરાષ્ટ્રીય કલાકાર દિવસ-2021ની થીમ જણાવો

(A) They're Not Alone' **(B) 'you're Not Alone'**
(C) 'All're Not Alone' (D) 'We're Not Alone'

**14.** ભારતીય સેના દ્વારા તા.27 ઓક્ટોબર-2021ના રોજ કેટલામો ઇન્ફન્ટ્રી ડે ઉજવવામાં આવ્યો
(A) 65 (B) 71 **(C) 75** (D) 81

**DATE : 28-10-2021**

**1. પંચાયત વિભાગ : ગુજરાત સરકાર**

**ગુજરાતમાં નવા 191 ગામોનો વધારો :**

**153 ગ્રામ પંચાયતોમાંથી નવી પંચાયતોની રચના માટે 191 ગામોને મંજૂરી**

- ✓ **ખાસ : હવે કુલ 18,225 મહેસૂલી ગામમાંથી 14,483 ગામમાં પંચાયતી રાજનો અમલ**

**અન્ય વિગતો :**

- ✓ વર્ષના આરંભે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય માટે પાલિકા ધરાવતા શહેરોની સંખ્યા 151થી વધીને 166એ પહોંચી જયારે આઠેય મહાનગરોના નવા સિમાંકનથી શહેરી વિસ્તાર પણ વધ્યો છે.
- ✓ ગુજરાત સરકારના સમિક્ષા અહેવાલ મુજબ રાજ્યમાં નાગરીકોના વસવાટ ધરાવતા કુલ 18,225 ગામડા છે. 24 ઓક્ટોબર 2021 સુધીમાં 14,292 ગામડામાં ગ્રામ પંચાયતોનું અસ્તિત્વ.
- ✓ 18થી વધુ જિલ્લાઓમાં 153 ગ્રામ પંચાયતોમાંથી 191 ગામ અલગ કરીને નવી ગ્રામ પંચાયત રચવા નોટિફિકેશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા.
- ✓ હવે રાજ્યમાં કુલ 14,483 ગામોમાં પંચાયતી રાજ હેઠળ સ્થાનિક સ્વરાજ્યનું સંચાલન થશે.

**2. ઇન્ડિયા સ્કીલ્સ 2021 :**

**પ્રાદેશિક સ્પર્ધાનો ગાંધીનગરથી પ્રારંભ**

**બીજો તબક્કો તા. 29 ઓકટોબરથી તા. 1 નવેમ્બર 2021 સુધી ગાંધીનગરમાં યોજાશે**

**ઇન્ડિયા સ્કીલ્સ સ્પર્ધા વિશે :**

- ✓ ચાર દિવસીય આ સ્પર્ધામાં ગોવાના 21, ગુજરાતના 40, મધ્યપ્રદેશના 37, મહારાષ્ટ્રના 85, અને રાજસ્થાનના 43 સહિત 225થી વધુ સ્પર્ધકો ભાગ લેશે.
- ✓ ઇન્ડિયા સ્કીલ્સ એ ભારતની સૌથી મોટી કૌશલ્ય સ્પર્ધા છે, જે યુવાનોને તેમના કૌશલ્યનું પ્રદર્શન કરવાની તક આપે છે.

**ઉદ્દઘાટન સમારોહ :**

- ✓ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે તા.29ના રોજ યોજાશે. આ સ્પર્ધાના વિજેતાઓને તે જ સ્થળે 1 નવેમ્બરના રોજ સન્માનિત કરાશે.
- ✓ પ્રાદેશિક સ્પર્ધાઓના અન્ય વિજેતાઓ સાથે ડિસેમ્બર 2021માં કર્ણાટકના બેંગલુરુમાં આયોજિત થનારી ઇન્ડિયા સ્કીલ્સ નેશનલ્સમાં પ્રવેશ કરશે.
- ✓ ચીનના શાંઘાઇમાં "વર્લ્ડ સ્કીલ્સ ઇન્ટરનેશનલ કોમ્પિટિશન" યોજાશે.

**3. નિર્ણય : ગુજરાત સરકાર :**

**IT અને ઇલેક્ટ્રોનિક્સ પોલિસીની મુદત માર્ચ 2022 સુધી વધારાઇ**

**વિગત :**

- ✓ ગુજરાત સરકારે જાહેર કરેલી આઇટી અને આઇટી આધારિત સેવાઓ તેમજ ઇલેક્ટ્રોનિક્સ પોલિસીની મુદત પૂર્ણ થઇ જતાં નવી નીતિ જાહેર
- ✓ રાજ્યના આઇટી રિલેટેડ ઉદ્યોગજૂથો હવે આ નીતિના લાભ 31મી માર્ચ 2022 સુધી લઇ શકશે.

**મુખ્ય હેતુ :**

- ✓ રાજ્યમાં રોજગારીનું સર્જન થાય અને આઇટી રિલેટેડ નવા ઉધોગો મૂડીરોકાણ કરે તે આશયથી સરકારે આઇટી અને ઇલેક્ટ્રોનિક્સ પોલિસીની જાહેરાત વર્ષ 2016માં કરી હતી.

**4. નાણાકીય વર્ષ 2021માં ભારતના સૌથી મોટા 10 દાનવીરની યાદી પ્રસિદ્ધ**

**દેશના ટોચના 10 સૌથી ઉદાર ઉધોગપતિઓ :**

| ક્રમ | નામ | કંપની | દાન | શેના માટે |
|---|---|---|---|---|
| ૧. | અઝીમ પ્રેમજી | વીપ્રો | ૯૭૧૩ કરોડ | શિક્ષણ |
| ૨. | શિવ નાદર | HCL ટેક્નો. | ૧૨૬૩ કરોડ | કલ્ચર |
| ૩. | મુકેશ અંબાણી | રિલાયન્સ | ૫૭૭ કરોડ | શિક્ષણ |
| ૪. | કુમાર મંગલમ્ બિરલા | આદિત્ય બિરલા | ૩૭૭ કરોડ | આરોગ્ય |
| ૫. | નંદન નીલેકણી | ઇન્ફોસિસ | ૧૮૩ કરોડ | સામાજિક |
| ૬. | હિંદુજા કુટુંબ | હિંદુજા | ૧૬૬ કરોડ | આરોગ્ય |
| ૭. | બજાજ કુટુંબ | બજાજ | ૧૩૬ કરોડ | આરોગ્ય |
| ૮. | ગૌતમ અદાણી | અદાણી | ૧૩૦ કરોડ | આફત સહાય |
| ૯. | અનીલ અગ્રવાલ | વેદાંતા | ૧૩૦ કરોડ | આફત સહાય |
| ૧૦. | બર્મન કુટુંબ | ડાબર | ૧૧૪ કરોડ | આરોગ્ય |



**અન્ય વિગતો :**

- ✓ સોફ્ટવેર એક્સ્પોર્ટર કંપની વિપ્રોના વડા અઝીમ પ્રેમજીએ નાણાકીય વર્ષ 2021માં કુલ રૂ. 9,713 કરોડનું દાન કર્યુ હતું જે હિસાબે તેમણે વર્ષ દરમિયાન રોજ રૂ. 27 કરોડનું દાન કર્યુ હતું. દાનના મોરચે અઝીમ પ્રેમજી હજુ પણ દેશના ટોચના દાનદાતા તરીકે જળવાઇ રહ્યા છે.
- ✓ વિપ્રોના સંસ્થાપક પ્રેમજીએ રોગચાળાના વર્ષ દરમિયાન પોતાના દાનના પ્રવાહમાં 25 ટકાનો વધારો કર્યો હતો.
- ✓ **સંસ્થા:** Edelgive Hurun India Philanthropy List 2021 અનુસાર આ યાદીમાં એચસીએલના શિવ નાદર બીજા ક્રમ ઉપર હતા જેમણે નાણાકીય વર્ષ 2021 દરમિયાન કુલ રૂ. 1263 કરોડનું દાન કર્યુ હતું.

**5. રાજસ્થાન સરકાર : 20 નવેમ્બરે "રાષ્ટ્રીય તૃતીયપંથી દિન" (ટ્રાન્સજેન્ડર ડે) ઉજવનાર દેશનું પ્રથમ રાજ્ય બનશે**




**અન્ય બાબતો :**

- ✓ સમાજના સૌથી ઉપેક્ષિત વ્યંડળોની વહારે રાજસ્થાન સરકાર આવી. 20મી નવેમ્બરે ખરી ધામધૂમથી તૃતીયપંથી-દિન છે. તૃતીય દિન (ટ્રાન્સજેન્ડર ડે) ઉજવાશે. સરકારી ખર્ચે ખેલકુદને સાંસ્કૃતિક મહોત્સવ યોજાશે.
- ✓ 2011માં જનગણના વખતે તૃતીયપંથીઓની સંખ્યા 16,571ની હતી જે અત્યારે વધીને 60 હજાર થઇ છે.

**સરકારનું પ્રદાન :**

- ✓ રાજ્ય સરકારે તૃતીયપંથીઓ માટે 10 કરોડનું ભંડોળ ઊભું કર્યું છે. હવે દરેકને ખાસ ઓળખપત્ર અપાશે, રોજગાર હુન્નરની તાલીમ અપાશે એટલું જ નહી જયપુર પાસે બે વિઘા જમીન પર તેમને માટે કોમ્યુનિટી સેન્ટર બાંધવામાં આવશે.
- ✓ નિ:શુલ્ક સેક્સ ચેન્જ ઓપરેશનની સુવિધા આપવામાં આવશે. શસ્ત્રક્રિયા અને સારવાર માટે સરકાર અઢી લાખ રૂપિયા ફાળવશે.
- ✓ ટ્રાન્સજેન્ડર વેલ્ફેર બોર્ડની રચના

**6. ગ્રીન ફટાકડા એટલે શું**




**વિશેષતા અને ફાયદા :**

- ✓ ગ્રીન ફટાકડા દેખાવમાં અને અવાજમાં સામાન્ય ફટાકડા જેવા હોય છે.પરંતુ તેનાથી પ્રદુષણ ઓછું ફેલાય છે.
- ✓ સામાન્ય ફટાકડાઓ કરતાં આ ફટાકડા ફુટવાથી 40-50% ઓછું નુકશાન કરે તેવો ગેસ નિકળે છે
- ✓ ગ્રીન ફટાકડાને કારણે નિકળનારો ગેસ વાતાવરણમાં 30થી 40 ટકા ઓછું નુકશાન કરશે, આ ફટાકડાના કારણે પ્રદુષણ સંપૂર્ણપણે અટકાવી શકશે નહી પરંતુ તેના પ્રમાણમાં ચોક્કસથી ઘટાડો કરી શકાય.

**7. 18મી આસિયાન - ભારત સમિટ-2021 :**

**ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સમિટને વર્ચ્યુઅલ સંબોધન : તારીખ 28 ઓક્ટોબર 2021**




**સંબોધનના મહત્વના અંશો :**

- ✓ **ભારત-આસિયાન ભાગીદારીના 30 વર્ષ સંદર્ભે ભારતમાં વર્ષ 2022 "ભારત-આસિયાન મૈત્રી વર્ષ" તરીકે ઉજવાશે**
- ✓ અથવા વર્ષ 2022ને યર ઓફ આસિયાન-ઇન્ડિયા ફ્રેન્ડશિપ તરીકે ઊજવાશે.
- ✓ ભારત અને આસિયાન વચ્ચે વર્ષોથી સંબંધો છે. ઇતિહાસ સાક્ષી છે કે, ભારત અને આસિયાન વચ્ચે વર્ષોથી સંબંધો ચાલ્યા આવે છે. તેની ઝલક આપણા સામૂહિક મૂલ્યો, પરંપરાઓ, ભાષાઓ, ગ્રંથો તેમજ પુસ્તકો, વાસ્તુકલા, ખાણીપીણી, સંસ્કૃતિમાં જોવા મળે છે.
- ✓ ભારત અને આસિયાનનાં સંબંધોને 2022માં 30 વર્ષ પૂરા થશે. જયારે ભારત તેની આઝાદીનાં 75 વર્ષ પૂરા કરશે.

**આસિયાનની એકતા ભારત માટે મહત્વની :**

- ✓ મોદીએ કહ્યું કે, આસિયાનની એકતા અને કેન્દ્રીય નીતિ ભારત માટે હંમેશાં અગ્રક્રમે અને મહત્ત્વની રહી છે.
- ✓ ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા ઇન્ડો પેસિફિક ઇનિશિયેટિવ (IPOI) તેમજ ઇન્ડો પેસિફિક માટે આસિયાનનો દૃષ્ટિકોણ બંનેનાં વિઝન તેમજ પરસ્પર સહયોગને પ્રતિબિંબિત કરે છે.
- ✓ ભારતની એક્ટ ઈસ્ટ પૉલિસી તેમજ સિક્યોરિટી અને ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજિયન (SAGAR)માં આસિયાનની ભૂમિકા મહત્વની છે.

**અન્ય બાબતો :**

- ✓ 16મી ઈસ્ટ એશિયા સમિટ : ભારતના PM શ્રી મોદી દ્વારા ઈ-સંબોધન
- ✓ યજમાન : બ્રુનેઇ

**8. 16મી G-20 શિખર બેઠક-2021 : તા. 30-31 ઓક્ટોબર 2021**

- ✓ **થીમ : People, planet, prosperity**
- ✓ યજમાન : રોમ, ઈટાલી
- ✓ શિખર બેઠકના અધ્યક્ષ રાષ્ટ્રપતિ શ્રી સેરગિયો માટ્ટરેલ્લા, ઈટાલી

**G-20 વિશે :**

- ✓ વિશ્વના કુલ જીડીપીમાં 80% હિસ્સો G-20 દેશોનો છે. વૈશ્વિક વ્યાપારમાં 75% અને વસતીમાં 60% હિસ્સો છે. ઇટાલીના રાષ્ટ્રપતિશ્રી આ સંમેલનનું અધ્યક્ષપદ સંભાળશે.

**9. ભારતીય ચૂંટણી પંચ : ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા ભારતના ચૂંટણી કમિશનરની દેખરેખ હેઠળ સંપન્ન**







- ✓ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી સુશીલ ચંદ્રાએ ઉઝબેકિસ્તાનમાં 3 સભ્યના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતુ.
- ✓ શ્રી ચંદ્રા આંતરરાષ્ટ્રીય નિરીક્ષક તરીકે રાષ્ટ્રપતિની ચૂંટણીના સંચાલનનું નિરીક્ષણ કરવા 25 ઓક્ટોબર સુધી ઉઝબેક હતા.
- ✓ ઉઝબેકિસ્તાનના કેન્દ્રીય ચૂંટણી પંચના અધ્યક્ષ જૈનદીન એમ. નિજામખોદજેવે 24 ઓક્ટોબરે ઉઝબેકિસ્તાનમાં નવી ચૂંટણી સંહિતા સાથે થયેલી ચૂંટણીનું નિરીક્ષણ કરવા બોલાવ્યા હતા.
- ✓ **વિશ્વના 36 દેશ દ્વારા ચૂંટણીમાં ભારતની મદદ લેવામાં આવે છે.**
- ✓ ઉઝબેકિસ્તાનની રાજધાની : તાસ્કંદ

**10. કાર્બન ઉત્સર્જન નાબૂદી સંકલ્પ : સાઉદી અરેબિયા**

- ✓ સાઉદી અરેબિયા દ્વારા વર્ષ 2060 સુધીમાં કાર્બન ઉત્સર્જન નાબૂદ કરવાનો નિર્ણય.

✓ વિશ્વના 100થી વધારે દેશ માનવસર્જિત ક્લાયમેટ ચેન્જને નાથવા માટે સક્રિય બન્યા છે તેમાં ખનિજ તેલનો સૌથી મોટો ઉત્પાદક દેશ પણ જોડાયો.

**11. યુનિસેફ : રીમોટ લર્નિંગ રેડીનેસ ઇન્ડેક્સ 2021**




**અહેવાલના મુખ્ય તારણો :**

✓ દુનિયાના 31 દેશોમાં 20 કરોડ બાળકો પર શિક્ષણથી વંચિત થવાનું જોખમ

✓ કારણ એ છે કે આ ઓછી તથા મધ્યમ આવકવાળા દેશો છે. અને ભવિષ્યમાં ઈમરજન્સીની સ્થિતિમાં સ્કૂલો બંધ થવા પર દૂરસ્થ શિક્ષણને લાગુ કરવા માટે તૈયાર નથી.

✓ રિપોર્ટ અનુસાર 14 દેશોમાં 10.2 કરોડ બાળકો છે. કોરોના મહામારીના સમયે સ્કૂલોને સંપૂર્ણપણે કે આંશિકરૂપે બંધ રખાઈ હતી. તેનાથી અનેક સ્કૂલોના બાળકોને કોઇ રીતે શિક્ષણ પ્રાપ્ત કરવાથી વંચિત રહેવું પડ્યું હતું.

**12. દિન વિશેષ : 29 ઑક્ટોબર :**

**વર્લ્ડ સ્ટ્રોક ડે (પક્ષાઘાત)**

✓ પ્રારંભ : વર્ષ 2006થી

**પક્ષાઘાત/સ્ટ્રોક :**

✓ મગજને લોહી પહોંચાડનારી નળીમાં ખામી સર્જાતા શરીરનું કોઈ અંગ કામ કરતું બંધ થાય તેને શ્લોક કહેવાય

**13. જન્મ દિન વિશેષ : 28 ઓકટોબર**

**લોકમાતાઃ ભગિની નિવેદિતા**



**જન્મ : 28 ઓક્ટોબર 1867  અવસાન : 13 ઓક્ટોબર 1911**

✓ ભારતીય સંસ્કૃતિના ઉદગાતા ભગિની નિવેદિતાનું મૂળ નામ માર્ગારેટ એલિઝાબેથ નોબલ. તેમના દાદા પાદરી હતા અને આર્યલેન્ડ મુક્તિ આંદોલનના સૈનિક હતા

✓ ભગિની નિવેદિતાએ આર્યલેન્ડમાં શિક્ષણ લીધું તેમના લગ્ન નક્કી થયા પરંતુ લગ્ન પૂર્વે જ ભાવિ પતિનું અવસાન થતા સંસાર પરથી મનું ઊઠી ગયું હતું.

✓ 1892માં લંડનમાં રશ્કીન સ્કૂલની સ્થાપના કરી જીવન સમાજ સેવાને સમર્પિત કર્યું.

✓ સ્વામિ વિવેકાનંદ સાથે પત્રવ્યવહાર કર્યો, વિવેકાનંદે તેમને ભારત બોલાવ્યાં

✓ 28 જાન્યુ.1898ના રોજ ભારત આવ્યાં ત્યારે તેમને સત્કારવા કોલકાતા બંદર પર ખુદ વિવેકાનંદ હાજર હતા.

✓ 25 માર્ચ 1898એ દીક્ષા લીધી અને નવું નામ મળ્યું નિવેદિતા.

✓ સ્વામિ વિવેકાનંદના કહેવાથી-યોગ, ધ્યાન અને સમાધિ શીખ્યા.

✓ 1905માં સ્વદેશીની પ્રતિજ્ઞા લીધી. પ્લેગ, પુર અને દુષ્કાળ જેવા સમયે અનેક વિપત્તિઓની સામે આ ગોરી મહિલાને ઝઝૂમતી જોઇ હતી.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (28-10-2021)

**1.** બીજો તબક્કો માટે તા. 29 ઓક્ટોબરથી તા. 1 નવેમ્બર 2021 દરમિયાન યોજાનાર ઇન્ડિયા સ્કીલ્સ 2021 સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો ખરાં છે

1. બીજા તબક્કાની પ્રાદેશિક સ્પર્ધાનો ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ગાંધીનગરથી પ્રારંભ

2. સ્પર્ધામાં ગોવા, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના કુલ 225થી વધુ સ્પર્ધકો ભાગ લેશે

3. ભારતની સૌથી મોટી કૌશલ્ય સ્પર્ધા જે યુવાનોને કૌશલ્યનું પ્રદર્શન કરવાની તક આપે છે

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**2.** 18મી આસિયાન-ભારત સમિટ-2021 અંગે કઇ બાબતો યોગ્ય છે

1. તા.28 ઓક્ટોબર 2021ના રોજ ભારતના PM શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સમિટને વર્ચ્યુઅલ સંબોધન

2. ભારત-આસિયાન ભાગીદારીના 30 વર્ષ

3. ભારતમાં વર્ષ 2022 “ભારત-આસિયાન મૈત્રી વર્ષ” તરીકે ઉજવાશે

4. ભારતની એક્ટ ઈસ્ટ પૉલિસી તેમજ સિક્યોરિટી અને ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજિયન (SAGAR)માં આસિયાનની ભૂમિકા મહત્વની

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**3.** 16મી G-20 શિખર બેઠક-2021 સંદર્ભે કયા વિધાનો યોગ્ય છે

1. સમયગાળો : તા. 30-31 ઓક્ટોબર 2021

2. થીમ : People, planet, prosperity

3. યજમાન : રોમ, ઈટાલી

4. બેઠકના અધ્યક્ષ:ઈટાલીના રાષ્ટ્રપતિ સેરગિયો માટ્ટરેલ્લા

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**4.** ઓકટોબર 2021માં રાજ્યના પંચાયત વિભાગ દ્વારા ગુજરાતમાં કેટલી નવી ગ્રામંચાયતોની રચના માટે મંજૂરી અપાઇ

(A) 195  (B) 193  **(C) 191**  (D) 189

**5.**ઓકટોબર 2021ની સ્થિતિએ ગુજરાતમાં કુલ 18,225 મહેસૂલી ગામમાંથી કેટલા ગામમાં પંચાયતી રાજ અમલી છે

(A) 13,353 **(B) 14,483** (C) 15,525 (D) 17,779

**6.** ગુજરાત સરકાર દ્વારા ઓક્ટોબર 2021માં કઈ પોલિસીની મુદત ક્યાં સુધી વધારવામાં આવી

(A) ઉદ્યોગ પોલિસી તથા એપ્રિલ 2022 સુધી

(B) ઊર્જા અને પ્રવાસન પોલિસી તથા માર્ચ 2022 સુધી

(C) સોલાર પોલિસી તથા જાન્યુઆરી 2022 સુધી

**(D) IT અને ઇલેક્ટ્રોનિક્સ પોલિસી તથા માર્ચ 2022 સુધી**

**7.** નાણાકીય વર્ષ 2021માં ભારતના સૌથી મોટા 10 દાનવીરની યાદીમાં એકથી ચારમાં કોનો સમાવેશ થતો નથી

(A) અઝીમ પ્રેમજી તથા શિવ નાદાર

(B) નંદન નિલકર્ણી તથા ગૌતમ અદાણી

(C) મુકેશ અંબાણી તથા કુમાર બિરલા

**(D) A અને C બંને**

**8.** આગામી 20 નવેમ્બરે દેશમાં સૌપ્રથમ કઇ રાજ્ય સરકાર દ્વારા "રાષ્ટ્રીય તૃતીયપંથી દિન" (ટ્રાન્સજેન્ડર ડે) ઉજવાશે
(A) પંજાબ (B) હરિયણા (C) ઉત્તરપ્રદેશ **(D) રાજસ્થાન**

**9.** ગ્રીન ફટાકડામાં સમાન્ય ફટાકડા કરતા કેટલા ટકા ઓછુ નુકસાન કરે તેવો ગેસ પેદા થાય છે
(A) 30-40 **(B) 40-50** (C) 45-55 (D) 50-60

**10.** ઓક્ટોબર 2021માં યોજાયેલી 16મી ઈસ્ટ એશિયા સમિટ જેને ભારતના PM શ્રી મોદી દ્વારા ઈ-સંબોધન કરાયું તેનો યજમાન દેશ જણાવો
**(A) બ્રુનેઇ** (B) કંબોડિયા (C) ફિલિપાઈન્સ (D) ઈન્ડોનેશિયા

**11.** ઓક્ટોબર 2021માં કયા દેશના રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરની દેખરેખ હેઠળ સંપન્ન થઈ
(A) કઝાકિસ્તાન **(B) ઉઝબેકિસ્તાન**
(C) નેપાળ (D) તુર્કીસ્તાન

**12.** તાજેતરમાં કયા દેશ દ્વારા વર્ષ 2060 સુધીમાં કાર્બન ઉત્સર્જન નાબૂદ કરવાનો નિર્ણય કરાયો -
(A) ઓસ્ટ્રેલિયા (B) ન્યુઝીલેન્ડ
**(C) સાઉદી અરેબિયા** (D) UAE

**13.** ઓક્ટોબર 2021માં યુનિસેફ પ્રસિદ્ધ કરાયેલા રીમોટ લર્નિંગ રેડીનેસ ઇન્ડેક્સ 2021માં વિશ્વના કેટલા દેશોના કેટલા કરોડ બાળકો ઉપર શિક્ષણથી વંચિત થવાનું જોખમ દર્શાવાયું છે
(A) 30 તથા 18 કરોડ **(B) 31 તથા 20 કરોડ**
(C) 33 તથા 21 કરોડ (D) 35 તથા 23 કરોડ

**14.** વર્લ્ડ સ્ટ્રોક ડે (પક્ષાઘાત) કયારે ઉજવાય છે
**(A) 29 ઓક્ટોબર** (B) 28 ઓક્ટોબર
(C) 27 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર

**15.** ભારતીય સંસ્કૃતિના ઉદગાતા ભગિની નિવેદિતાનું મૂળ નામ જણાવો
(A) ડાયના હેડન (B) પ્રિન્સેસ મેડોના
**(C) માર્ગારેટ એલિઝાબેથ નોબલ** (D) એન્જેલા જોલી

**16.** ભારતીય સંસ્કૃતિના ઉદગાતા લોકમાતા ભગિની નિવેદિતાનો જન્મ દિવસ જણાવો
**(A) 28 ઓકટોબર-1867** (B) 28 ઓકટોબર-1869
(C) 28 ઓકટોબર-1871 (D) 28 ઓકટોબર-1876

## DATE : 29-10-2021

### 1. DRDO : પ્રથમ સ્વદેશી લોન્ગ રેન્જ ગાઈડેડ બોમ્બનું સુખોઈ-30માંથી સફળ પરીક્ષણ

**ગાઈડેડ બોમ્બ વિશે :**

- ✓ રેન્જ : 100 કિલોમીટર
- ✓ વૉર હેડ ક્ષમતા : 1 હજાર કિલોનો બોમ્બ
- ✓ **પરીક્ષણ સ્થળ : બાલાસોર, ઓડિશા**
- ✓ DRDO દ્વારા વિકસિત આ બોમ્બનું ભારતીય વાયુસેના દ્વારા એક એરિયલ પ્લેટફોર્મની મદદથી આ બોમ્બનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. એક ફાઇટર એરક્રાફ્ટ દ્વારા બોમ્બ ફેંકવામાં આવ્યો હતો અને જમીન ઉપર લોન્ગ ડિસ્ટન્સ ટાર્ગેટ ઉપર ગાઇડન્સ દ્વારા પહોંચાડવામાં આવી હતી.
- ✓ આ ગાઇડેડ બોમ્બનું નિશાન અચૂક છે અને તેને ચોક્કસ સીમા સુધી અચૂક રીતે મારણ કરી શકે છે.
- ✓ સામાન્ય રીતે બોમ્બ ફેંકીએ ત્યારે તેને નિયંત્રિત કરી શકાતો નથી પણ આ લોન્ગ રેન્જ બોમ્બને ગાઇડ કરીને નિશાન સુધી પહોંચાડી શકાય છે.
- ✓ સંસ્થા : DRDO અને ઈન્ડિયન એરફોર્સ

### 2. નાણા મંત્રાલય – ભારત સરકાર :

### 2020-21ના વર્ષ માટે પ્રોવિડન્ટ ફંડ (PF)ની ડિપોઝિટ પર 8.5 ટકા વ્યાજનો નિર્ણય

**લાભ :**

- ✓ સરકારના આ નિર્ણયને પગલે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO)ના 6 કરોડથી વધુ સંભ્યોના ખાતામાં વ્યાજ જમા કરાવવાનો માર્ગ મોકળો થઇ ગયો છે. સરકારના આ નિર્ણયને એક રીતે દિવાળી ગિફ્ટ માનવામાં આવે છે.

### 3. અવસાન : કન્નડ સુપરસ્ટાર પુનીત રાજકુમારનું 46 વર્ષે હાર્ટ એટેકથી નિધન

- ✓ નિધન : બેંગ્લુરૂ (કર્ણાટક)




**અન્ય બાબતો :**

- ✓ પુનીતના પિતા રાજકુમાર પણ સાઉથ ઇન્ડિયન સિનેમાના આઇકોન હતા. કન્નડ ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાંથી કોઇને દાદાસાહેબ ફાળકે એવોર્ડ મળ્યો હોય તેવા તે પહેલા અભિનેતા હતા. ચંદનચોર વિરપ્પને જુલાઈ 2000માં તામિલનાડુમાંથી રાજકુમારનું અપહરણ કરી લીધું હતું.

### 4. નિમણૂક : કેન્દ્ર સરકાર દ્વારા NCLTના નવા અધ્યક્ષ તરીકે સુપ્રીમના પૂર્વ જજ શ્રી અશોકભૂષણની નિમણૂક




- ✓ કાર્યકાળ : 4 વર્ષ

**નિમણૂક વિશે :**

- ✓ જસ્ટિસ ભૂષણ જુલાઈ મહિનામાં સુપ્રીમ કોર્ટમાંથી રિટાયર્ડ થયા હતા.
- ✓ કેન્દ્રીય કેબિનેટની નિમણૂક સમિતિએ ચાર વર્ષ માટે તેમની નિયુક્તિને મંજૂરી આપી.
- ✓ **NCLT : નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ, નવી દિલ્હી**

### 5. ભારતીય તટરક્ષક દળ : 'સાર્થક' જહાજ રાષ્ટ્રને સમર્પિત



- ✓ રાષ્ટ્રની દરિયાઇ સલામતી અને સુરક્ષામાં નોંધપાત્ર વધારો કરવા માટે, ભારતીય કોસ્ટ ગાર્ડના મહાનિદેશક કે નટરાજન દ્વારા 28 ઓક્ટોબર, 2021ના રોજ સ્વદેશી રીતે નિર્મિત ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ 'સાર્થક' રાષ્ટ્રને કાર્યરત અને સમર્પિત કરવામાં આવ્યું હતું.

**કાર્યક્ષેત્ર :**

- ✓ ICGS સાર્થક ગુજરાતમાં પોરબંદર ખાતે સ્થિત હશે અને કમાન્ડર, કોસ્ટ ગાર્ડ પ્રદેશ (ઉત્તરપશ્ચિમ) ના ઓપરેશનલ અને વહીવટી નિયંત્રણ હેઠળ ભારતના પશ્ચિમી સમુદ્રતટ પર કાર્ય કરશે.
- ✓ ICGS સાર્થકની કમાન ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ એમએમ સૈયદ દ્વારા કરવામાં આવે છે અને તેમાં 11 અધિકારીઓ અને 110 માણસો છે.

**સાર્થક જહાજ વિશે :**

- ✓ ICG માટે ગોવા શિપયાર્ડ લિમિટેડ દ્વારા બનાવવામાં આવી રહેલી પાંચ OPVની શ્રેણીમાં ICGS સાર્થક ચોથા ક્રમે છે. આ OPV એ મલ્ટિ-મિશન પ્લેટફોર્મ છે જે સહવર્તી કામગીરી હાથ ધરવા સક્ષમ છે. 2,450 ટનનું વિસ્થાપન કરતું 105-મીટર-લાંબુ જહાજ 26 નોટની મહત્તમ ઝડપ મેળવવા માટે રચાયેલ બે 9,100 કિલોવોટ ડીઝલ એન્જિન દ્વારા ચલાવવામાં આવે છે.

**ભૂમિકા :**

- ✓ આ જહાજ અત્યાધુનિક સાધનો, મશીનરી, સેન્સર અને શસ્ત્રોથી સજ્જ છે જે તેને કમાન્ડ પ્લેટફોર્મ તરીકે કાર્ય કરવા અને શોધ અને બચાવ, દરિયાઇ ગુનાઓ સામે લડવા અને દરિયાઇ પર્યાવરણનું સંરક્ષણ અને સુરક્ષા સહિત ફરજોના ફરજિયાત કોસ્ટ ગાર્ડ ચાર્ટરને હાથ ધરવા સક્ષમ બનાવે છે.

### 6. RBI : ગવર્નર શક્તિકાંત દાસને વધુ ત્રણ વર્ષનું એક્સટેન્શન

- ✓ **કાર્યકાળ : ડિસેમ્બર-2024**

**વિશેષતા : શક્તિકાંત દાસ બીજો સૌથી લાંબો કાર્યકાળ ધરાવનાર આરબીઆઇ ગવર્નર બન્યા.**

- ✓ 2018ની 11મી ડિસેમ્બરે દાસની ગવર્નર પદે નિમણૂક થઇ હતી.
- ✓ આ પહેલા સર બેનેગલ રામારાવ 1949થી 1957 એમ કુલ 7 વર્ષ માટે RBI ગવર્નર પદે હતા. તેમના પછી દાસ સૌથી લાંબો કાર્યકાળ ધરાવતા થયા છે




- ✓ મુખ્યમથક : મુંબઇ

### 7. INS તુશીલ : રશિયામાં ભારતીય નૌકાદળનું 7મું ફ્રિગેટ INS તુશીલ લૉન્ચ કરાયું



**INS તુશીલ વિશે :**

- ✓ P 1135.6 વર્ગનું 7મું ભારતીય નૌકાદળ ફ્રિગેટ INS તુશીલને રશિયાના યંતર શિપયાર્ડમાં લૉન્ચ કરાયું.
- ✓ **અર્થ : સંસ્કૃત શબ્દ 'તુશીલ'નો અર્થ 'રક્ષાકવચ'.**

### 8. ફેસબૂક : મુખ્ય કંપનીનું નવું બ્રાન્ડ નેમ મેટા (Meta) કરાયું

**રિબ્રાન્ડિંગ કવાયત :**

- ✓ ફેસબૂકના સ્થાપક માર્ક ઝુકરબર્ગે પોતાની મુખ્ય કંપનીનું નામ બદલીને મેટા કર્યું.
- ✓ વિરાટ ટૅક કંપની આગામી સમયમાં વર્ચ્યુઅલ રિયાલિટીના ક્ષેત્રમાં વિરાટ કૂદકો લગાવવા માગે છે, જોકે અબજો ગ્રાહકો સુધી પહોંચી ગયેલી પ્રોડક્ટ ફેસબૂક, વોટ્સએપ અને ઇન્સ્ટા.ના નામ યથાવત્ રાખવામાં આવ્યા

**નવી કંપની મેટાવર્સ વિશે :**

**ફેસબુક હવે મટા થઇ ગઇ છે :**

- ✓ સાયન્સ ફિક્શન રાઇટર નીલ સ્ટીફન્સને 1992માં તેમની નોવેલ 'સ્નો ક્રેશ'માં મેટા શબ્દનો ઉપયોગ કર્યો. નોવેલનું પાત્ર આભાસી દુનિયા મેટાવર્સમાં પહોંચી જાય છે. મેટાવર્સ શબ્દનો અર્થ છે - આગળ.
- ✓ ફેસબુક યુઝર્સને મેટાવર્સની આભાસી દુનિયામાં લઇ જશે, જ્યાં વર્ક, પ્લે એન્ડ શૉપ હશે.
- ✓ ઝુકરબર્ગે નામ કેમ બદલવું પડ્યું, યુઝર્સને મેટાવર્સમાં સુરક્ષા મળશે? મેટાવર્સ શું છે તે જાણીએ.

**મેટાવર્સમાં શું હશે ?**

- ✓ તેમાં વર્ચ્યુઅલ રિયાલિટી તથા અન્ય ટેક્નિક્સનું મિક્સિંગ કરીને એકબીજા સાથે વાતચીતને એક અલગ સ્તરે પહોંચાડાશે. એમ માની લો કે ઇન્ટરનેટ સજીવ થઇ ઊઠશે. તમે સ્ક્રીનમાં પ્રવેશ કરી શકશો.

**શું શું કરી શકશો ?**

- ✓ મેટાવર્સમાં તમે વીડિયો કૉલ દ્વારા ઘર, ઓફિસમાં વર્ચ્યુઅલી હાજર રહેશો. તમે કોઇ નાટક કે કોન્સર્ટમાં જઇ શકશો, ઓનલાઇન ટ્રાવેલ કરી શકશો, કલાકૃતિ નિહાળી કે બનાવી શકશો. કપડાં ટ્રાય કરીને ખરીદી શકશો.

**કેવી રીતે કામ કરશે?**

- ✓ ફેસબુકનું મીટિંગ સોફ્ટવેર હોરાઇઝન લૉન્ચ થઇ ચૂક્યું છે. તેમાં ઓક્યુલસ વીઆર હેડસેટ વપરાય છે. મેટાવર્સના ઘણા અનુભવ એકમાંથી બીજામાં ટેલીપોર્ટ થઇ જવાથી જોડાઇ જશે.

**યુઝર્સને સુરક્ષા મળશે?**

- ✓ વ્હિસલબ્લોઅર ફ્રાન્સિસ હોગેને યુઝર્સની સુરક્ષા મુદ્દે ફેસબુક સામે ઊઠાવેલા સવાલોનો મેટાવર્સમાં કોઇ ઉલ્લેખ નથી. મેટાવર્સ યુઝર્સને કેવી રીતે સુરક્ષા આપશે તે અંગે ઝુકરબર્ગે કોઇ સ્પષ્ટતા નથી કરી.

**નામ કેમ બદલવું પડ્યું?**

- ✓ ઝુકરબર્ગનો મેટાવર્સ પ્રોજેક્ટ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહ્યો હતો. ફેસબુકે ટીકાકારોને કારણે બાળકો માટેની ઇન્સ્ટાગ્રામ ઍપનું લૉન્ચિંગ ટાળવું પડ્યું હતું. ઝુકરબર્ગે રી-બ્રાન્ડિંગની સાથોસાથ કંપનીની ઇમેજ સુધારવાનો દાવ પણ ખેલ્યો છે.

**બાળકો માટે સુરક્ષિત હશે?**

✓ બાળકો માટેની ઇન્સ્ટાગ્રામ ઍપના લૉન્ચિંગમાં ટીકાઓનો સામનો કરી ચૂકેલા ઝુકરબર્ગે હવે દાવો કર્યો છે કે આમાં પેરન્ટલ લૉકની સુવિધા હશે. પ્રાઇવસીનું પણ ધ્યાન રખાશે પણ નિષ્ણાતોનું કહેવું છે કે તેના પર ભરોસો મૂકી શકાય તેમ નથી.

**મેટાવર્સ ક્યાં સુધીમાં આવશે?**

✓ ફેસબુકે મેટાવર્સ માટે ઘણું રોકાણ કર્યું છે. અન્ય ટેક કંપનીઓ પણ આ ટેક્નોલોજી પર કામ કરી રહી છે. તેને 5 વર્ષમાં લાવવાનો દાવો છે પણ જાણકારોનું માનવું છે કે મેટાવર્સ આવતાં હજુ 10 વર્ષ લાગી શકે છે.

**ડેટાલીકના ઉપાય છે?**

✓ કેટલાક નિષ્ણાતો. આ અંગે ચિંતિત છે, કેમ કે તેમને લાગે છે કે આ ટેક્નિક દ્વારા ટેક કંપનીઓ પાસે એટલો બધો પર્સનલ ડેટા આવી જશે કે પ્રાઇવસી સંપૂર્ણપણે ખતમ થઇ જશે. કંપની વર્ચ્યુઅલ વર્લ્ડના માધ્યમથી યુઝર્સના ડેટાનો ઉપયોગ કરશે.

**9. દિન વિશેષ : 29 ઓક્ટોબર**

**વિશ્વ દ્રશ્ય વિરાસત દિવસ**

✓ **થીમ-2021 : your window to the world**

✓ પ્રથમ પ્રારંભ : વર્ષ 2005

✓ સંસ્થા : UNESCO અને CCAAA

✓ **CCAAA : Co-ordinating Council of Audiovisual Archives Associations**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (29-10-2021)

**1.** તા. 29 ઓક્ટોબર 2021ના રોજ DRDO અને ઈન્ડિયન એરફોર્સ દ્વારા સફળ પરીક્ષણ કરાયેલા લોન્ગ રેન્જ ગાઈડેડ બોમ્બ સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. ભારતના પ્રથમ સ્વદેશી લોન્ગ રેન્જ ગાઈડેડ બોમ્બનું સુખોઇ-30માંથી સફળ પરીક્ષણ

2. રેન્જ : 100 કિલોમીટર

3. વૉર હેડ ક્ષમતા : 1 હજાર કિલોનો બોમ્બ

4. પરીક્ષણ સ્થળ : બાલાસોર, ઓડિશા

(A) 2 અને 3 (B) 2 અને 4 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**2.** તા. 28 ઓક્ટોબરે સ્વદેશી 'સાર્થક' જહાજ રાષ્ટ્રને સમર્પિત કરાયું તે અંગે ક્યા વિધાનો સાચા છે

1. રાષ્ટ્રની દરિયાઇ સલામતી-સુરક્ષા માટે ભારતીય તટરક્ષક દળમાં સાર્થક સામેલ કરાયું

2. ICGS સાર્થક ભારતના પશ્ચિમ સમુદ્ર તટ-પોરબંદર ખાતે કાર્યરત

3. ICG માટે ગોવા શિપયાર્ડ લિમિટેડ દ્વારા બનાવવામાં આવી રહેલી પાંચ OPVની શ્રેણીમાં ICGS સાર્થક ચોથા ક્રમે

4. OPV એ મલ્ટિ-મિશન પ્લેટફોર્મ છે જે સહવર્તી કામગીરી હાથ ધરવા સક્ષમ

(A) 1 અને 3 (B) 1 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**3.** ઓક્ટોબર 2021માં વર્તમાન RBI ગવર્નર શક્તિકાંત દાસને વધુ ત્રણ વર્ષનું એક્સટેન્શન અપાયું જે અંગે ક્યા વિધાનો યોગ્ય છે

1. આગામી કાર્યકાળ : ડિસેમ્બર-2024 સુધી

2. બીજો સૌથી લાંબો કાર્યકાળ ધરાવનાર RBI ગવર્નર

3. આ પહેલા સર બેનેગલ રામારાવ 1949થી 1957 દરમિયાન RBI ગવર્નર પદે હતા

4. શક્તિકાંત દાસની 2018ની 11મી ડિસેમ્બરે ગવર્નર પદે નિમણૂક થઇ હતી

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**4.** કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા 2020-21ના વર્ષ માટે પ્રોવિડન્ટ ફંડ (PF)ની ડિપોઝિટ પર કેટલા ટકા વ્યાજ આપવાનો નિર્ણય કરાયો

(A) 7.5 (B) 7.9 **(C) 8.5** (D) 8.8

**5.** તા. 29 ઓક્ટોબર 2021ના રોજ માત્ર 46 વર્ષની વયે કયા એક કન્નડ સુપરસ્ટારનું હાર્ટ એટેકથી નિધન થયુ

(A) સુનિત રાજકુમાર (B) પ્રવિણ રાજકુમાર

**(C) પુનીત રાજકુમાર** (D) રાજકુમાર

**6.** ઓક્ટોબર 2021માં કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ (NCLT)ના નવા અધ્યક્ષ તરીકે સુપ્રીમના ક્યા પૂર્વ જજની આગામી ચાર વર્ષ માટે નિમણૂક કરાઈ

(A) પ્રશાંત ભૂષણ (B) સ્વતંત્રકુમાર

(C) મુકુલ રોહતગી **(D) અશોક ભૂષણ**

**7.** ઓક્ટોબર 2021માં રશિયામાં ભારતીય નૌકાદળ કયા જહાજનું લોન્ચિંગ કરાયું

(A) 9મું ફ્રિગેટ INS સુશીલ **(B) 7મું ફ્રિગેટ INS તુશીલ**

(C) 9મું ફ્રિગેટ INS વિક્રાંત (D) 6ઠ્ઠુ ફ્રિગેટ INS વિરાટ

**8.** સંસ્કૃત શબ્દ 'તુશીલ'નો અર્થ જણાવો

(A) કવચ **(B) રક્ષાકવચ** (C) દરિયાઈ કવચ (D) અભય

**9.** ફેસબૂકના સ્થાપક માર્ક ઝુકરબર્ગે રિબ્રાન્ડિંગ કવાયત પોતાની મુખ્ય કંપનીને કયુ નવું નામ આપ્યું

(A) મેટાવર્સ (B) ડેટા **(C) મેટા** (D) પેટા

**10.** વિશ્વ દ્રશ્ય વિરાસત દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 21 ઓક્ટોબર (B) 25 ઓક્ટોબર

**(C) 29 ઓક્ટોબર** (D) 30 ઓક્ટોબર

**11.** વિશ્વ દ્રશ્ય વિરાસત દિવસ-2021ની થીમ જણાવો

(A) My window to the world

(B) our window to the world

**(C) your window to the world**

(D) your window to the Universal

**DATE : 30-10-2021**

**1. ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે (તારીખ 28 થી 30 ઓક્ટોબર 2021)**

✓ તા.28 ઓક્ટોબરના રોજ રાજભવન ખાતે રાત્રી રોકાણ અને ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તેમજ મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત

✓ તા.29 ઓક્ટોબરના રોજ મહુવાના તલગાજરડા ખાતે કથાકાર મોરારી બાપુના આશ્રમની મુલાકાત તથા ભાવનગર ખાતે PM આવાસ યોજના (શહેરી) અંતર્ગત નવનિર્મિત 1088 આવાસોનું શ્રી કોવિંદના હસ્તે લોકાર્પણ

**2. ખીજડીયા પંખી અભયારણ્ય : જામનગર રામસર સાઈટ માટે નોમિનેટ કરાઈ**

- ✓ સૌરાષ્ટ્રના જામનગરથી 12 કિ.મી.ના અંતરે આવેલા ખીજડીયા પંખી અભયારણ્યને રામસર સાઈટ માટે નોમીનેટ કરાયું




**ખીજડીયા પંખી અભયારણ્ય વિશે :**

- ✓ **ઈ.સ.1982માં સ્થપાયેલા અને 6.05 ચોરસ કિલોમીટરમાં પથરાયેલા** આ અભયારણ્યમાં દેશ, વિદેશના 312 પ્રજાતિના પંખીઓ છે.
- ✓ ગુજરાતમાં સૌથી મોટું અભયારણ્ય ગણાતો અને વન વિભાગ હસ્તક આવેલ ખીજડીયાની એક આગવી વિશેષતા એ છે કે ત્યાં દરિયાના ખારા પાણીના અને તળાવના મીઠાં પાણીના એમ બન્ને પ્રકારની પર્યાપ્ત વ્યવસ્થા હોય બન્ને પાણીમાં રહેતા પંખીઓ જોવા મળે છે. ભાગ્યે જ કોઈ સાઈટ પર આવી વિશેષતા છે.

**વિશેષતાઓ :**

- ✓ અહીં વૃક્ષો ઉપર, જમીન ઉપર અને પાણી ઉપર પંખીઓના માળા નજરે પડે છે અને સમુદ્રકાંઠો નજીક હોય 257થી વધુ પ્રકારના વિદેશી પંખીઓનું તે માનીતું સ્થળ રહ્યું છે.
- ✓ પક્ષીવિદ્ સલીમ અલીએ આ સ્થળની 1984માં મુલાકાત લીધી ત્યારે એક જ દિવસમાં 104 પ્રજાતિના પંખી નોંધ્યા હતા.
- ✓ ઠંડા પ્રદેશોમાંથી ઋતુપ્રવાસી 200થી વધુ પ્રકારના પંખીઓ કાઠીયાવાડના મહેમાનગતિને માણવા સૌરાષ્ટ્રમાં આવવા લાગ્યા

**રામસર સાઈટ વિશે :**

- ✓ રામસર સાઈટ પંખીપ્રેમીઓમાં વિશ્વમાં જાણીતું છે, જે ઈરાનના એક શહેરનું નામ છે.
- ✓ જ્યાં તા.2-2-1971ના રોજ વિશ્વભરમાં પંખીઓ માટેના અભયારણ્યની જાળવણી, ઉચિત ઉપયોગ માટે આંતરરાષ્ટ્રીય સંધિ, વેટલેન્ડ્સ ઓન કન્વેન્શન પર હસ્તાક્ષર કરાયા હતા.
- ✓ અત્યાર સુધીમાં **વિશ્વમાં 240 સ્થળોને રામસર સાઈટ્સ** તરીકે માન્ય કરાયા છે તેમાં **ભારતના 46** છે.

**ગુજરાતમાં રામસર સાઈટ :**

- ✓ ગુજરાતમાં ઈ.સ.2012માં અમદાવાદથી 65 કિ.મી.ના અંતરે સાણંદ પાસેના નળ સરોવર પછી છેક 9 વર્ષ બાદ ગત ઓગષ્ટમાં અમદાવાદ પાસે થોળ અને વડોદરા પાસે વઢવાણાને રામસર સાઈટ તરીકે માન્યતા મળી.

**3. નિયુક્તિ : લોકસભા સ્ટેન્ડિંગ કમિટીમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યની સ્થાયી સમિતિના સભ્ય તરીકે નિયુક્તિ**




**કોના દ્વારા નિયુક્તિ :**

- ✓ લોકસભા અધ્યક્ષ અને અખિલ ભારતીય વિધાનમંડળના પ્રમુખ અધિકારીઓની પરિષદના પ્રમુખ ઓમ બિરલા દ્વારા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડો.નીમાબહેન આચાર્યને પરિષદની સ્થાયી સમિતિના સભ્ય તરીકે નિયુક્ત કર્યા.

**સમિતિ વિશે :**

- ✓ આ સમિતિમાં લોકસભાના અધ્યક્ષ, રાજ્યસભાના ઉપસભાપતિ, લોકસભાના ઉપાધ્યક્ષ અને દેશના અન્ય વિધાન મંડળોના સહિત કુલ સાત સભ્યો હોય છે. જેમાં ગુજરાત વિધાનસભા અધ્યક્ષનો સમાવેશ થયો છે.

**સમિતિનું કાર્ય :**

- ✓ સમિતિ પરિષદના આયોજન તથા ચર્ચા કરવાના થતા સંસદિય વિષયો અંગે નિર્ણય કરે છે.

**4. 'નિસાર' સેટેલાઈટ : ISRO-NASAનો સંયુક્ત પ્રોજેક્ટ : વિશ્વનો સૌથી મોટો અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ - 'નિસાર'**

- ✓ સૂચિત જાન્યુઆરી 2023માં લોન્ચ કરશે
- ✓ ભારત પોતાનું સૌથી મોટું પગલું મૂકવા નજીક પહોંચી ગયું
- ✓ ભારત દુનિયાનો સૌથી મોટો અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ 'નિસાર' **જાન્યુઆરી 2023માં શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી લૉન્ચ કરશે.**

**'નિસાર' પ્રોજેક્ટ વિશે :**

- ✓ **નિસાર અમેરિકન સ્પેસ એજન્સી નાસા અને ભારતીય સ્પેસ એજન્સી ઈસરોનો સંયુક્ત પ્રોજેક્ટ**
- ✓ **NISAR એટલે કે 'નાસા ઈસરો સિન્થેટિક અપર્ચર રડાર'માં બે રડાર હશે. એલ બેન્ડ અને એસ બેન્ડ.**
- ✓ કરાર પ્રમાણે એલ બેન્ડ રડાર નાસાને અને એસ બેન્ડ રડાર ઈસરોએ તૈયાર કરવાના હતા.
- ✓ ઈસરો સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટરે એસ બેન્ડ રડાર તૈયાર કરીને નાસાની જેટ પ્રોપુલ્સન લેબોરેટરીને મોકલી દીધાં છે, જ્યાં તેને એલ બેન્ડ રડાર સાથે ઈન્ટિગ્રેટ કરાશે.

**ભૂમિકા :**

- ✓ પૃથ્વીની સપાટીથી 747 કિ.મી. ઊંચી કક્ષામાં નિસાર દર સપ્તાહે આખી પૃથ્વીની એક નવી તસવીર આપશે.
- ✓ દર 12મા દિવસે તે સેટેલાઈટ સમાન કક્ષામાંથી પસાર થશે. તેનાથી મળેલા ડેટાનો ઉપયોગ ક્લાઈમેટ ચેન્જ અને પૃથ્વીની કુદરતી ઘટનાઓ સમજવા તેમજ દુર્ઘટનાઓ પછીના મેનેજમેન્ટમાં કરાશે.
- ✓ ધરતીની હરિયાળી, બાયોમાસ, માટીની નરમાશ, વેટલેન્ડ, મેંગ્રૂવ એસેસમેન્ટ, તટિય ફેરફારો, સરફેસ ડિફોર્મેશન, ફોરેસ્ટ ડિસ્ટર્બન્સની પણ દેખરેખ રાખશે.
- ✓ તેનો ડેટા એકથી બે દિવસમાં અને કટોકટીની સ્થિતિમાં એકથી બે કલાકમાં જ મળી જશે. ખાસ વાત એ છે કે, આ બધો ડેટા મફતમાં મળશે.

**અંદાજીત ખર્ચ :**

- ✓ આ મિશન પાછળ **ઈસરો રૂ. 778 કરોડ** ખર્ચી રહ્યું છે, જ્યારે **નાસા 808 મિલિયન ડૉલર**નો ખર્ચ કરશે.
- ✓ એલ બેન્ડ રડાર આખી પૃથ્વીની જમીન, સમુદ્ર અને બરફની ઑલ વેધર અને ડે-નાઈટ તસવીરો પણ પૂરી પાડશે, જ્યારે એસ બેન્ડ રડાર ભારત, ધ્રૂવીય વિસ્તારોની માહિતી આપશે.

- ✓ એલ બેન્ડ રડાર સિવાય રડાર રિફ્લેક્ટર એન્ટિના, નાસા ડેટા જીપીએસ રિસીવર અને સોલિડ સ્ટેટ રેકોર્ડર પણ પૂરાં પાડશે.
- ✓ ઇસરો એસ બેન્ડ રડાર સિવાય સેટેલાઇટ બસ, લૉન્ચ વ્હિકલ જીએસએલવી માર્ક-2 અને લૉન્ચિંગ સેવા આપશે.
- ✓ **NISAR:નાસા-ઇસરો સિન્થેટિક અપર્ચર રડાર**

**5. વડાપ્રધાન શ્રી મોદીનો ઇટાલી પ્રવાસ :**

**વડાપ્રધાન શ્રી મોદીના ઇટાલી પ્રવાસના બીજો દિવસ તારીખ 30 ઓક્ટોબર 2021ની મુલાકાતના મુખ્ય અંશો**

**સ્થળ : વેટિકન સિટી**



- ✓ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવાસના બીજા દિવસે **કેથલિક સમુદાયના સર્વોચ્ચ ધર્મગુરુ પોપ ફ્રાન્સિસની વેટિકન ખાતે મુલાકાત** લીધી હતી.
- ✓ પીએમ મોદી અને પોપ ફ્રાન્સિસ વચ્ચેની મુલાકાત 20 મિનિટ માટે નક્કી કરાઇ હતી પરંતુ તે એક કલાક સુધી ચાલી હતી.
- ✓ બંને વચ્ચે ક્લાઇમેટ ચેન્જ, કોરોના મહામારી, ગરીબી નાબૂદી અને વિશ્વને વધુ સારુ બનાવવા જેવા સંખ્યાબંધ મુદ્દા પર ચર્ચા કરવામા આવી.
- ✓ મુલાકાતમાં પોપ ફ્રાન્સિસે કોરોના મહામારીમાં 'અન્ય દેશોને મદદ કરવા માટે ભારતની પ્રશંસા કરી હતી.
- ✓ પીએમ મોદીએ પોપ ફ્રાન્સિસને ભારતની મુલાકાતે આવવા આમંત્રણ પાઠવ્યું હતું પોપ ફ્રાન્સિસ 2013માં હોદ્દા પર આવ્યા ત્યારબાદ ભારતના વડા પ્રધાન સાથેની આ પહેલી મુલાકાત હતી.
- ✓ છેલ્લે વર્ષ 1999માં અટલ બિહારી વાજપેયી વડા પ્રધાન હતા ત્યારે તત્કાલીન પોપ જ્હોન પૉલ બીજા ભારતની મુલાકાતે આવ્યા હતા.

**6. 16મી G-20 શિખર સમિટ-2021**

**સ્થાન:રોમા કન્વેન્શન સેન્ટર, રોમ (ઇટાલી)**

**થીમ : people, planet, prosperity**

**સમયગાળો : તા. 30-31 ઓકોટોબર-2021**

**ગ્લોબલ ઇકોનોમી એન્ડ ગ્લોબલ હેલ્થ સેશનમાં વડાપ્રધાન શ્રી મોદીના સંબોધનના મુખ્ય અંશો :**

- ✓ **G-20ની બેઠકના પ્રથમ સત્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ-19 સામેના જંગમાં ભારતના યોગદાન વિશે વાત કરી વિશ્વને વન અર્થ-વન હેલ્થનો મંત્ર આપ્યો હતો.**
- ✓ 150થી વધુ દેશોમાં ભારતે પૂરી પાડેલી દવાનો ઉલ્લેખ કરી ભારતના સહકારભર્યા દૃષ્ટિકોણની વાત કરી હતી જેને G-20માં સામેલ નેતાઓએ આવકાર્યું હતું.
- ✓ **આગામી વર્ષ 2022ના અંત સુધીમાં ભારત 500 કરોડ રસીના ડોઝના ઉત્પાદન માટે તૈયાર** હોવાનું પણ મોદીએ કહ્યું હતું. G-20 દેશોના વડાઓની બેઠકમાં ક્લાઇમેટ ચેન્જ અને વૈશ્વિક આરોગ્ય પર ચર્ચા કરાઇ હતી.
- ✓ G-20 દેશના નેતાઓ વૈશ્વિક તાપમાનને 1.5 ડિગ્રી સેન્ટિગ્રેડ ઘટાડવા પ્રયાસો કરવા સહમત.

**કોર્પોરેટ ટેક્સને G-20ની મંજૂરી :**

**હેતુ :**

- ✓ G-20 સંમેલનમાં મોટી કંપનીઓને ટેક્સ અને નોકરીઓ શિફ્ટ કરતી રોકવા માટે વૈશ્વિક સ્તરે કરાર થયો
- ✓ દુનિયાના 19 દેશો અને યુરોપિયન યુનિયનનું સભ્યપદ ધરાવતા G-20 જૂથના નેતાઓએ તેને મંજૂરી આપી દીધી છે. આ કરારમાં લઘુતમ કોર્પોરેટ ટેક્સ 15% કરવાનું નક્કી થયું હતું.
- ✓ ઇટાલીની રાજધાની રોમમાં ઉદઘાટન સત્રમાં વૈશ્વિક કરારને સ્વીકૃતિ આપવાની જાહેરાત થઇ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ બેઠકમાં સામેલ હતા.
- ✓ ક્લાઇમેટ ચેન્જ સાથે જ બે દિવસીય બેઠકમાં કોરોના સહિત આરોગ્ય અને અર્થતંત્રને લગતા મુદ્દાની ચર્ચા થશે.
- ✓ જી-20ની સંમતિ લઘુમત 15% કોર્પોરેટ ટેક્સની જોગવાઈવાળા કરારને લાગુ કરવાની દિશામાં એક મહત્ત્વનો પડાવ મનાય છે.
- ✓ મોટી કંપનીઓની નફાખોરી રોકવા આ મહિનાની શરૂઆતમાં જ 130 દેશ સંમત થયા હતા

**અસરો :**

- ✓ આ કરાર પછી એપલ અને ફેસબુક જેવી મોટી તકવાદી કંપનીઓ દ્વારા ઓછો ટેક્સ ધરાવતા ટેક્સ હેવન દેશોમાં નફો રિશફ્ટ કરવા પર પણ લગામ લાગશે.
- ✓ આ સિસ્ટમ આગામી વર્ષે લાગુ થવાની શક્યતા છે. જોકે, અમેરિકાને જ આ કાયદો લાગુ કરવામાં મુશ્કેલી પડી રહી છે.
- ✓ આ માટે બાઇડન એડમિનિસ્ટ્રેશને સંસદમાં પોતાની પાર્ટીના સાંસદોનો જ વિરોધ સહન કરવો પડી શકે છે.

**7. Godwit પક્ષીનો સતત ઉડવાનો નવો રેકોર્ડ : Godwit પક્ષીનો 239 કલાકમાં 13,000 કિ.મી.નો નોનસ્ટોપ ઉડાન પ્રવાસ**

- ✓ સ્થાન : અલાસ્કાથી ઓસ્ટ્રેલિયા વચ્ચે સતત ઊડતું જ રહ્યું

**વિગત :**

- ✓ Bar-tailed Godwit નામનું આ પક્ષી અલાસ્કાથી ઓસ્ટ્રેલિયા વચ્ચે સતત ઊડતું રહ્યું.
- ✓ આ નોન-સ્ટોપ પ્રવાસ દ્વારા તેણે નવો રેકોર્ડ સર્જી દીધો.
- ✓ અત્યાર સુધીમાં કોઇ પક્ષીએ આટલું લાબુ ઉડ્ડયન કર્યું નથી. આ ટ્વિટ વાઇરલ થઇ રહી છે અને આશ્ચર્ય ચક્તિ લોકો પછી રહ્યા છે કે, ભાઇ હવે આ પક્ષીને કોણ મેડલ આપી રહ્યું છે.

**8. જન્મ દિન વિશેષ : 30 ઓક્ટોબર**

**અણુશક્તિના જનક : હોમીભાભા**




**જન્મ : 30 ઓક્ટોબર 1909**

**અવસાન : 24 જાન્યુઆરી 1966**

- ✓ મુંબઇમાં પારસી પરિવારમાં જન્મેલા હોમીભાભાએ શિક્ષણ મુંબઇ અને કેમ્બ્રિજ યુનિ.માંથી લીધું હતું.
- ✓ કેમ્બ્રિજમાં અભ્યાસ દરમિયાન 1939માં બીજું વિશ્વયુદ્ધ ચાલુ થઇ જતાં બ્રિટન છોડવું પડ્યું હતું.

- ✓ ભારત આવ્યા હોમી પછી બેંગ્લોરમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં દાખલ થયા એ જ વર્ષે સી.વી.રામનના નેતૃત્વમાં અને કોસ્મિક રે ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી હતી.
- ✓ જે.આર.ડી ટાટાની મદદથી મુંબઈમાં ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ સંસ્થાની સ્થાપના કરી હતી.
- ✓ આઝાદી પછી હોમીભાભાએ કેન્દ્ર સરકારની સંમતિથી અણુશક્તિના શાંતિમય ઉપયોગ અંગેના સંશોધનો શરૂ કર્યા, આ યોજના અંતર્ગત 1948મા એટોમિક એનર્જી ઓફ ઇન્ડિયાની સ્થાપના થઇ અને ભારતની અણુશક્તિયાત્રા શરૂ થઇ હતી.
- ✓ તેમણે આંતરરાષ્ટ્રીય અણુશક્તિ સભાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ✓ 1955માં તેઓ જીનીવામાં આયોજિત સંયુક્ત રાષ્ટ્રની અણુશક્તિના શાંતિમય ઉપયોગની સભાના પ્રમુખ રહ્યા હતા.
- ✓ તેમનું રોયલ એશિયાટિક સોસાયટીના ફેલો અને પદ્મભૂષણથી સન્માન થયું હતું.
- ✓ 24 જાન્યુઆરી 1966ના રોજ વિમાની દુર્ઘટનામાં તેમનું અવસાન થયું હતું.
- ✓ આજે આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીની પુણ્યતિથિ.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (30-10-2021)

**1.** ISRO-NASAના સંયુક્ત સુચિત'નિસાર' સેટેલાઇટ પ્રોજેક્ટ સંદર્ભે નીચેનામાંથી કઇ બાબતો યોગ્ય છે
1. સંભવિત જાન્યુઆરી 2023માં શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી લૉન્ચ કરશે
2. વિશ્વનો સૌથી મોટો અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ નિસાર બનશે
3. NISAR:નાસા-ઈસરો સિન્થેટિક અપર્ચર રડાર
4. મિશન પાછળ ઈસરો રૂ. 778 કરોડ તથા નાસા 808 મિલિયન ડૉલરનો ખર્ચ કરશે
(A) 2 અને 3 (B) 1 અને 4 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**2.** G-20માં ભાગ લેવા ઈટાલીના પ્રવાસે ગયેલા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાતમાં નીચેની કઇ મુખ્ય બાબતનો સમાવેશ થાય છે
1. કૅથલિક સમુદાયના સર્વોચ્ચ ધર્મગુરુ પોપ ફ્રાન્સિસ સાથે વેટિકન ખાતે પ્રથમવાર મુલાકાત
2.બંને વચ્ચેની મુલાકાતમાં ક્લાઇમેટ ચેન્જ, કોરોના મહામારી, ગરીબી નાબૂદી અને વિશ્વને વધુ સારુ બનાવવા ચર્ચા
3. પીએમ મોદી દ્વારા પોપ ફ્રાન્સિસને ભારતની મુલાકાતે આવવા આમંત્રણ
(A) 1 (B) 2 (C) 3 **(D) આપેલ તમામ**

**3.** ઓક્ટોબર 2021માં યોજાયેલી G-20 શિખર સમિટ-2021 સંદર્ભે નીચેના કયા વિધાનો ખરુ/ખરાં છે
1. 16મી સમિટ, તા. 30-31 ઓકોટોબર-2021
2. સ્થાન:રોમા કન્વેન્શન સેન્ટર, રોમ (ઇટાલી)
3. થીમ : people, planet, prosperity
4. G-20 શિખર સમિટ-2021 અધ્યક્ષ- રાષ્ટ્રપ્રમુખ, ઈટાલી
(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**4.** 16મી G-20 શિખર સમિટ-2021માં PM શ્રી નરેન્દ્ર મોદીના સંબોધનના મુખ્ય અંશોમાં નીચેના કયા વિધાનો યોગ્ય છે
1. ભારતે વિશ્વને વન અર્થ-વન હેલ્થનો મંત્ર આપ્યો
2. વર્ષ 2022ના અંત સુધીમાં ભારત 500 કરોડ રસીના ડોઝના ઉત્પાદન માટે તૈયાર
3. ભારતના PM મોદી સહિત G-20 દેશના નેતાઓ વૈશ્વિક તાપમાનને 1.5 ડિગ્રી સેન્ટિગ્રેડ ઘટાડવા સહમત
4. લઘુમત કોર્પોરેટ ટેક્સ 15% કરવા G-20ની મંજૂરી
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**5.** ઓક્ટોબર 2021માં ક્યા ત્રણ દિવસ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગાંધીનગર-ભાવનગરની મુલાકાત લીધી હતી
(A) તા.29 ઓક્ટોબર 2021
**(B) તા.28 થી 30 ઓક્ટોબર 2021**
(C) તા.27 થી 29 ઓક્ટોબર 2021
(D) તા.25 થી 27 ઓક્ટોબર 2021

**6.** ગુજરાતમાં ઓક્ટોબર 2021ની સ્થિતિએ નીચેનામાંથી કઇ એક સાઇટને રામસરનો દરજ્જો અપાયો નથી
(A)નળ સરોવર (B) થોળ (C) વઢવાણા **(D) સરદાર સરોવર**

**7.** ઓક્ટોબર 2021માં ગુજરાતના કયા અભયારણ્યને રામસર સાઇટ માટે નોમિનેટ કરાયું
(A) ખીજડીયા અભયારણ્ય રાજકોટ
(B) ખીજડીયા અભયારણ્ય સુરેન્દ્રનગર
**(C) ખીજડીયા અભયારણ્ય જામનગર**
(D) ખીજડીયા અભયારણ્ય મોરબી

**8.** 6.05 ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલા ખીજડીયા અભયારણ્ય જામનગરની સ્થાપના ક્યા વર્ષે કરાઈ હતી
(A) વર્ષ 1981 **(B) વર્ષ 1982** (C) વર્ષ 1984 (D) વર્ષ 1987

**9.** ઓક્ટોબર 2021ની સ્થિતિએ વિશ્વ-ભારતમાં કુલ કેટલી સાઇટને રામસરનો દરજ્જો અપાયો છે
(A) 271 તથા 57 (B) 258 તથા 56
(C) 251 તથા 51 **(D) 240 તથા 46**

**10.** ઓક્ટોબર 2021માં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યની લોકસભાની કઇ સમિતિના સ્થાય સભ્ય તરીકે નિયુક્તિ કરાઈ
(A) આર્થિક કમિટી (B) સુધારા કમિટી
**(C) સ્ટેન્ડિંગ કમિટી** (D) સંશોધન કમિટી

**11.** ઓક્ટોબર 2021માં Godwit પક્ષીએ અલાસ્કાથી ઓસ્ટ્રેલિયા વચ્ચે સતત 239 કલાક ઉડીને કેટલા કિ.મી.નો નોનસ્ટોપ પ્રવાસ ખેડવાનો રેકોર્ડ બનાવ્યો
(A) 10,000 (B) 11,000 (C) 12,000 **(D) 13,000**

**12.** ક્યા વૈજ્ઞાનિકને ભારતમાં અણુશક્તિના જનક તરીકે ઓળખવામાં આવે છે
(A) સી.વી. રામન **(B) ડૉ. હોમીભાભા**
(C) ડૉ. વિક્રમ સારાભાઇ (D) ડૉ. અબ્દૂલ કલામ આઝાદ

**13.** પદ્મભૂષણ વૈજ્ઞાનિક ડૉ. હોમીભાભાનો જન્મ કયારે, ક્યાં તથા કયા પરિવારમાં થયો હતો
(A) તા. 23 ઓક્ટોબર 1901, અલ્હાબાદ-મુસ્લીમ પરિવાર

(B) તા. 25 ઓક્ટોબર 1904, મુંબઈ તથા હિન્દુ પરિવાર
(C) તા. 27 ઓક્ટોબર 1907, અમૃતસર તથા શીખ પરિવાર
**(D) તા. 30 ઓક્ટોબર 1909, મુંબઈ તથા પારસી પરિવાર**

**14.** ક્યા વર્ષે એટોમિક એનર્જી ઓફ ઇન્ડિયાની સ્થાપના થવાની સાથે ભારતની અણુશક્તિયાત્રા શરૂ થઈ હતી
**(A) વર્ષ 1948** (B) વર્ષ 1950 (C) વર્ષ 1954 (D) વર્ષ 1958

**15.** હોમીભાભા કયા વર્ષે જીનીવામાં આયોજિત સંયુક્ત રાષ્ટ્રની અણુશક્તિના શાંતિમય ઉપયોગની સભાના પ્રમુખ રહ્યા હતા
(A) વર્ષ 1948 (B) વર્ષ 1950 **(C) વર્ષ 1955** (D) વર્ષ 1958

**DATE : 31-10-2021**

## 1. 'રાષ્ટ્રીય એકતા દિવસ' :

**સરદાર વલ્લભભાઈ પટેલની 146મી જન્મજયંતી : 31 ઓક્ટોબરે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી**

**આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે SOU- કેવડિયા ખાતે ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી**




**SOU ખાતે વિવિધ કાર્યક્રમો :**

- ✓ દેશના તમામ રાજ્યોની પોલીસ દ્વારા રાષ્ટ્રીય એક્તા પરેડનું આયોજન
- ✓ આંતરરાષ્ટ્રીય રમતોમાં મેડલ મેળવનાર 23 પોલીસ અધિકારીઓ ઉજવણીમાં સામેલ થશે.
- ✓ દેશની ચારેય દિશામાંથી પોલીસ જવાનો અને સશસ્ત્ર દળના જવાનો બાઈક અને સાયકલ રેલી સ્વરૂપે કેવડિયા આવી પરેડમાં ભાગ લેશે.
- ✓ સ્કૂલોની 36 બેન્ડ ટીમ વચ્ચે યોજાયેલ સ્પર્ધામાં વિજેતા સ્કૂલ બેન્ડ પરેડમાં જોડાશે

## 2. AMUL-આણંદ સ્થાપનાના 75 વર્ષ પૂર્ણ : પ્લેટિનિયમ જ્યુબિલી

**ગૃહમંત્રી શ્રી અમિત શાહના હસ્તે આણંદ ખાતે ડૉ. કુરિયન સંગ્રહાલય, હૉલ અને વિવિધ યુનિટ સહિત રૂ. 5 હજાર કરોડના લોકાર્પણ**




## 3. ગુજરાતમાં સરદાર સર્કિટ :

**ગુજરાતમાં 'સરદાર સર્કિટ'**

1. નડિયાદ - નડિયાદમાં મોસાળમાં જન્મસ્થળ
2. કરમસદ - સરદાર પટેલનું વતન, પૈતૃક ઘર




3. અમદાવાદ કોર્ટ - ફોજદારીના કેસોના વકીલ તરીકે પ્રખ્યાત
4. ગુજરાત ક્લબ - અમદાવાદમાં અહીં ગાંધીજી સાથે પ્રથમ મુલાકાત
5. અમદાવાદ સ્મારક ભવન - ભદ્રના મકાનમાં 15 વર્ષ રહ્યા
6. બારડોલી - સ્વરાજ આશ્રમમાંથી સત્યાગ્રહ બાદ સરદાર બન્યા
7. ગાંધી આશ્રમ, અમદાવાદ - પુત્ર ડાહ્યાભાઇનાં લગ્ન કરાવ્યાં
8. આણંદનું રાસ ગામ - 1930માં પહેલીવાર ધરપકડ થઇ
9. સાબરમતી જેલ - બે વખત સરદાર અહીં જેલવાસમાં રહ્યા
10. સરદાર સ્મારક - અમદાવાદમાં સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક
11. સ્ટેચ્યુ ઓફ યુનિટી - દુનિયાની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમા
12. પેટલાદ હાઇસ્કૂલ - સરદારે ધોરણ4-5માં અંગ્રેજીનો અભ્યાસ
13. ગાના ગામ -" આણંદના આ ગામના વતની ઝવેરબા સાથે લગ્ન
14. ગોધરા કોર્ટ - બે વર્ષ સુધી અહીં વકીલાત કરી
15. બોરસદ કોર્ટ - ચાલુ કેસમાં પત્નીના નિધનના સમાચાર મળ્યા


**ગુજરાત બહાર 'સરદાર સર્કિટ**

- ✓ **લંડન** - મિડલ ટેમ્પલમાં ભણી બેરિસ્ટર બન્યા
- ✓ **સોનાપુર મુક્તિધામ,મુંબઇ**- અહીં અંતિમ સંસ્કાર કરાયા હતા.
- ✓ **પૂણે**- સરદાર યરવડા જેલમાં પાંચ વાર કેદ રહ્યા.
- ✓ **બિરલા હાઉસ,મુંબઇ** - આ સ્થળે સરદારે અંતિમ શ્વાસ લીધા હતા
- ✓ **વર્ધા આશ્રમ**-સ્વરાજની લડાઇમાં અહીં આવન-જાવન રહતી હતી
- ✓ **અહમદનગર જેલ -મહારાષ્ટ્રમાં** આ સ્થળે સરદાર જેલવાસમાં રહ્યા હતા

## 4. રણોત્સવ-કચ્છ 2021-22નો પ્રારંભ :

**તા. 1 નવેમ્બર 2021થી 28 ફેબ્રુઆરી 2022**

- ✓ **થીમ : અતુલ્ય ભારત**



**વિશેષતા :**

- ✓ પ્રવાસીઓ કચ્છના સફેદ રણનો નજારો માણી શકે તે માટે ટેન્ટ સિટી સાથે 37 નાના-મોટા રિસોર્ટનું નિર્માણ

## 5. સેવા સેતુ - સાતમા તબક્કો

- ✓ ગુજરાતમાં સેવા સેતુના સાતમા તબક્કાનો તા. 21.10ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના મણિપુર ગામમાંથી પ્રારંભ



- ✓ **ગુજરાતમાં સૌપ્રથમ પ્રારંભ: તા. 26-10-2016**

## 6. "ઇ-સરકાર" એપ્લિકેશન લોન્ચ : ગુજરાત સરકાર

**વહીવટી કાર્ય પદ્ધતિને સંપૂર્ણપણે પેપરલેસ કરવા "ઇ-સરકાર" એપ્લિકેશનનો પ્રારંભ**

✓ વિધિવત પ્રારંભ : તા. 25 ડિસેમ્બર- સુશાસન દિવસથી

**હેતુ :** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ડિજિટલ ઇન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા તથા રાજ્યમાં ઝડપી અને સરળ વહીવટની નેમ સાથે ગુજરાતની હાલની વહીવટી કાર્ય પદ્ધતિને સંપૂર્ણપણે પેપરલેસ કરવા આજથી "ઇ-સરકાર" એપ્લિકેશન શરૂ કરવા કરવાનો નિર્ણય

**કેવી રીતે કામ કરશે :**

- ✓ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ આ એપ્લિકેશન સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ તથા કલેક્ટર કચેરી ડી.ડી.ઓ. કચેરી જેવી જિલ્લા કક્ષાની કચેરીઓ અને તાલુકા કક્ષાની કચેરીઓ સુધી પણ કાર્યરત થશે.

**એપ્લિકેશન વિશે :**

- ✓ ઇ-સરકાર હેઠળ આરટીઆઇ અરજી કરવી, લોક ફરિયાદ કરવી તથા મુલાકાત માટે સમય મેળવવો જેવી નાગરિકલક્ષી સેવાઓ પણ આવરી લેવામાં આવી છે.
- ✓ આ એપ્લિકેશનમાં નાગરિકોને તેમની કેટલીક જરૂરી વિગતો આપ્યા બાદ તેમને યુઝર આઇડી અને પાસવર્ડ ફાળવવામાં આવશે.
- ✓ આરટીઆઇ અંતર્ગત નિયત ફી પણ નાગરિકો ઓનલાઇન ચૂકવણી કરી શકશે.
- ✓ નાગરિકોને આ એપ્લિકેશનના ઉપયોગ માટે જરૂરી ટેક્નિકલ મદદ પણ ચેટબોટના માધ્યમથી આપવામાં આવશે.
- ✓ રાજ્યમાં વર્ષ 2005થી IWDMS નામની એપ્લિકેશન વહીવટી કામગીરી માટે ચાલુ છે. જેમાં હવે અધતન ટેકનોલોજીનો સમન્વય કરીને ઇ-સરકાર એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે.
- ✓ **સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ મંત્રી : શ્રી જીતુભાઇ વાઘાણી**
- ✓ **વિભાગ : ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી**

**7. સન્માન : સ્પેશિયલ ઓપરેશન મેડલ**

**રાષ્ટ્રીય એકતા દિવસે ITBPના 260 જવાનોનું સ્પેશિયલ ઓપરેશન મેડલથી સન્માનિત**



**વિગત :**

- ✓ નેશનલ યુનિટી ડે નિમિત્તે પૂર્વ લદાખમાં વિવિધ પ્રકારના ઓપરેશનો માટે **ઇન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ (આઇટીબીપી)**ના 260 જવાનોને કેન્દ્રીય ગૃહમંત્રીના સ્પેશિયલ ઓપરેશન મેડલથી સન્માનિત કરાયા.
- ✓ કોઇપણ પ્રસંગે કોઇ સંસ્થાનને આટલી મોટી સંખ્યામાં સ્પેશિયલ ઓપરેશન મેડલથી સન્માનિત કરાયા હોય તેવી આ પહેલી ઘટના છે.
- ✓ આઇટીબીપીના જવાનો કાતિલ ઠંડીમાં લદાખમાં સરહદોની ચોકી કરે છે.

**8. G-20 શિખર સમિટ-2021 : લઘુતમ 15 ટકા ગ્લોબલ કોર્પોરેટ મિનિમમ ટેક્સને G-20ની મંજૂરી**




**શું છે ગ્લોબલ મિનિમમ કોર્પોરેટ ટેક્સ :**

- ✓ વાર્ષિક 864 મિલિયન ડોલરની આવક ધરાવતી કંપનીઓ પાસેથી **15 ટકા ટેક્સ વસૂલવા વિશ્વના દેશો કાયદા ઘડશે**
- ✓ જો કંપનીની આવક પર ટેક્સ હેવન દેશોમાં કોઇ ટેક્સ નહીં લદાય તો **કંપનીના વતનનો દેશ 15 ટકા સુધીનો ટોપ અપ ટેક્સ લાદશે**
- ✓ ટોપ અપ ટેક્સને કારણે કંપનીઓને ટેક્સ હેવનમાં મળેલો કર લાભ નિરર્થક બની રહેશે
- ✓ ફિઝિકલ હાજરી ન હોય તેવા દેશમાં નફાના 10 ટકા પર જ ગ્લોબલ ટેક્સ ચૂકવવાનો રહેશે

**9. G-20 શિખર સમિટ-2021-રોમ, ઇટાલી**

**સમિટના બીજા દિવસે મહત્વના નિર્ણયો-સંકલ્પો**

- ✓ ભારત સહિત 20 દેશ અને યુરોપિયન યુનિયનનું જૂથ **જી-20 2050 કે તેની આસપાસ સુધીના ગાળામાં શૂન્ય ઉત્સર્જન (ક્લાઇમેટ ન્યૂટ્રાલિટી) માટે સંમત થયુ.** તેના માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી થઇ શકી નથી.
- ✓ શૂન્ય ઉત્સર્જન એટલે કે ધરતીને ગરમ કરનારા ગ્રીન હાઉસ ગેસોનું એટલું જ ઉત્સર્જન કરો, જેટલું પ્રકૃતિ પોતે ખતમ કરી શકે. આ માટે તમામ દેશોએ **દુનિયાનું તાપમાન 1.5 ડિગ્રી સુધી ઘટાડવાનું પણ લક્ષ્ય રાખ્યું.**

**10. યુએન ક્લાઇમેટ ચેન્જ કોન્ફરન્સ (COP)-2021 – ગ્લાસગો**

- ✓ **જી-20માં આ સંમતિ ગ્લાસગોમાં યુએન ક્લાઇમેટ ચેન્જ કોન્ફરન્સના (સીઓપી 26)ના શરૂઆતના દિવસે જ સધાઇ.**
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત વિશ્વ નેતા જી-20 બેઠક પછી ગ્લાસગોમાં ક્લાઇમેટ ચેન્જમાં સામેલ થયા.
- ✓ આ દરમિયાન જી-20 નેતાઓ વચ્ચે ગ્લોબલ વોર્મિંગને 1.5 ડિગ્રી સુધી ઘટાડવા અંગે ચર્ચા થઇ.
- ✓ વિજ્ઞાનીઓનું કહેવું છે કે, વિનાશક ક્લાઇમેટ ચેન્જ રોકવા માટે કાર્બન ઉત્સર્જન રોકવું ઘણું મહત્વનું. આ કડીમાં વિદેશોમાં કોલસા આધારિત વીજ પરિયોજનાઓને નાણાકીય મદદ નહીં કરવાનો પણ નિર્ણય કરાયો છે. ત્યાર બાદ કોવિડ, ક્લાઇમેટ ચેન્જ જેવા વિષયો પર ઘોષણા પત્ર પણ જાહેર કરાયું.
- ✓ **મહત્વની જાહેરાત : જી-20નું આગામી 17મું સંમેલન 2022માં ઇન્ડોનેશિયા અને 18મું સંમેલન વર્ષ 2023માં ભારતમાં યોજાશે.**

**11. જેન્ડરએક્સ પાસપોર્ટ : USA દ્વારા પ્રથમવાર ઇસ્યુ કરાયો**

- ✓ ખાસિયત : સ્ત્રી અને પુરુષ સિવાયની ત્રીજી જાતિ એટલે થર્ડ જેન્ડર માટેનો પાસપોર્ટ

**12. જન્મ દિન વિશેષ : 31 ઓક્ટોબર**

**રાષ્ટ્ર નિર્માતા સરદાર વલ્લભભાઇ પટેલ**


**જન્મ : 31 ઓક્ટોબર 1875 અવસાન : 15 ડિસેમ્બર 1950 (મુંબઇ)**




**13. દિન વિશેષ : 31 ઓક્ટોબર**

**પૂણ્યતિથિ : પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી**

✓ **ઈન્દિરા ગાંધીનું સમાધિ સ્થળ-શક્તિ સ્થળ, નવી દિલ્હી**




✓ ઈન્દિરા ગાંધી ભારતના પ્રથમ મહિલા PM હતા.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (31-10-2021)

**1.** ગ્લોબલ G-20 શિખર સમિટ-2021માં મંજૂર કરાયેલા ગ્લોબલ કોર્પોરેટ મિનિમમ ટેક્સ સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. 15 ટકા ટેક્સ વસૂલવા ભારત સહિત વિશ્વના દેશો કાયદા ઘડશે

2. કંપનીના વતનનો દેશ 15 ટકા સુધીનો ટોપ અપ ટેક્સ લાદશે

3. ફિઝિકલ હાજરી ન હોય તેવા દેશમાં નફાના 10 ટકા પર જ ગ્લોબલ ટેક્સ ચૂકવવાનો રહેશે

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 1 અને 2 **(D) આપેલ તમામ**

**2.** G-20 શિખર સમિટ-2021ના બીજા દિવસે નીચેનામાંથી ક્યા મહત્વના નિર્ણયો-સંકલ્પો લેવાયા

1. ભારત સહિત જી-20 2050 કે તેની આસપાસ સુધીના ગાળામાં શૂન્ય ઉત્સર્જન (ક્લાઈમેટ ન્યૂટ્રાલિટી) માટે સહમત

2. દુનિયાનું તાપમાન 1.5 ડિગ્રી સુધી ઘટાડવાનું પણ લક્ષ્ય

3. શૂન્ય ઉત્સર્જન માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી થઈ શકી નથી

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**3.** યુએન ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ (COP)-2021 અંગે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. COP-2021 ગ્લાસગો ખાતે યોજાઈ

2. જી-20 નેતાઓ વચ્ચે ગ્લોબલ વોર્મિંગને 1.5 ડિગ્રી સુધી ઘટાડવા અંગે ચર્ચા

3. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત વિશ્વના નેતા જી-20 બેઠક પછી ગ્લાસગોમાં ક્લાઈમેટ ચેન્જમાં સામેલ

(A) 2 અને 3 (B) 1 અને 2 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**4.** સરદાર વલ્લભભાઈ પટેલની 146મી જન્મજયંતી નિમિતે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ગૃહ મંત્રી શ્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ક્યાં ઉજવણી કરાઈ

(A) દિલ્હી **(B) સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયા**

(C) ગાંધીનગર (D) કરમસદ

**5.** 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિતે રાષ્ટ્રીય એક્તા પરેડની ઉજવણી કોની ઉપસ્થિતિમાં કેવડિયા ખાતે યોજાઈ

(A) રક્ષામંત્રી રાજનાથ સિંહ **(B) ગૃહ મંત્રી અમિત શાહ**

(C) વડાપ્રધાન નરેન્દ્ર મોદી (D) રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

**6.** AMULની સ્થાપનાના ઓક્ટોબર 2021માં કેટલા વર્ષ પૂર્ણ થવા નિમિતે કોની ઉપસ્થિતિમાં ઉજવણી કરાઈ

(A) 75 વર્ષ તથા દિલીપ સંઘાણી

(B) 75 વર્ષ તથા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

**(C) 75 વર્ષ તથા ગૃહ-સહકાર મંત્રી અમિત શાહ**

(D) 75 વર્ષ તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**7.** તા. 1 નવેમ્બર 2021થી શરૂ થનાર કચ્છ રણોત્સવ-2021-22ની થીમ જણાવો

**(A) અતુલ્ય ભારત** (B) કૌશલ્યવાન ભારત

(C) આત્મનિર્ભર ભારત (D) અમૂલ્ય ભારત

**8.** તા. 21 ઓક્ટોબર-2021ના રોજ સેવા સેતુના સાતમા તબક્કાનો પ્રારંભ ક્યાંથી-કોની ઉપસ્થિતિમાં કરાયો

(A)અમદાવાદના ચાંદલોડિયા તથા શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી

(B) અમદાવાદના ગોતા તથા મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી

**(C) અમદાવાદના મણિપુર તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**

(D) અમદાવાદના ઘાટલોડિયા તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

**9.** ગુજરાત સરકારે હાલની વહીવટી કાર્ય પદ્ધતિને સંપૂર્ણપણે પેપરલેસ બનાવવા કઈ એપ્લિકેશનનો પાયલોટ પ્રોજેક્ટ તરીકે પ્રારંભ કર્યો

(A) ઈ-ડિજિટલ **(B) ઈ-સરકાર** (C) ઈ-ગ્રામ (D) ઈ-ગુજરાત

**10.** ગુજરાત સરકાર દ્વારા ઇ-સરકાર એપ્લિકેશનનો વિધિવત પ્રારંભ ક્યારે કરાશે -

(A) તા. 1 જાન્યુઆરી- સુશાસન દિવસ

(B) તા. 17 સપ્ટેમ્બર- સુશાસન દિવસ

(C) તા. 1 ડિસેમ્બર- સુશાસન દિવસ

**(D) તા. 25 ડિસેમ્બર- સુશાસન દિવસ**

**11.** રાષ્ટ્રીય એકતા દિવસે ITBPના કેટલા જવાનોને સ્પેશિયલ ઓપરેશન મેડલથી સન્માનિત કરાયા

(A) 225 (B) 250 **(C) 260** (D) 275

**12.** G-20નું આગામી વર્ષ 2022માં 17મું તથા વર્ષ 2023માં 18મું સંમેલન ક્યાં યોજાશે

(A) ભારત તથા ઈન્ડોનેશિયા (B) જર્મની તથા કતાર

**(C) ઈન્ડોનેશિયા તથા ભારત** (D) કતાર તથા જર્મની

**13.** ઓક્ટોબર 2021માં સ્ત્રી અને પુરુષ સિવાયની ત્રીજી જાતિ એટલે થર્ડ જેન્ડર માટેનો જેન્ડરએક્સ પાસપોર્ટ ક્યા દેશ દ્વારા પ્રથમવાર ઈસ્યુ કરાયો

**(A) USA** (B) UK (C) ઈટાલી (D) જર્મની

**14.** ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની પૂણ્યતિથિ જણાવો

(A) 28 ઓક્ટોબર (B) 29 ઓક્ટોબર

(C) 30 ઓક્ટોબર **(D) 31 ઓક્ટોબર**

**15.** તા.31 ઓક્ટોબર-2021ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની કેટલામી જન્મજયંતીની ઊજવણી કરવામાં આવી

**(A) 146** (B) 147 (C) 148 (D) 149

**16.** રાષ્ટ્રીય એકતા દિવસ કયારે ઉજવવામાં આવે છે

(A) તા. 2 ઓક્ટોબર ગાંધીજીના જન્મ દિવસે

(B) તા. 23 માર્ચ ચંદ્રશેખર આઝાદના શહિદ દિને

(C) તા. 25 ઓક્ટોબર લાલ બહાદૂર શાસ્ત્રીના જન્મ દિવસે

**(D) તા. 31 ઓક્ટોબર સરદાર પટેલના જન્મ દિવસે**

**17.** સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો

(A) તા.31 ઓક્ટોબર 1871 **(B) તા.31 ઓક્ટોબર 1875**

(C) તા.31 ઓક્ટોબર 1857 (D) તા.31 ઓક્ટોબર 1869

**............વંદે માતરમ્...........**




## વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.

### સંસ્થાની વિશેષતા :

- નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
- ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
- દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
- દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
- અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
- લાયબ્રેરીની સુવિધા
- ગુણવત્તાસભર મટિરિયલ્સ
- દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.

GPSC (1/2)
Dy.S.O. / નાયબ મામલતદાર
PSI / ASI / Constable
TET / TAT / HTAT
ક્લાર્ક / તલાટી

# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

M:9925698721 | 8490927713

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી